વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૫મું

સપ્ટેમ્બર - ૨૦૨૦

અંક - ૫૦૮

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૨૦ ● ૧

(કુલ પાના : ૮૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## અતિ સર્વત્ર વર્જયેત્ કચ્છમાં મહાવૃષ્ટિ




તંત્રી મંડળ :

પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી

દિનેશ આર. મહેતા - સહતંત્રી

મુખ્ય કાર્યાલય :-

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org




THE CENTRE OF LIFE

**Site address:** Gala HUB, Next to Basant Bahar Gymkhana, Gala Gymkhana Road, Bopal, Ahmedabad 380058.

**CALL: 8141680000**

Email: perfection@galainfra.com | www.galainfra.com

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA07162/190620 | gujrera.gujarat.gov.in

DEEP Industries Limited

Oil & Gas Exploration Production & Services




- **EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS**
- **EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE**
- **NATURAL GAS COMPRESSION SERVICES**
- **OIL & GAS PROCESSING EQUIPMENT**
- **WORK OVER AND DRILLING RIGS**
- **HIGH PRESSURE MOBILE AIR COMPRESSION**
- **NATURAL GAS BASED POWER GENERATION**
- **GAS DEHYDRATION UNIT**

● **CONTACT DETAILS** ●

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**આગમન**
તા. ૦૩-૦૭-૧૯૫૮
(ભુજ, કચ્છ)

**અરિહંત શરણ**
તા. ૨૯-૦૭-૨૦૨૦
(અમદાવાદ)

## જીતેન્દ્ર ઉમરશી કુરૂવા

(ગામ : ગોધરા, હાલ : અમદાવાદ)

આપની અણધારી વિદાય જીરવવી અઘરી છે... યાદો બધે જીવંત છે હજુ તમારી...
હસતા હસતા કામો કરતા હતા તમે સૌના... મોકો ન આપ્યો સેવાનો તમે કોઈને...
આપના મિલનસાર અને સેવાભાવી દિવ્ય આત્માને
ઈશ્વર શાંતિ અને સદ્‌ગતિ આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

**Our Jitubhai......**

A thorough and complete gentleman to the core. Jitubhai was simplicity personified. Extremely kind,caring and sensitive by nature. Warm hearted and cheerful in every situation. Ever ready and willing to do his bit in a most responsible manner. Was diplomatic and brilliant as a lawyer.Jitubhai had a heart of gold that melted like butter on the slightest pain experienced by anyone he was near and dear to . He has left behind countless grieving and inconsolable hearts! We miss him sadly,our dear old Jitubhai!

Ever since we were toddlers, our beloved Jitumama had been our sole anchor. Friend, guide and philosopher for all our problems. As kids we played with him, and he fulfilled each and every demand of ours! Can we ever forget the midnight ice creams, or the delicious samosas Jitumama so lovingly brought and made us eat to our hearts' content ? No, no, never ! Tears and more tears, and still more tears we shed with our heavy hearts as we mourn the passing away of our one and only beloved Jitubhai !

**શ્રદ્ધા સુમન અર્પણ કરનારા....**

ચૌલાબેન ઉમરશી કુરુવા – બહેન
હેમાબેન મહેન્દ્ર લાલકા – બહેન
મહેન્દ્ર જી. લાલકા – બનેવી

જયશ્રીબેન જીતેન્દ્ર કુરુવા – પત્ની
દર્શ્ય જીતેન્દ્ર કુરુવા – પુત્ર
કિંજલ દર્શ્ય કુરુવા – પુત્રવધુ

ધારા મયંક શાહ
મયંક એચ. શાહ (USA)
નિશ્ચય મહેન્દ્ર લાલકા (USA)
રીતુ નિશ્ચય લાલકા
નીરવા અને નાયજા શાહ
જયમ અને સમય લાલકા

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સાવધાન...! હજી કોરોના વાયરસે દુનિયાનો પીછો છોડ્યો નથી ........ ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૮

**લેખ**

**જીવન જ્યોત**
- નિષ્ફળતા અને માનસિક સંતુલન ● આશામય સફળતા ........ **ડૉ. પૂજા કોટક** ........ ૯

★ પુષ્પાંજલિ : સ્વ. આણંદજી વેલજી વીરા ........ ૧૦

**જીવનચક્ર**
- જીવન સંધ્યાએ થતો સળવળાટ ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** ........ ૧૨

**વિચાર મંચ**
- નાનકડા બીજ જેવી શોધમાંથી પાંગરેલું વિજ્ઞાનનું વટવૃક્ષ ........ **ડૉ. યાસીન દલાલ** ........ ૧૩
- માણસની માંદગી અને મેડિકલેઈમ ........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** ........ ૧૫

**અહિંસા**
- સમાજમાં વધતી અસહિષ્ણુતા અને હિંસા, ધર્મના શિક્ષણથી અટકાવી શકાય? ........ **ડૉ. પલ્લવી કે. શાહ, "વ્યાખ્યાતા"** ........ ૧૭

**પડકાર**
- સાધર્મિકનું દર્દ – સમાજના બહેરા કાને અથડાતો અવાજ ........ **ડૉ. નવીન પારેખ** (M.D. Jainology) ........ ૧૯

**કલ્યાણ**
- જ્યાં મહારાજા શ્રેણિકના હાથ હેઠા પડ્યા! – (૨) ........ **પુષ્પાબેન કનકસેન શાહ** ........ ૨૧

**સેલ્યૂટ**
- ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપે કોરોના વોરિયર્સની ભૂમિકા ........ **ડૉ. મિહિર એમ. વોરા** ........ ૨૨

**સમાધાન**
- વાણી વર્તન ........ **સુનિતા એ. શાહ** ........ ૨૪

**બા-અદપ....**
- 'શબ્દોની આરપાર જીવ્યો છું, હું બહુ ધારદાર જીવ્યો છું....' ........ **ચિંતન બુચ** ........ ૨૬

**જાગૃતિ**
- પૂ. મહાત્મા ગાંધીજીના મતે – ભારતમાં સ્વચ્છતા અભિયાન ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ........ ૨૮

**વ્યક્તિ / સંસ્થા વિશેષ**
- બહુશ્રુત પ્રતિભા : ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ........ ૨૯

**નયા અંદાજ**
- **Virtual Celebration of Festivals** ........ **ડૉ. મેહા સંઘવી** ........ ૩૧

**વાર્તા**
- પોટલીનું રહસ્ય ........ **બલવીરસિંહ જાડેજા** ........ ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## મિલન
- વર-કન્યાની પસંદગી યોગ્ય સમયમાં થવી જોઈએ ........ ૩૭

## ગૃહમંત્રી
- ગૃહિણીને કારભાર સોંપી શકાય ........ ૩૯

## લઘુ કથા
- યુ-ટર્ન ........ **રણધીરસિંહ ડી. ચૌહાણ** ..... ૪૦

## YOUTH CLUB
- Some Golden Rays ........ ૪૧

## કોરોના સંક્રમણ
- કોરોના વાયરસ - કોવિડ-૧૯ : મહત્ત્વની તવારીખ
  વિશ્વ – ભારત – ગુજરાત – અમદાવાદ : (૨) ........ **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૪૨
- કોરોના – કોવિડ-૧૯ : આંકડાકીય માહિતી – (૨) ........ **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૫૬

## વૈવિધ્ય
- જૈન શાસનની સંસ્થાઓના ટ્રસ્ટી કેવા હોવા જોઈએ? ... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૫૮
- પ્રેમ તણી ● ઓર્ડર ........ **રસેશ રાવલ** ..... ૫૯
- પિતૃ ઋણ ઉતારવાનો ઉત્તમ પ્રયાસ (એક સમીક્ષા) ........ **હરેશ ધોળકિયા** ..... ૬૦
- હૃદયનાં આંસુથી કરીએ ક્ષમાપના ........ **સંકલન : ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર** ..... ૬૧
- સમાચાર ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૬૨
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૬૩
- આંજો કાગર ........ ૬૪

## સામાન્ય જ્ઞાન
- વિશેષ માહિતી ........ ૬૭

## ગેમ્સ ગેલેરી
- વિવિધ પ્રકારની ક્વિઝ ........ **સંકલન : કિરણબેન પી. ઠક્કર** ..... ૬૯
- ફિલ્મી સગપણ – બોલીવુડ ગેમ ........ **ભાવના એ. ઝવેરી** ..... ૭૦

## મનોરમ્ય
- મુરલી કી ધૂન : **સુનિતા એ. શાહ** ● કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** .... ૭૧
- મરણોત્તર સંવેદના : **'આરસી' શાહ** ● પારકી થાપણ / બદનસીબ : **મણિલાલ ડી. રૂદાણી** ............ ૭૨

## નિયમિત વિભાગો
- *Nano Nine* શબ્દ રમત-૧૬૪ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૩
- *Nano Nine Sudoku* (ક્રમાંક : ૧૧૨૨) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૫
- બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૭૬

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
- સમાજ દર્પણ ........ ૭૭
- સંસ્થા સમાચાર ........ ૭૮



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# સાવધાન...!
# હજી કોરોના વાયરસે દુનિયાનો પીછો છોડ્યો નથી

વિશ્વભરની પ્રજા કોરોના વાયરસના સંકટમાં વધુને વધુ એવી રીતે ફસાતી જાય છે કે દરેક જણ પોતાને નિઃસહાય અને નિરુપાય સમજવા લાગ્યા છે. કોરોના વાયરસના પ્રકોપમાં સાવધ રહો... ઘરમાં રહો... સુરક્ષિત રહો... એ હવે ચારે તરફ ખૂબ જ પ્રચલિત સૂત્ર બની ગયું છે. **એક વાત ચોક્કસ છે કે સ્વનિર્ણયની ગૃહકેદ જેઓ ઠુકરાવે છે તેઓ બહાર કોઈપણ સ્થળે કોરોના વાયરસના ભોગ બને છે.**

વૈશ્વિક સ્તરે કોરોના વાયરસની સ્થિતિ હજુ એટલી જ ગંભીર સમસ્યા છે જેટલી અગાઉ હતી. ભારતમાં પણ કોરોનાથી થતા મૃત્યુનો આંક રોજનો એક હજારથી ઉપરનો રહ્યો છે. બીજી તરફ, ગુજરાતમાં નવા સંક્રમિત કેસોનો આંકડો પણ રોજનો હજાર જેવો છે. સમગ્ર વિશ્વ તરફ નજર કરીએ તો વિશ્વના કુલ સંક્રમિતોની સંખ્યા પોણા બે કરોડ જેવી થઈ છે. અમેરિકા જેવા મજબૂત દેશમાં લગભગ પોણા બે લાખ જિંદગીઓ આ મહામારીમાં હોમાઈ ગઈ છે. આ બાબતને આપણે ખૂબ ગંભીરપણે લેવી જોઈએ. **મનુષ્ય પ્રકૃતિથી ઉપર નથી. આ વાત કોરોના જેવા એક સૂક્ષ્મ વાયરસે સાબિત કરી છે.**

અહીં પ્રશ્ન એ છે કે, જે લોકોને કોઈપણ પ્રકારની બીમારી ન હતી અને જેમની જિંદગી ખુશહાલ હતી તેવા લોકો અચાનક જ કોરોના વાયરસના સંક્રમણથી એકાએક પંચતત્ત્વમાં વિલીન થઈ ગયા છે અને થઈ રહ્યા છે. આ કારણે દરેક સ્થળે એક સન્નાટા જેવો માહોલ થઈ ગયો છે. આ હકીકત દરેક સમાજ અને સમાજ પરિવારજનોએ અતિ ગંભીરપણે સમજી લેવાની ખાસ જરૂર છે.

હાલે લોકડાઉનના સ્થાને અનલોકની સ્થિતિ ચાલુ છે. આ પ્રક્રિયા ઘણાં લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે. **એવું કહેવામાં આવે છે કે પરિસ્થિતિ થાળે પડતી જાય છે. આ સાચું નથી. માસ્ક અને સેનેટાઇઝર રોજિંદી જિંદગીનો ભાગ બની ગયા છે. તો પછી કોરોના પ્રકોપમાં સુધારો ક્યાં છે?** શિક્ષણ અને મનોરંજન માનવ જીવન માટે, માનવ વિકાસ માટે પાયાની જરૂરિયાતો છે. જે અત્યારે સુષુપ્તાવસ્થામાં છે. એ બાબતથી આપણે સમજવું જોઈએ કે કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિ હજુ કાયમ છે. તે દૂર થઈ નથી... ભાગી ગયેલ નથી... કે તે નાબૂદ થયેલ નથી. કોરોના વાયરસના પગલે સમગ્ર સમાજ જીવનમાં એક અદશ્ય શુષ્કતા ગંભીરપણે છવાયેલી છે. આ પ્રકારના માહોલની વચ્ચે આપણા સમાજના પણ ૭થી ૮ સભ્યો કોરોનાગ્રસ્ત થયા છે. જે બાબત ચિંતાજનક રહી છે. તે પૈકી સમાજના ટ્રસ્ટી **શ્રી આણંદજી વેલજી શાહ (વીરા)**નું ઉદાહરણ આપણી સામે છે. તેઓ કોવિડ-૧૯નો ભોગ બન્યા હતા અને તા. ૧૧-૦૮-૨૦૨૦ના રોજ આપણી વચ્ચેથી કાયમી વિદાય લીધી છે.

શ્રી વીરા આ સમાજના કર્તવ્યનિષ્ઠ કાર્યકર હતા. છેલ્લા ૨૪ વર્ષથી સમાજના ટ્રસ્ટી તરીકે સક્રિય હતા. સમાજની સામાજિક પ્રવૃત્તિઓમાં તેઓ ઉંડો રસ દાખવતા હતા. સમાજની વિકાસગાથાના દરેક સ્તરે તેમનો ઉત્કૃષ્ટ સહયોગ સાંપડ્યો હતો. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ભૂમિ પૂજનના અવસરે તેમની આગેવાની હેઠળની મંડપ બાંધકામ સમિતિએ **વિશાળ શામિયાણું તૈયાર કરાવીને અદ્‌ભુત કામગીરી બજાવી હતી.** જે કારણે તેમની ખૂબ તારીફ થઈ હતી. ત્યારબાદ વિવિધ સમિતિઓમાં તથા સમયોચિત ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણીની કામગીરીમાં પણ સક્રિય રહ્યા હતા. જેની ઉપેક્ષા કરી શકાય નહીં.

**હાલના કોરોના સંક્રમણના સમયમાં અણધારી રીતે જ આવી જતા જિંદગીના પૂર્ણવિરામ સામે માનવજાત દિગ્મૂઢ બનીને બેઠી છે.** વિશ્વમાં મોટાભાગના રાષ્ટ્રોની આ પ્રકારની હાલત છે. ભારતમાં દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં વધુ ઝડપથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. આવનારા દિવસોમાં દેશના મોટાભાગના

શહેરોમાં કોરોના રોગ તેની પરાકાષ્ટાએ પહોંચી શકે છે. એનું કારણ એક જ છે કે આ સ્થિતિમાં પણ **ભારતમાં દસ વ્યક્તિઓમાંથી સાત એમ માને છે કે, અમે ગમે તેમ હરીએ - ફરીએ પરંતુ કોરોના અમને સ્પર્શવાનો નથી.** તેઓ મનફાવે એ રીતે રઝળપાટ કરી રહ્યા છે. કોરોનાનો પંજો આવા લોકો તરફ પ્રથમ પહોંચે છે અને ખૂબ ઝડપથી તેનું પ્રસારણ થાય છે. આ કારણે કોરોનાના કેસના આંકડાઓ અનલોકના સમયમાં પણ વીજળીક વેગે બદલતા રહે છે. **લોકોએ આ બાબત હજી પણ ગંભીર રીતે સમજી લેવી જોઈએ.**

અહીં આપણે **કચ્છ જિલ્લાનો** દાખલો જોઈએ. ત્યાં શરૂમાં કોરોનાના માત્ર પાંચ કેસ હતા. પાછળથી તેમના પણ નેગેટિવ રિપોર્ટ આવ્યા હતા. ત્યાં હવે કેવી સ્થિતિ છે? પાંચસોથી વધુ કોરોના સંક્રમિત કેસ છે. ત્યાં પણ સ્થિતિ હજુ સ્ફોટક રહી છે. આનું કારણ આંશિક રીતે ઉપર મુજબ છે. કચ્છમાં કોરોના સંક્રમણની સ્થિતિ તાત્કાલિક કાબૂમાં આવે, એમ આપણે ઈચ્છીએ.

ભારતમાં અત્યારે કોરોનાના કેસની સ્થિતિ બહુ સારી હોવાના વ્યર્થ તારણો ઊભા થઈ રહ્યા છે. હકીકતમાં આ ભ્રમણા ભાંગવાની સખત જરૂર છે.

આ પ્રકારની સ્થિતિમાં આપણે અગાઉ જેવું સામાન્ય જીવન શરૂ કરતા હજી ઘણો સમય લાગી શકે છે. તેવો સમય ક્યારે આવશે તે કોઈ કહી શકે તેમ નથી. તેમાંથી બહાર આવવા આપણે તબક્કાવાર આગળ વધવું પડશે. સ્વાભાવિક રીતે જ આપણે આવા કપરા કાળમાં જે જોયું છે, અનુભવ્યું છે, તે સૌપ્રથમ અનુભવ છે. **તાળાબંધી ભલે ખોલી નાખવામાં આવી હોય પરંતુ કોરોના વાયરસ હજી પણ છે અને આપણે તેનાથી બચીને ચાલવાનું છે.** આ મહામારીના પગલે આપણા બધાના જીવનમાં ચોક્કસ પ્રકારના પરિવર્તન આવ્યા છે. આવી સ્થિતિમાં તેના વિશે ઝાઝો વિચાર કરવાના બદલે તેને સ્વીકારી લઈએ – તેને અપનાવી લઈએ અને પૂરતી તકેદારી રાખીએ.

કોરોના વાયરસના પગલે વિશ્વમાં જેટલા મૃત્યુ થયા છે તેમને ઈશ્વર શાંતિ અને સદ્‌ગતિ બક્ષે તથા તેમના પરિવારજનોને આ તીવ્ર આઘાત જીરવવાની શક્તિ આપે. તે રીતે હાલે જેઓ કોરોનાગ્રસ્ત છે, તેઓ જલ્દી સાજા થઈ જાય તેવું આપણે ઈચ્છીએ. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

## વિશ્વ : અગત્યના દિન

### માસ : સપ્ટેમ્બર

**ભારત**

૦૫ શિક્ષક દિન (ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિન)
૧૧ દેશ ભક્તિ દિન
૧૪ હિંદી દિવસ, અંધજન દિન

**વિશ્વ**

૦૮ વિશ્વ સાક્ષરતા દિન
૧૬ વિશ્વ ઓઝોન દિન
૨૫ વિશ્વ નૌકા દિન
૨૬ વિશ્વ બધિર દિન
૨૭ વિશ્વ પ્રવાસન દિન

### માસ : ઓક્ટોબર

**ભારત**

૦૨ મહાત્મા ગાંધી અને લાલબહાદુર શાસ્ત્રી જન્મદિન
૦૮ ભારતીય વાયુસેના દિન
૦૯ પ્રાદેશિક સેના દિન
૧૦ રાષ્ટ્રીય ટપાલ દિન
૧૧ જયપ્રકાશ નારાયણ જન્મદિન
૨૪ 'સંયુક્ત રાષ્ટ્ર' દિન (યુએન ડે)
૩૧ રાષ્ટ્રીય એકતા દિન (ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ)
સરદાર પટેલ જન્મદિન

**વિશ્વ**

૦૧ વિશ્વ સંગીત દિન, વિશ્વ પ્રૌઢ દિન
૦૨ વિશ્વ અહિંસા દિન
૦૩ વિશ્વ પશુ દિન, વિશ્વ નિવાસ દિન
૦૪ વિશ્વ વન્ય જીવ દિન
૦૫ વિશ્વ રહેઠાણ દિન
૦૬ વિશ્વ શાકાહાર દિન
૧૦ વિશ્વ ટપાલ દિન
૧૪ વિશ્વ સ્ટાન્ડર્ડ્સ દિન
૧૬ વિશ્વ ખાદ્ય (અન્ન) દિન, બૉસ ડે
૧૭ વિશ્વ ગરીબી નાબૂદી દિન
૨૪ 'સંયુક્ત રાષ્ટ્ર' દિન (યુએન ડે)
૩૦ વિશ્વ બચત દિન

## નિષ્ફળતા અને માનસિક સંતુલન

જીવન એક નૌકા છે, તેની ગતિ હંમેશાં સ્થિર કે સરળ હોતી નથી. ક્યારેક તેનું લક્ષ્ય ઝડપથી પાર પડે છે, ક્યારેક તેના માર્ગમાં તોફાન આવે છે. જીવન સફળતા - નિષ્ફળતા, સગવડ - અગવડથી ભરેલું છે. તેથી વ્યક્તિએ દરેક પરિસ્થિતિમાં સંતુલન (Balance) રાખતા શીખવું પડે છે. ખાસ તો, નિષ્ફળતાના માહોલમાં માનસિક સંતુલન રાખવું પડે છે.

જો કે આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં દરેક વ્યક્તિને દરેક ક્ષેત્રમાં ઉત્તમ સફળતા, જ્વલંત સફળતાની ઈચ્છા હોય છે, પરંતુ તે શક્ય બનતું હોતું નથી. તમામ વ્યક્તિ તમામ જગ્યાએ સફળ થતી નથી. કોઈકને તો નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. વ્યક્તિને જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તે હતાશ, નિરાશ કે નાસીપાસ થઈ જાય છે, પણ તે તેનો ઉકેલ નથી. નિષ્ફળતાને પચાવવા અને તેમાંથી પદાર્થપાઠ મેળવતા શીખવું પડે છે કેમકે મનોવિજ્ઞાનના સંશોધન પ્રમાણે નિષ્ફળતા એ નજીવી કે મોટી પણ તુલનાત્મક વધુ હોય છે. અન્ય જેવી સફળતા ન મળે (પ્રથમ ક્રમ ન આવે કે છેલ્લા ક્રમે આવે) તો તે નિષ્ફળતા નથી. ફક્ત અન્યની તુલનામાં પાછળ હોઈએ છીએ. સતત તુલનાને નિષ્ફળતા ગણવી એ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા કે રોગ છે. તેનાથી દૂર રહેવું પડે છે.

બીજી એક વાત. નિષ્ફળતા ચાહે નાની કે મોટી આવશે તેવો ભય કે ભ્રમ મનમાંથી કાઢી નાખવો પડે છે. નિષ્ફળતા આવે તો તેને સહન કરવા કટીબદ્ધ રહેવું પડે છે. જો કે તેનો આધાર વ્યક્તિની શારીરિક શક્તિ, માનસિક વિકાસ, બાળપણના અનુભવો, માતા-પિતાનો પ્રેમ, શિક્ષણ, સામાજિક વાતાવરણ વગેરે ઉપર રહે છે. છતાં **જો વ્યક્તિ પોતે આત્મવિશ્વાસથી ભરપૂર રહે અને માનસિક સંતુલન કેળવે તો તે ગમે તેવી નિષ્ફળતાને દૂર કરી શકે છે.** કોઈપણ નિષ્ફળતામાં માત્ર એક જ કારણ નથી હોતું. તેથી વ્યક્તિએ કદી પોતાનો દોષ ન જોવો. દોષ હોય કે જણાય તો તેના સુધારાત્મક માર્ગો વિચારવા પડે છે. નિષ્ફળતાને લીધે થતી તકલીફો કે પ્રત્યાઘાતોનું યોગ્ય પૃથક્કરણ કરી તેના નિરાકરણના પ્રયત્નો કરવા જોઈએ. આ માટે માનસિક સંતુલન રાખવું પડે છે. અન્યથા શારીરિક, આર્થિક કે અન્ય તકલીફો વધે છે જે વધુ નિષ્ફળતા તરફ લઈ જાય છે. વ્યક્તિગત સંતુલનના પ્રયત્નો ઉપરાંત સામાજિક સહારો જ નિષ્ફળતામાંથી ઉગારે છે. નિષ્ફળતાને સફળતા માટેનો બોધપાઠ ગણી આગળ વધનાર જ સફળતા મેળવે છે.

જાણીતા કવિ ઉમાશંકર જોશીની પંક્તિ છે : **'મને મળી નિષ્ફળતા અનેક, કંઈક તેથી થયો હું સફળ કંઈક.'**

## આશામય સફળતા

આશા એ એક એવું તત્ત્વ છે જે તમને સફળતા તરફ લઈ જાય છે. આશા અને વિશ્વાસ વગર કાંઇ પણ કરી નથી શકાતું. આ વાક્ય છે મહાન 'હેલન કેલર'નું જે પોતે અંધ અને બહેરા હતા પણ વિશ્વાસથી ભણીને તેમણે આર્ટસની ડિગ્રી પ્રાપ્ત કરી. **(તેઓ વિશ્વની પ્રથમ એવી વ્યક્તિ હતી જેણે અંધ હોવા છતાં આ ડિગ્રી પ્રાપ્ત કરી હોય).** તેમણે ૧૨ પુસ્તકો લખ્યા હતા. એવું કહેવાય છે કે ભગવાનનો એક એવો નિયમ છે કે **આ જગતમાં શ્રમ વિના કંઈ પ્રાપ્ત થતું નથી. જે પૂરા આત્મવિશ્વાસથી પરિશ્રમ કરે છે, તે બધું મેળવીને જ રહે છે અને ક્યારેય નિરાશ થતો નથી.** દરેક કાર્યના પ્રારંભે સફળતા હોય તે શક્ય નથી પણ સફળતા હશે જ એવી આશા રાખનારો માનવી સફળ જ થાય છે. જે આશાવાદી છે તેની પાસે સર્વસ્વ છે કેમકે આ દુનિયા જ આશા પર ટકી છે. પુરુષાર્થ દરમિયાન તમારે સીમિત નિરાશા સ્વીકારવી પડે પણ તેની સામે અસીમિત આશા ક્યારેય ના છોડવી.


***– ડૉ. પૂજા કોટક***

## રોગ અને સાવધાની....

- દરવાજાના બેલ, હેન્ડલ વગેરેને સીધો હાથ ના લગાડો.
- રૂમાલ કે ટીસ્યુ પેપર હાથમાં રાખીને કામ કરો.
- અન્ય સ્થળેથી આવતાની સાથે ઘરના ફર્નિચર, દીવાલ તથા અન્ય સાધનોને હાથ ધોયા વગર અડવું નહીં.
- સાધન - સામગ્રીને સેનેટાઈઝર વડે સાફ કરવા તથા તેની સપાટીને સાફ કર્યા પછી જ વાપરવા.
- હંમેશાં માસ્કનો ઉપયોગ કરો. જ્યારે માસ્ક કાઢો ત્યારે તેને સીધું જ ઢાંકણાવાળા ડસ્ટબીનમાં નાખો.
- હાથ ધોવામાં સમય, સાબુ કે સેનિટાઇઝરની કરકસર અથવા આળસ કરવી નહીં. કાળજીપૂર્વક હાથ ધોવા.
- આવીને ઘરના સભ્યોને મળતા પહેલાં બહારના કપડાં ધોવામાં નાખવા.
- બહારથી આવીને તુરત સ્નાન કરવું જરૂરી છે.

***આ રીતે ભયમુક્ત અને સાવધાનીયુક્ત જીવન અગર જીવવામાં આવે તો અવશ્ય કોઈ રોગના ભરડામાંથી બચી શકાય.***

## પુષ્પાંજલિ



### સ્વ. શ્રી આણંદજીભાઈ વેલજી વીરા
**(મેરાઉ - માંડવી, અમદાવાદ)**

આ ધરા પર પૂર્વના યોગે કરીને કેટલાક જીવાત્મા સેવાભાવી, પરમાર્થી હોય છે કે જેઓ સદાય સેવા કાજે તત્પર હોય છે. આ પ્રકારના જીવાત્માઓમાં સ્વ. આણંદજીભાઈ વેલજી વીરાનું નામ સામેલ હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી આણંદજીભાઈ વીરાનું પ્રવર્તમાન કોવિડ-૧૯ની મહામારીના કારણે તા. ૧૧-૦૮-૨૦૨૦ના રોજ અમદાવાદ મધ્યે દુઃખદ નિધન થયું હતું. આ સમાજના એક સક્રિય કાર્યકર શ્રી વીરાને ગુમાવ્યા બદલ સમાજનું ટ્રસ્ટીગણ તથા સમાજની કારોબારી સમિતિ દુઃખ વ્યક્ત કરે છે.

તેમનું મૂળ વતન કચ્છ - માંડવી તાલુકાનું મેરાઉ ગામ હતું. શ્રી આણંદજીભાઈએ પ્રાયમરી અભ્યાસ મેરાઉ તથા મુંબઈમાં કર્યા બાદ મુંબઈમાં જ વિવિધ પ્રકારના કાર્યક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. ૧૯૬૭માં તેઓશ્રી અમદાવાદ આવ્યા. તેમણે 'નાડકો ડ્રેસિસ' નામે રેડીમેડ ગારમેન્ટની દુકાનનું કામકાજ સંભાળ્યું અને લાંબા સમય સુધી તે કારોબાર સાથે સંકળાયેલ રહ્યા હતા.

સામાજિક સેવાની ધગશ અને લાગણીને કારણે તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ૧૯૭૦માં જોડાઈને સમાજની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં કાર્યરત રહ્યા હતા. પુરસ્કાર સમિતિ, વૈયાવચ્ચ સમિતિ, સાધર્મિક સમિતિ, મંડપ બાંધકામ સમિતિ, લકી ડ્રો કૂપન સમિતિ જેવી સમિતિઓની કામગીરી ખૂબ સુંદર રીતે બજાવેલ હતી. વર્ષ ૧૯૯૨-૯૩થી તેઓશ્રી આ સમાજની કારોબારી સમિતિમાં તથા વર્ષ ૧૯૯૬-૯૭થી ટ્રસ્ટ મંડળમાં જોડાયા હતા. જીવનના અંતિમ સમય સુધી તેઓશ્રી આ પદે સક્રિય રહ્યા હતા. વર્ષ ૧૯૯૪માં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ભૂમિ પૂજનના અવસરે તેમની આગેવાની હેઠળની સમિતિએ કોઈપણ પ્રકારના થંભા વગર અંદાજે ૧૦,૦૦૦ ચો.ફૂટનો શામિયાણો તૈયાર કરાવીને અદ્‌ભુત કામગીરી કરી હતી, જેની સમાજમાં ખૂબ પ્રશંસા થઈ હતી. છેલ્લે તેઓશ્રી બંધારણ, સાધર્મિક તથા વયસ્ક સમિતિઓની કામગીરીમાં સક્રિય હતા. તે ઉપરાંત, સમયોચિત સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી પ્રક્રિયામાં મુખ્ય રોલ સફળતાપૂર્વક અદા કરતા હતા. સમાજના વિવિધ કાર્યોમાં તેમની નિષ્ઠા અને ઉદારતા હંમેશાં યાદ રહેશે. સાત્ત્વિક જીવન અને જ્ઞાનની અનુપમ સાધના સાથે તેઓશ્રી સર્વેને સચોટ માર્ગદર્શન આપતા હતા.

તેમનો સ્વભાવ ધાર્મિક વૃત્તિવાળો અને પરોપકારી રહ્યો હતો. પ્રમાણિકતા તેમનો ખાસ ગુણ હતો. જેના કારણે આ સમાજમાં પોતાની સુવાસ સરળતાથી ફેલાવી ગયા.

***પ્રભુ એમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે અને એમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.***

***પ્રતાપ નારાણજી દંડ - પ્રમુખશ્રી,***
***તેમજ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# સ્વ. આણંદજી વેલજી વીરા (કચ્છ ગામ : મેરાઉ)

## ।। જીવન ઝરમર ।।

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી આણંદજી વેલજી વીરાનું ૮૧ વર્ષની ઉંમરે તા. ૧૧-૦૮-૨૦૨૦ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

આણંદજીભાઈનો જન્મ તા. ૧૮-૦૫-૧૯૩૯ના માંડવી તાલુકાના રાયણ ગામે માતુશ્રી નેણબાઈ વેલજી લખમશી વીરાની કૂખે થયો. બાળપણ મેરાઉની સ્કૂલમાં અને પ્રાઈમરી અભ્યાસ માટુંગા બોર્ડિંગમાં કર્યો. અભ્યાસ બાદ તેઓશ્રીએ મુંબઈમાં વિવિધ પ્રકારના કાર્યક્ષેત્રમાં સર્વિસ કરી. આણંદજીભાઈના લગ્ન વર્ષ ૧૯૬૫માં ગામ બિદડાના શ્રી લક્ષ્મીબેન સાથે થયા. આજે લક્ષ્મીબેન "માસી"ના હુલામણા નામથી જાણીતા છે. તેમના પરિવારમાં પુત્ર મનીષ અને પુત્રી સ્મિતા તેમના સુખી દાંપત્ય જીવનમાં ગુંથાયેલા છે.

વર્ષ ૧૯૬૭માં તેઓશ્રી ત્રણ જોડી કપડાં તથા રૂા. ૨૫/- રોકડા લઈને અમદાવાદ આવ્યા અને નાડકો ડ્રેસિસમાં વર્કિંગ પાર્ટનર તરીકે જોડાયા. ત્યારબાદ ખંત અને મહેનતથી પ્રગતિ સાધતા રહ્યા. આણંદજીભાઈ અમદાવાદમાં સ્થાયી થયા ત્યારથી જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં રસ લઈ સમાજના કાર્યોમાં સક્રિયપણે જોડાઈ ગયા. કદાચ, વડીલોને યાદ હશે કે વર્ષ ૧૯૭૫માં સમાજના સ્ટેજ પ્રોગ્રામમાં તેમણે જાદુનો પ્રોગ્રામ આપ્યો હતો. વર્ષ ૧૯૯૨થી તેઓશ્રી સમાજની કારોબારી સમિતિમાં જોડાયા. વર્ષ ૧૯૯૬થી અંતિમ સમય સુધી ટ્રસ્ટીપદ શોભાવી રહ્યા હતા. તે ઉપરાંત સમાજની વિવિધ સમિતિઓમાં આજીવન સક્રિય રહ્યા હતા. માત્ર મૂકપણે સામાજિક સેવા કર્યે જવી, એ જ એક આદર્શ નજર સમક્ષ રાખીને તેઓશ્રી આ બધા કાર્યો કરતા હતા.

તેઓશ્રી સમાજના બંધારણનું ખૂબ જ ઉંડાણપૂર્વક જ્ઞાન ધરાવતા હતા. બંધારણ સમિતિમાં રહીને દરેક સ્ટેજે સમાજનું કાર્ય બંધારણની મર્યાદામાં રહીને કરવામાં આવે છે કે નહીં, તેની, સમિતિના સભ્યો સાથે રહી કાળજી લેતા અને બંધારણ ઉલ્લંઘન ન થાય અને કાર્ય યોગ્ય રીતે પાર પડે તેવી તેમની કોઠાસુઝ દાદ માંગી લે તેવી હતી. શ્રી આણંદજીભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કોઈપણ સમિતિમાં હોય, આ સમાજની છબી નિખારવા સતત કાર્યશીલ રહ્યા હતા.

ટ્રસ્ટ મંડળમાં સ્પષ્ટ વક્તા, નિષ્પક્ષ અભિપ્રાય અને પ્રમાણિક માણસની છબી ધરાવતા હોવાને કારણે જ જ્યારે પણ સમાજમાં ચૂંટણી યોજવાનો અવસર આવ્યો ત્યારે "ચૂંટણી કમિશનર" તરીકેની અગત્યની જવાબદારી તેઓશ્રીને સોંપવામાં આવતી. વર્ષ ૧૯૯૬થી સાધર્મિક સહાય સમિતિની રચના થઈ ત્યારથી તે આજ દિન સુધી સાધર્મિક સમિતિના કન્વીનર પદે રહી અન્ય સભ્યો સાથે મળીને સમિતિને સફળતાપૂર્વક નિભાવી રહેલ હતા. વર્ષ ૧૯૮૭માં તેઓશ્રી સમાજની વિદ્યાર્થી પુરસ્કાર સમિતિમાં કાર્યકર તરીકે જોડાયા. વર્ષ ૧૯૯૬થી તેઓશ્રીએ લગભગ ૭ વર્ષ સુધી વિદ્યાર્થી પુરસ્કાર સમિતિના કન્વીનરની જવાબદારી સંભાળી. વર્ષ ૧૯૯૬થી વર્ષ ૨૦૦૦ સુધી તેઓશ્રી સમાજની વૈયાવચ્ચ સમિતિના કન્વીનર તરીકે કાર્યરત થયા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના નિર્માણ સમયે "કૂપન ડ્રો" સમિતિના કન્વીનરપદે રહીને તેઓશ્રીએ એ સમયે સોંપવામાં આવેલ કાર્યવાહી પારદર્શકતાથી સુંદર રીતે પાર પાડી હતી. સમાજની વયસ્ક સમિતિના દરેક પ્રવાસમાં ખજાનચી તરીકે આણંદજીભાઈ જ હોય.

તેમની જિંદગીની સફરમાં તેમના વ્યવસાયમાં તેમની પ્રમાણિકતાનો એક બેનમૂન અને અજોડ દાખલાનો ઉલ્લેખ અત્રે કરવો જ રહ્યો...

વર્ષ ૧૯૯૪ની સાલની આ વાત છે. કોઈ બહેન તેમની દુકાને ખરીદી કરવા આવ્યા. પોતાનો બટવો આણંદજીભાઈની દુકાને ભૂલી ગયા. જેમાં હીરાના કિંમતી બુટીયા હતા, કે જેની તે સમયે અંદાજિત કિંમત રૂા. ૪૦,૦૦૦/- જેવી હતી. બહેનને યાદ ન રહ્યું કે તેઓ બટવો ક્યાં ભૂલી ગયા છે. આ બટવો આણંદજીભાઈએ પોતાના ગલ્લામાં મૂકી રાખ્યો. અંદાજે દોઢ વર્ષ બાદ તે બહેન ફરી તેમની દુકાને આવ્યા. આણંદજીભાઈને તેમનો ચહેરો બરાબર યાદ હતો. બટવો તે જ કંડિશનમાં પરત કરવામાં આવ્યો. બહેન તો ગદ્‌ગદ્‌ થઈ ગયા. તેમના મુખેથી રાડ નીકળી ગઈ અને આણંદજીભાઈની પ્રમાણિકતા જોઈ દિગ્મૂઢ થઈ ગયા!

એમની આગવી છાપ સ્પષ્ટ મંતવ્ય આપવાની હતી. સમાજના હિતમાં શું છે, એ જ દિશામાં યોગ્ય વિચારોનું દોરીસંચાર કર્યું. તે સમાજ માટે એક રાહબર હતા. તેમના અચાનક નિધનથી સમાજને એક ઝિંદાદિલ કાર્યકર તથા પાયાના પથ્થરને ગુમાવ્યાનો રંજ સદાય રહેશે.

આવા પ્રમાણિક અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર સમાજની એક મૂડી સમાન હતા. તેઓશ્રી સરળતાથી પોતાની સુવાસ ફેલાવી ગયા છે. તેમની યાદ સદાય સર્વેને સતાવશે. ■

જીવનચક્ર

# જીવનસંધ્યાએ થતો સળવળાટ

ડૉ. ગિરીશ વીછીવોરા

જન્મ, જરા ને મૃત્યુ એ કુદરતી ઘટના છે. એમાં મીનમેખનો ફરક ન થાય. કુદરતમાં ક્યાંય કાટખૂણો નથી. વર્તુળ કુદરતને માન્ય છે. વર્તુળમાં જ કુદરત મહાલે છે. પૃથ્વી ગોળ ફરે છે ને સૂર્યની આસપાસ ફરતા ગોળાકારમાં જ રહે છે. એટલે તો જન્મ, જરા ને મૃત્યુના વર્તુળને જીવનચક્ર જેવું રૂપાળું નામ આપ્યું છે. એ ચક્ર ફક્ત મનુષ્ય પૂરતું સીમિત નથી, બલકે કહી શકાય કે કુદરતનું હર અંગ એ ચક્રને વફાદાર છે. **જીવસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, વનસ્પતિ કે મનુષ્ય – જે ઉગ્યો એને આથમવાનું જ છે.** સૂર્ય રોજ છડી પોકારતો, એ સંદેશો વહાવતો જ રહે છે. અહીં કોઈ અમર નથી, અવિનાશી નથી કે અફર નથી. અલબત્ત, અમર થવા, અવિનાશી થવા, ટકવા મનુષ્યે જેટલી મથામણ કરી છે, એટલી સૃષ્ટિના બીજા કોઈ અંગે નહીં કરી હોય. અન્ય ઘટકો બહુધા સૃષ્ટિના ચક્રને વફાદાર રહે છે. મનુષ્ય એ ચક્રને વફાદાર તો છે જ. નાઈલાજે એને થવું જ પડે છે. છતાં એણે અમર થવા કંઈ કેટલીયે જાતનાં હવાતિયાં કર્યા છે. ખાસ કરીને રાજા મહારાજા, અમીર ઉમરાવ જેવા ખમતીધરોએ ભૂતકાળમાં ને વર્તમાનમાં પણ પોતે વિલય ન પામે, જરા અડે નહીં એને માટે વિવિધ ને વિચિત્ર પ્રયોગો કર્યા છે. છતાં એમાં એ સંપૂર્ણ નાસીપાસ થયો છે. આવા સ્થૂળ પ્રયોગોની સાથે સાથે મનુષ્યે પોતાને અમર બનાવવા, પોતાના આત્માની ઉન્નતિ કરવા, જે આત્મખોજ ઉપાસના, તપશ્ચર્યા ને રઝળપાટ કર્યા છે તે માનવ સંસ્કૃતિના એક ઉમદા આધારસ્તંભો બની રહ્યા છે. કંઈ કેટલાયે ઓલિયાઓએ આત્મમંથન કર્યું, કંઈક પામ્યા. જે પામ્યા તેનું સહજભાવે વિતરણ પણ કર્યું. પોતાને લાધેલ આત્મોન્નતિના પંથનો મહિમા કર્યો, જે ધર્મના નામે પ્રચલિત થયો. બધા ધર્મ પ્રવર્તકો મસીહા કે અવતારી પુરુષ હતા. તે સિવાય સંત પરંપરા અપરંપાર છે. બધાએ કુદરતના ગુણગાન ગાયા. બધાએ ભક્તિ, ને તે દ્વારા મોક્ષની વાત કરી. મોક્ષ એક કાલ્પનિક ઘટના, જે વ્યક્તિના જીવન ચરણનું ચરમબિંદુ બની રહ્યું. આવા મસીહા ઓલિયા સંતો વગેરેનું લક્ષ્ય મોક્ષ જ હતું. મોક્ષ એટલે જીવનની ઘટમાળ, ભવફેરામાંથી મુક્તિ. પૃથ્વીના ભ્રમણમાંથી છૂટા થઈ એક અલગ ઉપગ્રહ બની રહેવું. જેનાથી આ જીવન મરણની ઘટમાળમાંથી મુક્તિ મળે. આપણી માન્યતા પ્રમાણે સર્વધર્મ પ્રવર્તકો, ઘણા સંતો વગેરે મોક્ષગામી થયા. આપણે અહોભાવથી એમણે પોતાને લાધેલ સત્યની આપણને સહજભાવે વહેંચણી કરી. એટલે એમને પ્રભુતુલ્ય ગણી તેઓ સર્વ મોક્ષગામી થયા, ભવફેરાથી મુક્ત થયા એમ માનીએ છીએ. મોક્ષનો મહિમા પણ કરીએ છીએ. છતાં તટસ્થ રીતે જોતાં એ સર્વ મહાપુરુષો કુદરતના ઘટનાક્રમ જન્મ, જરા ને મૃત્યુને આધીન રહી વિલય પામ્યા હતા. અલબત્ત, એમણે મનુષ્યજાતિ માટે ઘણું યોગદાન આપ્યું તે વંદનીય છે. એવા જ ઓલિયાઓની સમકક્ષ કદાચ આવી શકે એવા કલાના હર પ્રકારના ઉપાસક કલાકારો હતા. કુદરતે એમને કંઈક વિશેષતા બક્ષી હતી. ફળસ્વરુપ તેમણે જે અદ્ભુત, અવિનાશી, અમર કલાકૃતિઓ દુનિયામાં રચી છે તે માનવ સંસ્કૃતિના ઇતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. કલાની ઉપાસના કરતાં એમણે પોતાના આત્માને ઉર્ધ્વગામી કર્યો. **કલાની ઉપાસના એ અધ્યાત્મની આરાધના જ છે. કલાના હર પ્રકારમાં અધ્યાત્મ મુખ્ય અંગ છે.** કદાચ ચિત્રમાં સૌથી વધુ છે. છતાં સંગીત, નૃત્ય, સ્થાપત્ય ને શબ્દ – ગદ્ય કે પદ્ય – સર્વમાં અધ્યાત્મ સ્થાયી માંગ તરીકે સ્થાપિત છે. એ સર્વ કલાકારો પોતાના સર્જનથી અમર થઈ ગયા. સદીઓની સદી વીતી ગઈ, લોક એમણે ઉપસાવેલી કલાને બિરદાવતો જ રહ્યો છે. છતાં મૃત્યુ સર્વનું અંતિમ ચરણ હતું.

બહુધા વ્યક્તિનો જીવનક્રમ એટલે બાલ્યવય, યુવાની, મધ્યકાળ કે ઘડપણ જે મૃત્યુમાં વિરમે છે. આવું કુદરતના હર અંગનું છે. બાલ્યકાળથી બહુધા એનો વિકાસ થાય છે. વિસ્મય હર બાળકનું સ્થાયી અંગ છે. બાલ્યકાળમાં બહુધા એનો વિકાસ થાય છે. અહીં વિસ્મય હર બાળકનું સ્થાયી અંગ છે. પોતાની આજુબાજુની દુનિયાને એ વિસ્મયભરી નજરે જોતું રહે છે. સહજભાવે સારું યા નરસું ગ્રહણ કરતું રહે છે. આ સમયમાં એ વધુને વધુ શીખે છે. **બહુધા બાળકના પ્રથમ છ વર્ષ બહુ જ મહત્ત્વના છે.** એ સમયમાં એ જે જુવે છે, એ સર્વ ગ્રહણ કરી પચાવી પાડે છે. ફળ સ્વરુપ પહેલા છ વર્ષમાં એનું માનસિક ઘડતર પૂરું થાય છે. આપણે બાળકને ભણાવવા નિશાળમાં મૂકીએ છીએ, એ બધું 'ભણતર' એના પહેલા છ વર્ષના ચણતરના પાયા પર જ નિર્ધારીત રહે છે. એટલે જ કહ્યું છે કે બાળક નાનું હોય ત્યારે એની આજુબાજુનું વાતાવરણ સુરેખ, સુંદર ને હકારાત્મક હોવું જોઈએ. આવું વાતાવરણ હોય તો બાળક મોટું થતાં કંઈક કરી મહાન થઈ શકે.

**યુવાની એટલે તરવરાટ. અહીં સ્થૂળ શક્તિ, બળ, જોર મહત્ત્વનું અંગ બની રહે છે.** ભણતર સાથે અન્ય પ્રવૃત્તિઓ રમતગમત કે કલા સર્જનમાં પદાર્પણ કરતો થાય છે. આ અવસ્થામાં

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)

વિચાર મંચ

# નાનકડા બીજ જેવી શોધમાંથી પાંગરેલું વિજ્ઞાનનું વટવૃક્ષ



ડૉ. યાસીન દલાલ

૧૮મી સદીમાં ફ્રાંસમાં કિંગ લુઇસના સમયમાં રોયલ કોર્ટમાં કાગળને પીન મારવા માટે પ્રથમવાર સ્ટેપ્લર જેવું સાધન બન્યું. જેમ જેમ કાગળનો વપરાશ વધ્યો તેમ તેમ બે કાગળને પીન મારવાની જરૂર પણ વધી. **૧૮૬૬માં જ્યોર્જ મેકગીલ** નામના મિકેનીકે પ્રથમવાર સ્ટેપ્લર બનાવ્યું. જો કે તે સ્ટેપ્લર સીવવાના સંચા જેવું મોટું અને ભારે હતું. તેમાં માત્ર પીન ખોસવાની સગવડ હતી. એ પછી પીન હાથની મદદથી વાળવી પડતી. **૧૮૭૭માં હેનરી હેઈલ** નામના મિકેનીકે કાગળમાં પીન ખોસીને આપોઆપ વળી જાય તેવું સ્ટેપ્લર બનાવ્યું. આ બધા વજનદાર હતા અને છૂટી પીનોને બદલે સળંગ તારનો ઉપયોગ થતો. જરૂર પ્રમાણે તાર કપાઈને પીન બનતી. આને બધા પેપર કસ્ટનર કહેતા. ૧૯૭૧માં સ્ટેપ્લર નામ પ્રચલિત થયું. ત્યારબાદ ઘણા પ્રકારના સ્ટેપ્લર બન્યા. આજે તો કાગળ કે કાપડ જેવી ચીજોને લાકડા કે બીજી સપાટી પર જોડવા માટે સ્ટેપલગન પણ વિકસી છે. ડૉક્ટરો ઑપરેશન દરમિયાન પણ ઘણીવાર જરૂર પડે સર્જીકલ સ્ટેપ્લરનો ઉપયોગ કરે છે.

ઓળખકાર્ડ કે અગત્યના દસ્તાવેજો અને ફોટા ઉપર લેમિનેશન કરવાની પદ્ધતિ સામાન્ય છે. કાગળ ઉપર છપાયેલી માહિતી કે ચિત્રોને લાંબો સમય સાચવવા માટે અને ફાટી ન જાય તે માટે લેમિનેશન કરીને મજબૂત બનાવાય છે. લેમિનેશન એટલે કાગળ ઉપર પારદર્શક પ્લાસ્ટિકનું પડ ચડાવવાની ક્રિયા. પીગળેલું પ્રવાહી કે પ્લાસ્ટિક હવામાં તરત જ જામી જઇને ફિલ્મ જેવું બની જાય છે અને કાગળની સપાટી ઉપર ચોંટી જાય છે. લેમિનેશન ઘણી રીતે થાય છે. તે માટે મશીનો પણ હોય છે. હાથે કરવામાં આવતા લેમિનેશનમાં લાકડાની ફ્રેમમાં પ્લાસ્ટિકની ફિલ્મ તૈયાર કરીને ફોટા ઉપર ચોંટાડી દેવાય છે.

ઈલાસ્ટીકની પટ્ટીનો ઉપયોગ જાણીતો છે. કેટલાક પોષાક અને ખાસ કરીને મોજામાં તેનો ઉપયોગ ખૂબ થાય છે. કેટલાક પદાર્થોના ઈલાસ્ટીસીટીના ગુણથી આપણા રોજિંદા જીવનમાં સરળતા આવી છે. રબર બેન્ડ તો અવારનવાર ઉપયોગી થતી ચીજ છે. ઘન પદાર્થો દબાણ કરવાથી કે ખેંચવાથી વિસ્તાર પામતા કે સંકોચાતા નથી પરંતુ રબર જેવા ઘણા પદાર્થો દબાણ આપવાથી થોડાક સંકોચાય છે અને દબાણ હટાવી લેવાથી મૂળ સ્થિતિમાં આવી જાય છે. આ ગુણને સ્થિતિસ્થાપકતા અથવા ઈલાસ્ટીસીટી કહેવામાં આવે છે. લોખંડ સ્થિતિસ્થાપક નથી પરંતુ પાતળા તારમાંથી બનેલી સ્પ્રિંગ સ્થિતિસ્થાપક છે. માણસના હાડકા પણ સ્થિતિસ્થાપક હોય છે. આવા પદાર્થો લાંબા થાય પણ તૂટે નહીં. સ્થિતિસ્થાપક પદાર્થોમાં અણુઓ સંભવિત દબાણથી ચોક્કસ અંતરે ગોઠવાયેલા હોય છે. અણુઓ વચ્ચે થોડી જગ્યા હોય છે અને તેના કદ પ્રમાણે વજન પણ ઓછું હોય છે. **રબર સૌથી વધુ સ્થિતિસ્થાપક કહેવાય છે પણ તે સાચું નથી. રબર કરતા સ્ટીલની સ્પ્રિંગ વધુ સ્થિતિસ્થાપક હોય છે.**

**મીણબત્તીની શોધ ઇ.સ. પૂર્વે ૨૨૧ના ગાળામાં ચીનમાં થઈ હતી.** તે જમાનામાં મીણ નહોતું પરંતુ વ્હેલ માછલીની ચરબીમાંથી મીણબત્તી બનતી. ભારતમાં કેટલીક વનસ્પતિને ઉકાળીને મીણ બનાવાતું. પ્રથમ સદીમાં બરફીલા પ્રદેશોમાં થતી કેન્ડલ ફીશ નામની માછલીની ચરબીનો મીણની જેમ ઉપયોગ થતો. **આજે ઉપયોગમાં લેવાય છે તેવી મીણબત્તી ૧૭૯૦માં અમેરિકાના જોસેફ સેમસને બનાવેલી.** ત્યારબાદ તો કલાકની ૧૫૦૦ મીણબત્તી બને એવા મશીનો શોધાઈ ગયા. ૧૮૫૦માં ક્રૂડમાંથી પેરેફીન મીણ મળવા લાગ્યું. મીણની મીણબત્તી બનવા લાગી.

વાહનોમાં વ્હીલની ભૂમિકા મહત્ત્વની હોય છે. મોટા વ્યાસવાળા વ્હીલ એક આંટામાં વધુ અંતર કાપે છે. બંનેના ફરવામાં વધતી ઓછી શક્તિનો ઉપયોગ થાય છે. **આગળના વ્હીલ માત્ર દિશા બદલવામાં ઉપયોગી હોય છે. એન્જિનની ધરી પાછલા વ્હીલ સાથે જોડાયેલી હોય છે એટલે પાછલા વ્હીલ સાથે જ ચાલે છે.** ટ્રેક્ટર ખેતીમાં વપરાય છે. ખેતરાઉ જમીન પર ઝડપ નહીં પણ સમતોલનની જરૂર છે. પાછલા વ્હીલને વધુ બળ મળે તે માટે ટ્રેક્ટરના પાછલા વ્હીલ મોટા બનાવાય છે.

જુદા જુદા પદાર્થોના મિશ્રણ વડે એક શોધકે શોધી કાઢ્યું કે સુરોખાર, ગંધક અને કોલસાનું મિશ્રણ કરવાથી મોટો ધડાકો થાય. પણ શોધનો ઉપયોગ બંદૂકના દારૂ તરીકે **'બર્થોલ્ડ શ્વાર્ઝ'** નામના એક જર્મન સાધુને ફાળે જાય છે. તેણે આવું મિશ્રણ

લોખંડની નળીમાં મૂકી તેના ઉપર કાંકરો મૂક્યો. નળીના બીજા બંધ છેડે આવેલા નાના કાણા વડે દારૂ સળગાવતા બંદૂક ફૂટી અને કાંકરો બહાર ફેંકાયો. આમ દુનિયાની પહેલીવહેલી બંદૂકની શોધ થઇ અને દારૂગોળાનો ઉપયોગ બંદૂક ફોડવામાં શરૂ થયો. ધીમે ધીમે બંદૂકની રચનામાં સુધારા થતા ગયા. સહેલાઇથી વાપરી શકાય તેવી રીવોલ્વર બની અને આપોઆપ એક સાથે ગોળીઓ છોડી શકે તેવી યાંત્રિક પિસ્તોલનો ઉપયોગ શરૂ થયો. ધાર્યું નિશાન ગમે તેટલે દૂરથી લઈ શકે એ માટે આવી પિસ્તોલમાં પણ નાના ટેલિસ્કોપ પણ મૂકી શકાય છે.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ડાયનેમાઇટ નામથી ઓળખાતા સ્ફોટક પદાર્થની શોધ થઈ. એની મદદથી ખાણમાં ઊંડે સુધી ખોદકામ કરી શકાય છે. પર્વતમાં બોગદા પણ બનાવી શકાય છે અને જમીનમાંથી ખનીજતેલ પણ મેળવી શકાય છે. આ જ શોધના ઉપયોગથી લડાઈમાં વપરાતા સેલ અને બોંબ જેવા સ્ફોટક શસ્ત્રો બનાવ્યા. 'આસ્કોનિયા સોબ્રેરો' નામના એક ઇટાલિયને નાઇટ્રેટ એસિડ અને ગ્લિસરીન એ બેનું મિશ્રણ કરી નાઇટ્રો ગ્લિસરીન નામનું પ્રવાહી બનાવ્યું. આ પ્રવાહી બીજા દારૂગોળા કરતાં અનેકગણી સ્ફોટક શક્તિ ધરાવે છે પણ તેને સાચવવાનું જોખમી છે. તે ઝડપથી સળગી જાય છે અને પ્રવાહી હોવાથી હેરફેરમાં તકલીફ થાય છે. **આલ્ફ્રેડ નોબેલ** નામની સ્વીડનના રસાયણશાસ્ત્રીએ નાઇટ્રો ગ્લિસરીનનો ઉપયોગ સરળતાથી થઈ શકે એવી શોધ કરી. તેણે આ પ્રવાહીને કોઈ સૂકા ઘનપદાર્થ સાથે ભેળવવાનું વિચાર્યું. લાકડાના વ્હેર કે કોલસાના ભૂક્કાનો ઉપયોગ કર્યો પણ તેમાં સ્ફોટક શક્તિ ઓછી થઈ ગઈ. દરિયાઈ છીપોના અવશેષમાંથી મળી આવતા પદાર્થોનો ઉપયોગ નાઇટ્રેટ ગ્લિસરીન સાથે ભેળવવામાં કરાયો. આ મિશ્રણ સફળ થયું અને નાની ટોટીઓમાં ભરવામાં આવ્યું. આ ટોટીઓ ખડકના કાણામાં મૂકીને ફોડવામાં આવી. આજે આ ડાઇનેમાઇટના સિદ્ધાંત ઉપર કામ કરતાં ઘણાં સ્ફોટક પદાર્થો શોધાયા છે.

અણુશક્તિનું રહસ્ય પ્રાપ્ત થયા પછી આ જાતના દારૂગોળાનું મહત્ત્વ ઘટતું જાય છે. અણુશક્તિવાળા વિનાશક શસ્ત્રની હારમાળા સર્જાતી જાય છે. બહુ જ ઓછા સમયમાં પૃથ્વીનો વિનાશ કરી માનવજાતનું અસ્તિત્વ મિટાવી શકે તેવી શક્તિ આ શસ્ત્રો ધરાવે છે.

**અલબત્ત અણુશક્તિનો ઉપયોગ વિદ્યુત ઉત્પન્ન કરવા માટે, વાહનો ચલાવવા માટે, યંત્રોને ગતિ આપવા માટે, ખેતીની પેદાશ વધારવા માટે, ખોરાક સાચવી રાખવા માટે અને અસાધ્ય રોગોની સારવાર માટે પણ કરવામાં આવે છે.** અણુશક્તિનો આવો રચનાત્મક ઉપયોગ કરવામાં આપણું હિત સમાયેલું છે. આપણો દેશ અણુશક્તિના આવા ઉપયોગો માટેની શોધખોળોને ખૂબ મહત્ત્વ આપે છે.

એરકંડિશનરનો શોધક **વિલિસ કેરિયર** નામનો એન્જિનિયર હતો. તેણે પ્રયોગો કરીને હવામાં રહેલી ગરમી અને ઠંડી ઉપર કાબૂ મેળવવાની પદ્ધતિ શોધી કાઢી. ઈ.સ. ૧૯૦૨માં તેણે ફુવારાવાળું એક યંત્ર બનાવી હવામાં ઠંડક લાવી ભેજ ઓછો કરવામાં સફળતા મેળવી. ત્યારબાદ તેણે એરકંડિશનર બનાવ્યું. તે ઘણું મોટું હતું. તેમાં એમોનિયા વાયુ ઉપયોગમાં લેવાતો. તે ઝેરી હતો. ઈ.સ. ૧૯૧૧માં તેણે એક નવી પદ્ધતિ શોધી કાઢી જેને રેશનલ સાઇક્રોમેટિક પદ્ધતિ કહે છે. આજે પણ આ પદ્ધતિનો એરકંડિશનરમાં ઉપયોગ થાય છે. ઈ.સ. ૧૯૧૫માં વિલિસે અમેરિકામાં એરકંડિશનર મશીનો બનાવવાનું કારખાનું સ્થાપ્યું અને સમય જતાં નાના કદના એરકંડિશનરો પણ બનાવવાની પદ્ધતિ શોધી કાઢી.

નબળી દૃષ્ટિવાળા લોકો માટે ચશ્માને બદલે ઉપયોગી થતાં કોન્ટેક્ટ લેન્સની શોધ જર્મનીના વિજ્ઞાની **એડોલ્ફ યુજીન ફિકે** કરેલી. ૧૮૮૭માં તેણે આંખની કીકી ઉપર ચોડી શકાય તેવા કાચના કોન્ટેક્ટ લેન્સ બનાવેલા. પહેલા તેણે સસલાની આંખો પર તેના પ્રયોગો કર્યા પછી પોતાની આંખો પર પહેરીને સફળતા મેળવી હતી. ત્યારબાદ ૧૯૪૮માં **કેવીન પ્યુહી** નામના વિજ્ઞાનીએ પ્લાસ્ટિકના કોન્ટેક્ટ લેન્સ બનાવ્યા હતા. **એડોલ્ફ ફિકે** કોન્ટેક્ટ લેન્સ ઉપરાંત પ્રવાહીમાં પસાર થતાં વાયુ અંગેના સિદ્ધાંતો પણ આપેલા. હૃદયમાં લોહી ધકેલવાની શક્તિ માપવાની પદ્ધતિ પણ તેણે શોધેલી.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## વેશપલટો

***ધોનીની મા :*** જા, આજે બજારમાં જઇને શાકભાજી લઈ આવ. ઘણા વખતે વિદેશથી ઘેર આવ્યો છે, તો મમ્મીનું આટલું કામ કર.

***ધોની :*** પણ મમ્મી, અમે વર્લ્ડકપ હારીને આવ્યા છીએ. પબ્લિક બહુ ગુસ્સામાં છે. ધોલાઈ કરી નાખશે.

***મા :*** મારી સાડી પહેરીને જા.

ધોની એની મમ્મીની સાડી પહેરીને ડરતો ડરતો શાક માર્કેટમાં જાય છે. એને સતત ડર લાગે છે કે ક્યાંક કોઈ ઓળખી જશે તો આજે માર પડવાનો છે.

ત્યાં તો પાછળથી કોઈએ ખભે ટપલી મારીને કહ્યું, 'હાય ધોની!'

ધોની ડરી ગયો. પાછળ એક સલવાર કમીઝ પહેરેલી છોકરી હતી. ધોની નર્વસ થઈ ગયો.

***ધોની :*** તમે મને શી રીતે ઓળખી ગયા?

***પેલી છોકરીએ કહ્યું :*** ધ્યાનથી જો, હું યુવરાજ છું!

વિચાર મંચ

# માણસની માંદગી અને મેડિક્લેઇમ...!



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

આરોગ્યની પૂરી કાળજી લીધા પછી પણ માંદગી આવતી જ હોય છે. એથી મેડિક્લેઈમ હવે જીવન જરૂરિયાતની ચીજવસ્તુ બની ગઇ છે. દિનપ્રતિદિન ગ્રાહક અને ઇન્સ્યુરન્સ કંપની વચ્ચેની તકરારો વધતી જાય છે. એમાં લુહારનો ય વાંક હોય છે અને લોઢાનો ય વાંક હોય છે. (લોકો શરદી થઈ હોય તોય કેન્સરનો ખર્ચ વસુલવાની વેતરણમાં રહેતા હોય છે. આવું ઘણીવાર બને એટલે વીમા કંપનીને કેન્સરના સાચા કેસમાં પણ શરદી હોવાની ગંધ આવે છે.) મેડિક્લેઈમના ફોર્મ પર કીડીથીય નાના અક્ષરોમાં તેની શરતો અંગ્રેજીમાં લખેલી હોય છે. એમ કહો કે નાના અક્ષરોમાં મોટા ટાઈમ બોમ્બ ગોઠવેલા હોય છે. પેમેન્ટ વખતે તે ફૂટે છે. પૈસા ના મળે એટલે માણસ ગ્રાહક સુરક્ષામાં જાય છે. ઘણીવાર ઇન્સ્યુરન્સ કંપની સાચા ખર્ચને ખોટા અર્થઘટન વડે 'Not Payable' ગણીને ગ્રાહકને ડિંગો બતાવે છે. આવા સમયે ગ્રાહક સુરક્ષાસંઘ બે વચ્ચે મધ્યસ્થી બને છે. મોટેભાગે ચુકાદો ગ્રાહકોની તરફેણમાં આવે છે.

કંઈક એવું સમજાય છે કે વીમા કંપનીએ કશી જ દિલચોરી રાખ્યા વિના તેમના નિયમો અને શરતો ગુજરાતીમાં વિગતે, ફોડ પાડીને લખવા જોઈએ. જેથી ગ્રાહકો પૂરું સમજી લે અને પેમેન્ટમાં કોઈ મુશ્કેલી ના ઉદ્ભવે. વીમા કંપનીઓએ વારંવાર ગ્રાહક સુરક્ષાસંઘ દ્વારા પરાજય સ્વીકારવો પડતો હોય તો ફરીવાર એવું ના બને તેવી તકેદારી તેમણે રાખવી જોઈએ. (પ્રજાની નજરમાં તેમની વિશ્વસનીયતા જળવાઈ રહે એ જ તેમનો સાચો 'હેલ્થ ઇન્સ્યુરન્સ' ગણાય.)

હસતો ખેલતો માણસ રમત વાતમાં માંદો પડી શકે છે. આ બધા તબક્કાઓમાં મેડિક્લેઈમનો મામલો દિનપ્રતિદિન બગડતો જાય છે. સીધો દેશી હિસાબ માંડીએ તો સમજાશે કે લાખ માણસો પ્રીમિયમ ભર્યા પછી એક વર્ષ સુધી માંદા ના પડે તો જ ઇન્સ્યુરન્સ કંપનીની તબિયત સારી રહે છે. બે હજારના પ્રીમિયમવાળા માણસને લાખ રૂપિયા ચૂકવવા પડે ત્યારે ઇન્સ્યુરન્સ કંપનીનું આરોગ્ય કથળે છે. આપણે પ્રાર્થના કરીએ કે ગ્રાહક અને કંપની બંનેનું આરોગ્ય હંમેશાં નિરોગી રહે! દર્દીના સારા આરોગ્ય માટે દવા અને ડૉક્ટરથી અગ્ર ક્રમે આવતી એક બીજી ચીજ છે. એ ચીજનું નામ છે 'આરોગ્ય સંહિતા!' જેઓ માંદા ન પડવા માટે મક્કમ છે તેઓ ચુસ્તપણે આરોગ્ય સંહિતા પાળે છે. જીભના ચટાકા છોડી સાદો પૌષ્ટિક ખોરાક લેવો એ આરોગ્ય સંહિતાનું પહેલું પગથિયું છે. મોટાભાગના લોકો પહેલે પગથિયે જ ઉથલી પડે છે.

ગુણવંત શાહ 'મરો ત્યાં સુધી જીવો' નામના પુસ્તકમાં લખે છે, 'એક સમોસું મને દોઢ કિ.મી.નું પડે!' અમારા બચુભાઈ સ્વાદના રસિયા છે. તેઓ જુદું વિચારે છે. હર હાલમાં સમોસાની મજા અકબંધ રહેવી જોઈએ એવું સમજાવતાં તેઓ કહે છે : 'માત્ર દોઢ કિલોમીટરમાં એક આખું સમોસુ ખાઈ શકાય એ કાંઈ જેવું તેવું સુખ છે?' કદાચ એમની વાતમાં થોડો દમ છે. **જીવનનો સ્થાયીભાવ સુખ શાંતિ અને આનંદ છે. બધા આનંદો પર પરહેજીનો પહેરો મૂકી દઈએ તો જીવવાની શી મજા રહે? માણસે એવી રીતે જિંદગીની મોજ માણી લેવી જોઈએ કે મોત પણ મહોત્સવ બની રહે.** એ માટે જીવન મંદિરમાં આનંદની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું જરૂરી છે. આનંદને અમર કરવા થોડુંક કષ્ટ વેઠવું પડે તો વેઠી લઈએ. એમ નથી કહેતો કે કેન્સરની અવગણના કરીને તમાકુનો ટેસ્ટ માણી લઈએ. પણ થોડીક પોસાય એવી પીડાના બદલામાં નિર્દોષ સુખ મળી રહેતું હોય તો તે ખોટનો સોદો નથી. તંદુરસ્તીને તમારા દેહમાં બેસાડી રાખવી હોય તો તમારે પોતે ચાલવું પડશે! ઈશ્વરે સંસારમાં સુખના ઘણા પિકનિક સ્પોટ રચ્યા છે. તે બધા આનંદ પ્રાપ્તિ માટે છે. પણ પ્રત્યેક બાબતમાં વ્યવહારુ માર્ગ અપનાવવો જોઈએ. સાગર કાંઠે ઘર હોય તો સમુદ્રથી મોં ફેરવી લેવાને બદલે તરવાનું શીખી લઈએ. ક્યારેક મોજ ખાતર મિત્રો વચ્ચે સિગારેટના એકાદ બે કશ મારી લેવામાં વાંધો નથી, પણ ધૂમ્રપાનના જોખમોની ગંભીરતા સમજીએ. **બીડી-સિગારેટ સ્મશાને પહોંચવાનો ટૂંકો રસ્તો છે.** ધૂમ્રપાનની ટ્રેન વચ્ચે એક જ સ્ટેશને ઊભી રહે છે. તે સ્ટેશનનું નામ છે હોસ્પિટલ (ત્યારબાદ સ્મશાન સુધી વચ્ચે કોઈ સ્ટેશન આવતું નથી).

સમોસુ સ્વાદ સુખનું પ્રતીક છે. સુખ અવશ્ય માણી લઈએ, પણ તે માટે (ચાલવાની) શરતની અવગણના ના કરીએ. યાદ રહે, અઠવાડિયામાં છ દિવસ નાસ્તામાં મમરા, પૌંઆ કે ધાણી ખાઈને ચલાવશો તો સાતમે દિવસે બોનસરૂપે થોડાક ભજીયાની

છૂટ મળી શકશે. પ્રમાણભાન આરોગ્ય સુખની પહેલી ચાવી છે. સ્વાદ વૈભવ અને આરોગ્ય વૈભવ એ બેની વચ્ચે બુદ્ધિના લવાદની જરૂર પડે છે. શાણા માણસો સ્વાદ વૈભવની પૂરી મજા લૂંટે છે. પરંતુ ઊંધિયું, ભજીયા કે બાસુંદી ખાતી વેળા તેઓ એક આંખ વાનગીની ડિશ પર રાખે છે અને બીજી વજનદાર કાંટા પર!

**જીવન મળ્યું છે તો તેના સર્વ સુખો માણવામાં કોઈ અપરાધ નથી, પણ સ્વાદ અને શેહત વચ્ચે શ્રમનું મહત્ત્વ સ્વીકારીએ.** ચરબી અને દર્દી વચ્ચે કેવળ પ્રાસનો સંબંધ નથી, જરૂર પડ્યે શબવાહિની પણ એમાં ઝુકાવે છે. પરિશ્રમ એવી ચલણી નોટ છે, જે વડે જીવનના શોપિંગ સેન્ટરમાંથી સસ્તા ભાવે સ્વાસ્થ્ય ખરીદી શકાય છે. પણ એ નોટ વટાવવાનો આપણને ખાસ ઉમળકો હોતો નથી. ગૃહિણીઓને પૂછવાનું મન થાય છે, કોઈ દિવસ કામવાળી ના આવે ત્યારે કેટલી ગૃહિણી એવો હરખ મનાવે છે – ચાલો સારું થયું.... આજે થોડી કેલરીઝ વપરાશે! (વોશિંગ મશીન બગડી જાય ત્યારે ચોકડીનો પથ્થર અને કપડા ધોવાનો પાયો અંદરોઅંદર હરખાતા હોય છે – બહુ દહાડા પછી આજે વસ્રો જોડે ભેગા મળી વેલેન્ટાઇને ડે ઉજવીશું...! પણ ગૃહિણી પોતાની આળસને વફાદાર રહે છે. તે કપડાનો ઢગલો બીજા દિવસ માટે રહેવા દે છે. માણસ વારંવાર આવી તકેદારી રાખે ત્યારે માંડ મેડિક્લેઇમનો લાભ મળી શકે છે.)

મેડિક્લેઇમ એક ઉપયોગી સુવિધા છે. મેડિક્લેઇમ એટલે માંદગીના ખર્ચ સામેનું સુરક્ષા કવચ. ઇન્સ્યુરન્સ કંપની તમારી માંદગીને દત્તક લે છે. તમારા વતી ખર્ચ ઇન્સ્યુરન્સ કંપની ભોગવે છે પણ રોગની પીડા તમારે જ ભોગવવી પડે છે. દોસ્તો, હોસ્પિટલમાં કદી જવું જ ના પડે એની તો મજા જ કંઈ ઓર હોય છે! નેવું વર્ષના કોઈ વૃદ્ધને પ્રેશર, સુગર, વા, હાર્ટ પ્રોબ્લેમ... કશું જ ના હોય તો તેને ઘડપણમાં કરોડોની લોટરી લાગી છે એવું કહી શકાય. પણ ક્યારેક બને છે એવું કે ઘડપણમાં કશી જ બીમારી ના હોય એવો માણસ સ્વભાવે શેતાન બનીને જીવે છે. તેના તંદુરસ્ત હાથોનો ઉપયોગ તે અન્યના ટાંટિયા ખેંચવામાં કરે છે. તેની મોતિયા વિનાની આંખોનો ઉપયોગ તે બીજાના દોષ જોવામાં કરે છે. એવો તંદુરસ્ત ડોસો પથારીવશ વૃદ્ધ કરતાં ઘણી આપત્તિઓ ઊભી કરતો હોય છે. એવા 'સર્વગુણ સંપન્ન' વૃદ્ધને જોઈને 'પહેલું સુખ તે જાતે નર્યા' વાળી કહેવત ખોટી પડતી હોય એવું લાગે છે. એવા લોકો સુખી નથી હોતા. ભીતરમાં તેઓ સતત એક વેદના, અજંપો, તણાવ કે અસંતોષ લઈને જીવતા હોય છે. યાદ રહે, **તનની નબળાઈઓ કરતાં મનની નબળાઈઓ વધુ પીડતી હોય છે.** શરીર પરનું ચાંદુ દેખાય છે, મનના ચાંદા દૃષ્ટિગોચર થતા નથી. જોડાની ખીલીની જેમ તે માણસને અંદરથી સતત ડંખતા રહે છે. ચિતામાં સળગતા માણસને જોઈ શકાય છે, પણ ચિંતામાં સળગતો માણસ ભર બજારમાં ઊભો હોય તો પણ કોઈ તેની દયા ખાતું નથી.

**સુખનો ઘણો આધાર આપણે તેને કેવી રીતે જાળવીએ છીએ તેના પર રહેલો છે.** માણસ યુવાન હોય કે ઘરડો, તેની સ્થિતિ એવી હોવી જોઈએ કે છત્રીસ પકવાન જમ્યા પછી ઘરમાં હાજમોલાની પાચનવટી શોધવાને બદલે પાંચ માઈલ ચાલવાનું મનમાં જોમ હોય. આવું થાય તો રોગ રખડી પડે! માણસના ખિસ્સામાં ઍસ્પ્રો પડેલી હોય તો સરદર્દને તે કહી શકે – 'જા, થાય તે કરી લે...!' રોગની અવગણના કરવામાં બહાદુરી નથી. પરંતુ યોગા, કસરત, જોગીંગ... બધું જ કરી છુટ્યા પછી ટપકી પડતા રોગની ચિંતા ના કરવી. જેને માટે તમે જવાબદાર નથી તેનો અપરાધભાવ અનુભવવાની જરૂર નથી. એવા રોગને નસીબના ન્યાય તરીકે સહજપણે સ્વીકારી લેવો જોઈએ. રોગને આમંત્રણ આપવાની તમે એક પણ કુટેવ અપનાવી ના હોય અને રોગ બિનબુલાયે મહેમાનની જેમ ગળે પડ્યો હોય તો રાડો પાડીને તેનાથી પીડાવા કરતાં ત્રાડો પાડીને તેને ભગાડવામાં સમજદારી રહેલી છે. યાદ રહે, સમજદાર માણસો વર્ષમાં એકવાર મેડિક્લેઇમનું પ્રીમિયમ ભરે છે. પણ તે ન પાકે તે માટે આખું વર્ષ ભગવાનને પ્રાર્થના કરે છે! મેડિક્લેઇમનો ચેક એવો ચેક છે, જે મેળવવામાં માણસને કોઈ આનંદ થતો નથી!

- **માઈલ સ્ટોન :**

ઘરમાં અગ્નિશામક મૂકાવ્યા પછી માણસ આગ લાગે એવું નથી ઇચ્છતો. તે રીતે શાણા લોકો મેડિક્લેઇમનું પ્રીમિયમ ભર્યા પછી તે વસુલ થાય એવું નથી ઇચ્છતા. કેટલાક ચુસ્ત વળતરવાંચ્છુ લોકો માંદા ન પડે તો મેડિક્લેઇમના પૈસા છૂટી પડ્યા એવો બળાપો વ્યક્ત કરે છે. કાર્ડિયોગ્રામનો ખર્ચ કર્યા પછી હૃદયરોગ ન નીકળે તો તેનો હરખ મનાવવા જેટલી સમજદારી બધા પાસે હોતી નથી. હરડે ઘરમાં પડી હોય એ ખોટું નથી, પણ તેથી કબજિયાતને કંકોતરી લખવામાં સમજદારી નથી. મેડિક્લેઇમ ઉતરાવ્યા પછી એકેવાર ક્લેઇમ ના કર્યો હોય એવા ગ્રાહકોનું ઇન્સ્યુરન્સ કંપનીએ જાહેર સન્માન કરવું જોઈએ. **ઇશ્વરે માણસને જીવ આપીને હાથ ઊંચા કરી દીધા છે. એ જીવ અને જીવનનું ઠીક રીતે જતન કરવાની જવાબદારી આપણી છે – ઇન્સ્યુરન્સ કંપનીની નહીં.** (ગુરખો આપણા ઘરને ચોરથી બચાવી શકે, ધરતીકંપથી નહીં!)

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત). મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*જીવનની સાચી મજા તો ભોળા લોકો જ લે છે;*
*બુદ્ધિશાળીઓને તો બોલવા માટે પણ પ્લાન કરવો પડે છે.*

અહિંસા

# સમાજમાં વધતી અસહિષ્ણુતા અને હિંસા, ધર્મના શિક્ષણથી અટકાવી શકાય?



**ડૉ. પલ્લવી શાહ,**
**"વ્યાખ્યાતા"**

*"સૂરજ અને ચંદ્ર માટે આભનો એક જ મલક,*
*આમ તો આપણે સાવ લગોલગ આમ તો અલગ અલગ.*
*આપણે એક જ ડાળની*
*જાણે જુદી જુદી ડાળી.*
*ફૂલનાં ઝીણા પાનની આડે*
*તડકો રચે જાળી."*

પંક્તિઓ વાંચતા જ શબ્દો સરી પડે છે, 'કેટલી સુંદર કલ્પના!' ના, આ કલ્પના નથી, આ હકીકત છે. આ હકીકતમાં સુંદર સ્વસ્થ સમાજનું બયાન થયેલું છે. એક એવા સ્વસ્થ સમાજની વાત છે, જ્યાં સમાજની દરેક વ્યક્તિ એકબીજાની સાવ નજીક છે. મુશ્કેલીના સમયે, સારા માઠા પ્રસંગે દરેક વખતે એકબીજાને ટેકો આપે છે. સમાજરૂપી ખીલેલા લીલાછમ વૃક્ષની જુદી જુદી ડાળીઓ છે. રાત હોય કે દિવસ, દરેકને સધિયારો છે. વર્તમાન સમયમાં સમાજનું આ ચિત્ર ક્યાંક કાયમ રહ્યું છે, તો ક્યાંક ડહોળાયું છે. ઘણી સુંદર પ્રવૃત્તિઓ થતી હોવા છતાં ક્યાંક કશુંક ખૂંચે છે. ભૂકંપ, સુનામી જેવી આફતો આવે ત્યારે સમાજ વહારે ધાય છે. ઘરડાં ઘર, અપંગો માટેના કલ્યાણ કાર્યો, ગરીબો માટેની વિવિધ સહાય વગેરે સમાજ તરફથી જ મળતી હોય છે.

એક તરફ સમાજનું આ ચિત્ર છે, તો બીજી બાજુ કાંઈક અલગ પણ છે. ઘરમાં વડીલો ભારરૂપ લાગે છે. તેમના સૂચનો ટક ટક લાગે છે. **પતિ પત્ની અને એક જ સંતાન – એ જ પરિવારની પરિભાષા બની ગઈ છે.** દૂર દૂરના સંબંધોને કોઈ ઓળખતુંય નથી. 'કઝીન' શબ્દમાં બાકીના સંબંધો સમાઈ જાય છે. **ઘરના વડીલોને વૃદ્ધાશ્રમમાં મોકલી, દાન દેવાનું ગમે છે પણ સગા મા-બાપ ઘરમાં નથી ગમતા.**

શું માણસની સંવેદનાની ધાર બુઠ્ઠી થઈ ગઈ છે? શું એને હૂંફની જરૂર નથી રહી? એવું પણ નથી. માણસને માણસની જરૂરત હંમેશાં રહેવાની જ અને એટલે જ એ જરૂરતે 'કિટી પાર્ટી', 'ક્લબ્સ' અને 'ગ્રુપ્સ'ને જન્મ આપ્યો છે. જેમાં જવાબદારીનો અભાવ અને મોજમજાની હાજરી વધુ હોય છે.

**આજે ભીડમાં માણસ એકલો છે. એને એકલતા સાલે છે. પરંતુ કુટુંબમેળો એને નથી ગમતો.** કુટુંબમાં, પરિવારમાં કોઈ સાજુ માંદુ થાય તો એ 'Get well soon'નો બૂકે આપી આવશે પરંતુ પાસે રહીને ચાકરી નહીં કરી શકે. સમૂહ ભોજનના પ્રસંગે, ઘરે જમણવાર હોય ત્યારે બુફે ડીનર પસંદ કરશે પણ જાતે પીરસી પ્રેમથી જમાડવાનો આનંદ નહીં લઈ શકે. કોઈના મૃત્યુ સમયે સ્મશાનમાં નહીં જોડાય પણ પ્રાર્થના સભામાં આંટો મારશે. પાડોશમાં જઈ સુખ-દુઃખની બે વાત કરવી, કોઈને ખવડાવીને ખાવું – આ બધું એને વાહિયાત લાગે છે. પોતાના નાનકડા સ્વાર્થ માટે કોઈનું મોટું નુકસાન કરવામાં ક્ષોભ નથી થતો. **'મને શું?' અને 'મારું શું?' – આ ખ્યાલો મજબૂત બનેલા દેખાય છે. આ શું છે? આ અસહિષ્ણુતા છે.** વ્યક્તિમાં જોવા મળતી આ અસહિષ્ણુતા સમાજને લાગેલ લૂણો છે, જેણે જન્મ આપ્યો છે હિંસાને....

કેટકેટલા ઉદાહરણો જોવા મળશે હિંસાના... વર્તમાનપત્રોમાં રોજેરોજ આવતા બળાત્કાર કે ખૂન અને અપહરણના કિસ્સાઓ આપણા માટે કલંકરૂપ છે. બળાત્કાર કે ખૂન એ તો મોટી બાબતો છે, આપણે આપણા જ ઘરોમાં ડોકિયું કરવાની જરૂર છે. શું બાળવયમાં જ આપણે બાળકને હિંસાના કુસંસ્કારો નથી આપતા? મારો આ પ્રશ્ન વાંચીને કદાચ હસવું આવશે. થશે, કે કોઈ સુસંસ્કારી મા-બાપ પોતાના બાળકને હિંસક બનાવે? પણ એક મિનિટ, જરા ધ્યાનથી નિરીક્ષણ કરો. આ બાબત આપણા રોજબરોજમાં એવી ગૂંથાઈ ગઈ છે કે, એમાં આપણને અજુગતું કાંઈ લાગતું જ નથી. શું આપણા બાળકો કાર્ટુન નથી જોતા? વીડિયો ગેમ્સ કે કમ્પ્યુટર ગેમ્સ નથી રમતા? ક્યારેય આપણે પણ સાથે બેસીને નિરીક્ષણ કર્યું છે કે એમાં કેટલી હિંસા, હિંસક ભાવો સાહજિક રીતે બતાવી દેવાતા હોય છે? અને **સહજ રીતે દ્રઢ થયેલા આ કુસંસ્કારોને બાળક મોટો થઈને અમલમાં મૂકતાંય અચકાતો નથી. આમાં દોષ કોનો? આપણો જ. માતા, પિતા અને વડીલોનો.**

આ હકીકત જાણ્યા પછી મન મૂંઝાય, રઘવાયું થાય, ઊંઘતા ઝડપાયા હોઈએ એવી અનુભૂતિ થાય. હવે શું કરવું? તે યક્ષ પ્રશ્ન તલવારની જેમ લટકવા લાગે. ત્યારે કોઈક નક્કર ઉપાયને મન ઝંખે. આંતરમનમાં ડોકિયું કરતાં જવાબ મળે, "આ પરિસ્થિતિનો હલ માત્ર ને માત્ર ધર્મનું શિક્ષણ જ લાવી શકે."

ધર્મ, એ તો આચરણની બાબત છે. એ જીવનમાં વણાયેલું હોવું જોઈએ. **એક સમયે ધર્મ જ્યારે આચારમાં હતો ત્યારે આટલી હિંસા કે સ્વાર્થ વ્યાપ્ત ન હતા.** જીવનના સાદામાં સાદા અને સામાન્ય વ્યવહારમાં જ્યારે અનુકંપા આવશે ત્યારે ધર્મ જીવનમાં ગુંથાશે. બ્રહ્મપુરાણમાં પણ કહ્યું છે : "હિંસા કરનાર માણસ ગમે તેટલાં વેદ ભણે, ગમે તેટલા મોટા દાન આપે, મોટા ઘોર તપ કરે કે મહાન યજ્ઞો કરે - કરાવે બધું વ્યર્થ છે. કેમકે હિંસકને કદી સદ્‌ગતિ સાંપડતી નથી."

તો ગીતામાં કહ્યું છે કે : "હે અર્જુન! પૃથ્વીમાં, વાયુમાં, અગ્નિમાં, જળમાં તેમજ વનસ્પતિમાં અને સર્વ પ્રાણીઓમાં હું રહેલો છું. જેઓ મને સર્વગત - વ્યાપક માનીને કોઈની હિંસા કરતા નથી તેમની હું રક્ષા કરું છું. જેઓ મારો નાશ નથી કરતા તેમનો હું પણ નાશ કરતો નથી."

**તો જૈન ધર્મમાં સૌપ્રથમ સ્થાન અહિંસાને આપવામાં આવ્યું છે.** ધર્મની સમજણથી જ સામાન્ય વ્યવહારમાં રોજબરોજની ક્રિયામાં આપણે જીવની દયા કેવી રીતે પાળી શકીએ તેનું જ્ઞાન મળે છે. હાલતા, રસ્તે કૂતરાને પથ્થર ન મરાય, ફૂલ પાન ન તોડાય, ગેમ્સમાં કોઈને પણ ન મારી નખાય એની સાચી સમજણ કારણો સહિત ધર્મના શિક્ષણથી જ મળે છે. બાળપણથી જ્યારે આ સંસ્કારો સુદ્રઢ થયેલા હશે ત્યારે જ કોઈ વહુને જીવતી સળગાવી નાખતા, કોઈના અંગ-ઉપાંગ છેદતા, કોઈનું શીલ લૂંટતા કે સ્વાર્થ ખાતર ગમે તેવું ગંદુ કૃત્ય કરતા માણસ અટકશે, ત્યારે જ પડોશીનો પ્રસંગ પોતાનો બનશે. 'મારા'ને બદલે 'આપણા'ની ભાવના વિકસ્વર થશે. કારણકે **ધર્મના શિક્ષણથી ઘડાયેલી વ્યક્તિનું હૃદય સરળ અને દૃષ્ટિ અનુકંપાવાળી બને છે. આવું હૃદય વિશાળ વિચારો કરે છે અને દૃષ્ટિ સર્વને જુએ છે.**

ધર્મ અને શિક્ષણ એ તો સમાજના બે પાયા છે. પણ આજે એક પાયો નબળો પડ્યો છે. **ધર્મની ઝીણી, ઊંડી ને સાચી સમજને બદલે ક્રિયાકાંડ અને દેખાડો ખૂબ વધ્યા છે.** જરૂર છે સાચી સમજણની. કોઈને ઉતારી પાડીએ કે અપમાન કરીએ તો પણ હિંસા થાય, એ વાત કોણ સમજાવે? ધર્મ. દરેક પ્રત્યે મૈત્રીભાવ કોણ જગાડશે? ધર્મ. ધર્મ સમાજને સુગ્રથિત, સ્વસ્થ અને તંદુરસ્ત બનાવે છે. વિજ્ઞાનની પ્રગતિ અને માણસની કુતુહલતાએ વધુને વધુ સુવિધાઓ પૂરી પાડી છે. બધી જ જાતના યંત્રો અને માહિતીનો વિસ્તાર થઈ ચૂક્યો છે, થઈ રહ્યો છે ત્યારે એ બધાનો વિવેક સહિતનો ઉપયોગ ધર્મ જ શીખવશે. નૈતિકતાના મૂલ્યોની ગુણવત્તા જળવાશે તો જ સરલતા, સજ્જનતા અને સહિષ્ણુતા આવિર્ભૂત થશે. દરેક હૃદયમાં નાદ ગૂંજશે....

*મા આશાપુરા બી.એડ. કૉલેજ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ઈ-મેઈલ : plvshah@gmail.com*
*મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*

## જીવનસંધ્યાએ થતો સળવળાટ

(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)

એનું સર્જક તત્ત્વ સોળે કળાએ ખીલેલું હોય છે. સ્થૂળ ભવિષ્યતા તો ખરી, એ જાતિયતાને ઊંચે લાવી અન્ય પ્રવૃત્તિઓ આદરી, ફળીભૂત થઈ આનંદનો ઓડકાર ખાય છે. ચાલીસ વર્ષ બાદ બહુધા એ પ્રૌઢ - ઠરેલ બને છે. એના વિચારોમાં ગહનતા આવે છે. કોઈપણ પ્રશ્ન સામે આવ્યો, એનું ઠરેલ ભાવે, સમજણપૂર્વક વિચ્છેદન કરી પોતાને શું યોગ્ય કે અયોગ્ય તેનો વિચાર કરી શકે છે. બાળપણના સંસ્કાર ત્યારે બહુ જ કામ આવે છે.

**વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ બહુધા નવું સર્જન કરી શકતી નથી.** નવસર્જન આ વયમાં કરી શકે તે કુદરતની કૃપારૂપ ગણાય છે. ઘણા કલાસર્જકો છેવટપર્યંત સર્જન કરતા રહે છે.

આ અવસ્થા – વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ પોતાની પાછળ જોતી થાય છે. મનોમન પોતાના જીવનનું સરવૈયું કરતી થાય છે. બચપણ તો ઠીક, યુવાનીના જોશમાં એણે આદરેલ સુકૃત્યો કે દુષ્કૃત્યો એના ચર્મચક્ષુ સમક્ષ ચિત્રપટીરૂપે ફરતા થાય છે. **વ્યક્તિ કેવું જીવન જીવી છે, એણે પોતાના જીવનકાળમાં કેવી સદ્‌પ્રવૃત્તિ કે અસદ્‌પ્રવૃત્તિ આચરી હતી તે પ્રમાણે એની વૃદ્ધાવસ્થાને મોડ મળે છે.** સુકૃત્યો કરનાર વ્યક્તિ ખરેખર નસીબદાર હોય છે. વૃદ્ધાવસ્થામાં એ સહજભાવમાં જ રહે છે. બહુધા હસમુખા, ને મિતભાષી ને પ્રફુલ્લિત મને પોતાનું શેષ જીવન પૂરું કરે છે. જેમણે પોતાના જીવનના સક્રિય તબક્કામાં વધુ આડુંઅવળું કર્યું હોય છે, ભલે જગતને એની જાણ ન હોય, વ્યક્તિ પોતાને તો એની સર્વ સારી કે માઠી પ્રવૃત્તિની ખબર હોય જ છે. માઠી પ્રવૃત્તિ હૃદયને કોરી ખાય છે. એમાંથી છૂટવા એ ભગીરથ પ્રયત્ન કરે છે. પણ એ બધી પ્રવૃત્તિઓ એને જડોની જેમ ચોંટેલી રહે છે. ફળસ્વરૂપ આવી વ્યક્તિઓમાં ઘણી વિકૃતિ આવી જાય છે. ઘણા વધુ પડતા હેત બતાવનારા, યુવક યુવતીઓ સાથે વધુ પડતી છુટછાટ લેનારા, ઘણા સ્થૂળ ધાર્મિક ક્રિયાકાંડમાં જ રચ્યાપચ્યા રહેનારા ને મનોમન ગણત્રી કરનારા કે આટલું પુણ્ય કર્યું એટલે હવે કરેલા પાપ ધોવાઈ ગયા, એનો હાશકારો લે છે. એમની હર પ્રવૃત્તિ, હલનચલન, વાણી વર્તન સર્વમાં એ વિકૃતિ આવી જાય છે. **જે બહુ જ નિર્મળ, નિખાલસ ને નીતિમાન હોવાનો દાવો કરતું હોય તે સાંભળી લેવું. એની ચર્ચા કરવી નહીં.** કોઈ લાકડીને ટેકે, અડધો વાંકો વળી, આસ્તે આસ્તે, જોખી જોખી પગલાં ભરતો, દૃષ્ટિ જમીન પર જ રાખતો, ધર્મ સ્થળોની મુલાકાત લેતો દેખાય, ત્યારે એ બગભગત પ્રત્યે સહજભાવે અનુકંપા દર્શાવી ચૂપ રહેવું. એણે કરેલાં દુષ્કૃત્યોનું કદાચ 'સંત' બની, કરેલાં પાપ ધોતો હોય તો ભલે ધુએ. એને એના મનમાં મહાલવા જ દેવો. સહજભાવે છાતી પર હાથ મૂકી હૃદય સાથે વાર્તાલાપ જરૂર કરવો કે ભાઈ, મને આવા દુષ્કૃત્યો કરતાં બચાવને, જેથી કરીને જૈફ બનતાં મારે વાંકા ન વળવું પડે.

*૫૦/૪, રામ સદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ. મો. ૯૮૭૦૪ ૦૬૧૭૭*

પડકાર

# સાધર્મિકનું દર્દ – સમાજના બહેરા કાને અથડાતો અવાજ

ડૉ. નવીન પારેખ
(Ph.D. Jainology)

હજારો વર્ષ પહેલાં **આ પૃથ્વી પર સતયુગ** પ્રવર્તતો હતો. જૈન પરિભાષામાં આપણે એને અવસર્પિણી કાળના ત્રીજા આરાના શ્રી ઋષભદેવ ભગવાનના જન્મ સમય સાથે સરખાવી શકીએ. આ સમયમાં લોકોની સામાન્ય જરૂરિયાતો કલ્પવૃક્ષ અને કામધેનુ ગાય દ્વારા સંતોષાતી હતી. મૂર્તિઓ ન હતી, મંદિરો ન હતા, સતયુગ પ્રવર્તતો હતો. દેવો પણ મૃત્યુલોકમાં વિહાર કરવા આવતા. મનુષ્યોમાં એટલી દૈવી સંપદા હતી કે તેઓ દેવો સાથે સીધો સંપર્ક સાધી શકતા હતા. **ખૂબ જ શુદ્ધ અને સાત્ત્વિક વાતાવરણ હતું.** નૈતિકતાનું ચલણ હતું. પરિણામે સર્વત્ર શાંતિ અને સુખનું સામ્રાજ્ય હતું. સત્યના પ્રકાશથી આ ભૂમિ નિત્ય પ્રકાશિત રહેતી હતી.

સમય વીતતો ગયો. કાળચક્ર નીચે ઉતર્યું. **ત્રેતા યુગ શરૂ થયો.** મનુષ્યોની શક્તિ થોડી ક્ષીણ થઈ હૃદયમાં શુભ અને લાભના બદલે લોભ અને લાલસાનો પ્રવેશ થયો. તેમ છતાં દરેક કુટુંબમાં કોઇને કોઈ વ્યક્તિ સાત્ત્વિક અને સત્યનિષ્ઠ હતી, જે દેવો સાથે સીધો સંપર્ક સાધી શકતી હતી. કુટુંબના સભ્યો તેની સલાહ પ્રમાણે વર્તતા અને પ્રમાણમાં સુખ-શાંતિ જળવાઈ રહેતી.

ફરી કાળચક્ર થોડું નીચે ઉતર્યું. **દ્વાપર યુગ આવ્યો.** કુટુંબમાં દેવો સાથે સીધો સંપર્ક કરવાવાળી વ્યક્તિઓ બિલકુલ ઓછી થઈ ગઈ. હવે ગૃહદેવતાનું સ્થાન રચવામાં આવ્યું. મનુષ્યો તેમાં દેવતાનું આહ્વાન કરે, પરિણામે કંઈક પ્રકાશ પામે, માર્ગદર્શન મેળવે અને તેની સંસારીક સમસ્યાઓનું સમાધાન થાય. છેવટે કંઈક રસ્તો મળી રહેતો.

વળી કાળચક્ર નીચે ઉતર્યું. **કળીયુગનો પ્રારંભ થયો. પાંચમો આરો શરૂ થયો ગણાય.** ન કોઈ દેવ, ન કોઈ ગૃહદેવતા. ગૃહદેવતાના સંપર્કનો પણ લોપ થયો. ઘરમાંથી દેવત્વ ઓસરી ગયું. દરેક ઘરમાં અશાંતિ, કલહ, લોભ, માયા વગેરે અનેકની જમાવટ થવા લાગી. અશાંત મન દેવત્વની શોધમાં બહાર ભટકવા લાગ્યું. પરિણામે મંદિરો અસ્તિત્વમાં આવ્યા. તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. ભક્તિ-આરાધના, પૂજા-અર્ચના શરૂ થઇ. શાંતિ મેળવવાનું એક માધ્યમ મળ્યું પરંતુ ધીમે ધીમે માનવીની ભિક્ષુક વૃત્તિ પ્રગટ થવા લાગી. કંઈક વિશેષ મેળવવાની લાલચે અનેક પ્રકારના વિધિ-વિધાન, અનુષ્ઠાનો, પૂજનો વગેરે શરૂ થયા. **મંદિરો વિશાળ અને મૂર્તિઓ મોટી થતી ગઈ. પણ માનવીનું હૃદય અત્યંત સંકુચિત બન્યું. સંકુચિત હૃદયમાં ભગવાનને પૂરતી જગ્યા ન મળવાથી તેણે એ સ્થાનનો પણ ત્યાગ કર્યો.** વિશાળ મંદિરોમાંથી પણ દેવત્વ ગાયબ થયું. ભક્તોની ભીડ વધવા માંડી પણ ભાવનાના ભૂખ્યા ભગવાનની હાજરી નથી અને કોઈને તેના સાચા સરનામાની ખબર નથી. “ભાવે જિનવર પૂજીએ”ના ભાવ લુપ્ત થયા. **ભક્તિના તત્ત્વનો લોપ થયો. આડંબર વધ્યો.** દેવો ભૂત્વા દેવં યજેત્ – દેવ થઇને દેવની પૂજા-ઉપાસના કરવી એ સત્યના સ્થાને દેવોને જડતામાં પૂરી દઈ પોતે જ જડ બની ગયો. પાષાણની મૂર્તિની જેમ મનુષ્યનો પ્રાણ પણ પાષાણ બની ગયો.

પાષાણ દિલમાંથી કરુણાની સરવાણી વહે તેવી અપેક્ષાઓ વાંઝણી પુરવાર થવા લાગી. નામના અને કામનાની હોડમાં કરોડો રૂપિયાની ઉછામણીઓ થવા લાગી અને દેવોને પણ પરિગ્રહી બનાવવા મંડ્યા. **દેવોનાં સ્થાનો દેવલોક જેવા સમૃધ્ધ થવા લાગ્યા પણ આ બધી વ્યવસ્થામાં સાધર્મિકનો એક હિસ્સો હાંસિયામાં ધકેલાઈ ગયો.** સંઘમાં અને સમાજના સામ્રાજ્યમાં તેનું સ્થાન નગણ્ય બન્યું. જૈનોના ૨૦% સમૃધ્ધ હિસ્સાએ ૮૦% સામાન્ય વર્ગ પ્રત્યે દુર્લક્ષ સેવ્યું. પૈસાના જોરે ધર્મ અને ધર્મસ્થાનોની બાગડોર ખાસ વર્ગના લોકોની હકુમત હેઠળ આવી. પૈસાવાળાનો પરસેવો પરફ્યુમ અને ગરીબનો પરસેવો જાણે ગટરનું ગંધાતું પાણી, એ માન્યતા ઘર કરી ગઈ. **સામાન્ય માણસનો અવાજ કે સ્થાન સંઘ, સમાજ કે સંસ્થાકીય લેવલે ક્યાંય ન રહ્યું.** કરોડો રૂપિયાની સંપત્તિ ખાસ ક્ષેત્રમાં એકત્રિત થવા લાગી. સાત ક્ષેત્રોમાં (જિન ચૈત્ય, જિન પ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) જૈનોની સંપત્તિનો અસમાન રૂપે વ્યય થવા લાગ્યો. પરમાત્માએ તો આ સાત ક્ષેત્રોની સ્થાપના સમાન ભાવથી કરી હતી. જેથી એનું શાસન આ જ ક્ષેત્રોના આધારે ૨૧,૦૦૦ વર્ષ ચાલે. સાધર્મિક (શ્રાવક અને શ્રાવિકા) તો પાયા રૂપે છે. જો પાયો જ નબળો પડશે તો ઉપરનાં ક્ષેત્રો ક્યાંથી ટકશે? કેટલાય તીર્થો અને વિશાળ દેરાસરો જાણે માત્ર પૂજારીઓના જીવન નિર્વાહ માટે જ છે. કરોડો રૂપિયાની સંપત્તિએ કેટલાય સોમપુરા, કડિયા જેવા કારીગરોને રોજગાર આપ્યો તેટલું આશ્વાસન ચોક્કસ લઇ શકાય. **આ સંપત્તિ ઉપાર્જનમાં માત્ર**

**સામાન્ય સાધર્મિક જ ભૂલાયો છે.**

આપણે વાતવાતમાં કહીએ છીએ કે, પૈસો તો હાથનો મેલ છે. પણ કોઇને આ મેલા હાથ ધોઇને ચોખ્ખા કરવા નથી. આ મેલા હાથ પ્રભુના જમણા અંગુઠા સુધી પહોંચે તેના કરતાં જરૂરિયાતવાળા સાધર્મિક સુધી લંબાય તો પ્રભુ પણ રાજી થશે. કાળા ધોળા નાણાંથી પ્રભુના ભંડારને સમૃદ્ધ કરતા પહેલાં નબળા સાધર્મિકના રસોડાને સમૃદ્ધ કરીને અસહાય ગૃહિણીની દુઆ લેવાની જરૂર છે. **પરંપરાએ અને માત્ર સમૃદ્ધિના જોરે બની બેઠેલા કેટલા ટ્રસ્ટીઓએ પોતાના કાર્યક્ષેત્રના નબળા પરિવારોના ઘરે જઇને તેમની લાચારીને સ્પર્શ કરી છે? શું આપણી ત્વચા સંવેદનહીન છે?**

એકવાત સૌ કોઈએ સ્પષ્ટ રીતે અને શાસ્ત્રોક્ત આધારે સમજવાની જરૂર છે કે આપણને મળેલ પૈસા માત્ર આપણી માલિકીના નથી. પરમાત્માના વિશ્વાસુ ટ્રસ્ટી બનીને ન્યાય કરવાનો છે. જ્યાં ત્યાં ગ્રેનાઇટના પથ્થરોમાં ગોલ્ડન અક્ષરોથી નામ કોતરાવવાની ઘેલછા એ માત્ર અકરાંતિયાની જેમ ખાધા પછીની વોમિટ છે. સિધ્ધાચલ જેવા અત્યંત પવિત્ર અને શાશ્વત તીર્થને ટુરિસ્ટ પ્લેસ બનાવવામાં જેણે પણ નામ કોતરાવીને પોતાની ખ્યાતિ ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે, એ નિકાચિત કર્મબંધની જ યાત્રા છે. સાધર્મિકને જમાડીએ અને આપણને ઓડકાર આવે તો સમજવું કે એ પુણ્યબંધ છે. અહીં જમાડવાનો અર્થ કહેવાતું સ્વામિવાત્સલ્ય કે નવકારશી નથી. કમસેકમ તેના રસોડાની જરૂરિયાત, માંદગી, રોજગારમાં સહાય કરવાની છે.

બધા જ લોકો કેરીનો રસ ચૂસીને ગોટલીનો પણ મુખવાસ બનાવીને ખાઈ જાય તો આગળની પેઢીના નસીબમાં આંબાનું ઝાડ ન રહે. કેરીનો રસ માણીએ પણ ગોટલી જેટલો હક્ક આપણા ભાઈને આપીએ તો તેના સંતાનોના ભાગે કેરી ચોક્કસ આવશે. **જૈન ધર્મની સમગ્ર વ્યવસ્થામાંથી જો સામાન્ય સાધર્મિકોનો છેદ ઉડી જશે તો ભવિષ્યના એ દિવસો દૂર નથી, જ્યાં આપણા તીર્થો અને અનુષ્ઠાનો ભેંકાર બની જશે.** માત્ર પ્રયોગ ખાતર કોઈપણ ધાર્મિક પ્રસંગ જમણવારના આયોજન કે પ્રભાવના વગર કરીને સેમ્પલ સર્વે કરવાની જરૂર છે. જેથી ખ્યાલ આવે કે શાસનની પ્રભાવનાનો ગ્રાફ કેટલો છે? સાધર્મિકના દિલમાં શાસનની પ્રભાવનાનો ગ્રાફ ઊંચો લાવવા માટે જમણવાર કરતાં તેના પરિવારોની કાયમી વ્યવસ્થા કરવી પડશે. અહીં માત્ર આર્થિક સહાયની જ વાત નથી. આટલો ડાહ્યો સમાજ થોડું મોટું દિલ રાખીને તેની પાસે એકત્ર થયેલ સાધારણના ફંડને એક નાની બેંકમાં પરિવર્તિત કરે તો પણ આર્થિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય. સ્થાનિક લેવલે નાના રોજગાર, ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહન આપીને, તેમની બનાવટો ખરીદીને, તેમની બનાવટો વેચીને મદદરૂપ થઈ શકાય. વધેલો ખોરાક વાસી થઈને દુર્ગંધ મારે તે પહેલા કોઈની ભૂખ સંતોષવામાં વપરાય એ જ અન્નનું સન્માન છે. સામાજિક પ્રસંગોએ અપાચ્ય સંપત્તિની છોળો ઉડાડીને તેનું પ્રદર્શન કરવાને બદલે સાધર્મિક ઉત્થાનના કાર્યમાં વાપરીને પરિવારનું નામ ઉજાગર કરીએ. પરમાત્મા મહાવીર સ્વામીએ સોમ બ્રાહ્મણને કરેલ અડધા દેવદુષ્યના દાન પાછળનો મહિમા સમજીએ. કોરોનાએ આખી દુનિયાની કમર ભાંગી નાખી, આપણી શું વિસાત છે? લાંબા સમયથી જોર કરી ગયેલી મંદી અને કોરાનાનો કહેર સામાન્ય ભાઈઓની આર્થિક કમર ભાંગી નાખશે. એમને બચાવશું તો આપણે પણ બચશું. Not only we live but let others live, LET BROTHERS LIVE. આપણને ખ્યાલ નથી કે કાળચક્ર હજી કેટલું નીચે ઉતરશે?

*૫૦૨, અજરામર એન્કલેવ,*
*પ્લોટ નં.-૨૦૭, રોડ નં.-૧૪, જવાહર નગર,*
*ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૨.*
*મો. ૯૪૨૬૩ ૮૩૬૧૧*

## ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપે કોરોના વોરિયર્સની ભૂમિકા

**(અનુસંધાન : પાના નં. – ૨૩ ઉપરથી ચાલુ)**

થયેલી મહામારીના સમયમાં ગુજરાત એન.સી.સી. કેડેટ્સ તથા જિલ્લાના યુવાનો પોલીસ કર્મીઓના સારથી બનીને કોરોનાની લડાઈમાં સહભાગી થઈ રહ્યા છે. **સમગ્ર દેશમાં કોરોના સામે લડતાં જમીની યોધ્ધાઓને સન્માનવા માટે હવાઈ યોધ્ધાઓએ આકાશમાંથી ફૂલ વરસાવીને સેલ્યુટ આપી હતી.** આખા દેશમાં કોરોના સામે લડાઈ લડી રહેલા કોરોના વોરિયર્સ પર પુષ્પો વરસાવવામાં આવ્યા હતા. આપણા વડાપ્રધાનની અપીલને પગલે આપણે પણ દીવો કર્યો હતો અને થાળી, તાળી વગાડીને સલામી આપી હતી.

મેડિકલ, પેરા મેડિકલ, પોલીસો, જવાનો, શિક્ષકો, આશા વર્કર્સ, પત્રકારો વગેરે તમામ કોરોના વોરિયરને મારા સલામ. આવા તમામ કોરોના વોરિયરને કારણે કોરોના સામેના જંગમાં **"જીવશે ગુજરાત અને જીતશે ગુજરાત"** – આવી મારી લાગણી છે.

છેલ્લે, અપીલ છે કે આવા કોરોના વોરિયર્સને માન, સન્માન આપો અને તેમની તમામ વાતોનું પાલન કરો. એક પ્રણ પણ કરો કે લોકડાઉન તથા વાયરસના સંક્રમણના સમયમાં ઘરમાં રહીને દેશસેવા કરશું અને કોરોના વોરિયર થશું.

*"ન ડરના હૈ, ના ડરાના હૈ; મિલકર કોરોના કો હરાના હૈ."*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર-૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજય નગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

કલ્યાણ

# જ્યાં મહારાજા શ્રેણિકના હાથ હેઠા પડ્યા! – (૨)



પુષ્પાબેન કનકસેન શાહ

*રાજન, તમે કરો મેરુ સમ ઢગલા હીરા માણેકના,*
*તો પણ દલાલી ન નીપજે ન થાય મૂલ્ય સામાયિકના,*
*જે જાણીને શ્રાવકજનો અમૂલ્ય સામાયિક કરતા*
*તે રાય શ્રેણિકથી વધારે રિદ્ધિ સિદ્ધિ પામતા.*
*કરો ભાવથી સામાયિક એનું મૂલ્ય વિશેષ જાણીને*
*જેમ જાણીયું પુણિયાજીએ, ચડી વીરની શુભ વાણીએ.*

અતુલ ઐશ્વર્યના સ્વામી મગધ નરેશ સમ્રાટ શ્રેણિક એક દિવસ પુણિયા શ્રાવકને દ્વારે આવી ઊભા. દશ્ય જોવા જેવું હતું. એક તરફ સંપત્તિના સ્વામી શ્રેણિક, બીજી તરફ અકિંચન એવા પૂનમચંદ શેઠ. પણ લોકો તો એને પુણિયાના હુલામણા નામે ઓળખે. સમ્રાટને મુગટધારી રાજાઓ સલામ કરે, રાજસભામાં તેમના નામની છડી પોકારાય, હાથી શાળામાં હાથી ઝુલે, ઘોડારમાં પાણીપંથા ઘોડા હણહણે; જ્યારે પુણિયો તો રોજ પૂણી વણે, એમાંથી જે મળે તેમાંથી ગુજારો કરે. અલ્પમાં અલ્પ સાધન સામગ્રી. પતિ-પત્ની વચ્ચે માત્ર એક થાળી ને બે વાટકા. એની પાસે મગધ સમ્રાટ કશુંક માંગવાને આવ્યા!

હા, એવું બન્યું કે ભગવાન મહાવીર વિચરતા વિચરતા રાજગૃહી નગરીએ પધાર્યા. રાજગૃહીની ધરતી પાવન બની. રાજગૃહીમાં વહેતા વાયુએ પ્રસન્નતાના સૂર છેડ્યા. ભગવાનની વાણી સાંભળવા રાજગૃહીની જનતા ઉમટી પડી. જનમેદની પ્રભુના દર્શન કરી પાવન થવા ઉદ્યાન તરફ વહેતી થઈ. રાજા શ્રેણિક તો જૈન શ્રાવક હતા. પ્રભુના શ્રીમુખે ઉપદેશ સાંભળવા તેઓ પણ આવ્યા.

શ્રેણિકે વંદના નમસ્કાર કરી પ્રભુને પૂછ્યું, 'હે ભગવાન, હું મૃત્યુ પછી ક્યાં જઈશ? મારી શી ગતિ થશે?'

ભગવાન તો સર્વજ્ઞ હતા. એમણે કહ્યું, 'આ ભવ પૂરો કરી તું પહેલી નરકમાં જઇશ. તારી ગતિ નરકની ગતિ થશે.'

શ્રેણિકને માથે આભ તૂટી પડ્યું. પોતે ભગવાનના ભક્ત, જૈન ધર્મના અનુરાગી, એની ગતિ નરકની? આ તો આશ્ચર્ય! પણ વચનો ભગવંતના છે, સર્વજ્ઞનાં છે. એમણે ભગવાનને આમાંથી છૂટવાનો માર્ગ પૂછ્યો. ભગવાને માર્ગ બતાવ્યો. **'તારી આ રાજગૃહી નગરીમાં પુણિયો શ્રાવક છે. એની પાસેથી એનો એક સામાયિક ખરીદી આવ, તો તારા નરકના દ્વાર બંધ થશે.'**

એ કારણે મગધ સમ્રાટ શ્રાવકને દ્વારે આવી ઊભા હતા. માંગણી મૂકી, 'શેઠ, મને તમારા એક સામાયિકનું ફળ જોઈએ. તમે કહેશો એટલું ધન આપીશ.'

પુણિયાને તો નવાઈ લાગી કે આ તે વિચિત્ર માંગણી! સામાયિકનું ફળ ધનથી હોય? સામાયિક તો આશ્રવના દ્વાર બંધ કરવા માટે છે, કર્મની નિર્જરા માટે છે, એ કેવી રીતે આપી શકાય? હા, છતાંય રાજવી આંગણે પધાર્યા છે, ના નહીં પડાય.

પુણિયાએ વિનયપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજા, હું આપને સામાયિકનું ફળ આપવા તૈયાર છું. પણ આજ દિવસ સુધી મેં એવું કંઈ વેંચ્યું નથી. આવો કોઈ અનુભવ નથી એટલે એની કિંમત જાણતો નથી. આપ કૃપા કરી એની કિંમત પૂછી આવો. એ કિંમત ચૂકવી આપો. પછી હું આપને ઇચ્છા મુજબ સામાયિકનું ફળ આપી દઈશ.'

શ્રેણિક તો પાછા ભગવાન પાસે આવ્યા. **ભગવાન મહાવીરને એમણે સામાયિકનું મૂલ્ય પૂછ્યું. ભગવાને કહ્યું, 'મેરૂ પર્વત જેટલા સોનાનો અને રત્નોનો ઢગલો હોય તો પણ તેનાથી મારી એક સામાયિક માટેની દલાલી ચૂકવાય નહીં, તો પછી 'સામાયિક'ની કિંમત તો ક્યાંથી ચૂકવાય?'**

આ સાંભળી સમ્રાટ શ્રેણિકના હાથ પુણિયાના એક સામાયિકનું ફળ મેળવવા માટે હેઠા પડ્યા.


આ છે સામાયિકનું મૂલ્ય. એના મૂલ્યને સંસારની ભૌતિક સંપત્તિ સાથે કોઈ લેવા દેવા નથી. આ હકીકતને જાણનારા આપણે પાંચ-પાંચ રૂપિયા માટે સામાયિક કરવા, કરાવવા તૈયાર થઈએ છીએ. મહાવીરના અનુયાયીઓ માટે આ છલના છે, વિડંબના છે, કરૂણા છે. આબંલન અન્ય લેવાય છે. બુદ્ધિ તર્કનું પડખું લઇને આવે છે. 'પાંચ રૂપિયાની આશાએ સામાયિક તો કરશે, એટલીવાર આશ્રવના દ્વાર બંધ થશે, એટલે એમાં કંઈ ખોટું નથી. ધનનો ઉપયોગ સદ્માર્ગે થાય છે.' આ ભ્રામક દલીલ અધૂરી સમજ અને લેવાની લાલચવાળાને છેતરી જાય છે.

ભગવાન મહાવીરે સામાયિકની કિંમત એટલી આંકી કે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

સેલ્યૂટ

# ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપે કોરોના વોરિયર્સની ભૂમિકા



ડૉ. મિહિર એમ. વોરા

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ જેવી મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ કોરોના સામે પૂરી તાકાત અને તૈયારી સાથે લડી રહી છે. જંગમાં લોકડાઉન એકમાત્ર અસરકારક ઉપાય હોવાથી લોકો પોતપોતાના ઘરમાં જ રહે એ માટે ગુજરાતના પોલીસકર્મીઓએ ૨૪ કલાક ખડેપગે રહીને લોકડાઉનનું કડકપણે પાલન કરાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે covidwarriors.gov.in ડિજિટલ પ્લેટફોર્મ ઊભું કર્યું છે. આ પ્લેટફોર્મ મારફતે નાગરિક સમાજ અને સ્થાનિક વહીવટીતંત્રના પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓના સ્વયંસેવકો એકબીજા સાથે જોડાયા છે. તેમણે અતિ ટૂંકા ગાળામાં ડૉક્ટરો, નર્સો, આશા - એ.એન.એમ. વર્કર્સ, એન.સી.સી. અને એન.એસ.એસ. કેડેટ્સ, અલગ અલગ ક્ષેત્રોનાં વ્યવસાયિકો સહિત ૧.૨૫ કરોડ લોકો આ પોર્ટલ પર સામેલ થયા છે, એની પ્રશંસા કરી હતી. **આ વોરિયર્સ કોવિડ કટોકટી, વ્યવસ્થાપન તથા તેની યોજનાઓ તૈયાર કરવામાં અને એનો અમલ કરવામાં સ્થાનિક સ્તરે ખૂબ મદદરૂપ થયા છે.** તેમણે લોકોને કોવિડ વોરિયર બનવા અને દેશની સેવા કરવા covidwarriors.gov.in પર જોડાવા અપીલ પણ કરી હતી.

પોતાના પારિવારિક વ્યવહારોનો વિચાર કર્યા વિના લોકોની સુરક્ષા માટે અને લોકડાઉનના ચુસ્તપણે અમલ માટે કર્તવ્યરત આવા **પોલીસ જવાનો કોરોનાના સાચા વોરિયર્સ છે.** ભયંકર કોરોના વાયરસને જડમૂળથી નાબૂદ કરવા, રીયલ લાઈફ હીરો સામે ઘણી મુશ્કેલીઓ આવી રહી છે. પોતાના જીવના જોખમે રાત-દિવસ જોયા વગર કામ કરી રહેલા **ડોક્ટર્સ ખરા અર્થમાં હીરો છે.** ઘરવાળા ઇચ્છે છે કે, તેઓ પોતાનો જીવ બચાવે, પોતાની ચિંતા કરે અને ઘરમાં જ રહે. પરંતુ તેઓ આવું નથી કરતા કારણકે, આવી સંકટની સ્થિતિમાં પોતાની જવાબદારી સિવાય તેઓને બીજું કાંઈ જ દેખાઇ નથી રહ્યું. આ કોરોના વોરિયર્સ બહાર તો વિકટ જંગ લડી જ રહ્યા છે પરંતુ તેમનો ખરો સંઘર્ષ તેમના ઘરે આવીને શરૂ થાય છે. મહિલા ડૉક્ટરને તેના બાળકો જીદ કરીને, પાકીટ પકડીને કહે છે કે, મમ્મી, તું હવે ન જઈશ, તને કોરોના થઈ જશે. આમ છતાં, બાળકોને ઘરે રોતા મૂકીને મહિલા ડૉક્ટર કઠણ કાળજે પોતાનું કામ બખૂબીપૂર્વક નિભાવી રહી છે. આવી જ રીતે કોરોના સામે લડતા લડતા એક પિતા અને એક પતિ છેલ્લા કેટલાય દિવસોથી પોતાની પત્ની અને બાળકોની નજીક નથી જઈ શકતા. તેઓ સ્વસ્થ રહે તે માટે અંતર જાળવી રાખે છે અને માત્ર ઈશારાથી જ વાતો કરે છે.

**ડોક્ટરોના ઘરના આ દૃશ્યો ખરેખર હચમચાવી નાખે તેવા છે.** સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે ડૉક્ટર્સ, પોલીસ અધિકારી સહિતના લોકો રાતદિવસ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવીને કોરોના સામે લડી રહ્યા છે. કોરોના વોરિયર ઉપર જ્યારે જ્યારે હુમલો થાય છે ત્યારે મને અંતરથી દુઃખ થાય છે અને હુમલો કરનાર આવા લોકોથી જ દેશ બદનામ થાય છે. **આપણા આ તમામ વોરિયરને કારણે જ આજે આપણો દેશ સમગ્ર દુનિયામાં વિખ્યાત બન્યો છે.** ગુજરાતમાં તમામ સરકારી અધિકારીઓ અને તેના સ્ટાફની કામગીરી પણ વખાણવા લાયક છે. પીપીઈ કીટ પહેર્યા પછી પાણી પણ નથી પી શકાતું કારણકે મોં આગળ ત્રણ લેયર હોય છે. બીજી તરફ કીટ પહેર્યા પછી ખૂબ જ પરસેવો વળી જાય છે. તેવી સ્થિતિ વચ્ચે મહત્ત્વની ફરજ બજાવવાની હોય છે. 'મન કી બાત'ના ૧૧મા એપિસોડમાં સંબોધન કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારતની કોરોના સામેની લડાઈ જનઆંદોલન છે અને લોકોની સાથે સરકાર અને વહીવટીતંત્ર પણ રોગચાળા સામે લડત ચલાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, દેશનો દરેક નાગરિક આ લડાઈમાં સૈનિક છે અને આ લડાઈમાં મોખરે છે. તેમણે લોકોનાં એ સંકલ્પની પ્રશંસા કરી હતી કે, કેવી રીતે દરેક સ્થળે લોકો એકબીજાની મદદ કરવા આગળ આવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, કાર્યશૈલી, જીવનશૈલી અને લોકોની રોજિંદી આદતોમાં ઘણા સકારાત્મક ફેરફારો આવી રહ્યા છે. માસ્ક પહેરવાની અને ચહેરો ઢાંકવાની અસર દેખાઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે, **કોરોનાના કારણે બદલાતી પરિસ્થિતિમાં, માસ્ક, એ લોકોના જીવનનો અગત્યનો ભાગ બની ગયો છે.** તેમણે જણાવ્યું હતું કે, માસ્ક, હવે સભ્ય સમાજનું અભિન્ન અંગ બની જશે. જો લોકો પોતાને અને અન્ય લોકોને રોગથી મુક્ત કરવા ઇચ્છતા હોય, તો તેમણે ફરજિયાત માસ્ક ધારણ કરવો પડશે. તેમણે લોકોને ચહેરો ઢાંકવા ગમછા

અને હાથ રૂમાલનો ઉપયોગ કરવાનું સૂચન પણ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સમાજમાં અન્ય એક બાબતને લઈને જાગૃતિ અને સમજણ આવી છે કે, **જાહેરમાં થૂંકવાથી આરોગ્યને કેટલું નુકસાન થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે, લોકો કોઈ પણ જગ્યાએ થૂંકે છે એ ખરાબ આદત છે.** સ્વચ્છતા અને આરોગ્ય માટે આ એક ગંભીર પડકાર છે. તેમણે લોકોને થૂંકવાની આદતમાંથી મુક્ત થવા અપીલ કરી હતી. તેમણે એવું પણ જણાવ્યું હતું કે, એનાથી સ્વચ્છતાના મુળભૂત ધોરણો સુધરવાની સાથે કોરોના વાયરસના પ્રસારને અટકાવવામાં પણ મદદ મળશે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ પ્રકારની કટોકટી દરમિયાન દેશવાસીઓના સંકલ્પથી ભારતમાં નવા પરિવર્તનની શરૂઆત થઈ છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં વ્યવસાયો, ઓફિસો, શૈક્ષણિક સંસ્થાઓ અને તબીબી ક્ષેત્ર કામગીરીમાં ઝડપથી નવા પરિવર્તનો તરફ આગળ વધી રહ્યા છે. દરરોજ બદલાતી સ્થિતિનો સામનો કરવા આધુનિક ટેકનોલોજી સાથે દેશમાં દરેક ઇનોવેટર એક યા બીજા સમાધાનો રજૂ કરે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે કેન્દ્ર, રાજ્ય સરકારોના દરેક વિભાગ તથા સંસ્થાઓએ સંપૂર્ણ ક્ષમતાઓ સાથે લોકોને રાહત આપવા માટે ઝડપથી સંકલન સ્થાપિત કર્યું છે. ઉડ્ડયન ક્ષેત્રમાં કામ કરતા લોકો, રેલવે કર્મચારીઓ વગેરે દેશવાસીઓની સમસ્યાઓને દૂર કરવા માટે રાતદિવસ કામ કરી રહ્યા છે. તેમણે વિશેષ ઉડાનથી દેશનાં દરેક ખૂણામાં દવાઓ અતિ ટૂંકા સમયગાળામાં કેવી રીતે પહોંચે છે એનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ત્રણ લાખ કિલોમીટરની ઉડાન ભરનાર લાઇફલાઈન ઉડાન દેશના અંતરિયાળ વિસ્તારોમાં લોકો માટે તબીબી સાધનસામગ્રી પૂરી પાડે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, **ગુડ્સ રેલવે લોકડાઉન દરમિયાન પણ સતત દોડતી રહી છે. જેથી દેશભરમાં સામાન્ય નાગરિકને આવશ્યક ચીજવસ્તુઓની ખેંચ ન પડે.** ભારતીય રેલવેએ ૬૦ રૂટો પર ૧૦૦થી વધારે પાર્સલ ટ્રેનો દોડાવી છે. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પોસ્ટલ વિભાગના કર્મચારીઓએ તબીબી સાધન સામગ્રી સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ કામગીરી અદા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ખરા અર્થમાં આ તમામ લોકો કોરોના વોરિયર્સ છે. જરૂરિયાતમંદ અને ગરીબોને મદદ કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજના ભાગરૂપે નાણાં ગરીબોના ખાતામાં હસ્તાંતરીત કરવામાં આવ્યા છે. ત્રણ મહિના માટે નિઃશુલ્ક ગેસ સિલિન્ડર અને અનાજ જેવી સુવિધાઓ ગરીબોને આપવામાં આવે છે. તેમણે વિવિધ સરકારી વિભાગોના પ્રયાસો અને બેન્કિંગ ક્ષેત્રના કર્મચારીઓને ખભેખભા મિલાવીને કામ કરવાની ભાવનાને બિરદાવી હતી.

પ્રધાનમંત્રીએ આ રોગચાળા સામે લડવામાં રાજ્ય સરકારોની સક્રિય ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, **સ્થાનિક વહીવટી તંત્રો અને રાજ્ય સરકારોએ ઉઠાવેલી જવાબદારીઓ કોરોના સામે લડવામાં મહત્ત્વપૂર્ણ રહી છે.** દેશભરમાં તબીબી સેવાઓ અદા કરતા લોકો માટે સન્માન પ્રગટ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ડૉક્ટરો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ, સામુદાયિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ ભારતને કોરોનામુક્ત કરવા માટે રાતદિવસ ફરજ બજાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, **આપણે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે, સાચા વોરિયર્સની સલામતી જળવાઈ રહે.** આ દિશામાં એક પગલા તરીકે એક વટહુકમ જાહેર થયો છે. આ વટહુકમ કોરોના વોરિયર્સને હેરાન કરતાં કે ઇજા કરતાં કે હિંસક ઘટનાઓમાં સંકળાયેલા લોકો સામે કડક પગલાની જોગવાઈ પૂરી પાડે છે.

ઘરકામ કરતા લોકો, આપણી વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરતા સામાન્ય કામદારો, દુકાનોમાં કામ કરતા લોકો, આવશ્યક સેવાઓની ડિલિવરી કરતા લોકો, બજારમાં કામ કરતા મજૂરો, ઓટો રિક્ષા ડ્રાઇવરો વગેરેના ઉદાહરણ આપીને વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આજે લોકોને અહેસાસ થાય છે કે, તેમના વિના જીવન કેટલું મુશ્કેલ છે. તેમણે કહ્યું હતું કે, લોકો આ સાથીદારોને યાદ કરવાની સાથે તેમની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ કરી રહ્યા છે. એટલું જ નહીં, સોશિયલ મીડિયામાં સન્માન સાથે તેમના વિશે સરસ વિગતો લખી રહ્યા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સામાન્ય લોકો હવે ડૉક્ટરો, સફાઈ કામદારો અને આ જ પ્રકારની સેવા કરતા અન્ય વ્યક્તિઓ, પોલીસ કર્મચારીઓ વગેરેને નવી દૃષ્ટિ સાથે જોઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, અત્યારે પોલીસ કર્મચારીઓ ગરીબો અને જરૂરિયાતમંદોને ભોજન તથા દવાઓ સમયસર મળે તેવા પ્રયાસો કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે સામાન્ય લોકો પોલીસ સાથે સંવેદનાના સૂર સાથે જોડાઈ રહ્યા છે.

ગુજરાતમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે એક ખૂબ જ મહત્ત્વની જાહેરાત કરી હતી. તેમણે કોરોના વોરિયર્સનું પ્રોત્સાહન વધારવા માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવાનું કહ્યું હતું જેથી વિદ્યાર્થીને પણ વેકેશનમાં સારી પ્રવૃત્તિ મળે અને કોરોના વોરિયર્સ પણ સારી લાગણી અનુભવે. જે કાબિલેદાદ છે. કોરોનાનો વ્યાપ વધતાં લોકોમાં ભય ફેલાઈ રહ્યો છે ત્યારે તબીબો, અન્ય મેડિકલ સ્ટાફ વગેરે નિર્ભય રહી ફરજ બજાવી રહ્યા છે. કોરોના સામેની જંગમાં ફ્રન્ટ વોરિયર્સ તરીકે કામ કરતો મેડિકલ સ્ટાફ જીવના જોખમે અડગતાથી ફરજ બજાવી રહ્યો છે. આ જંગમાં ૧૦૮ સેવાના કર્મચારીઓ પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે. કોવિડ-૧૯ને કારણે ઉભી

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦ ઉપર)**

સમાધાન

# વાણી વર્તન



સુનિતા એ. શાહ

## પ્રસંગ-૧

સવિતાબેન ક્યારના ઘરમાં એકલા બેઠા હતા. એમના પતિ સુમનરાય ગાર્ડનમાં લટાર મારવા ગયા હતા. એમાં લટારનું તો નામ જ હતું, પરંતુ ખરેખર તો બગીચામાં એમની ઉંમરના બધા મિત્રો ભેગા મળીને બેસતા હતા. વાતચીતમાં સમય સારો પસાર થઈ જતો હતો. સવિતાબેનનો દીકરો પ્રદીપ, તેની પત્ની પ્રિયા અને તેમનો નાનકડો દીકરો વીરૂ પણ તેમની સાથે જ રહેતા હતા. અત્યારે એ બધા પોતાના કામથી બહાર ગયા હતા. સવિતાબેન ઘરમાં એકલા મુડ બગાડીને બેઠા હતા અને મનમાં ને મનમાં સુમનરાય પર ગુસ્સો કાઢતા હતા, "એમને પણ શું આ ઉંમરમાં બહાર જવાના શોખ ઉપડે છે? છાનામાના ઘરમાં નથી બેસી શકતા? આમ મને એકલી મૂકીને નીકળી પડ્યા ભાઈબંધો સાથે ટોળટપ્પા મારવા... અને મારે આમ ઘરમાં બેસી રહેવાનું? બધા પોતપોતાની રીતે ફરવા નીકળી પડે છે, એક મારા નસીબમાં જ ઘરમાં ભરાઈને બેસી રહેવાનું છે. મારા તો કિસ્મત જ ફૂટી ગયા છે. કોઈને મારી પરવા નથી." આમ ને આમ વિચારોના ઘોડા પર સવાર થઇને સવિતાબેન ક્યાંય સુધી દોડતા રહ્યા.

સુમનરાય જેવા બહારથી આવ્યા એવા તરત જ એમના ઉપર વરસી પડ્યા અને ગુસ્સામાં જોરજોરથી બોલવા લાગ્યા. સુમનરાયે સવિતાબેનને જવાબ આપતા કીધું કે, "જો સવિતા, હું તને રોજ કહું છું કે તું પણ મારી સાથે બગીચામાં ચાલ. તને થોડો બદલાવ મળશે અને તને સારું લાગશે. ત્યાં તારી ઉંમરની ઘણી બધી સ્ત્રીઓ આવતી જ હોય છે. તું એમની સાથે બેસીશ, વાતો કરીશ તો તને પણ ગમશે. પણ તું તો ક્યારે પણ મારી વાત માનતી જ નથી. તને તો શોખ જ છે એકલા ઘરમાં બેસી રહેવાનો. તો એમાં મારો શું વાંક?" એમ કહીને સુમનરાય એમના રૂમમાં જતા રહ્યા. સવિતાબેન એમ જ મોઢું ચડાવીને બેસી રહ્યા.

આમ તો એમની વહુ પ્રિયા ખૂબ જ સંસ્કારી અને સારા સ્વભાવની હતી. તે તેના સાસુ - સસરાનું પૂરતું ધ્યાન રાખતી હતી. દિવાળી નજીક આવી રહી હતી. પ્રદીપ અને પ્રિયા દિવાળીની ખરીદી કરવા ગયા હતા. તેમણે પહેલા સુમનરાય, સવિતાબેન અને પોતાના દીકરા વીરૂ માટે ખરીદી કરી. પ્રિયાએ સવિતાબેન માટે ખૂબ જ સુંદર સાડી પસંદ કરીને લીધી હતી. સુમનરાય માટે સરસ સફારી સુટ ખરીદ્યો હતો. તેઓ ઘરે આવીને હરખભેર સુમનરાય અને સવિતાબેનને પોતે લાવેલી ભેટ બતાવવા લાગ્યા. સાડી ખરેખર ખૂબ સરસ હતી અને સવિતાબેનને ગમતા કલરની હતી. પરંતુ સવિતાબેને પોતાના સ્વભાવ પ્રમાણે તરત જ મોઢું ભારે કરીને કીધું, "હા, ઠીક છે. પણ મારે આ કલર નહોતો જોઈતો. આવી પ્રિન્ટ મને પસંદ નથી." પ્રિયાએ કહ્યું કે, "મમ્મી, આ તો તમારો મનપસંદ કલર છે અને આવી પ્રિન્ટ તો તમને ખૂબ ગમે છે. તમારી પસંદગીને ધ્યાનમાં રાખીને જ આ સાડી લીધી છે." સવિતાબેન બોલ્યા, "સારું ત્યારે ઠીક છે, તમે લઈ આવ્યા છો તો રાખી લઉં છું. બાકી મને તો આ સાડી ગમી તો નથી જ." સવિતાબેનનો આવો પ્રતિભાવ જોઈને પ્રિયાનો નવી સાડી લાવ્યાનો મુડ જ મરી ગયો. પછી તેઓ તેમના સસરા માટે લાવેલો સફારી સુટ તેમને આપવા લાગ્યા... સુમનરાયે, તે લઇ તો લીધો પણ તેમના ચહેરા પર કોઈ પ્રકારના ભાવ ના આવ્યા. નહીં ગમાના કે નહીં અણગમાના. એટલે જેટલી હોંશથી તેઓ તેમના માટે ખરીદી કરીને લાવ્યા હતા તે હોંશ ઉતરી ગયો. બીજા દિવસે તેઓ પોતાના માટે ખરીદી કરવા ગયા. પ્રિયાએ પોતાના માટે પણ એક સુંદર સાડી લીધી અને પ્રદીપે પેન્ટ શર્ટની જોડી લીધી. ઘેર આવીને પ્રિયાએ પોતાના માટે લાવેલી સાડી ખોલીને સવિતાબેનને બતાવી. સવિતાબેને મોઢું બગાડીને સાડી જોઈ અને ટોકવા લાગ્યા કે તમને તો ખર્ચા કરવાની ટેવ પડી ગઈ છે. તારી પાસે તો આટલી બધી સાડી છે તો પછી નવી સાડી લેવાની ક્યાં જરૂર હતી? પહેલા છે એટલી સાડી તો પહેર...

પ્રિયાનું મોઢું સાવ પડી ગયું. એની આંખમાં આંસુ આવી ગયા. આમ, પ્રિયા જ્યારે પણ પોતાના માટે કોઈ નવી વસ્તુની ખરીદી કરતી અને સવિતાબેનને બતાવવા જતી ત્યારે સવિતાબેન કંઇક ને કંઇક આડું અવળું સંભળાવતા... પછી તો પ્રિયા બધી ખરીદી તેની સાસુથી છુપાઈને કરવા લાગી. હવે એ કોઈ પણ નવી ચીજ લાવતી તો તેના સાસુને બતાવતી જ નહીં. છાનીમાની લાવીને મૂકી દેતી. તેનો પણ સવિતાબેન કકળાટ કરતા. "જો કેવી વહુઓ છે આજકાલની... પોતે ખરીદી કરીને લાવે છે તો બતાવે છે પણ ખરી? છાનુંમાનું બધું છૂપાવી દે છે." આમ,

સવિતાબેનને એક બાજુની પણ શાંતિ ન હતી. તેમનો દીકરો પ્રદીપ તેમની સાથે વાત કરવા બેસે તો પણ એ ફરિયાદોનું પોટલું ખોલીને બેસી જતા, "તારી વહુ પ્રિયા તો બહુ કામચોર છે. હું કહું છું તે સાંભળતી નથી, પોતાનું ધાર્યું જ કરે છે. ઘરમાં તો તેનું ધ્યાન જ નથી. આખો દિવસ બહાર ભટક્યા કરે છે. વગેરે વગેરે..." અને પ્રદીપને પણ કહેવામાં બાકી નહોતા રાખતા કે તને તો મા પાસે બેસવાનો ટાઈમ જ ક્યાં છે? મા કેવી રીતે રહે છે, કેવી રીતે જીવે છે તેની કાંઈ પડી છે તને? અને આવું બધું કેટલુંય કહેતા રહેતા... ધીરે ધીરે પ્રદીપે મા પાસે બેસવાનું જ ઓછું કરી નાખ્યું કારણકે રોજ એકની એક ફરિયાદોથી તે પરેશાન થઈ ગયો હતો. સુમનરાય તો કંઈ બોલતા જ નહીં, નહી સારું કે નહીં ખોટું... એમને જાણે કે કંઈ લેવાદેવા જ ન હતી દીકરા કે વહુથી... જ્યારે કે પ્રદીપ અને પ્રિયા તેમની બધી વાતોનું ધ્યાન રાખતા અને એમને કોઈ વાતે ઓછું ના આવી જાય તેની તકેદારી રાખતા... **તે છતાં સવિતાબેનને કાયમ બધી વાતમાં અસંતોષ જ રહેતો અને ઘરનું વાતાવરણ હંમેશાં તનાવભર્યું જ રહેતું...**

## પ્રસંગ-૨

મૃદુલાબેન તેમના ઘરમાં એકલા બેઠા બેઠા હીંચકા પર ઝુલતા હતા અને ધીમે ધીમે કોઈ ગીત ગણગણતા હતા. તેમના પતિ બ્રિજેશભાઈ તેમના દોસ્તને ઘેર ગયા હતા. ત્યાં બે ચાર દોસ્ત ભેગા થઈને ચેસની બાજી લગાવતા. બ્રિજેશભાઈને ચેસ રમવાનો ખૂબ શોખ હતો. મૃદુલાબેનનો પુત્ર આકાશ અને પુત્રવધૂ અમી પિક્ચર જોવા ગયા હતા. મૃદુલાબેન ઘરમાં જાણે કે એકાંત માણી રહ્યા હતા. હીંચકાને પગથી ઠેલો મારતા જાયને ધૂન બેસાડતા જાય ને પછી તો એ મોટેથી ગીતો ગાવા લાગ્યા. એમણે વિચાર્યું કે ઘરમાં કોઈ નથી તો આજે શોખ પૂરો કરી જ લેવા દે. પછી બધાની હાજરીમાં મોટેથી ગાય તો કેવું લાગે? આજે સારો ચાન્સ મળી ગયો છે. અને પછી તો એમને મજા પડી ગઈ ગીતો ગાવાની... એમને ખૂબ આનંદ આવવા લાગ્યો. પછી તેમણે ઘડિયાળ સામે જોયું. તેમના પતિના આવવાનો ટાઈમ થઈ ગયો હતો. એમણે ઊભા થઈને રસોડામાં ચાની તપેલી ચડાવી. બ્રિજેશભાઈને ઘરમાં પ્રવેશ કરતાની સાથે જ ચા ની સરસ સુગંધ આવી એટલે એ સીધા રસોડામાં ગયા અને પ્રેમથી પત્નીને કહ્યું, "અરે વાહ, ચા તૈયાર છે? ચાલો ત્યારે, સાથે બેસીને ચા પીએ અને મારે તને હું ચેસમાં કેવી રીતે જીત્યો તેની બધી વાત પણ કરવી છે." બંને જણા ચા પીતા પીતા બેઠા હતા એટલામાં તો દીકરો વહુ પણ પિક્ચર જોઈને આવી ગયા. એ લોકો એમની સાથે સેન્ડવિચ લઈને આવ્યા હતા. બધાએ સાથે મળીને ચા નાસ્તો કર્યો અને પોતપોતાના દિવસભરના અનુભવો સંભળાવવા લાગ્યા.

સવારમાં પણ સાસુ વહુ સાથે મળીને રસોઈની તૈયારી કરતા. બ્રિજેશભાઈ અને આકાશ તો ટિફીન લઈને દુકાને જવા નીકળી જતા. પછી અમી અને મૃદુલાબેન નવરા પડતા. મૃદુલાબેન કાયમ અમીને કંઈક નવું કરવા માટે, કંઈક નવું શીખવા માટેનું પ્રોત્સાહન આપતા. તે કહેતા, "અત્યારે તારી પાસે ફ્રી ટાઈમ છે તો એનો સદુપયોગ કર. કોઈ ગ્રુપમાં સામેલ થઈ જા, જ્યાંથી તને કંઈક નવું શીખવાનું મળે અથવા તો તારે જોબ કરવી હોય તો કર. ઘરની ચિંતા ના કરતી. હું સંભાળી લઈશ." પણ અમી જ નક્કી કરી શકતી ન હતી કે એને શું કરવું... ક્યારેક બંને સાસુ-વહુ બજારમાં ખરીદી કરવા જતા ત્યારે મૃદુલાબેન આગ્રહ કરીને અમીને સારી સાડી કે ડ્રેસ અપાવતા. "જો આ કલર તને બહુ સારો લાગશે. આ સાડી તારા ઉપર ખૂબ શોભશે." અમી પણ હોંશે હોંશે ખરીદી કરતી અને ક્યારેક મૃદુલાબેનને ખબર ના પડે એવી રીતે એમના માટે સાડી કે પર્સ ખરીદી લેતી અને ઘેર જઈને એમને સરપ્રાઈઝ આપતી. મૃદુલાબેન ખૂબ ખુશ થઈ જતા. "અરે વાહ, આ તો બહુ જ સરસ પર્સ છે. હું આ કલરના પર્સ જ વધારે વાપરું છું. આ કલર બધા કપડા સાથે મેચ થાય એવો છે." આમ તેઓ હોંશે હોંશે અમીએ લાવેલી ભેટો સ્વીકારતા, ભલે ને પછી તેમના કબાટમાં આ કલરનું બીજું પર્સ પડેલું હોય....

બ્રિજેશભાઈ પણ દીકરાને પોતાના અનુભવના આધારે વેપાર ધંધામાં મદદ કરીને આગળ વધવા પ્રોત્સાહન આપતા. કદી ટોકતા નહીં. જરૂર પડે તો ઉદાહરણ આપીને સમજાવતા. **બધા ઘરમાં હોય ત્યારે સાથે બેસીને વાતો કરતા, હસી મજાક કરતા. રાતનું જમવાનું તો સૌ સાથે બેસીને જ કરતા.**

★

***આપણે ઉપરના બે પ્રસંગો જોયા. હવે વિચારવાનું આપણે છે કે આપણે આપણા ઘરમાં કેવો માહોલ ઊભો કરવો છે. તમારા વિચાર, વાણી અને વર્તન જ તમારા ઘરને સ્વર્ગ કે નર્ક બનાવે છે.***

- **વિચાર :**

સારા વિચારો રાખવા એ આંતરિક સૌંદર્યની નિશાની છે. એક સારો વિચાર અનેક ખરાબ વિચારોને દૂર કરી શકે છે. **જિંદગી સારી જશે કે ખરાબ, એનો આધાર તમારા વિચાર પર છે. તમારા વિચારો જ તમારી પ્રગતિ કે પડતીનું કારણ છે.** પરિપક્વ વિચાર દરેક સમસ્યાઓનું સુંદર સમાધાન શોધી શકે છે. વિચાર, એ મામૂલી ચીજ નથી, મોટી મિલ્કત છે. પણ જે એની સરભરા કરી જાણે એના માટે...

*૪૦૧, મૌર્ય ગ્રેસ, કિનારીવાલા કોમ્પ્લેક્સની બાજુમાં,*
*ગુલબાઈ ટેકરા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

બા-અદપ....

# 'શબ્દોની આરપાર જીવ્યો છું, હું બહુ ધારદાર જીવ્યો છું....'

ચિંતન બુચ

*'રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,*
*થોડા અમે મુંઝાઈ મનમાં, મરી જવાના!*
*નિજ મસ્ત થઈ આ જીવન પૂરું કરી જવાના,*
*બિન્દુ મહીં ડૂબીને સિન્ધુ તરી જવાના.*
*કોણે કહ્યું ખાલી હાથે મરી જવાના?*
*દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.*
*છો ને ફર્યા, નથી કોઈથી ડરી જવાના,*
*એ શું કરી શક્યા છે, એ શું કરી જવાના.*
*એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,*
*હર ઝખ્મને નજરથી ટાંકા ભરી જવાના.*
*સમજો છો શું અમોને, સ્વયં પ્રકાશ છીએ!*
*દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના.*
*અય કાળ, કંઈ નથી ભય, તું થાય તે કરી લે,*
*ઈશ્વર સમો ધણી છે, થોડા મરી જવાના?*
*દુનિયા શું કામ ખાલી અમને મિટાવી રહી છે?*
*આ ખોળિયું અમે ખુદ ખાલી કરી જવાના.*

જીવનની આ સફરમાં અડચણો - વિકટ સમય આવે ત્યારે તેની સામે લડીને ફરી એકવાર પ્રચંડ તાકાતથી બેઠા થવા માટે નવો જોમ - જુસ્સો વધારતી **આ રચના અમૃત 'ઘાયલ'ની છે.**

*"અમૃતથી હોઠ સહુના એંઠા કરી શકું છું,*
*મૃત્યુના હાથ પળમાં હેઠા કરી શકું છું.*
*આ મારી શાયરી એ સંજીવની છે ઘાયલ,*
*શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું."*

પોતાના શબ્દો થકી આવા પાળિયાને બેઠા કરી શકનારા અને આપણા ગુજરાતી ગઝલના ગઢ-રાજવી કવિ એવા અમૃત 'ઘાયલ'ની વાત આજે એટલા માટે, કેમકે ૨૧ માર્ચની ઉજવણી "વિશ્વ કવિતા દિવસ" તરીકે કરવામાં આવે છે. ગુજરાતી કાવ્યના ઈતિહાસનું આલેખન કેટલાક કવિઓના ઉલ્લેખ વિના અપૂર્ણ ગણાય છે અને તેમાં અમૃત 'ઘાયલ'નો સમાવેશ થાય છે. સાહિત્ય, કલા અને સંસ્કૃતિના પરમ ઉપાસક તેમજ પ્રખર વ્યક્તિત્વ અને ખુમારી ભરેલા મિજાજ જેવા શબ્દો જેમણે આપ્યા તેવા **અમૃતલાલ ભટ્ટનો જન્મ ૩૦ સપ્ટેમ્બર, ૧૯૧૫ના** રાજકોટ જિલ્લામાં આવેલા સરધારમાં થયો હતો. એમનું પૂરું નામ અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ. પણ ગુજરાતી ચાહકો તેમને 'ઘાયલ' તખલ્લુસથી વધુ જાણે છે. એમની સર્વિસ બુક મુજબની જન્મ તારીખ ૧૯ ઓગસ્ટ, ૧૯૧૬. ત્રીજા ધોરણ સુધીનું શિક્ષણ સરાધારમાં જ્યારે રાજકોટની કરણસિંહજી મિડલ સ્કૂલમાં અંગ્રેજી ધોરણ-૪ માં અને રાજકોટની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં નોન મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. આ સમયગાળામાં તેઓએ ક્રિકેટ, વોલીબોલ, હોકી, કુસ્તી જેવી રમતોમાં પણ નામના મેળવી. તેઓ પૂર્વ ટેસ્ટ ક્રિકેટર વિનુ માંકડ સાથે પણ રમ્યાના તેમના સંસ્મરણો રહેલા છે. બાળપણમાં સરધારમાં એક નાની લાઈબ્રેરીમાં તેઓ વિશનજી ઠક્કરની નવલકથા, 'કલાપીનો કેકારવ', 'મેઘાણીના કાવ્યો' વાંચતા. 'ગોપીવશ ભગવાન' શીર્ષક હેઠળ પોતાની અંગત વિગત આપતા કવિ લખે છે કે, 'મારા પિતા લાખાજીરાજના એક ખાસ રસોઈયા પૈકીના એક હતા. રાત્રે વાળુ બાદ પિતાવી સેવા એટલે પગચંપી કરતો **ત્યારે સલાહ આપેલી કે પ્રામાણિકતાથી નોકરી કરજે. પિતાની સલાહ સાથે એ જ વખતે પ્રતિજ્ઞા લીધી કે જીવનમાં ભૂખે મરીશ, કવિતા વેચીશ પણ કોઈપણ વિષયમાં અપ્રામાણિક હરગીઝ નહીં બનું.**' એક દિવસ કવિ કલાપીની સમાધિ પર નમન કરતી વખતે એક આશ્ચર્યજનક - અલૌકિક અનુભવથી તેમણે પોતાનામાં કંઈક પ્રવેશ્યાનું અનુભવ્યું હતું. તે વખતે માછલીઘરને જોઈ એક કાવ્યની પંક્તિ રચી, જે ઘાયલ સાહેબની સૌપ્રથમ રચના કહી શકાય.

*'સામું પડેલ નવું કાચનું મેજ - ખોખું*

*તમે માછલા કાચમાં કેદ,*
*અમો માણસો અંગ્રેજની હકૂમતના ગુલામ.*

*તમે કેદમાં ક્રિડા કરો છો,*
*અમે માણસ આપસમાં લડી હિંસાનો આશ્રય લઈએ છીએ.'*

તેમના આ કાવ્ય પર કવિ જન્મશંકર બૂચના આશીર્વાદ મળેલા. તેમની એક શાયર તરીકે ખૂબ જ ખુમારી હતી. સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબર હતા. તે વખતે પૂર્વસંમતિ

વિના તેમને કાવ્યપાઠ માટે બોલાવવામાં આવ્યા. પણ ઘાયલ સાહેબે હાજર રહેવાનો ધરાર ઈન્કાર કર્યો હતો. તેમને બોલાવવા આવેલા એક ઉચ્ચ અધિકારીએ કહેલું, 'તમે સરકારી નોકર છો એનો વિચાર કરો. હું મુખ્યમંત્રીનું નિમંત્રણ લઈને આવ્યો છું.' ઘાયલ સાહેબે તુરંત જ રોકડું પરખાવ્યું કે, **'અમૃતલાલ લાલજી ભટ્ટ સરકારનો નોકર છે, અમૃત ઘાયલ નહીં.'**

વર્ષ ૧૯૯૨માં એક ઈન્ટરવ્યુમાં જ્યારે પૂછવામાં આવ્યું કે, 'આપને ગુજરાતના ગાલિબનું બિરૂદ અપાય છે તો આપના વિચાર જણાવશો...' એ વખતે વિનમ્રભાવે ઘાયલ સાહેબે એટલું જ કહેલું કે, 'હું નકલ કરવામાં માનતો નથી.' આ અંગેનો એમનો એક શેર પણ છે કે,

***'અનાદિ છું મતલબ અદલમાં અદલ છું,***
***નથી હું નકલ દરઅસલ હું અસલ છું.***
***નથી કોઈ સમ્રાટ અથવા ઋષિ હું,***
***ખરું જો કહું તો શહીદે ગઝલ છું.'***

ઘાયલ સાહેબની અન્ય એક વિશિષ્ટતા હતી એમની ગઝલની રજૂઆત. જનમેદનીને મોડી રાત સુધી પોતાના ગઝલના ધોધમાર પ્રવાહમાં તરબોળ કરી દેવાની ત્રેવડ તેમની રજૂઆતમાં હતી. સૌરાષ્ટ્ર રાજ્ય હતું ત્યારે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ રાજકોટ આવેલા અને તેમાં કવિઓની બેઠક યોજાઈ હતી. આયોજકોનો આશય જવાહરલાલ નહેરુને ઉર્દુ કાવ્યો સંભળાવવાનો હતો. કાવ્યપાઠનો વારો આવ્યો ત્યારે ઘાયલ સાહેબે જવાહરલાલ નહેરુને કહેલું, 'હજૂર હમ તો અપની માદરી જબાન ગુજરાતીમેં કલામ કહતે હૈં, શાયદ હજૂર સમજ ન પાયેં તો ખતા માફ કીજિયેગા.'

નહેરુએ તુરંત જ ઉલ્લાસપૂર્વક કહ્યું, 'અરે હમ તો બાપુ કે સાથ બરસો રહે હૈં. ઉનકી જબાન સિર્ફ સમજતા નહીં, બોલ ભી શકતા હું.'

*એ વખતે ઘાયલ સાહેબે એક મુક્તક સંભળાવ્યો કે,*

***'જૂનું પણ મકાન તો આપો, ધૂળ જેવુંય ધાન તો આપો;***
***સાવ જૂઠું શું કામ બોલો છો? કોક સાચી જબાન તો આપો.'***

આ સાંભળતા જ નહેરુજી બોલી ઉઠ્યા, 'ક્યું ઐસા કહતે હો?' ઘાયલ સાહેબે જવાબ આપ્યો કે, 'કવિ જનતા કા મુખ હૈ. ઉસે જનતાકા દુઃખ બયાન કરના ચાહીએ.' નહેરુજીએ કહ્યું, 'જરૂર શાયર કા ફર્ઝ હૈ, લેકિન મુલ્કને તરક્કી નહીં કી?'

ઘાયલ સાહેબથી તુરંત બોલાઈ ગયું કે, 'આઝાદીના ૨૦ વર્ષ થવા આવ્યા હોવા છતાં મારી શેરીની ગટર હજુ બની નથી.'

જાન્યુઆરી, ૧૯૭૩માં ભુજમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં કચ્છના મહારાવ, કેટલાક પ્રધાનો, કેટલાક રાજકારણીઓ સમારંભ મંચ પર આગલી હરોળમાં જ્યારે સાહિત્યસર્જકો પાછળ બેસે તેવી વ્યવસ્થા જોઈ ઘાયલ સાહેબે તેનો વિરોધ કર્યો હતો અને એમની રજૂઆત માન્ય પણ રખાઈ હતી.

આ કાવ્ય પંક્તિ ઘાયલ સાહેબના જીવન અને તેમના મિજાજની આછેરી ઝલક આપે છે.

***'શબ્દોની આરપાર જીવ્યો છું,***
***હું બહુ ધારદાર જીવ્યો છું.***
***મંદ ક્યારેય ન થઈ મારી ગતિ,***
***આમ બસ મારમાર જીવ્યો છું.***
***હુંય વરસ્યો છું જીવનમાં,***
***હુંય બહુ ધોધમાર જીવ્યો છું.***
***આમ ઘાયલ છું અદનો શાયર***
***પણ સર્વથા શાનદાર જીવ્યો છું.'***

## વિરોધ

કનુ : (એની પ્રેમિકાને) ડાર્લિંગ, હું તને પ્રેમ કરું છું પણ તારી સાથે લગ્ન નહીં કરી શકું.

પ્રેમિકા : કેમ?

કનુ : મારું આખું ફેમિલી તારી વિરુધ્ધ છે.

પ્રેમિકા : કોણ, તારા મમ્મી-પપ્પા?

કનુ : ના, મારી પત્ની અને બાળકો!

## આશ્ચર્ય!

### આપનો મોબાઈલ નંબર આપની ઉંમર દર્શાવે છે

આપનો ફોન નંબર આપની ઉંમર દર્શાવે છે. આ ખૂબ જ આશ્ચર્યકારક અને અવિશ્વસનીય છે. તે સાચું છે કે ખોટું તે આપના મોબાઈલ નંબરથી ખાતરી કરવા નીચે પ્રમાણે પ્રયત્ન કરીને પરિણામ મેળવો...

૧. આપના મોબાઈલનો છેલ્લો અંક.
૨. તેને ૨ વડે ગુણો.
૩. તે સંખ્યામાં ૫ ઉમેરો.
૪. તે સંખ્યાને ૫૦ વડે ગુણો.
૫. તેમાં ૧૭૭૦ ઉમેરો.
૬. આ સંખ્યામાં તમારી જન્મની સાલને બાદ કરો.
૭. તમને ત્રણ અંકની સંખ્યા મળી તેના છેલ્લા ૨ અંક તમારી ઉંમર અને પ્રથમ અંક તે તમારા મોબાઈલનો છેલ્લો અંક હશે...

***Please Try....***

જાગૃતિ

# પૂજ્ય મહાત્મા ગાંધીજીના મતે – ભારતમાં સ્વચ્છતા અભિયાન



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

મહાત્મા ગાંધીએ એક એવા ભારતનું સ્વપ્ન નિહાળેલું, જ્યાં કોઈ પણ ખુલ્લામાં શૌચ કરતા જોવા ન મળે. મહાત્માજી અવારનવાર સ્વચ્છતા અને આરોગ્યના વિષયો પર 'નવજીવન', યંગ ઈન્ડિયા; ત્યારબાદ 'હરિજન'માં લેખો લખી દેશવાસીઓને જાગૃત કરતા. ગાંધીજીએ ૧૯૦૯માં હિંદ સ્વરાજ પુસ્તક લખી નાખેલું.

**સ્વચ્છતા એક સદ્‌ગુણ છે,જે આપણી અંદરથી જાગૃત થાય છે. સાફસફાઈ કે સ્વચ્છતાને માનવ ગરીમા સાથે જોડવામાં આવે છે. સાફ સફાઈ સંબંધે કાર્યરત આપણા સફાઈ કામદારોને બિરદાવવાની આવશ્યકતા છે.** પ્રદૂષણોથી જીવાત્માઓને રક્ષવા સ્વચ્છતા અભિગમ - અભિયાન જડીબુટ્ટી સમાન છે.

ઈ.સ. ૧૯૪૬માં ભારતે ન્યુયોર્કમાં વિશ્વ આરોગ્ય સંસ્થાન (WHO)ના બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા, કે જેમાં જ્યાં જરૂરી હોય ત્યાં અન્ય તજજ્ઞો સંસ્થાઓ સાથે મળીને પોષણમાં સુધારો, આવાસ, સ્વચ્છતા, નવનિર્માણ, આર્થિક અથવા કાર્યરત પરિસ્થિતિઓ અને પર્યાવરણની સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાની સત્તાનો સ્વીકાર કરતું હતું.

- **છેલ્લા ૩૫ વર્ષના કેન્દ્ર સરકારના કાર્યક્રમો :**

૧. કેન્દ્રીય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ (ઇ.સ. ૧૯૮૬)

૨. ટોટલ સેનિટેશન કેમ્પેઇન (ઇ.સ. ૧૯૯૯)

૩. નિર્મળ ગ્રામ પુરસ્કાર (ઇ.સ. ૨૦૦૫)

૪. નિર્મળ ભારત અભિયાન (ઇ.સ. ૨૦૧૨)

- **પ્રધાનમંત્રીનું સ્વચ્છ ભારત મિશન :**

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારતને સ્વચ્છતા સબબ એક નવીન જાગૃતિના પદાર્થપાઠ શીખવ્યા. લોકોના અંતરાત્માને જગાડવા પહેલ કરી. પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મ જયંતી સુધીમાં સ્વચ્છતા ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર બની રહે તેવા સ્તુત્ય પ્રયત્નો હાથ ધર્યા હતા. વિશ્વમાં ખુલ્લામાં શૌચ જનારા પચાસ ટકા ભારતીયોને શૌચાલયોની સગવડો આપવા જહેમત ઉઠાવાઈ.

તા. ૨જી ઓક્ટોબર, ૨૦૧૯ની અમદાવાદની રિવર ફ્રન્ટ પરની સાંજ એક ઐતિહાસિક ઘટના બની હતી. જે ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી માટે શ્રેષ્ઠ સ્મરણાંજલિ બનવા પામી. ભારતના ૬૯૯ જિલ્લાઓને ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કરવામાં આવ્યા.

- **પ્રધાનમંત્રી શ્રી મોદીને ગોલ્ડન ગોલકીપર એવોર્ડ :**

બીલ એન્ડ મિલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સ્વચ્છ ભારત અભિયાન બદલ ઉપરોક્ત એવોર્ડ ન્યુયોર્કમાં વિશાળ જનમેદની વચ્ચે અર્પણ કરવામાં આવ્યો ત્યારે આ સિધ્ધિનો સંપૂર્ણ યશ મોદીજીએ ભારતવાસીઓને આપ્યો.

- **૧૦ વર્ષીય ગ્રામીણ સ્વચ્છતા વ્યૂહરચના (ઇ.સ. ૨૦૧૯-૨૦૨૯) :**

ભારત સરકારના જળશક્તિ મંત્રાલયના પેયજળ અને સ્વચ્છતા વિભાગે (ડી.ડી.ડબલ્યુ.એસ.) ૨૦૧૯થી ૨૦૨૯ની નૂતન વ્યૂહરચના રજૂ કરી છે. ઘન – પ્રવાહી કચરાની યોગ્ય વ્યવસ્થા, સ્વચ્છ શૌચાલયો, સ્વચ્છ પેયજળની ગામડાંઓ - શહેરોમાં ઉત્તમ વ્યવસ્થાને આવરી લેવાઈ છે.

- **રેલવે સ્ટેશન ક્લિનલીનેસ સર્વે :**

રેલવે તથા વાણિજ્ય અને ઉદ્યોગમંત્રીએ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી સબબ ખાસ કાર્યક્રમ જાહેર કરી જણાવ્યું કે રાજસ્થાનમાં સાત રેલવે સ્ટેશનોને ક્લિનલીનેસમાં સ્થાન મળ્યું છે. સીંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો છે.

- **સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ લીગ :**

મકાન અને શહેરી સંબંધિત બાબતોના મંત્રાલય (એમ.ઓ.એચ.યુ.એ.) સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ લીગનો પ્રારંભ કર્યો છે. જેમાં ત્રિમાસિક ધોરણે ભારતમાં શહેરો અને ગામડાંઓની સ્વચ્છતાની ચકાસણી થશે.


અંત્યજોની ઉન્નતિ માટે પૂજ્ય બાપુએ પોતાની જાત ઘસી નાખી હતી. ગાંધીજીએ સ્વચ્છતાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને લખ્યું છે કે, '**મારી એક મુસાફરી દરમિયાન હિંદુસ્તાનના એક છેડેથી બીજા છેડા સુધી આપણી અસ્વચ્છતા જોઈને મને જે દુઃખ થયું છે, તેનાથી વધારે દુઃખ બીજી કોઈ વસ્તુથી થયું નથી.** સુધારાઓનો અમલ કરાવવા માટે બળ વાપરવામાં હું માનતો નથી. છતાં અસ્વચ્છતા જેવી આ ખૂબ જ અગત્યની બાબતમાં ફરજ પાડવાની હદ સુધી જવા હું તૈયાર છું.'

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

વ્યક્તિ / સંસ્થા વિશેષ

મહાન શિક્ષણવિદ્, સમાજ સુધારક, બંગાળ નવજાગરણના અગ્રણી

# બહુશ્રુત પ્રતિભા : ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*આધુનિક બંગાળના ઘડવૈયાઓમાં સૌથી વધુ સ્મૃત અને હૃદયસ્થ નામોમાં એક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું પણ છે. ૧૯મી સદીના મધ્યે વિશેષતઃ બંગાળ અને સામાન્યતઃ દેશની સામાજિક - સાહિત્યિક પુનઃજાગૃતિ (રીસર્જન્સ) બહુધા એમની સર્વગ્રાહી દૃષ્ટિ અને સુઝભર્યા નેતૃત્વ થકી આવી હતી. આ વર્ષે અને આ મહિને (૨૬મી સપ્ટેમ્બરે) આવતી ૨૦૦મી જન્મજયંતી પ્રસંગે આ બંગાળી પ્રતિભાનું પુનિત સ્મરણ તજજ્ઞ લેખકશ્રીની કલમે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

## • શિક્ષણની તેજસ્વી પ્રતિભા

ઉલ્લેખનીય છે કે હિંદુ સંસ્કૃતિના જ્યોતિર્ધર સ્વામી વિવેકાનંદે (૧૮૬૩ - ૧૯૦૨) બંગાળના આ સુપ્રસિદ્ધ આચાર્ય પાસે ઉચ્ચ શિક્ષણ મેળવેલું! બંગાળી પુનરુત્થાન (રેનેસાં)ના અગ્રેસર એવા પંડિત વિદ્યાસાગરજી એક દાર્શનિક, વિદ્વદ્વર્ય, કેળવણીકાર, વ્યાખ્યાતા, લેખક, અનુવાદક, મુદ્રક, પ્રકાશક, ઉદ્યમકર્તા, સુધારક અને માનવપ્રેમી... એમ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા! બંગાળી - સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં એમનું અનેરું પ્રદાન રહ્યું છે.

ઈશ્વરચંદ્ર ઠાકુરદાસ વંદ્યોપાધ્યાય તરીકે એમનો જન્મ આજથી બરાબર બે સદી પૂર્વે ૨૬મી સપ્ટેમ્બર, ૧૮૨૦ના બંગાળમાં વીરસિંઘ (તા. ઘાટલ, જિ. પશ્ચિમ મિદનાપોર) ખાતે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. કૉલેજકાળમાં સંસ્કૃત અભ્યાસમાં એમની સિદ્ધિ આશ્ચર્યકારક હતી. કાયમ પ્રથમ ક્રમ જાળવી શિષ્યવૃત્તિઓ માટે અનેક ઇનામો મેળવેલા.

૧૮૪૧માં યુવાન ઈશ્વરચંદ્રે પોતાની શૈક્ષણિક કારકિર્દી કલકત્તાની ફૉર્ટ વિલિયમ કૉલેજમાં સંસ્કૃત વિભાગના વડા તરીકે આરંભી. ૧૮૪૬માં તેઓ સરકારી સંસ્કૃત કૉલેજમાં મદદનીશ સચિવ તરીકે જોડાયા. પણ ત્યાં પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં સુધારા બાબતે સચિવ રસમય દત્તા સાથે મતભેદો સર્જાતાં ૧૮૪૯માં રાજીનામું આપી ફરી ફૉર્ટ વિલિયમ કૉલેજમાં થોડો સમય હેડ ક્લાર્ક તરીકે કામ કર્યું.

## • લાગણીશીલ સુધારાવાદી વલણ :

૧૮૫૦માં પુનઃ તેઓ સરકારી સંસ્કૃત કૉલેજમાં સાહિત્યના અધ્યાપક તરીકે જોડાયા. ૧૮૫૧માં તેના પ્રાચાર્ય બન્યા અને ૧૮૫૫થી શાળા નિરીક્ષકનો વધારાનો કાર્યભાર પણ સંભાળ્યો. આચાર્યપદ દરમિયાન કૉલેજની શૈક્ષણિક - વહીવટી પરિસ્થિતિમાં અનેક દૂરગામી સુધારા લાવ્યા. શાળા નિરીક્ષકની હેસિયતથી એમણે બંગાળના દક્ષિણી જિલ્લાઓમાં નમૂનારૂપ શાળાઓ સ્થાપી. **'સર્વ માટે શિક્ષણ' અને આધુનિક શિક્ષણના તેઓ હિમાયતી હતા.**

શરૂથી જ ઈશ્વરચંદ્રને શોષિતો, પીડિતો અને વંચિતો પ્રત્યે હમદર્દી હતી. **'વિદ્યાસાગર' હોવા સાથે હૃદયની વિશાળતા થકી તેઓ 'દયાસાગર' તરીકે પણ ઓળખાતા!** ભણતા હતા ત્યારે શિષ્યવૃત્તિમાંથી અને કમાતા થયા ત્યારે પોતાની આવકમાંથી અમુક ભાગ જરૂરતમંદોના લાભાર્થે ખર્ચતા. વર્સેલ્સ (ફ્રાન્સ)માં રહેતા પ્રખ્યાત કવિ માઈકલ મધુસૂદન દત્ત (૧૮૨૪-૧૮૭૩)ને પણ આર્થિક ભીડ વખતે મદદરૂપ થયેલા.

**ભારતમાં અને ખાસ કરીને બંગાળમાં મહિલાઓની સ્થિતિ સુધારવા પણ ખૂબ ઝઝુમ્યા.** તે વખતે જોહ્ન બેથુન (૧૮૦૧-૧૮૫૧), દક્ષિણારંજન મુખરજી (૧૮૧૪-૧૮૯૮), રામગોપાલ ઘોષ (૧૮૧૫-૧૮૬૮), મદનમોહન તારકાલંકર (૧૮૧૭-૧૮૫૮) જેવા સુધારકો સાથે મળી કલકત્તા અને અન્યત્ર કન્યાશાળાઓ શરૂ કરી. કલકત્તાની ઐતિહાસિક 'બેથુન ગર્લ્સ કૉલેજ'ની સ્થાપના (૧૮૪૯) ખાસ ઉલ્લેખનીય છે.

## • વર્ણમાળા અને ગ્રંથભંડાર :

વિદ્યાસાગરે અમુક મર્યાદામાં રહી જૂનવાણી હિંદુ સમાજમાં પરિવર્તન લાવવા મથામણ કરી. સમાજને મુખ્ય પ્રવાહમાં લાવવા લગ્નમાં બહુસાથીપ્રથા નાબૂદી અને વિધવા પુનર્વિવાહ માટે ચળવળો ચલાવી. આ માટે ૧૮૫૬ના 'વિધવા પુનઃ લગ્ન કાયદા, ૧૫' તળે તેની પહેલ કરી. ૧૮૫૮માં કૉલેજ અધ્યાપન છોડી પૂર્ણરૂપે શૈક્ષણિક - સામાજિક સુધારણા તરફ વળ્યા.

મધ્યમ વર્ગનાં બાળકોને અંગ્રેજી શિક્ષણ આપવા ૧૮૫૯માં 'કલકત્તા ટ્રેનિંગ સ્કૂલ' સ્થાપી (જે ૧૮૭૨માં 'મેટ્રોપોલિટન

ઇન્સ્ટિટ્યૂશન' બની). આ શાળા વિદ્યાસાગરના જીવનની સૌથી યાદગાર સિધ્ધિ બની, જેને ૧૯૧૭માં કૉલેજનો દરજ્જો અને એમનું નામ અપાયું છે. તો, **ગરીબો અને વિધવાઓને નાણાંકીય સહાય આપવા 'ધ હિન્દુ ફેમિલી ફંડ'ની પણ સ્થાપના કરી હતી.**

૧૭૮૦માં ચાર્લ્સ વિલ્કિન્સ (૧૭૪૯-૧૮૩૬) અને પંચાનન કરમાકરે (અવસાન : ૧૮૦૪) સૌપ્રથમ કાષ્ટનાં બંગાળી બીબાં તૈયાર કર્યા હતા. તે પછી તેમાં કોઈ ફેરફાર થયા ન હતા. વિદ્યાસાગરે બંગાળી વર્ણમાળાનું નવઘડતર અને ટાઈપોગ્રાફીની નવરચના કરી તર્કસંગત અને સરળ બનાવી. આ સંદર્ભમાં એમની 'વર્ણ પરિચય' આજે પણ ઉત્તમ કૃતિ ગણાય છે. ૧૮૪૭માં એમણે સંસ્કૃત પ્રેસ એન્ડ ડિપોઝિટરી (છાપખાનું અને ગ્રંથભંડાર) પણ સ્થાપ્યા હતા.

- **સર્જન અને સન્માન :**

એમનાં મોટાભાગનાં પુસ્તકો પ્રખ્યાત સંસ્કૃત લખાણોના બંગાળી અનુવાદો છે, જેણે સંસ્કૃત વ્યાકરણના અભ્યાસને સરળ અને લોકપ્રિય બનાવ્યો. પોતાના સર્જન થકી સાહિત્ય જગતમાં તેઓ આધુનિક બંગાળી ગદ્યના પ્રણેતાઓ પૈકીના એક ગણાયા. એમના મહત્ત્વનાં પુસ્તકોમાં વેતાલ પંચવીંસતી (૧૮૪૭), બાંગલાર ઈતિહાસ (૧૮૪૮), જીવનચરિત (૧૮૫૦), બોધોદય, ઉપક્રમણિકા (બંને ૧૮૫૧), શકુન્તલા (૧૮૫૫), વિધવા વિવાહ વિષયક પ્રસ્તાવ (૧૮૯૦)નો સમાવેશ થાય છે.

**સંસ્કૃત અભ્યાસ અને તત્ત્વજ્ઞાનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ એમને કલકત્તા સંસ્કૃત કોલેજ તરફથી 'વિદ્યાસાગર'ની ઉપાધિ અપાઈ હતી,** જે એમની કાયમી ઓળખ અને અટક બની ગઈ. તો, એમના પાંડિત્ય અને સાંસ્કૃતિક કાર્યોની કદરરૂપે બ્રિટીશ સરકારે ૧૮૭૭માં એમને CIE (કમ્પેનિયન ઑફ ધ ઇન્ડિયન એમ્પાયર)થી નવાજ્યા હતા.

ભારતની મહાન આધ્યાત્મિક વિભૂતિ રામકૃષ્ણ પરમહંસ (૧૮૩૬ - ૧૮૮૬) સાથે પણ એમની મુલાકાત થઈ હોવાનું 'રામકૃષ્ણ કથામૃત'માં નોંધાયું છે. ઠાકુરના નિમંત્રણથી બંને મહામાનવો કાલી મંદિરે મળ્યા હતા અને આધ્યાત્મિક વાર્તાલાપ કરેલો. જીવનનો અંતિમ સમય એમણે ભારતની આદિજાતિ 'સાંથાલો' વચ્ચે વિતાવ્યો હતો. કેળવણીકાર, વિદ્વજ્જન અને સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું ૨૯મી જુલાઈ, ૧૮૯૧ના અવસાન થયું.

- **સંસ્મૃતિ અને સંવેદના :**

હુગલી નદી પરના હાવડા - કલકત્તાને જોડતા બીજા પુલને 'વિદ્યાસાગર સેતુ' (૧૯૯૨) નામ અપાયું છે. ઉપરાંત, કલકત્તામાં કૉલેજ, પશ્ચિમ મિદનાપોરમાં યુનિવર્સિટી અને ઉત્તર ૨૪ પરગણામાં સ્ટેડિયમ સાથે પણ આ મહાપુરુષની સ્મૃતિ સંકળાયેલી છે.

એમની ૧૫૦મી જન્મ જયંતી પ્રસંગે ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના ટપાલ ખાતા દ્વારા ૨૦ પૈસા મૂલ્યની અને ઊભા આકારની ખાસ ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. રતાશભર્યા જાંબલી અને ઘેરા ભૂખરા રંગમાં મુદ્રિત આ ટિકિટ પર ઊભી લંબગોળ આકૃતિમાં વિદ્યાસાગરની છબી અને નીચે ડાબા ખૂણે શિક્ષણના પ્રતીકરૂપે પુસ્તકો - દીપક દર્શાવાયા છે.

તે પછી 'વિદ્યાસાગર કૉલેજ'ની ૧૨૫મી જયંતીની પુર્ણાહૂતિ પ્રસંગે ૨૯મી જુલાઈ, ૧૯૯૮ના બે રૂપિયા મૂલ્યની અને આડા આકારની ખાસ ટિકિટ પ્રગટ કરવામાં આવી હતી. સ્લેટિયા કાળા રંગમાં મુદ્રિત આ ટિકિટ પર કૉલેજ ઈમારત અને વિદ્યાસાગરની છબી અંકિત છે. તો, ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૭ના 'ભારતના ઉલ્લેખનીય પુલો' શીર્ષકે પાંચ રૂપિયા મૂલ્યની બહુરંગી ટિકિટોનો સંપુટ બહાર પડ્યો ત્યારે તેની એક ટિકિટ પર 'વિદ્યાસાગર સેતુ'ને પણ સ્થાન અપાયું હતું.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*પાપ શરીર નથી કરતું, મનના વિચારો કરે છે*
*અને ગંગા વિચારોને નહીં, શરીરને ધોવે છે.*

## પરિપક્વતા એટલે...

- ક્રોધ ઉપર કાબૂ. કોઈપણ પ્રકારની તોડફોડ અથવા હિંસા વિના મતભેદ દૂર કરવાની ક્ષમતા.
- લાંબા ગાળાના ફાયદા માટે વર્તમાનનો ક્ષણિક આનંદ જતો કરવાની ધૈર્યભરી સમજદારી.
- સાતત્ય, વિરોધી વાતાવરણ વચ્ચે પણ અવિરત કાર્યરત રહીને લક્ષ્ય સુધી પહોંચવાની ક્ષમતા.
- વિખવાદ, હતાશા, પ્રતિકૂળતા અથવા પરાજયનો – ફરિયાદ કર્યા વિના સામનો કરવાની તાકાત.
- દૃઢ નિર્ણયશક્તિ અને લીધેલો નિર્ણય પાળવાની સજ્જતા.
- વિનમ્રતા – 'હું ખોટો છું' તેમ કહેવાની તૈયારી અને 'મેં તને કહ્યું હતું ને!' એમ ક્યારે ન કહેવું તેની સમજ.
- વિશ્વસનિયતા, શ્રદ્ધેયતા, કટોકટીની ક્ષણે અડીખમ ઊભા રહેવાની અડગતા.
- પોતાની જાત સાથે સંવાદિતા સાધીને જીવવાની કલા.

નયા અંદાજ

# Virtual Celebration of Festivals



ડૉ. મેહા સંઘવી

'રક્ષા બંધન' એ ભાઈ-બહેનના અતૂટ પ્રેમનો લાગણી વ્યક્ત કરતો સંબંધ છે, જેને 'રાખડી'ના પ્રતીકરૂપે એક તાંતણે બાંધવામાં આવ્યો છે. હર વખતની જેમ તહેવારોમાં કંઈક નવીનતા જોવા મળે છે અથવા તો તેની ઉજવણી કંઈક અલગ અંદાજમાં થતી જોવા મળે છે. ગયા વર્ષે રક્ષાબંધન અને ૧૫મી ઓગસ્ટ બંને તહેવારો એક જ દિવસે આવ્યા, તો તે પર્વની ઉજવણીનો અંદાજ કંઈક અલગ હતો. જ્યારે આ વખતની રક્ષાબંધનને ઉજવવાનો અંદાજ પણ કંઈક અલગ જ રહ્યો કારણકે **આ વખતની રક્ષાબંધન કોવિડ-૧૯ના સંક્રમણ સાથે મનાવવાની હતી.** હવેની આપણી જિંદગી કોવિડ-૧૯ના સથવારે જીવવાની છે અને જીતવાની પણ છે. આ કોવિડ-૧૯એ આપણને જિંદગીના કેટલાયે કડવા પાઠોનું રસપાન કરાવી, સંબંધોના મીઠાશની ઘનિષ્ટતા પણ દેખાડી દીધી. ખરું ને?

હવેના કોઈપણ તહેવારોની ઉજવણી Near અને Dear સાથે સાદગીથી મનાવવાની થશે. આત્મનિર્ભર ભારતના નરેન્દ્રભાઈના વિચારોને સમર્થન આપીને બેનીઓએ પોતાના હાથની બનાવેલી રાખડીથી પોતાના વીરાની કલાઈને શોભાવી. પોતાના હાથથી બનાવેલી રાખડીની મજા જ કંઈક ઓર હોય છે. **આ વખતે વર્ચ્યુઅલ રક્ષાબંધનની ઉજવણી થઈ.** જે રીતે ઓનલાઈન શોપિંગ, ઓનલાઈન ટીચિંગ, ઓનલાઈન વેબિનાર કોન્ફરન્સ ચાલે છે, તે જ રીતે Virtual Celebration થયા અને આગળ પણ એ જ ટ્રેન્ડ ચાલુ રહેશે. નેટવર્કિંગનો જમાનો આવી ગયો છે. બાકી વીડિયો કોલ દ્વારા અને વીડિયો બનાવી યુ-ટ્યુબ પર અપલોડ કરવાના બહાને આ બધા જ પર્વોની ઉજવણી થશે. માટે આવનારા સમયમાં દરેક પર્વોની ઉજવણી કંઈક હટકે રહેશે. **'દુનિયા વહી, સોચ નયી'** જીવનનો દરેક સમય કંઈક ને કંઈક બોધપાઠ આપતો જ જાય છે.

આગળ વાત કરીએ તો આપણા પર્વાધિરાજ પર્યુષણ પર્વ હમણાં જ ગયા. તેની ઉજવણી લોકોએ ઘેર-ઘેર પોતાના કુટુંબીજનો - પડોશીઓ સાથે કરી. મહારાજ સાહેબના Live વ્યાખ્યાનો સાંભળ્યા - વર્ચ્યુઅલના માધ્યમથી. ઢાળિયા વંચાયા, લોકોએ વીર પ્રભુના જન્મના પારણા ઝુલાવ્યા - સપનાઓ ઝુલાવ્યા. ઘરે પોતે પ્રભુ ભક્તિઓ કરી - ખરા અર્થમાં પ્રભુ વીરના સંદેશાને અંતરમાં ઉતાર્યા. પર્યુષણની સાધના, એ આંતરિક સાધના છે. આત્મામાં ઉતરવાની સાધના. પ્રતિક્રમણો, વ્યાખ્યાનો, સામાયિકો થયા પણ સાથે નાની-નાની જીવદયાઓ પળાઈ, વાહન-વ્યવહારના વપરાશ ઉપર કાપ આવી ગયો. દેખાડાનો ધર્મ બંધ થઈ ગયો. ખરી તપશ્ચર્યાઓ નજરમાં આવી. **કપડા અને ઠાઠમાઠ પાછળ વેડફાતા સમયનો સદુપયોગ થયો.** આ વખતના પર્યુષણ પર્વની ઉજવણી ખૂબ જ ઉલ્લાસપૂર્વક, શાંતિમય અને આનંદમય રહી. ખરા અર્થમાં 'મિચ્છામિ દુક્કડમ્'નો અર્થ સમજી, એને અક્ષરસઃ સાર્થક કર્યો. જેની સાથે લોકડાઉનના છ મહિના પસાર કર્યા, તેને પહેલા માફ કર્યા – તેને મિચ્છામિ દુક્કડમ્ પાઠવ્યા. વેરઝેરની જૂની પરંપરા તોડી, પ્રેમની સરગમની સૂરાવલી ફૂંકાવી.


હવે નવરાત્રિ, દિવાળી જેવા મુખ્ય તહેવારો આવશે. જન્માષ્ટમી, ગણેશ ચતુર્થીની પણ ઉજવણી Virtual જ રહી. બધા પોતાના મર્યાદિત સંખ્યામાં કુટુંબીજનોને સાથે રાખીને ખૂબ જ સારી રીતે ઉજવણી કરતા થઈ ગયા. **સમયની કિંમત સમજતા થયા. સાથે સંબંધોની પણ!** હવેની પરિસ્થિતિમાં લોકોએ પોતાની લાઇફ સ્ટાઇલમાં ફેરફાર કરીને સ્થિતિને અનુકૂળ થવા પ્રયાસ કરવો પડશે. **પ્રસંગો તથા તહેવારોની ઉજવણી વગેરેમાં પરિવર્તન લાવવું પડશે.** કોઈ પણ પર્વો - તહેવારો આવે છે, તેની પાછળ તેનો ઈતિહાસ રહેલો છે. આ વખતે દરેક લોકોએ બંધ થયેલા ઈતિહાસના પાનાઓને ખોલીને પરંપરાગત અનેક પ્રસંગોની વિગત જાણીને તેને ટકાવી રાખવા પ્રયાસ કર્યો છે. હવેથી આ રીતે કોઈપણ તહેવારની ઉજવણી Virtual રહેવાની – 'Online.' બસ, આ ઓનલાઈનની દુનિયામાં આપણે ઓફલાઈન ન થઈ જઈએ તેની તકેદારી રાખીએ – જરાક વિચારીએ.

*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી, હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

*જેવી રીતે પૈસાની કદર કરો છો*
*એ જ રીતે સંબંધોની કદર કરો.*
*બંનેને ગુમાવવા તો સહેલા છે પણ કમાવવા અશક્ય છે.*

વિચાર મંચ

# નાનકડા બીજ જેવી શોધમાંથી પાંગરેલું વિજ્ઞાનનું વટવૃક્ષ



બલવીરસિંહ જાડેજા

રાજ્યના ક્લાસ વન ઓફિસર તરીકે નિવૃત્ત થયેલા શૈલેન્દ્રસિંહ ઠાકોર સવારે નિરાંતે ચાની ચૂસકીઓ ભરી રહ્યા હતા, ત્યારે જ એમના ઘરવાળા દેવયાનીબાએ યાદ અપાવ્યું : "દરબાર, બધી જવાબદારીઓ પૂરી થઈ ગઈ, પણ હજુ એક અગત્યની જવાબદારી યાદ છે ને?"

"અગત્યની કઈ જવાબદારી ઠકરાણા?"

"કેમ ભૂલી ગયા? બાપુજીએ મને અને તમને સોંપેલી કિરપાશંકર મહારાજના સંપેતરાની જવાબદારી?"

"અરે હા, એ તો સાવ વિસરાઈ જ ગયું! સરકારી કામકાજ અને દોડધામમાં આપણે એનું કાંઈ જ ન કરી શક્યા. હવે ગમે તેમ કરીને એ ભાર હળવો કરવો પડશે. પણ તમે એ સંપેતરું બરોબર સાચવેલું તો છે ને?"

"કેમ નહીં! બાપુજીએ જતા પહેલા કહેલું કે, 'વહુ બેટા, શૈલેન્દ્ર ભૂલી જાય તો પણ તમે આ પોટલી સાચવીને રાખજો અને જ્યારે પણ સમય મળે ત્યારે નંદલાલને પહોંચતી કરજો."

"હા, પણ આપણને કોઇએ નંદલાલનું પાકું સરનામું તો લાવી આપ્યું નહીં. પણ એટલી માહિતી ખાત્રી સાથે મળી કે નંદલાલ મધ્ય પ્રદેશના સાગર શહેરમાં સ્થાયી થયેલ છે અને ત્યાંજ આપણા વતનના કચ્છી પટેલોના ગોર તરીકે કર્મકાંડ તેમજ સારા નરસા પ્રસંગે હવન, જાપ, તપ કે પૂજા વિધિ કરે છે."

"આવડા મોટાં સાગર શહેરમાં આપણે નંદલાલને ક્યાં શોધીશું, દરબાર?"

"અરે, આપણા કચ્છી પટેલોમાંથી કોઈ પણ મળશે તો પણ નંદલાલને શોધી આપશે. કોઈક તો નંદલાલ કિરપાશંકર જોશીને ઓળખતા જ હશે. ચાલો, કરો સાગર જવાની તૈયારી. હરિને પણ સાથે લઈ જઈએ. શું કહેવું છે તમારું?"

"હા, ચોક્કસ. હરિભાઈ સાથે હશે તો નંદલાલને શોધવામાં પણ ઉપયોગી થશે."

"હરિ!" "જી, ભાઈ." "આપણે બધાએ ત્રણ દિવસ પછી સાગર જવાનું છે, નંદલાલને મળવા. હું ટ્રેનની ટિકિટ કરાવું છું, તું તૈયારી રાખજે." "ભલે, ભાઈ."

અને એક દિવસ, ટ્રેન દ્વારા ત્રણેય સવારે સાગર સ્ટેશને ઉતરીને, અગાઉથી બુક કરાવેલી હોટેલમાં પહોંચી ગયા. ઘરવાળા દેવયાનીબાને હોટલમાં જ આરામ કરવા મૂકીને, હરિ સાથે બાપુ ટિમ્બર માર્કેટ રિક્ષા કરી પહોંચ્યા.

એક દુકાનનું નામ 'શંકર વિજય ટિમ્બર માર્ટ' વાંચી, કચ્છી પટેલની જ દુકાન હશે, સમજી જઈને બાપુએ નમસ્કાર કર્યા. ભવ્ય આત્મવિશ્વાસ ધરાવતું વ્યક્તિત્વ જોઈને, દુકાનદારને કોઈ મોટા ગ્રાહકનો અહેસાસ થયો. એમણે જ્યારે વાત કરી ત્યારે ગ્રાહકથી પણ વિશેષ, પોતાના વતનના બાપુને ઉમળકાથી આવકાર્યા.

"હું અમદાવાદથી આવું છું, પણ મૂળ કચ્છનો વતની છું. મારું ગામ રતનાગઢ, નખત્રાણા તાલુકાનું. આપની પાસે મારા બચપણના મિત્ર અને મારા ગામના નંદલાલ કિરપાશંકર જોશી નામના વ્યક્તિને મળવું છે એટલે આપની પાસે આવ્યો છું. એમના વિશે આપ જાણતા હો તો મહેરબાની કરીને મને જણાવો."

"પધારો, પધારો બાપુ. આપ અમારે ત્યાં ક્યાંથી! અમે પણ આપના પડોશનાં ગામના જ છીએ. નંદલાલ ઉર્ફે નંદુ મહારાજને હું પણ ઓળખું છું. આપ નિરાંતે ચા પાણી પીવો. ત્યાં હું મારા બાપુજી વાલજીબાપાને અમારી શંકર વિજય સૉ મિલે ફોન કરીને જણાવું છું અને આપને ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરું છું. ત્યાંથી જ મારા બાપુજી આપને નંદુ મહારાજ સાથે મુલાકાત કરાવી આપશે." કહી યુવાન દુકાનદારે એના પિતાજી સાથે વાત કરી.

મેઇન માર્કેટથી આઠ દસ કિલોમીટરના અંતરે જ્યાં લાકડાની સૉ મિલો આવેલી હતી, ત્યાં બાપુ અને હરિ, યુવાનની ગાડીમાંથી ઉતર્યા. અને વાલજીભાઈ પટેલ બાપુને સામે લેવા આવ્યા. આપણાં વતનનાં ગામના પાડોશી. આટલે દૂર આપણે ત્યાં ક્યાંથી! એવી આતિથ્યભાવના દર્શાવીને સૌએ બાપુને ખુશી સાથે ઉમળકાથી આવકારી, ઓફિસમાં લઈ ગયા.

"મારું નામ વાલજી દેવશી પટેલ. મૂળ કચ્છમાં ગામ શિવપુર. આપના ગામની બાજુનું ગામ. પણ વરસોથી અહીં સાગરમાં જ સ્થાયી થયા છીએ. આપ પધાર્યા એ અમારા માટે બહુ આનંદની વાત છે. બાપુ, બોલો હું આપની શું સેવા કરી

શકું?" લગભગ બાપુની જ ઉંમરના વાલજીભાઈએ ખુશી વ્યક્ત કરી.

"હા, તો વાલજીભાઈ, વાત જાણે એમ છે કે, મારે એક અગત્યના કામ માટે નંદુ મહારાજને મળવા આવવાનું થયું છે. જો આપ જાણતા હો તો કહો કે નંદુ મહારાજ ક્યાં મળશે, કે એમનું સરનામું હોય ને જો આપ આપી શકો, તો આપનો આભાર."

"અરે બાપુ, હમણાં ફોન કરી વાત કરાવું" કહીને વાલજીભાઈએ ફોન લગાવ્યો. થોડીવાર ફોનની રિંગ વાગી, પણ કોઈએ જવાબ ન આપ્યો. "નંદુ મહારાજ પૂજા કે હવનની વિધિમાં હશે. હમણાં જ થોડીવારમાં એમનો ફોન આવ્યો સમજો. હજુ ચા-પાણી પીવાતા હતા ત્યાં જ વાલજીભાઈના ફોનની રિંગ વાગી. "નંદુ મહારાજ, તમારા મહેમાન આવ્યા છે."

"મારા મહેમાન વળી કોણ અહીં?" "લ્યો, વાત કરો" કહીને બાપુએ ફોન આપ્યો.

"નંદલાલ, હું શૈલેન્દ્રસિંહ, તમારા ગામના, તમારા બચપણના મિત્ર."

"ઓહોહો! શીલું બાપુ! આપ અહીં ક્યાંથી?" બોલીને નંદુ મહારાજ આનંદથી ભાવવિભોર બની ગયા.

"બાપુ, હું આપને મળવા અને લેવા એકાદ કલાકમાં વાલજીભાઈની મિલે આવું છું. આજે એક યજમાનનો અહીં સમાજની વાડીમાં હવન છે. બસ હવે પૂર્ણાહુતિ જ બાકી છે અને હા બાપુ, આપને અને વાલજીભાઈએ આજે અહીં મારી સાથે જ પ્રસાદ લેવાનો છે."

"નંદલાલ, તમારા ભાભી પણ મારી સાથે છે અને આપણો હરિયો - હરિ પણ સાથે જ છે."

"તો શું થઈ ગયું બાપુ! મારું અને મારા યજમાનનું દિલ બહુ મોટું છે. આપણે ભાભીસાહેબને પણ તેડતા આવીશું. આપ ફોન વાલજીભાઈને આપો એટલે હું એમને વાત કરી દઉં." કહીને નંદલાલે વાલજીભાઈને પણ બાપુ સાથે જમવા નિમંત્રણ આપ્યું. જે યજમાનના ઘરે પ્રસંગ હતો તેમણે નંદલાલ થકી બાપુ વિશે જાણ્યું ત્યારે એ પણ રાજી થયા ને બાપુના આગમન સમયે ફૂલહારથી સ્વાગત કર્યું. સૌ પ્રસાદ લઇ નિરાંતે બેઠા હતા ત્યારે નંદુ મહારાજે પૂછ્યું, **"શીલુબાપા, આપ અને મારા ભાભી સાહેબને એકાએક મને મળવાનું ખાસ કોઈ પ્રયોજન કે અમસ્તા જ આ બાજુ ફરવા નીકળ્યા છો?"**

"નંદલાલ, આજકાલમાં તમારો કોઈ પહેલાથી નક્કી કાર્યક્રમ ન હોય તો આ સમાજવાડીમાં, મારા તરફથી સત્ય નારાયણની કથા સાથે પ્રસાદ અને આપણાં કચ્છી પટેલોનાં કુટુંબના સભ્યો માટે એક મેળાવડાનું આયોજન કરો. દરેક કુટુંબના બે વડીલ સભ્યોને બોલાવો. ભલે ૧૦૦-૧૫૦ સભ્યોનું રસોડું થાય, પણ શરત એટલી કે બધો ખર્ચો હું આપીશ, કથા તમે કરાવશો. તે વખતે હું મારું અહીં આવવાનું ખાસ પ્રયોજન જણાવીશ. બોલો વાલજીભાઈ, તમે સહમત છો?"

"અરે બાપુ, અમારા આવા ભાગ્ય ક્યાંથી!"

કાલે કે પરમ દિવસે જ હું બધી જ વ્યવસ્થાનું આયોજન કરું છું. બોલો નંદુ મહારાજ, ક્યારે કથા રાખવી છે? નંદુ મહારાજે જવાબ આપ્યો, "ત્રીજે દિવસે રવિવાર છે. ત્યારે બધાને નિરાંત હોય. એટલે રવિવારે રાખીએ."

સૌ આનંદ અને આશ્ચર્ય સાથે સહમત થયા કે બાપુનું ખાસ અહીં આવવાનું ને નંદુ મહારાજને મળવાનું એવું તે શું પ્રયોજન હશે!

શીલુબાપુએ કથા કરાવી સૌને પ્રેમથી જમાડ્યા. નંદલાલ અને સૌના કુટુંબો નિરાંતે બેઠા હતા પરંતુ સૌને બાપુની વાત સાંભળવાની ઇંતેજારી હતી. એ વાત ધ્યાનમાં આવતા જ બાપુએ વાતની શરૂઆત કરી. "નંદલાલના પિતાશ્રી કિરપાશંકર મહારાજ મારા બા-બાપુજીના લગ્ન વખતે મારા બા ના ધરમના ભાઈ બનેલા. એટલે હું એમને મામા કહેતો, ને નંદલાલ મારા માતુશ્રીને ફઈબા કહેતા. અમારા કિરપાશંકર મામા, મહાન વિદ્વાન ને પ્રખર જ્યોતિષી હતા. હું વતનમાં બાળપણમાં થોડા વરસ ભણી, આગળ ત્યાં ભણવાની સગવડ નહીં હોવાથી મામાને ઘરે ભણવા જતો રહેલો. ફક્ત વેકેશનમાં જ વતનમાં આવતો. પાછું વેકેશન પૂરું થાય એટલે ભણવા જતો રહેતો. એટલે કિરપાશંકર મામાનો બહુ પરિચય નહીં, પરંતુ મારા પિતાશ્રી જે વાત કરતા, એમના થકી જે જાણવા મળ્યું એ આધારે એમની વાત આપ સૌને કરું છું."

બાપુએ સૌપ્રથમ આયોજકોને પૂછીને ખર્ચ પેઠે થતાં પૂરા પૈસાની ચૂકવણી કરી નંદુ મહારાજને સારી એવી દક્ષિણા આપી. પછી બોલ્યા, "તો સાંભળો ભાઈઓ અને બહેનો, કિરપાશંકર મામા મારા પિતાશ્રીના અંગત મિત્રના નાતે, **એમની અંગત વાતો એમને હંમેશાં કહેતા. સલાહ સૂચન કે ચર્ચા વિચારણા પણ કરતા. મારા બાપુજીને ઘણા વરસ પહેલાં મામાએ એક ખાસ સંપેતરું, એમના પુત્ર નંદલાલને આપવા કે પહોંચાડવા આપેલું.** જે મારા પિતાશ્રી એમની હયાતી દરમિયાન કારણોવશાત રૂબરૂ ન પહોંચાડી શક્યા, જે એમણે મને અને મારા શ્રીમતી હેમકુંવરને આપીને તાકીદ કરેલી કે આ સંપેતરું તમારે નંદલાલને રૂબરૂ – હાથોહાથ પહોંચાડવાનું છે, જે હું સાથે લાવ્યો છું. હું મારી સરકારી નોકરીમાંથી તાજેતરમાં નિવૃત્ત થયો એટલે આ સંપેતરુ આપવા અમે અહીં આવ્યા છીએ. આ છે, સંપેતરું." કહીને બાપુએ હરિ પાસે હતી તે બેગ ઉઘાડી. એલ્યુમિનિયમની

સફેદ બેગ ખોલતા જ અંદરથી પિત્તળનો દાબડો નીકળ્યો. સૌ એકિટસે બાપુએ બહાર કાઢેલા પિત્તળના દાબડામાં શું હશે એ જાણવા આતુર હતા. બાપુએ એમના શ્રીમતી પાસેથી ચાવી લઈને દાબડાનું તાળું ખોલ્યું. સૌની ઇંતેજારી વધતી જતી હતી. પરંતુ બાપુએ કહ્યું, “આપ સૌ, આ દાબડામાં શું છે એની કલ્પના કરતા હસો પરંતુ એ પહેલા મારે થોડી વાત કરવાની છે કારણકે આ દાબડો ખોલ્યા પછી, આપણી ચર્ચાનો વિષય દાબડા માંહેની વસ્તુ વિશે હશે. એટલે મારે જે વાત કરવાની છે, એ પહેલા કહી દઉં કારણકે અમને પણ ખબર નથી કે દાબડામાં શું છે. ફક્ત કિરપાશંકર મામાએ કદાચ મારા પિતાશ્રીને કહ્યું હશે, પણ તેમણે મને કે મારા ઘરવાળાંને એ વિશે કાંઇ જ કહ્યું નથી. એટલે જેટલું તમે જાણો છો એટલું જ અમે બંને જાણીએ છીએ. પણ એ પહેલા નંદલાલના પિતાશ્રી, અમારા કિરપાશંકર મામા વિશે થોડી વાત કરી દઉં.

“મારા બાપુજીના કહેવા પ્રમાણે કિરપાશંકર ગંગારામ જોશી એક ઉચ્ચ કોટીના આત્મા હતા. કદાચ સતયુગના કોઈ તપસ્વી ઋષિ હતા. જેમને આ જન્મ એમના આગલા જન્મના ઉપકાર ઉતારવા કે પૂરા કરવા લેવો પડ્યો હશે, એવું મારા પિતાશ્રી માનતા હતા. કિરપાશંકર મહારાજ સિધ્ધવચની પુરુષની સાથે સાથે પ્રખર જ્યોતિષ પારંગત હતા. જેમના ઘણા કિસ્સા જગજાહેર થયેલા. પરંતુ એ જ્યોતિષવિદ્યા, પાંડવપુત્ર સહદેવની જેમ કોઈ પૂછે તો જ કહેતા. પોતાની જાતે કોઈ માટે ભવિષ્યવાણી કરતા નહીં. **હા, ગરીબોના બેલી જરૂર હતા. કોઈ પણ તેમને, ભલે તે કોઈ પણ જ્ઞાતિનો હોય, સાચા દિલથી કે સાચી ભાવનાથી પૂજ્યભાવે વંદન કરે તો એમના મોંમાંથી જે પણ શબ્દો નીકળે કે કોઈ સંકેત આપે તો તે હંમેશાં સાચા પડતા.** દાખલા તરીકે તળાવ કે કૂવેથી સવારમાં નાહીને આવતા હોય ને કોઈ સામે મળે ને પ્રણામ કરી ઊભો રહે તો પૂછે, ‘દીકરા, ક્યાં જઈ આવ્યો?’ ‘બાપુજી, સામે ગામ લોટ દળાવા ગયો હતો.’ તો કહેશે, ‘જા, આમાંથી એક મુઠી કીડિયારું પૂરજે ને દરરોજ એક મુઠીનું કીડિયારું પૂરવાનું રાખીશ તો તારા ઘરે લોટ કોઈ દિવસ ખૂટશે નહીં.’ કોઈવાર બહારગામથી આવતા કોઈ મુસલમાન પણ સામે મળીને હાથ જોડે, તો ઊભો રાખી, ખિસ્સામાં હાથ નાંખી જે પણ પૈસા હાથમાં આવે તે આપીને બોલે, ‘જા, આમાંથી એક રૂપિયાનો લીલો ચારો ગાયમાતાને ખવડાવીશ, તો દૂધ વળતર તરીકે મળશે.’ સાચેસાચ તે દિવસે એમ જ થતું. એને કોઇ દિવસે સ્વપ્ને પણ ખ્યાલ ના હોય એમ, પાડોશી કે ઓળખીતામાંથી કોઈ તાજી વિયાએલી ગાયનું ખીરું કે બળી સામેથી આપી જાય. એકવાર એક ગરીબ મુસલમાનનો છોકરો, કિરપાશંકર મહારાજને આવતા જોઈ, પગે લાગી, એક બાજુ ઊભો રહી ગયો. મહારાજે પૂછ્યું, ‘કાં છોકરા, આજે આઠમ છે, બધા પત્તા રમે છે, ને તું કેમ એકલો ફરે છે? વાત શું છે?’ ‘બાપજી, ખિસ્સામાં પૈસો કે પાઈ નથી એટલે!’ ‘અરેરે! ભગવાન, ખિસ્સામાં હાથ નાખી ચાર આના હાથમાં આવ્યા, તે આપતા બોલ્યા, જા, આનાથી પત્તા રમજે. પણ સાંભળ, ૧૦૦ રૂપિયા થાય એટલે ગમે તે બહાનું કાઢી ઊભો થઈ જજે, ને એમાંથી ૨૦ રૂપિયાનો લોટ લઈને રોટલા બનાવીને ગાય અને કૂતરાને ખવડાવજે, ભૂલતો નહીં, નહિંતર દુખી થઈશ, સમજ્યો?’ છોકરો રાજી થઈને પત્તા રમવા દોડ્યો. કેટલાય કિસ્સા, લોકવાયકા બની ગયા છે એમ મારા પિતાશ્રી કહેતા.”

**બાપુની વાત સાંભળી રહેલા સૌ કોઈ નંદુ મહારાજના પિતાશ્રી કિરપાશંકર મહારાજના માનવીય, દયાળુ તેમજ ધાર્મિક સ્વભાવને મનોમન વંદી રહ્યા.**

પાણી પીને બાપુએ વાત આગળ વધારી – “નંદલાલના માતુશ્રી ગોરાણીમા, અમારા મામીશ્રી સાવ સરળ સ્વભાવના, સાવ સીધા સાદા ગૃહિણી હતા. પરંતુ કાચા કાનના હતા. એટલે લોકોની વાતોમાં જલ્દીથી વિશ્વાસ કરી લેતા. પતિ અને કુટુંબની સારસંભાળ તો જરૂર રાખતા, પણ કુટુંબીઓની વાતોમાં આવી જતા. ઘણા કુટુંબીઓ કિરપાશંકર મહારાજની સિધ્ધિઓ અને એમને મળતા માનપાનની ઈર્ષાથી બળી જતા. મોકો મળે ત્યારે ગોરાણીમાના કાન ભંભેરતા અને બંને વચ્ચે ઝઘડો કરાવતા. ગોરાણીમાના ભોળપણનો લાભ લઈ એમનું ધ્યાન બીજા કામમાં પરોવી, એમની રસોઈમાં, કિરપાશંકર મામાના ભોજનમાં ઝેર ભેળવવાનો પ્રયાસ પણ કરેલો. કિરપાશંકર મહારાજે ગોરાણીમાને પણ કહેલું, ‘ગોરાણી, પૂર્વજન્મનું ઋણ ચૂકવવા, તમારા ગયા જનમના ઉપકારનો બદલો વાળવા, મારો ને તમારો આ જન્મે મેળાપ થયો છે. હું, તમે, આપણા સંતાનો, ત્રણ દીકરા ને એક દીકરી, કર્મના બંધનથી આ જન્મે ભેગા થયા છીએ. તમારું ઋણ પૂરું થતા જ હું જતો રહીશ. માટે કોઈની વાતોમાં આવીને કોઈ ઉધામા કરશો નહીં.’

તે છતાં આવું બીજીવાર થયું ત્યારે, મહારાજને એમના અંતનો અણસાર આવી ગયેલો. એ વખતે ગામડાંમાં દાક્તરી સુવિધાઓ તો હતી નહીં, ત્યારે એમણે બધાને હાથ જોડી ક્ષમા આપી. પોતાના આ જન્મનો હેતુ વગેરે સમજાવી, મારા પિતાશ્રીને આ સંપેતરું નંદલાલને પહોંચાડવાની વિનંતી કરી, આ જગતમાંથી વિદાય લીધી. ગોરાણીમા તેમજ એમની ઈર્ષા કરનારા કુટુંબીજનોને પછી તો ખૂબ પસ્તાવો થયો, કે આપણે પૂર્વ જનમના ઋષિ મુનિને ઓળખી ના શક્યા, પણ હવે શું થાય! આ વાત કરવાનો મારો હેતુ ફક્ત કિરપાશંકર મહારાજની મહાનતાની જાણ તમને સૌને કરાવી, એમના સુપુત્ર નંદલાલને એમણે આ સંપેતરામાં શું વારસો આપ્યો હશે એની મહત્તા સમજાવવાની ગણતરી હતી, એ આપ સૌ સમજી શક્યા હશો.”

કહીને બાપુએ વાત પૂરી કરી. વાત સાંભળનારા સૌ કોઈ, આ વાત સાંભળીને ગમગીન થઈ ગયા. ઘણાં તો રડી પણ પડ્યા.

બાપુએ સ્વસ્થતા કેળવીને ફરી કહ્યું, "હવે આપ સૌની હાજરીમાં આ સંપેતરું હું ખોલીને નંદલાલને અર્પણ કરું છું." કહી બાપુએ દાબડાને લગાવેલ તાળાને એક ચોક્કસ જગ્યાએ દબાણ આપતા જ તાળું ખૂલી ગયું. સૌ આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા હતા. બાપુએ કહ્યું, "આ તાળું મારા બાપુજીએ ખાસ બનાવડાવીને આ દાબડાને લગાવ્યું હતું. જેને કઈ રીતે ખોલવું એની મને જાણ કરી હતી." તાળું ખૂલતા જ સૌની કુતુહલતા વધી ગઈ કે હવે દાબડામાં શું હશે? બાપુએ ધીમેથી જોર કરતાં દાબડો ખૂલી ગયો ને અંદર કેસરી, રેશમી કપડામાં વીંટાળેલ એક પોટલી નજરે પડી. બાપુએ એક હાથે ઊંચકવા પ્રયત્ન કર્યો, પણ વજન વધારે હોતાં ઊંચકાઈ નહીં. બાપુએ બંને હાથે પ્રયત્ન કરી પોટલી બહાર કાઢી ને પાસે પડેલા ટેબલ ઉપર મૂકી. સૌની ઈંતેજારી વધતી જતી હતી કે આટલી વજનદાર પોટલીમાં શું હશે! બાપુએ નંદલાલને કહીને એની પાસે જ પોટલીની ગાંઠો ખોલાવી. વરસોથી નહીં છૂટેલી ગાંઠો ખોલતા વાર તો લાગે જ. પોટલી ખૂલી તો અંદરથી એક કપડામાં વીંટાળેલ કાગળ જેવું લાગ્યું અને એની નીચે બીજા એક કેસરી કપડામાં, લંબચોરસ પોથી વીંટેલી હોય એવું લાગતું હતું ને એની આજુબાજુ પડેલા અસલ ચાંદીના રાણીછાપ રૂપિયા ચળકતા પડેલા હતા. જેને લઈને પોટલી વજનદાર લાગતી હતી. બાપુએ નંદલાલને એક પછી એક વસ્તુ બહાર કાઢવા કહ્યું. નંદલાલે બધી વસ્તુ બહાર ગોઠવીને મૂકી. ચાંદીના કુલ ૧૦૦ સિક્કા હતા. બાપુએ બીજા કપડામાં વીંટાળેલ કાગળ ખોલ્યો. ઘડી વાળેલ કાગળ જૂનો થઈ ગયો હતો. પરંતુ કાળી શાહીથી લખાયેલ કાગળ બાપુએ બતાવીને વાંચવાની શરૂઆત કરી.

બાપુએ જમણી સાઈડે લખેલ તિથિ અને વાર વાંચીને આશ્ચર્ય સાથે બોલ્યા, "આ કાગળની તિથિ વિક્રમ સંવત ૧૯૫૫, અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરૂ પૂર્ણિમાના દિવસે લખાયેલ છે, જે નંદલાલને સંબોધીને લખેલ છે." સૌ આશ્ચર્યથી મનોમન કેટલા વરસ થયા એની ગણતરી કરવા લાગ્યા. બાપુએ કહ્યું, "હવે હું કાગળ વાંચી સંભળાવું છું, બધા ધ્યાનથી સાંભળજો."

"ચિ. નંદલાલ,

તમારા પિતા કિરપાશંકર ગંગારામ જોશીના આશીર્વાદ. આ કાગળ તમને ક્યારે મળશે એ મને ખબર નથી, પરંતુ મળશે એ ચોક્કસ, કારણકે મેં એની જવાબદારી મારા પરમ મિત્ર શ્રી કૃષ્ણકુમાર બાપુને સોંપી છે, જે તમને આ કાગળ ગમે ત્યારે પહોંચાડશે. આ સાથે મારા જ્યોતિષશાસ્ત્રના અભ્યાસનો નિચોડ અને મને જે જે જ્યોતિષ વિજ્ઞાનની ગણતરીના સચોટ પરિણામ મળ્યા છે, તેનું અવલોકન પદ્ધતિસર કરેલું છે. **આ જ્ઞાનનો વારસો તમને આપવાનો પણ ખાસ હેતુ છે.** મારા ત્રણે દીકરા અને એક દીકરીમાં તમે જ મને યોગ્ય લાગ્યા છો, જે ભવિષ્યમાં આનો ઉપયોગ કરી, માનવજાતની સેવા સાથે, આપણા ભારત દેશનો અમર વારસો, જ્યોતિષવિદ્યાની પરંપરા, આગળ જતાં નિભાવી શકશો, એવી ખાતરી થતાં, મેં તમને આ પોથી, જે પાનારૂપે છે, તે પહોંચાડીને સંતોષ સાથે, મારું આયખું પૂરું થવાની રાહ જોઈ રહ્યો છું. પરંતુ આ વિદ્યાના આત્મસાત માટે, નીચેની બાબતો ધ્યાનથી ફક્ત વાંચીને જ નહીં પરંતુ યાદ રાખીને એ પ્રમાણે અમલ કરવાનો રહેશે.

૧. આ જ્યોતિષ શાસ્ત્રના સિદ્ધાંતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે, તેમજ વારંવાર તેમાં સિધ્ધ થયેલી યુતિઓ, પરિણામો, એની અસરો યાદ રાખવાથી, તમે એમાં નિપુણતા મેળવી શકશો.

૨. મહાભારતમાં પાંડુપુત્ર સહદેવ પ્રખર જ્યોતિષી ગણાતા હતા. પરંતુ તેઓ આપમેળે, કોઈના પૂછ્યા વિના, ભવિષ્ય જાણતા હોવા છતાં, કોઈને કહી શકતા નહીં. એ રીતે તમે કોઈ વ્યક્તિ પૂછે નહીં ત્યાં સુધી કોઈને તેનું ભવિષ્ય કહી શકશો નહીં. નહિંતર તમે આ વિદ્યા આત્મસાત્ નહીં કરી શકો કે તેની સચોટતા, જો સામેથી કહેવા જશો તો ખોટી પડશે.

૩. આ પોથી સ્વીકારી તમે સૌ કોઈની હાજરીમાં માથા ઉપર મૂકશો એટલે તમે આ શાસ્ત્રની મહત્તા સમજીને સ્વીકારી છે, તો પણ આ શાસ્ત્રની સત્યતાના ચમત્કારરૂપે એવું કંઈક બનશે, જેની તમે કલ્પના નહીં કરી હોય.

૪. આ પોથીના તમારા સ્વીકાર પછી, તમારા કુટુંબમાં જન્મનાર બાળક કે બાળકી, આ વિદ્યાના તમારા પછી વારસદાર બનશે.

૫. આ સાથેના રૂપિયા તમે આ વિદ્યાના અભ્યાસ માટે પરિશ્રમ કરો ત્યારે, તમારા કુટુંબની અર્થવ્યવસ્થા જળવાઈ રહે તે માટે મેં સાથે આપેલ છે.

બસ એજ, પિતા કિરપાશંકરના આશીર્વાદ સાથે હર-હર મહાદેવ."

પત્રનું વાંચન પૂરું થતાં જ સાંભળી રહેલા સૌ કોઈ, અહોભાવથી મનોમન દિવંગત કિરપાશંકર મહારાજને વંદી રહ્યા. બાપુએ નંદલાલ મહારાજને પોથી સ્વીકારવા વિનંતી કરતા કહ્યું, "નંદલાલ, કિરપાશંકર મામાની ઈચ્છા પૂરી કરો."

નંદલાલે ઊભા થઈને પોથીને પગે લાગીને, પોથી બે હાથે ઊંચકીને પોતાના માથે મૂકી ત્યારે સૌ કોઈ હાજર રહેલાઓએ ઊભા થઈને, હાથ ઊંચા કરીને, "હર હર મહાદેવ"નો નાદ

સમાજવાડીમાં ગુંજવી દીધો. ત્યાં જ..., બાપુનાં શ્રીમતીની બાજુમાં બેઠેલા નંદલાલના ઘરવાળા એકાએક ઢળી પડ્યા. પ્રથમ તો કોઈને કાંઈ સમજ ના પડી, કે શું થયું. કોઈ કંઈ સમજે એ પહેલાં તો નંદલાલના ઘરવાળાં ગોરાણી, લાંબા ગામતરે નીકળી ગયા. આખી સમાજવાડીમાં હો-હા મચી ગઈ. ત્યાં જ, બે મિનિટ પછી વાલજીભાઈના દીકરા સમીરનો મોબાઈલ રણકી ઉઠ્યો. નંદુ મહારાજનો નાનો દીકરો, રશ્મિકાંત, જે સમીરનો ખાસ મિત્ર હતો, તેણે સમીરને કહ્યું, "સમીર, મારા બા-બાપુજીને ખબર આપ કે મારા ઘરે લક્ષ્મીજીની પધરામણી થઈ છે, ને મારા ઘરવાળીએ દીકરીને જન્મ આપ્યો છે તથા દીકરી અને મા બેય બરાબર છે." સમીરે વાતાવરણની ગંભીરતા સમજી, તેના પિતા વાલજીભાઈને એક બાજુ બોલાવી ખબર આપ્યા. વાલજીભાઈએ બાપુને એક બાજુ બોલાવીને વાત કરી. બાપુએ આકાશ સામે જોઈને હાથ જોડ્યાને બોલ્યા, "નંદલાલ, જુઓ કિરપાશંકર મામાની જ્યોતિષવિદ્યાનો ચમત્કાર ને ભોળા મહાદેવની કૃપા! **તમારા ઘરવાળાં ગોરાણી તમને છોડી ગયા નથી, પણ તમારા પત્નીરૂપે એમનું કર્મ પૂરું થયું ને તમારા ઘરે, પૌત્રી રૂપે પાછા આવ્યા છે, જે હવે તમારા પછી આ વિદ્યાના વારસદાર બનવાના છે.** હર હર મહાદેવ..."

એકઠા થયેલા સૌ કોઈ ચમત્કારને વાગોળતા, નંદુ મહારાજના પત્નીની અંત્યેષ્ઠીમાં જોડાયા. એ પહેલા શૈલેન્દ્રસિંહ બાપુએ સૌની હાજરીમાં નંદલાલને આશ્વાસન આપતા કહ્યું, "નંદલાલ, કર્મની ગતિ ન્યારી છે. આ પ્રસંગ શોકની સાથે સાથે નિયતિના પરિણામનો સ્વીકાર કરવાનો છે. ધન્ય છે કિરપાશંકર મહારાજને! આપણને સૌને એમના સાંનિધ્યનો લાભ મળ્યો. ધન્ય છો તમે ને તમારું કુટુંબ, જેના વડીલ આવા કરોડોમાં પણ ના મળે એવા ઋષિને ત્યાં તમે જન્મ લીધો અને ધન્ય ધન્ય બન્યા. અમારે ભાગે આવેલી ફરજ અમે નિભાવી, પરંતુ ખબર નહોતી કે આવા પ્રસંગના સાક્ષી બનવાનું પણ અમારા નસીબમાં લખાયું હશે. તમારી સાથે અહીં હાજર રહેલા સૌ કોઈનું જીવન પણ ધન્ય બની ગયું." કહીને બાપુ નંદલાલને ભેટી પડ્યા. ત્યારે સૌની આંખોમાંથી ગંગા-જમના વહી નીકળી!

*૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

---

## જ્યાં મહારાજા શ્રેણિકના હાથ હેઠા પડ્યા! – (૨)

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

સમ્રાટ શ્રેણિક જેવા રાજવી તે ખરીદી ન શક્યા તો એ સામાયિક એટલે શું? મુહપત્તિ, પૂંજણી, માળા, પાથરણું વગેરે ઉપકરણ લઇ બે ઘડી બેસવું એ સામાયિક છે? હા, એ સામાયિક છે, પણ દ્રવ્ય સામાયિક છે. એના દ્વારા ભાવ સામાયિકમાં જવાની નેટ પ્રેક્ટિસ કરવાની છે.

શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ હોય તો દિવસો સુધી ગીત, નૃત્યની પ્રેક્ટિસ ચાલે છે. અરે, નવરાત્રીના દાંડિયા રમવા હોય તો પણ એની પ્રેક્ટિસ ચાલે છે. પ્રેક્ટિસ વિના સીધેસીધું તો કશું આવડતું નથી. વળી અહીં આપણો જીવ તો અનાદિકાળનો સંસાર વ્યવહાર અને ઇન્દ્રિયોના ભોગમાં ડૂબેલો છે. એનાથી જ ટેવાયેલો છે. બાળક જન્મે છે, એને ભૂખ લાગે છે તો તરત દૂધ માટે જ મોઢું ખોલે છે, અન્ય કોઈ અવયવ નહીં. કેમ? અનાદિના સંસ્કાર છે અને પેલું મન? એ તો અતિ ચંચળ છે. એ ચારેકોર ફરશે, રખડશે, કાનને શું સાંભળવું ગમશે, આંખને શું જોવું ગમશે, એમ બધી ઇન્દ્રિયો માટે ગમતાની શોધ અને અણગમતાથી અળગો રહેવામાં રાચ્યા છે. બિચારો આત્મા! એ આ બધા વચ્ચે ઘેરાયેલો છે. જેમ જીભ બત્રીસ દાંતની ચોકી પહેરા વચ્ચે રહે તેમ એમાં જ લપેટાઈ આનંદ માને છે, પણ એ તેનો સ્વભાવ નથી. **આત્મા પોતે અનંત જ્ઞાન, અનંત શક્તિ, અનંત સુખનો સ્વામી છે.** પણ ગમતું, ન ગમતુંની પળોજણમાં પડી વિભાવ દશામાં ગયો છે. સ્વને ભૂલી પરને વશ થયો છે. પરિણામે એની દશા દયનીય છે.

હા, પુણિયા શ્રાવક જેવા આ રહસ્યને જાણી ગયા હોય છે. એમને સાચા સુખના ખજાનાની ભાળ મળી ગઈ છે. એ જાણે છે કે સામાયિક એટલે શું? સામાયિકની સાધના કેમ કરાય?

**સામાયિકનું બીજું નામ છે સાવજ્જજોગ વિરતિ.** રાગદ્વેષ રહિત દશામાં હિંસા, અસ્તેય, ચોરી, મૈથુન, પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ કરી આત્મસંયમની પ્રાપ્તિ માટે સાધના કરવી. આત્મસંયમની સાધના કરતાં એ વિચારશે કે મારો ક્રોધ કેટલો ઘટ્યો, મેં માયા ક્યાં કરી, વગેરે વિચારો દ્વારા એ સતત બહાર દૃષ્ટિ કરવાનું છોડી અંતરદૃષ્ટિ કરશે. મનની ફરવાની દિશા બદલાશે અને આ પ્રેક્ટિસ એને આત્મદશામાં લઈ જશે, પરને છોડી સ્વમાં વસી શકશે.

**બે ઘડીનો પુણિયા શ્રાવકનો સામાયિક ચાર બાબતો પર પ્રકાશ ફેંકે છે :** (૧) પ્રાણી માત્ર પ્રત્યે સમભાવ, (૨) પાંચ ઇન્દ્રિયો અને મન પર સંયમ, (૩) મૈત્રી આદિ ચાર શુભ ભાવના, (૪) આર્ત અને રૌદ્ર ધ્યાનનો પરિત્યાગ. આ ચાર બાબતો જીવનમાં કેળવી અંતરના સાચા ભાવપૂર્વક સામાયિક કરનાર હળવો બને છે, નિર્મળ અને પવિત્ર બને છે, મુક્તિના માર્ગે ઉડવા સજ્જ થાય છે.

*ધન્વંતરી ચિકિત્સાલય,*
*શ્રીજી નગર, મુંદ્રા, કચ્છ.*

મિલન

# વર-કન્યાની પસંદગી યોગ્ય સમયમાં થવી જોઈએ...

આજકાલ દીકરીના લગ્ન કરવાનાં હોય કે દીકરાનાં પરંતુ તેમને માટે ઉચિત વર કે કન્યાની શોધ કરવાની સમસ્યા અત્યંત વિકટ બની ગઈ છે. **ખાસ કરીને છોકરી માટે વરની શોધ ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. આપણે જેમ જેમ ૨૧મી સદી તરફ આગળ વધીએ છીએ, તેમ તેમ આ સમસ્યા વધુ ને વધુ વિકટ બનતી જાય છે.** આનું પરિણામ એ આવે છે કે યુવાવસ્થાનો લગ્ન માટેનો યોગ્ય સમય પ્રૌઢાવસ્થામાં પરિવર્તન થવા લાગ્યો છે. અનેક મેગેઝિનો અને વર્તમાન પત્રોમાં વાંચવા મળતી લગ્નવિષયક જાહેરખબરો આ હકીકતનો પુરાવો છે. જેમાં ૩૦થી ૪૦ વર્ષના લગ્નોત્સુક યુવક-યુવતીઓ વિશે જાણવા મળે છે.

વળી શિક્ષણના પ્રચાર પ્રસારને કારણે પણ યુવક-યુવતીઓ મોટી વયનાં થઈને લગ્ન કરે છે. હવે ૨૪-૨૫ વર્ષની વય તો અભ્યાસમાં જ વીતી જાય છે. પણ જ્યારે ભણીગણીને બધી રીતે યોગ્ય થયા બાદ વરવધૂની શોધ કરવામાં આવે, ત્યારે અણધારી, કટુ અણગમતી તથા નિરાશાજનક પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. અનેક જાતની વાતો, શરતો, **જોવા માટેની આવનજાવન તથા દોડધામ પછી પણ કોઈ સારું પરિણામ પ્રાપ્ત થતું નથી અને એ જ તાણમાં, જોતજોતામાં સમય પસાર થઈ જાય છે.** આમ, લગ્ન કરવા લાયક છોકરા છોકરીની યોગ્ય વય વીતી જાય છે.

ઘરમાં પુત્રીનો જન્મ થાય ત્યારથી જ એનાં માતા-પિતાને એના લગ્નની ચિંતા થવા લાગે છે. કારણકે તેના લગ્ન માટે સારી એવી રકમ એકત્રિત કરવાનો ભાર માથે હોય છે. ખરેખર, છોકરીના માતા-પિતા માટે તેના લગ્ન પાછળ થતો અઢળક ખર્ચ જ મોટામાં મોટી સમસ્યા છે, જેથી છોકરીનો જન્મ સુખદ નથી મનાતો. જેમ છોકરી મોટી થતી જાય છે, તેમ માતા-પિતાની ચિંતા પણ વધતી જાય. આજકાલ મોંઘવારીના જમાનામાં કુટુંબનું ગુજરાન તથા બાળકોને ભણાવી ગણાવી મોટા કરવાનો ખર્ચ જ માંડ નીકળતો હોય, ત્યારે લગ્ન કરવા જેવડી છોકરી માટે છોકરો શોધતા પહેલાં ગમે તે રીતે રૂપિયા ભેગા કરવા તે ખૂબ જ જરૂરી છે.

**બીજી મહત્ત્વની સમસ્યા છે વધારે પડતી મહત્ત્વાકાંક્ષા.** મોટાભાગે દરેક છોકરીનાં માતા-પિતા વધારે સુખી શ્રીમંત ઘર તથા સારો હોદ્દો ધરાવતા કે વધુ કમાતા વેપારી છોકરાને પ્રાધાન્ય આપે છે. જે યુવતીઓ નોકરી કરતી હોય, તેઓ તથા તેમના માતા-પિતા પણ વધારે પડતી મહત્ત્વાકાંક્ષા ધરાવતા હોય છે. તેઓ માત્ર વધુ ઉચ્ચ કક્ષાના વરની શોધમાં હોય છે.

એક પછી એક છોકરાઓ જુએ અને મૌન ધારણ કરે. ક્યારેક કોઈ છોકરો પસંદ પડી જાય, તો છોકરા તરફથી વધારે પડતી માંગણી અને મહત્ત્વાકાંક્ષાને પરિણામે તેમને નિરાશ થવું પડે છે. વર્તમાનપત્રોમાં છપાતી જાહેરખબરોમાં પણ સર્વોત્તમની જ શોધ કરવામાં આવે છે. સંપર્ક સાધવા માટે કેટલાય છોકરાઓની પસંદગી થાય છે, જોવા અને આવવા-જવામાં સમય વેડફાય છે. છેવટે ચિંતા, નિરાશા, અકળામણ, હતાશા જન્મે છે. **પરિણામે યુવાનીનું સૌંદર્ય અકાળે કરમાતું જાય છે.**

ત્યાર પછી માતા-પિતાની તથા ખુદ છોકરીની મહત્ત્વાકાંક્ષા પણ ધીમે ધીમે ક્ષીણ થવા માંડે છે અને અંતે વાસ્તવિક્તા સ્વીકારીને તે ગમતા અણગમતા વરને સ્વીકારી લે છે.

જ્યારે પરિવારમાં છોકરાનો જન્મ થતાં જ તેને શુભ ગણવામાં આવે છે. માતા-પિતા અને તમામ કુટુંબીજનો આનંદિત થઈ ઉઠે છે. કેટલાક પરિવારમાં થાળી વગાડવામાં આવે છે અને મીઠાઈ વહેંચાય છે. કેટલીકવાર પાર્ટીઓ આપવામાં આવે છે. આની પાછળનું કારણ એકદમ સ્પષ્ટ છે. છોકરો મોટો થઈને કમાશે, ખૂબ કરિયાવર તથા રોકડ રકમ સાથે લઈને આવનારી પુત્રવધૂ લાવશે.

મોટાભાગના માતા-પિતા એવી જ છોકરી તરફથી આવતા પ્રસ્તાવ પ્રત્યે રૂચિ દાખવે છે, જે પૈસાદાર અને લગ્નમાં પણ સારો એવો ખર્ચ કરે તેમ હોય. તેઓ આવા જ કુટુંબની સુંદર તથા સુશીલ છોકરીઓની લાલચમાં હોય છે અને **વધારે પૈસાદારની શોધમાં સારી સારી છોકરીઓના પ્રસ્તાવને નકારી કાઢે છે. પરિણામે દીકરો મોટી વયનો થઈ જાય છે.** આમ, ન તો છોકરીને યોગ્ય છોકરો મળે છે, કે ન તો છોકરાને યોગ્ય છોકરી!

અનેકવાર છોકરા માટે આવતા માંગાની ના પાડ્યા પછી માંગા આવતા બંધ થઈ જાય છે કે ઓછા થઈ જાય છે, ત્યારે છોકરાના કુટુંબીજનોએ પણ પોતાનો દુરાગ્રહ પડતો મૂકીને જેવી મળે એવી છોકરી સાથે લગ્ન કરાવી દેવા પડે છે.

આ રીતે વર વધુની શોધમાં મુખ્યત્વે બે જ સમસ્યાઓ હોય છે. એક તો છોકરીવાળા માટે લગ્નમાં ખર્ચવા માટે વધારે પડતી રકમની વ્યવસ્થા કરવી, **બીજી વધારે પડતી મહત્ત્વાકાંક્ષા રાખીને વરવધૂની શોધ કરવી, જે બંને પક્ષે સમાન હોય છે.** જો કે પ્રથમ સમસ્યા અલબત્ત, એટલી વિકટ છે કે લગ્ન સંસ્થા વિશે એવી શંકા ઉત્પન્ન થવા લાગે છે કે આ રીતે હજારો લાખો રૂપિયાનું આયોજન કરી કરવા ધારેલાં લગ્ન પણ ભવિષ્યમાં સફળ થશે કે નહીં.

આ વિશે એવું જાણવા મળ્યું છે કે એવી કેટલીય અપરિણીતા છોકરીઓ છે, જે પૂરતા પૈસાના અભાવે પ્રૌઢા થઈ જાય છે. હવે તેમના લગ્ન થાય એવી આશા સેવી શકાય તેમ નથી. કેટલાક ઘરોમાં બહેનો કુંવારી બેઠી હોવાને કારણે ભાઈએ પણ પોતાના લગ્નને ટાળવા પડે છે.

મોટાભાગે જાનૈયાઓ માટે બાદશાહી નાસ્તા, ભોજન તથા સ્વાગત માટે સજાવેલ મંડપ વગેરે પાછળ જ અડધોઅડધ રૂપિયા ખર્ચાઈ જાય છે. આ ઉપરાંત ક્યારેક બારણું રોકવું, ચાલ્લો, સીમંત પહેરામણી વગેરે રિવાજોને લીધે પણ લગ્નનો ખર્ચ વધે છે. જો જાનૈયાઓની સંખ્યામાં ઘટાડો કરવામાં આવે, નાનો છતાં સ્વચ્છ અને વ્યવસ્થિત મંડપ હોય, ભવ્ય ભોજન અને નાસ્તાને બદલે સીધાસાદા નાસ્તા અને ભોજનની સગવડ કરવામાં આવે તથા અનેક પ્રસંગે વારંવાર આપવાને બદલે એક સાથે યોજના ઘડીને સીમિત રકમ આપી દેવામાં આવે, તો અવશ્ય વધારે પડતો ખર્ચ થતો અટકાવી શકાય છે.

દીકરીને કરિયાવરમાં ગૃહપયોગી વસ્તુઓ તથા ભેટ આપવાની વાત કરીએ, તો તે અંગે એ જાણી લેવું જરૂરી છે કે, નવજીવનની શરૂઆત કરવા તથા નવા પરિવારમાં સ્નેહ, આદર અને સમ્માનની લાગણી પ્રદર્શિત કરવા માટે પોતાની ક્ષમતા મુજબ તેમને આપવું માતા-પિતા માટે જરૂરી છે. આને શોષણ કે લાચારી સમજવાને બદલે એક આવશ્યક્તા ગણવી જોઈએ. છોકરાનાં માતા-પિતા પણ ઘર, કપડાં, ઘરેણાં વગેરેની વ્યવસ્થા કરીને નવી ગૃહસ્થી વસાવવામાં મદદગાર થાય જ છે ને? બીજી સમસ્યા છે વધારે પડતી મહત્ત્વાકાંક્ષાની.

આ સમસ્યાનો સામનો બંને પક્ષના માતા-પિતાએ કરવો પડે છે તથા બંને પક્ષે તેનો ત્યાગ કરવો પણ જરૂરી છે. આ અંગે એક જ વાત કહી શકાય કે, 'અતિ સર્વત્ર વર્જયેત.' બંને પક્ષોએ સૌપ્રથમ રંગરૂપ ને **શારીરિક બાંધાની** રીતે યોગ્ય હોય એવી જોડ શોધવી જોઈએ. ત્યાર પછી **શૈક્ષણિક યોગ્યતા**, ઘરકામમાં નિપુણતા અને છોકરો એટલી આવક ધરાવતો હોય, જેમાંથી ઘરખર્ચ સહેલાઈથી નીકળી શકે તે જોવું જોઈએ. ત્રીજી જરૂરિયાત છે **સભ્ય, સુસંસ્કૃત પરિવાર, જે આર્થિક રીતે સમકક્ષ હોય.**

પોતાના કરતા વધારે સમૃધ્ધ પરિવારના ઉચ્ચ હોદ્દા ધરાવતા કે વેપાર કરતા છોકરા અથવા વધારે કરિયાવર, રોકડ રકમ અને કિંમતી ભેટ-સોગાદ આપનાર અમીર લોકોની છોકરીઓની શોધ યોગ્ય વર વધૂ મેળવવામાં અવરોધ નિર્ણાયકો છે.

**ધન, વૈભવ, સુખ તથા ઐશ્વર્યની સામગ્રીથી જ દાંપત્ય જીવન સુખી અને સફળ થતું નથી. તે માટે પરસ્પર પ્રેમ, સહકાર, સમજદારી, સહનશીલતા તથા નિઃસ્વાર્થતા જેવી અનેક બાબતો હોવી અત્યંત જરૂરી છે.**

આથી સરળતાથી વર વધૂ મળી જાય તે માટે લગ્ન દરમિયાન ઓછામાં ઓછો ખર્ચ કરવો. કરિયાવર માટેની તેમજ વધારે પડતી મહત્ત્વાકાંક્ષાની ભાવના ન રાખવી. વધતી જતી મોંઘવારીના જમાનામાં લગ્ન દરમિયાન નિરાશા તથા ચિંતાથી બચવા માટે બંને પક્ષે સમજદારી તથા દૂરંદેશીથી કામ લેવું જોઈએ. ■

## કમાલ છે!

આપણે ઇન્ડિયનો કમાલ છીએ!

એક ક્રિકેટર એક મેચ સારી નથી રમી શકતો, તો એના ઘરે જઇને પથ્થરમારો કરીએ છીએ...

અને એક રાજકારણી પાંચ પાંચ વરસ સુધી કંઈ જ નથી કરતો છતાંય એને મત આપીને ફરી ચૂંટી કાઢીએ છીએ!

## ડુસકા

સવારે મામાને ત્યાં તેડી ગયેલા મુન્નાને રાત્રે મૂકવા આવ્યા ત્યારે તુરંત મુન્નાએ કહ્યું, 'પપ્પા! પપ્પા! મારી મમ્મી ક્યાં ગઈ? સવારે જ કાળજુ કઠણ કરીને ધર્મપત્નીને અગ્નિદાહ દઇને આવેલો મનોજ શું જવાબ દે? પણ મન મજબૂત કરીને મનોજે મુન્નાને કહ્યું, 'બેટા! તારી મમ્મી હવે નહીં આવે.' મુન્નાને થોડું કુતુહલ થયું. પછી સાવ નિર્દોષભાવે પૂછ્યું, 'પપ્પા, મમ્મી શું કામ નહીં આવે?' 'મુન્ના બેટા, તારી મમ્મી ગુજરી ગઈ છે. એટલે હવે પાછી નહીં આવે.' 'ગુજરી ગઈ' શબ્દ નાના બાળક માટે સાવ નવો હતો. **કંઈ અર્થ ન સમજતા મુન્નાએ કહ્યું કે, 'પપ્પા, હું ગુજરી જાઉં તો મને મમ્મી મળી જાય?' મુન્નાનો સવાલ સાંભળીને મનોજની આંખમાં અશ્રુ આવી ગયા.** પાંચ વરસના બેસમજ મુન્નાને મનોજે કંઈ જવાબ ન આપ્યો પણ હાથ લાંબો કરીને એણે મુન્નાને છાતીએ લગાડી દીધો. મુન્નો પણ જાણે થોડી હકીકત સમજી ગયો હોય તેમ ડુસકા ભરતો ભરતો મનોજના ખોળામાં જ સૂઈ ગયો. એના ડુસકા શમી ગયા પણ મનોજના ડુસકા હજી નહોતા શમ્યા.

*મણિલાલ ડી. રૂદાણી*
*પરેશ નગર, મુ. રાણાવાવ, પોરબંદર-૩૬૦ ૫૫૦.*

ગૃહમંત્રી

# ગૃહિણીને કારભાર સોંપી શકાય....

મારી ફ્રેન્ડ રીનાએ મને કહ્યું કે તેના પતિનો પગાર કેટલો છે અને બેંકમાં તેમની બચત શું છે એની મને ખબર નથી ત્યારે મને ઘણી નવાઇ લાગી. બીજી નવાઈ એ છે કે રીના જેવી ઘણી યુવતીઓ છે. ઘણી ભારતીય નારીઓ પતિ પાસે કેટલા પૈસા છે તે જાણતી નથી. આપણા સમાજની રચના જ એવા પ્રકારની છે કે સ્ત્રીઓને અમુક બાબતથી અલિપ્ત જ રાખવામાં આવે છે. ઘરનો ચૂલો સળગતો રાખવાનું કામ સ્ત્રીનું છે અને એ ચૂલાનું ઈંધણ (પૈસા) પૂરું પાડવાનું કામ પુરુષોનું છે એવી દૃઢ થઈ ગયેલી માન્યતા કદાચ ઝાંખી થઈ ગઈ હશે પરંતુ સંપૂર્ણપણે ભૂંસાઈ નથી એ વાત રીના જેવી યુવતીઓ સત્ય સાબિત કરે છે. સ્ત્રીઓ સમક્ષ પોતાની આર્થિક સ્થિતિ રજૂ કરતા પુરુષનો અહમ આડો આવતો હોઈ શકે છે. ઘણા ભારતીય પતિઓ પૈસાની બાબત તેમની પત્નીને પ્રમાણિકતાથી જણાવતા નથી. જોકે ઘણા પતિઓ પત્ની સાથે સંયુક્ત ખાતુ ખોલાવે છે જેથી કરીને તેમનો ખર્ચો અંકુશમાં રહે.

**આધુનિક જમાનાના સંબંધોમાં પૈસાની બચત અને ખર્ચો સૌથી મોટી સમસ્યા છે.** સરાસરી ભારતીય દંપતિ અમુક પધ્ધતિથી જ પૈસો ખર્ચવા અને બચાવવા ટેવાયેલા છે. મોટાભાગે ભારતીય સ્ત્રીઓ અને છોકરીઓ પોતાના ઘર અને કુટુંબીજનો માટે વધુ પૈસા ખર્ચે છે જ્યારે પુરુષોને આ વિધાન લાગુ પડતું નથી. આ મત અમારો નથી પરંતુ નિષ્ણાત ફેમિલિ કાઉન્સિલરોનો છે.

જો કે ધનવાનોની પત્નીને બચત કરવાની જરૂર જ પડતી નથી. આ કામ તેમનો ઉદ્યોગપતિ પતિ સંભાળી લે છે. તેમણે તો માત્ર ખર્ચો જ કરવાનો હોય છે. પરંતુ આવી સ્ત્રીઓની સંખ્યા ખૂબ જ જૂજ હોય છે. બાકી સામાન્ય નારીઓને ખર્ચવા કરતા ઘર ચલાવવા માટે નાણાંની ચિંતા કરવાની હોય છે. પરંતુ મોટાભાગની નોકરિયાત કે ગૃહિણીઓને આ નાણાં ક્યાંથી આવે છે એની ખબર હોતી નથી.

ટ્રાવેલ એજન્સીમાં નોકરી કરતી ફાલ્ગુની કહે છે, "હું નાની હતી ત્યારે મારા પપ્પા મારી બધી જરૂરિયાતો પૂરી કરતા હતા. કોલેજમાં આવી ત્યારે પણ મને મારા ડ્રેસના તેમજ ખિસ્સા ખર્ચના પૈસા મળી જતા હતા અને મેં નોકરી કરવા માંડી ત્યારે પણ મારા પપ્પાએ મારો પગાર અલગ જ રાખ્યો હતો. મારો બધો પગાર મારા બેંકના ખાતામાં જમા થતો હતો. લગ્ન પછી આ બધા પૈસા મારા પપ્પાએ મને આપી દીધા. મારા પપ્પા કેટલું કમાય છે અને કેટલું બચાવે છે એની આજ સુધી મને ખબર નથી અને ખરું પૂછો તો મેં એ જાણવાની દરકાર પણ કરી નથી પરંતુ લગ્ન પછી હું આગ્રહ રાખું છું, કે મારા પતિના પગાર અને બચત અંગે મને જાણકારી મળતી રહે. જો કે મારા પતિએ બચત કરવા માટે જે પધ્ધતિ રાખી છે એ મને ખાસ પસંદ નથી. મારો પગાર ઘરના ખર્ચામાં વાપરવામાં આવે છે જ્યારે મારા પતિ સ્ટોક, પ્રોપર્ટી જેવી વસ્તુઓમાં બચત કરે છે અને આ બધી બચતો તેમના નામે જ હોય છે. અમારા સંયુક્ત નામે ઘણી ઓછી બચત છે."

**આજથી પચાસ વર્ષ પૂર્વે પતિ-પત્નીનાં સંબંધ વચ્ચે પૈસા આવતા નહોતા.** આનું કારણ એ હતું કે એ જમાનામાં સ્ત્રીઓ ભાગ્યે જ નોકરી કરતી હતી. તેઓ સંપૂર્ણપણે પુરુષો પર આશ્રિત હતી. સ્ત્રીની બધી જરૂરિયાતોનું ધ્યાન તેનો પતિ રાખતો હતો. પરંતુ આજે સ્ત્રીઓ ઘરની બહાર નીકળી છે. આજે પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. કમાતી-ધમાતી સ્ત્રીઓ ઘરના ખર્ચા અને બચતમાં સરખો અને ન્યાયી હિસ્સો હોવો જોઈએ એવો આગ્રહ રાખે છે. ઘરમાં ખરીદેલી વસ્તુમાં પણ સીધી યા આડકતરી રીતે પત્નીની આવક વાપરવામાં આવેલી જ હોય છે.

પુરુષો કમાય અને સ્ત્રીઓ ઉડાવે એ ઉક્તિ એક ભ્રમ છે. સ્ત્રીઓ આડેધડ પૈસા ખર્ચે છે એ વાત ખોટી હોવાની સાબિતી ફેમિલી કાઉન્સેલરો પાસેથી મળી આવશે. અરે, તેઓ તો એટલે સુધી કહે છે કે સ્ત્રીઓ કરતા પુરુષો વધુ ખર્ચા કરે છે અને મોટાભાગે તેઓ બિનજરૂરી વસ્તુઓ ખરીદીને આવે છે.

પતિ-પત્ની છુટાછેડા લેવા માંગતા હોય ત્યારે મામલો વધુ વકરે છે. ઘરની બધી વસ્તુઓ બંનેના પગારમાંથી ખરીદવામાં આવેલી હોય છે. ઘર ખરીદવાની હિંમત પણ બંનેની આવકને કારણે જ કરવામાં આવી હોય છે. પરંતુ આમાંની મોટાભાગની વસ્તુઓ પતિના નામે હોય છે. આથી ન છૂટકે સ્ત્રીઓએ પડ્યું પાનું નિભાવી લઈ નિષ્ફળ લગ્નજીવનનું ગાડું પરાણે ગબડાવ્યા કરવું પડતું હોય છે. જ્યારે કેટલીક નારીઓ તેમને કરવામાં

આવતો અન્યાય ચૂપચાપ સહન કરતી રહે છે. ઘણા પતિદેવોને એવી આદત હોય છે કે વર્ષે દહાડે એકવાર પોતાના મિત્રો સાથે મઝાની પિકનિક માણી આવે છે અને પોતાના પૈસા ખર્ચી આવે છે. જ્યારે સ્ત્રીઓ ઘરમાં રહી ઘર અને નોકરી સંભાળ્યા કરે છે. તેમને બહારગામ જવાની તક ભાગ્યે જ મળે છે. આવી સુખ સાહ્યબી માણવાનું તેમના ભાગ્યમાં હોતું નથી. જોકે આનો અર્થ એવો નથી કે પતિને આડસંબંધો હોય છે પરંતુ તેઓ પોતાના પૈસા પોતા માટે જ વાપરવા માંગે છે.

કેટલાક એવા કિસ્સાઓ પણ મળી આવશે કે પતિ અને પત્ની પોતપોતાના નાણાં પોતપોતાની રીતે વાપરે છે અને બંને એકબીજાના ખર્ચા, આવક કે બચત પર અંકુશ રાખતા નથી.

**આ બધું જોતા યોગ્ય માર્ગ તો એ છે કે ઘરમાં કોણ કેટલો ખર્ચો કરશે? બચત કેવી રીતે થશે? મોટા ખર્ચાનો નિર્ણય સહિયારો લેવાશે કે નહીં આ બધાની ચોખવટ લગ્ન પૂર્વે જ કરી લેવી, એટલે પાછળથી મનદુઃખ ન થાય.■**

## ઔરત

રાખી સાવંત ચૂંટણીના ભાષણમાં કહેતી હતી, 'આજ કૌનસા ઐસા કામ હૈ જો ઔરત નહીં કર સકતી?'

પાછળથી ચતુર ઊભો થઈને બોલ્યો, 'મેડમ, ફાયર બ્રિગેડ કા.'

'ક્યું?'

'ક્યુંકી ઔરત કા કામ હૈ આગ લગાના! આગ બુઝાના નહીં...'

## ક્વિઝના જવાબો

A : (૧) નવી દિલ્હી, (૨) મધ્યમ, (૩) ૧૪ એપ્રિલ, (૪) ભરત, (૫) પોલો, (૬) અઝિમ પ્રેમજી, (૭) સ્પેનિશ.

B : (૧) REASONABLE, (૨) INDIVIDUAL, (૩) PHOSPHORUS, (૪) VEGETARIAN, (૫) TELEVISION, (૬) BLACKSMITH.

C :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ■ | હ | સ | ર | ત | ■ | મો | ર |
| ર | મા | ■ | ■ | સ | ■ | હ | દ |
| હ | મ | સ | ફ | ર | ■ | ર | ■ |
| ન | ■ | બ | ■ | ■ | મ | મ | તા |
| સ | મા | ર | કા | મ | ■ | ■ | ર |
| હ | ર | સ | ■ | ર | જો | ગુ | ણ |
| ન | સ | ■ | વ | જી | ર | ■ | હા |
| ■ | ■ | ખા | ર | વો | ■ | કો | ર |

## લઘુ કથા : યુ-ટર્ન

*– રણધીરસિંહ ડી. ચૌહાણ*

ઘનિષ્ઠા કાજળઘેરા આકાશને નિહાળતા સ્વપ્નોને સજાવે છે. મોડી રાત સુધી શ્રવણની રાહ જોવા છતાં તે ઘરે આવ્યો નથી. શ્રવણની ચિંતામાં તે પડખા ફેરવે છે. ઘનિષ્ઠા ચેનથી પૂરતી નિંદર માણી શકતી નથી. અધૂરી નિંદરે તેને મળસ્કે જાગી જવું પડે છે. શ્રવણની ઓફિસના સમય અંગે તેને તકેદારી રાખવાની હોય છે. ડનલોપ ગાદલાની સગવડ હોવા છતાં મોડી રાત્રે લેપટોપ, ટી.વી. નિહાળવામાં બાર વાગ્યા સુધી સમય વિતાવે છે. ઘનિષ્ઠા જાગતા રહીને શ્રવણની સાથે સંવાદિતા કરવામાં વ્યસ્ત બની જાય છે.

ઘનિષ્ઠા વહેલા મળસ્કે જાગે છે ત્યારે આંખોમાં ઓછી નિંદરનો ભાર છવાયેલો હોય છે. થાકેલી આંખે, થાકેલા તનથી કામકાજ ઝડપથી સંભાળવું પડે છે. ઘર બહાર નીકળે છે ત્યારે ડગમાં પૂરતી તાકાત જણાતી નથી. જીવન પરાણે ઢસડાઈને, ખેંચાઈને પસાર કરવાથી ચહેરા પર તાજગીનો અભાવ હોય છે. તેથી ક્યારેક અકળાઈને ઘનિષ્ઠા સંભળાવી દે છે : "હવે હું તમારા ઘરના ઢસરડા ખેંચી નહીં શકું."

ઘનિષ્ઠાના બોલમાં **'તમારું ઘર અને ઢસરડા'**નો શબ્દ સાંભળીને શ્રવણના મનને ઠેસ પહોંચી. બંને જણ ઘરની જવાબદારીમાં મન દઈને ધ્યાન આપી શકતા નથી.

ઘનિષ્ઠા તેની આજુબાજુના પાડોશી સાથે વાતચીત કરવામાં, પ્રસંગે હાજરી આપવામાં પૂરતો સમય આપી શકતી નથી. બસ, નામપૂરતી જ હાજરી આપીને વળી ઘરની જવાબદારી નિભાવવામાં પરોવાઈ જવું પડે. ખુશી, આનંદની મજા કેવી હોય તે અંગે તેને અચરજ પણ થાય છે. **પોતાની ઇચ્છાઓ આકાંક્ષાઓને ઘરબી દઇને બંધ બારીમાંથી આકાશને અલપ નજરે મોડી રાત સુધી નિહાળે છે. મન-વિચાર સ્પષ્ટ થતા નથી.** વહેલી સવારે ઉઠીને જીમમાં જવાની વાતને તો ક્યારનીય વિસરી ગઈ છે.

ઘનિષ્ઠા લેપટોપની ચુંગાલમાંથી છૂટી જવાનું વિચારે છે. મોડી રાત સુધી ટી.વી.ના સ્ક્રીન પર આંખોને વ્યસ્ત રાખવાને બદલે પરિવાર સાથે તેમને ગમતી વાતો માંડે છે. દીકરા - દીકરીને વાર્તા સાંભળવાની મજા આવે છે. તેમની નિર્દોષ વાતચીત સાંભળવાથી નિંદર પણ સારી આવી જાય છે. તેનાં પરિણામે સવારે ચહેરા ઉપર તાજગીનો સંચાર જણાય છે. તેની આદતમાં ગુસ્સો, થાક વર્તાતો હતો તે હવે ગાયબ થઈ ગયો છે. હવે ઘરમાં પરસ્પર નિકટતા પણ વધવા લાગી છે. શ્રવણ પણ ક્યારેક અનેરી ભેટ લાવીને આપે છે, જેનાથી ઘનિષ્ઠાની ઉચ્છૃંખલમાં પણ સારો એવો બદલાવ થયો. જિંદગીના આ યુ-ટર્નને તેઓ બંને જણા સહર્ષ સ્વીકારે છે.

*૧૪/સી, પાર્થ સોસાયટી-૧, વી.આર. નગર, સૃષ્ટિ પાર્ક પાછળ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૦૮૨ ૪૨૯૮૪*

# YOUTH CLUB : SOME GOLDEN RAYS....

Power and Money are
Fruits of Life
But
Family & Friends are
Roots of Life!
We can manage without Fruits
But
Can never stand without "Roots."

Success is neither magical nor mystical, it's just a result of your hard work with sincerity and natural consequence of your behaviour.

If people are trying to bring you down, it only means one thing : You are already above them.

Race cannot be won by accelerating in top gear, but by changing gear at the right time.
Likewise, timely decisions in life can help win the race of life.

Everything may not the nice. But there is something nice in everyone. Never keep a fixed image for anyone because... people act differently with different people!

There is only one difference between Dream and Aim.
Dream requires effortless sleep and Aim requires sleepless efforts.
Sleep for dreams and
wake up for Aims!

Ego and Love are the branches of the same tree. Just the difference is, Love always wants to say sorry and Ego always wants to hear it.

What do you gain by prayer?
Best answer given by
Swami Vivekanand :
"I gained nothing, infact
I lost Anger, Depression,
Jealousy, Irritation & Insecurity."

***Presentation : Dinesh R. Mehta***

## મનની વૃત્તિ

તમે જેટલું વધુ બીજાને આપશો, તેટલું વધુ તમે પામશો.
તમે જેટલા વધુ હસશો, તેટલાં તમે ઓછાં દુઃખી થશો.

તમે જેટલું વધુ નિઃસ્વાર્થપણે કામ કરશો
તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.

તમે જેટલું વધુ વહેંચશો
તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.

તમે જેટલું વધુ ચાહશો
તેટલી વધુ તમને જીંદગી સ–રસ લાગશે.

જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે દિવસે દિવસે આપણે પામીએ છીએ.

*– હેલન સ્ટીનર રાઈસ*

## સજ્જનની વ્યાખ્યા

એક એવો માણસ જે મન, વચન, કાયાથી શુદ્ધ હોય.

જે તવંગરોની ખુશામત અને ગરીબોની અવમાનના ન કરતો હોય.

જે ફરિયાદ કર્યા વિના હારી શકતો હોય અને આત્મશ્લાઘા કર્યા વિના જીતી શકતો હોય.

જે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની દરકાર કરતો હોય.

જે સત્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હોય

જે સારી રીતે જીવતો હોય અને અન્યોને સારી રીતે જીવવા દેતો હોય.

***એને સંપૂર્ણ સજ્જન કહેવાય.***

*– હોફમેન*

કોરોના સંક્રમણ

# કોરોના વાયરસ (કોવિડ-૧૯) : મહત્ત્વની તવારીખ – (૨)



દિનેશ આર. મહેતા

*માસ એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦ના વિશેષાંકમાં આ પ્રકારની જે માહિતી આપવામાં આવી હતી તેના અનુસંધાને અત્રે તેના પછીની વિગત પ્રસ્તુત છે.*

## વિશ્વ

### તા. ૨૫-૦૬-૨૦૨૦

- **૧૦૪ દિવસ બાદ એફિલ ટાવર પ્રવાસીઓ માટે ખૂલ્યો**
  કોરોના મહામારીના કારણે લદાયેલા લોકડાઉનને પગલે ૧૦૪ દિવસ બંધ રહ્યા બાદ પ્રવાસીઓ માટે તા. ૨૫-૦૬-૨૦૨૦થી પેરિસના એફિલ ટાવરને ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. એફિલ ટાવરના ત્રણમાંથી બે ડેકને ખોલવામાં આવ્યા હતા. ટાવરના ડાયરેક્ટર જનરલ પેટ્રિક બ્રાંકોએ જણાવ્યું હતું કે લોકડાઉન લાદવામાં આવ્યા બાદ એફિલ ટાવર બંધ રાખવાથી ૩૦ મિલિયન ડૉલરનું નુકસાન થયું હતું.
- **અમેરિકા, ઇન્ડોનેશિયા અને દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસની સંખ્યા વધી**
  અત્યારના તબક્કે અમેરિકા, ઈન્ડોનેશિયા અને દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસની સંખ્યા વધી હતી. ઈન્ડોનેશિયામાં દર્દીઓની સંખ્યાએ ૫૦,૦૦૦નો આંક વટાવ્યો છે. એ રીતે અમેરિકા અને દક્ષિણ કોરિયામાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો થયો હતો.
- **અમેરિકામાં અન્ય રાજ્યોમાંથી આવતા લોકો માટે ક્વોરન્ટાઇન ફરજિયાત**
  અમેરિકામાં ન્યુયોર્ક, ન્યુજર્સી અને કનેકટિકટના ગવર્નર્સે બીજા રાજ્યોમાંથી આવતા પ્રવાસીઓ માટે ૧૪ દિવસનું ક્વોરન્ટાઇન ફરજિયાત બનાવ્યું હતું.
- **ઓક્સફર્ડ – એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ક્લિનિકલ ટ્રાયલના આખરી તબક્કામાં પ્રથમ રસી બની હતી.**
- **અમેરિકાની મોડનો અને ચીનની સાઇનોવેક બાયોટેકની રસી આવતા મહિને આખરી તબક્કામાં પહોંચશે.**
- **ભારતીય કંપનીઓ ક્લિનિકલ તબક્કે પહોંચી છે**
  પૂણેની સેરમ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાએ રસી વિકસાવવા માટે અમેરિકાની કોડાજેનિક્સ, ઓસ્ટ્રિયાની થેમિસ બાયોસાયન્સીઝ અને ઓક્સફર્ડ એસ્ટ્રાઝેનેકા સાથે ભાગીદારી કરી છે. હૈદ્રાબાદમાં ભારત બાયોટેક ત્રણ રસી પર કામ કરી રહી છે. દિલ્હીની પેનેસિયા બાયોટેક દ્વારા અમેરિકાની રેફાના સાથે રસી વિકસાવવા માટે ભાગીદારી કરવામાં આવી હતી. અમદાવાદની ઝાયડસ કેડિલા અને હૈદ્રાબાદની ઇન્ડિયા ઇમ્યુનોલોજિકલ્સે પણ કોરોનાની રસી વિકસાવવા માટે ભાગીદારી કરી છે.

### તા. ૨૭-૦૬-૨૦૨૦

- **ચીન અને અમેરિકામાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો**
  **વિશ્વમાં કુલ કેસ ૧ કરોડને પાર**
  ચીન અને અમેરિકામાં કોરોનાનો ચેપ સતત વધી રહ્યો હોવાના કારણે લોકોમાં ભય ફેલાયો હતો. ચીનના પાટનગર બિજિંગમાં તા. ૨૭-૦૬-૨૦૨૦ના ૧૭ કેસ અને ચીનમાં કુલ ૨૧ નવા કેસ નોંધાયા હતા. જ્યારે અમેરિકામાં એક જ દિવસમાં

૪૫,૦૦૦ નવા કેસો નોંધાયા હતા. આ સાથે સમગ્ર વિશ્વમાં કોરોનાના કેસનો કુલ આંક ૧ કરોડને પાર થઈ ગયો હતો.

**તા. ૨૯-૦૬-૨૦૨૦**

- **વિશ્વમાં કોરોનાને પગલે ચાલુ વર્ષે ૪.૯ કરોડ લોકો તીવ્ર ગરીબીમાં ધકેલાઈ જશે : યુ.એન.**

  કોરોના મહામારીના પગલે લગભગ ૪.૯ કરોડ લોકો ચાલુ વર્ષે ભયંકર ગરીબીમાં ધકેલાશે અને વૈશ્વિક જી.ડી.પી.માં દરેક પોઈન્ટ્સના ઘટાડા નોંધાશે. યુ.એન.ના વડા એન્ટોનિયો ગુટેરસે ચેતવણી આપી હતી કે જો વિશ્વના દેશો દ્વારા તાત્કાલિક પગલા ભરવામાં નહીં આવે તો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા સામે ખતરો પેદા થશે અને તેને પરિણામે લાખો બાળકો કૂપોષિત બનશે તેવો ભય તેમણે વ્યક્ત કર્યો હતો.

**તા. ૦૨-૦૭-૨૦૨૦**

- **અમેરિકામાં પહેલીવાર એક દિવસમાં કોરોનાના ૫૦ હજારથી વધુ કેસ**
- **દક્ષિણ આફ્રિકા, જાપાન, કોરિયા અને ભારતમાં કોરોનાના કેસોમાં મોટો વધારો**

  અમેરિકામાં પહેલીવાર કોરોનાના એક જ દિવસમાં ૫૦,૭૦૦ જેવા કેસો નોંધાયા હતા. આ દર્શાવે છે કે કોરોનાને કારણે તહસનહસ થઈ ગયેલાં દેશોના અર્થતંત્રોને ફરી બેઠા કરવા - રિઓપનિંગનો પડકાર કેટલો મોટો છે. **કોરોનાના કેસો વધવા માટે માસ્ક ન પહેરનારા અને સ્પેશિયલ ડિસ્ટન્સ ન જાળવનારા લોકોને દોષિત ગણવામાં આવ્યા હતા.**

**તા. ૦૫-૦૭-૨૦૨૦**

- **કોરોના હવાથી ફેલાય છે – ૨૩૯ વિજ્ઞાનીઓનું ચોંકાવનારું સંશોધન**

  **વિજ્ઞાનીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાને ભલામણ સુધારવા જણાવ્યું**

  ૩૨ દેશોના ૨૩૯ વિજ્ઞાનીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાને ખુલ્લો પત્ર લખી હવામાં તરતાં નાના કણો દ્વારા લોકોને કોરોનાનો ચેપ લાગતો હોવાના પુરાવાઓ રજૂ કરી વિશ્વ આરોગ્ય સંસ્થાને તેની ભલામણોમાં સુધારો કરવા જણાવ્યું હતું. આ પત્રને સંશોધકો સાયન્ટિફિક જર્નલમાં પ્રકાશિત કરવાની યોજના ધરાવે છે. હાલ દુનિયાભરમાં એ મુદ્દા પર ચર્ચા ચાલી રહી છે કે કોરોનાના વાયરસનો ચેપ હવામાં પ્રસરીને ફેલાય છે કે કેમ?

- **ચીનની રાજધાનીમાં કોરોનાનો ચેપ કાબૂમાં આવી રહ્યો છે...**

  ચીનની રાજધાનીમાં ફેલાયેલો કોરોનાનો ચેપ કાબૂમાં આવતાં, તા. ૦૫-૦૭-૨૦૨૦ના નવા માત્ર બે જ કેસ નોંધાયા હતા. બિજિંગ સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સ્થિતિ સુધરી રહી છે અને હવે નિયંત્રણ હેઠળ છે. બિજિંગમાં કુલ ૩૩૪ જણાને કોરાનાનો ચેપ લાગ્યો હતો. છેલ્લા સાત દિવસથી એક આંકમાં જ ચેપ લાગવાના બનાવો નોંધાયા હતા.

**તા. ૦૭-૦૭-૨૦૨૦**

- **બ્રાઝિલના પ્રમુખનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો**

  બ્રાઝિલના પ્રમુખ જૈર બોલસોનારોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રિપોર્ટ આવ્યા પછી બોલસોનારોએ પત્રકાર પરિષદ સંબોધી હતી અને પોતાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યાનું જાહેર કર્યું હતું.

**તા. ૧૨-૦૭-૨૦૨૦**

- **વિશ્વમાં સૌપ્રથમવાર અનેક પરીક્ષણો બાદ કોરોનાની રસી શોધવામાં રશિયાને સફળતા : સેચેનો યુનિ.નો દાવો**

  કોરોનાની રસી બનાવવામાં રશિયાએ બાજી મારી લીધી હોય તેમ રશિયાની સેરોનોવ યુનિવર્સિટીએ દાવો કર્યો હતો. યુનિવર્સિટીનું કહેવું હતું કે રસીના બધા પરીક્ષણો સફળતાપૂર્વક પૂરા કરી લેવાયા છે. આ દાવો સાચો નીકળે તો કોરોના વાયરસની આ પહેલી રસી હશે. જો કે, અમેરિકા સહિત દુનિયાના અનેક વિકસિત રાષ્ટ્રો કોરોના પર રસી તૈયાર કરવામાં લાગ્યા છે.

**તા. ૧૪-૦૭-૨૦૨૦**

- **યુ.કે.માં ૨૪મી જુલાઈથી માસ્ક પહેરવાનું ફરજિયાત. ન પહેરનારને ૧૦૦ પાઉન્ડનો દંડ.**
  મરણના પ્રમાણપત્રોને આધારે કોરોનાના દર્દીઓની ગણતરી કરનાર ધ ઑફિસ ઑફ નેશનલ સ્ટેટેસ્ટિક્સે જણાવ્યું હતું કે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ૨૮ ડિસેમ્બર અને ૩ જુલાઈ દરમિયાન કુલ મરણાંક ૫૦,૦૦૦ કરતાં વધારે નોંધાયો છે. આ આંકમાં સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ડના મરણોનો સમાવેશ થતો નથી. દરમિયાન માસ્ક પહેરવાનું ફરજિયાત કરવા બાબતે અવઢવમાં રહેલી યુ.કે.ની સરકારે હવે આ બાબતે મક્કમ પગલું ભરી ૨૪ જુલાઈથી દુકાનોમાં માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે. જે લોકો તેમનો ચહેરો ઢાંકવામાં નિષ્ફળ જશે તેમને ૧૦૦ પાઉન્ડનો દંડ ફટકારવામાં આવશે. સ્કોટલેન્ડમાં ૧૦ જુલાઈથી માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

**તા. ૧૭-૦૭-૨૦૨૦**

- **અમેરિકામાં એક જ દિવસમાં કોરોનાના ૭૦,૦૦૦ નવા કેસ નોંધાયા**
  અમેરિકામાં કોરોનાના ચેપના નવા કેસોની સંખ્યા ૭૦,૦૦૦ થતાં ચાલુ મહિનામાં સાતમી વાર દૈનિક રેકોર્ડ નોંધાયો હતો. મરણ આંક પણ સતત વધી રહ્યો છે. જેમાં એરિઝોના, કેલિફોર્નિયા, ફ્લોરિડા અને ટેક્સાસ મોખરે છે. આ મહિને અમેરિકાના ૫૦ માંથી ૩૦ રાજ્યોમાં એક દિવસના સૌથી વધારે કેસોના રેકોર્ડ નોંધાયા હતા.
- **લંડનમાં જાહેર પરિવહન બધા નાગરિકો માટે ખૂલી ગયું**
  વડાપ્રધાન બોરીસ જહોન્સને નેશનલ હેલ્થ સર્વિસ માટે ત્રણ બિલિયન પાઉન્ડના વધારાના ભંડોળની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, અમે બીજા ઘાતક કોરોના વાયરસ માટે સજ્જ થઈ રહ્યા છીએ. તેમણે જણાવ્યું કે, જાહેર પરિવહન સેવા દરેક જણા માટે હવે ખુલ્લી કરી દેવામાં આવશે. **અલબત્ત તેમાં પ્રવાસ કરતી વખતે માસ્ક પહેરવો ફરજિયાત છે.**

**તા. ૧૮-૦૭-૨૦૨૦**

- **કોવિડ-૧૯ના છ પ્રકાર અસ્તિત્વમાં હોવાનો બ્રિટિશ વૈજ્ઞાનિકોનો દાવો**
  કોરોના વાયરસ – કોવિડ-૧૯માં છ પ્રકાર છે. સંશોધકોએ નવી દિશામાં સંશોધન કરીને દાવો કર્યો હતો કે કોવિડ-૧૯ના છ પ્રકારો અસ્તિત્વ ધરાવે છે. તમામ પ્રકારના લક્ષણોમાં પણ થોડોક તફાવત જણાયો હતો. આ સ્પષ્ટતા પછી દવા શોધવાનું કામ વધુ સરળ બનશે. બ્રિટિશ વૈજ્ઞાનિકોએ અલગ અલગ લક્ષણોના આધારે કોવિડ-૧૯ના છ પ્રકારો શોધી કાઢ્યા હતા. **બધા જ પ્રકારમાં માથાનો દુ:ખાવો, ગંધ પારખવાની ક્ષમતામાં ઘટાડો અને અશક્તિ જેવા લક્ષણો સામાન્ય જણાતા હતા પરંતુ તે સિવાયના લક્ષણો, પ્રકાર પ્રમાણે બદલાતા હતા. બીજા એક પ્રકારમાં દર્દીને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે, તાવ અને શરદી-ખાંસી હોય છે. ત્રીજા પ્રકારમાં ઝાડા-ઉલ્ટી હોય છે.** ચોથા પ્રકારમાં અશક્તિની અસર દેખાય છે. પાંચમા પ્રકારમાં થાક લાગવા ઉપરાંત શ્વાસ લેવામાં તકલીફ થાય છે. છઠ્ઠા પ્રકારમાં શ્વાસ લેવામાં તકલીફ ઉપરાંત તાવની માત્રા ખૂબ વધારે હોય છે. આ સંશોધન માટે વૈજ્ઞાનિકોએ અમેરિકા - બ્રિટનના ૧૬૦૦ દર્દીઓના ડેટાનું એનાલિસિસ કર્યું હતું.
- **વિશ્વમાં માત્ર ૧૦૦ કલાકમાં કોરોનાના ૧૦ લાખ કેસ : દુનિયામાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧.૪૨ કરોડને પાર**
  કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં પોતાનો સકંજો કસી રહી છે. દુનિયામાં માત્ર ૧૦૦ કલાકની અંદર કોરોનાના ૧૦ લાખ કેસો નોંધાવાને પગલે દુનિયામાં કોરોનાના કેસોની સંખ્યા ૧.૪૨ કરોડના આંકને વટાવી ગઈ હતી.
  ***કોરોનાનો પહેલો કેસ જાન્યુઆરીમાં નોંધાયો, તે પછી તેને ૧૦ લાખ થતા ત્રણ મહિના લાગ્યા હતા. જ્યારે ૧૩ જુલાઈએ કોરોનાના કેસોની સંખ્યા ૧.૩ કરોડ હતી તે વધીને હવે ૧.૪૨ કરોડ થતાં માત્ર ચાર દિવસ જ લાગ્યા હતા.***

**તા. ૨૦-૦૭-૨૦૨૦**

- **ભારતની કોરોના રસી 'કોવિક્સિન'નું હ્યુમન ટ્રાયલ શરૂ થયું : કોરોના સામે ઓક્સફર્ડની રસી અસરકારક : એક નવી આશા**
  વિશ્વભરમાં બની રહેલી કોરોનાની વિવિધ રસી પૈકી બે રસીના પરિણામો હકારાત્મક જોવા મળ્યા હતા. યુ.કે.ની ઓક્સફર્ડ

યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ મહિનાઓથી રસી માટે કામ કરે છે. એ રસી ઉપયોગી થાય તેવું જણાઈ રહ્યું છે. એપ્રિલમાં આ રસીનું ૧૦૦૦ વ્યક્તિઓ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેનાં પરિણામો હકારાત્મક મળ્યા હતા. દરમિયાન ભારતમાં બનેલી રસી કોવિક્સિન સલામત જણાતા તેને બે પૈકી પ્રથમ હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી હતી. તે કારણે એઇમ્સ દ્વારા તેનું પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

- **કોરોનાની રસી સંબંધી વિગત....**

  અનેક દેશો, લેબોરેટરી, મેડિકલ સંસ્થાઓ રસી તૈયાર કરે છે. રસી તૈયાર થયા પછી મનુષ્ય પર પ્રયોગ (હ્યુમન ટ્રાયલ) કરવા માટે મંજૂર કરવાના કુલ છ તબક્કા છે. પાંચ તબક્કામાંથી પસાર થાય એ પછી છઠ્ઠા તબક્કે રસી દરેક દર્દીને આપી શકાય છે. અહીં કેટલી રસી કયા તબક્કે પહોંચી તેની વિગત આપી છે.

  ✤ ૧૩૫થી વધુ રસી એવી છે, જેને હજુ સુધી હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી નથી.
  ✤ ૧૮ રસી એવી છે, જે સલામત જણાતા લિમિટેડ ડોઝ આપવાની મંજૂરી મળી છે.
  ✤ ૧૨ રસી એવી છે, જે લિમિટેડ ડોઝમાં સફળ રહેતાં વધુ સંખ્યામાં લોકો પર પ્રયોગ કરાઈ રહ્યો છે.
  ✤ એ ૧૨માંથી ૪ રસી ખરેખર સફળ જણાતાં તેને અનેક લોકો પર પ્રયોગ કરવાની મંજૂરી મળી છે.
  ✤ એ ૪ પૈકી ૧ રસી (ઑક્સફર્ડ) એવી છે, જે મર્યાદિત ઉપયોગ કરવા માટે યોગ્ય સાબિત થઈ છે.

**તા. ૨૧-૦૭-૨૦૨૦**

- **યુરોપિયન યુનિયને કોરોના સામે લડવા ૮૫૫ અબજ ડોલર ફાળવ્યા**

  ચાર દિવસની મેરેથોન વાટાઘાટો પછી યુરોપિયન સંઘના ૨૭ દેશોના નેતાઓ વચ્ચે કોરોનાના રાહત પેકેજ અંગે સમજૂતી થઈ હતી. યુરોપિયન સંઘે ૮૫૫ અબજ ડોલરનું ફંડ ફાળવ્યું હતું. આ ફંડને યુરોપિયન દેશોના નેતાઓએ ઐતિહાસિક ગણાવ્યું હતું. સાત વર્ષ માટે કોરોના પ્રભાવિત દેશોને આ ફંડમાંથી સહાય અપાશે.

## ભારત

**તા. ૨૪-૦૬-૨૦૨૦**

- **દેશમાં કોરોનાના દર્દીઓ પાંચ લાખ નજીક...**

  દેશમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી હતી અને કુલ આંકડો પાંચ લાખની નજીક પહોંચવા આવ્યો હતો. માત્ર ૨૪ કલાકમાં જ રેકોર્ડ બ્રેક ૧૬,૧૭૪ કેસ સામે આવ્યા હતા. બીજી તરફ ટેસ્ટનું પ્રમાણ પણ વધારવામાં આવી રહ્યું હતું. અત્યાર સુધીમાં ૭૩.૫ લાખ ટેસ્ટ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તા. ૨૩-૦૬-૨૦૨૦ના રોજ ૨.૧૫ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધી ૨૪ કલાકમાં થતા ટેસ્ટમાં આ સૌથી મોટો આંકડો માનવામાં આવે છે. બીજી તરફ કુલ મૃત્યુ આંક ૧૫ હજાર નજીક પહોંચ્યો હતો તથા ૨.૭૦ લાખ લોકો સાજા થયા હતા.

- **કોરોનાના ટેસ્ટના કયા રાજ્યમાં કેટલા ચાર્જ?**

  કોરોના વાયરસ અંગેની મેડિકલ ટેસ્ટના, દેશના દરેક રાજ્યમાં જુદા જુદા ચાર્જ જોવા મળ્યા હતા. જેની વિગત નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| આંધ્ર પ્રદેશ | – | ૨૪૦૦થી ૨૯૦૦ | તામિલનાડુ | – | ૨૫૦૦થી ૩૦૦૦ |
| દિલ્હી | – | ૨૪૦૦ | રાજસ્થાન | – | ૨૨૦૦ |
| મહારાષ્ટ્ર | – | ૨૨૦૦થી ૨૮૦૦ | કર્ણાટક | – | ૨૬૦૦થી ૪૫૦૦ |
| તેલંગાણા | – | ૨૨૦૦થી ૨૮૦૦ | ગુજરાત | – | ૪૫૦૦ |

**તા. ૨૫-૦૬-૨૦૨૦**

- **દેશમાં એક દિવસમાં કોરોનાના વધુ કેસ**

  ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ યથાવત્ રહ્યો હતો. દેશમાં તા. ૨૫-૦૬-૨૦૨૦ના રોજ અત્યાર સુધીમાં કોરોનાના

સૌથી વધુ ૧૮,૧૦૭ નવા કેસ નોંધાયા હતા. જ્યારે કોરોનાનો કુલ મૃત્યુ આંક ૧૫,૨૯૪ થયો હતો. ભારતમાં સતત છ દિવસથી કોરોનાના કેસમાં ૧૪,૦૦૦થી વધુનો વધારો નોંધાયો હતો. આ સાથે કેસની સંખ્યા વધીને ૪,૮૧,૦૬૮ થઈ હતી. જેમાંથી ૨,૮૪,૭૭૦ દર્દીઓ સાજા થયા હતા, તેમ પી.ટી.આઈ.ની રાજ્યવાર ટેલીમાં જણાવાયું હતું. મૃત્યુ દરના સંદર્ભમાં ભારત વૈશ્વિક સ્તરે આઠમા ક્રમે રહ્યું હતું.

**તા. ૨૬-૦૬-૨૦૨૦**

- **કોરોના સંક્રમણ વચ્ચે પેસેન્જર ટ્રેનો હજુ બંધ**

  કોરોના સંક્રમણના ભય વચ્ચે રેલવે તંત્ર દ્વારા રેગ્યુલર ટાઈમ ટેબલ પેસેન્જર ટ્રેનોને તા. ૧૨ ઓગસ્ટ સુધી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નોંધપાત્ર છે કે ગત તા. ૨૫ માર્ચથી લઈને તા. ૩૦ જૂન સુધી દેશભરમાં તમામ પ્રકારની મેલ-એક્સપ્રેસ સહિતની પેસેન્જર ટ્રેનો રદ કરવાનો નિર્ણય અગાઉ લેવાયો હતો. ફક્ત સ્પેશિયલ ટ્રેનો, શ્રમિક ટ્રેનો અને માલગાડીઓ જ ચાલુ રાખવામાં આવશે.

**તા. ૨૯-૦૬-૨૦૨૦**

- **મુંબઈમાં કોરોનાનો પ્રકોપ : મહારાષ્ટ્રમાં ૩૧ જુલાઈ સુધી લોકડાઉન**
  **અન્ય પાંચ રાજ્યોએ લોકડાઉન લંબાવ્યું**

  મુંબઈમાં કોરોનાનો પ્રકોપ અવિરત છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં રાજ્યમાં લોકડાઉન ૩૧મી જુલાઈ સુધી લંબાવી દેવામાં આવ્યો હતો. રાજ્યમાં લોકડાઉન-૫ ની મુદત તા. ૩૦-૦૬-૨૦૨૦ના રોજ સમાપ્ત થઈ રહી છે. આ પાર્શ્વભૂમિકા પર રાજ્યના મુખ્ય પ્રધાનશ્રીએ સ્પષ્ટ સંકેતો આપ્યા હતા કે મહારાષ્ટ્રમાં લોકડાઉન બિલકુલ હટાવવામાં આવશે નહીં. જો કે પહેલા લાગુ કરેલા નિયમો યથાવત્ ચાલુ રાખવામાં આવ્યા હતા. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં નવા પ્રતિબંધ કાયમ રાખ્યા હતા. મુંબઈ મહાનગર પ્રદેશમાં અવરજવરની પરવાનગી આપવામાં આવી હતી.

  બીજી તરફ, નાગાલેન્ડ, તેલંગાણા, મિઝોરમ, તામિલનાડુ અને આસામમાં પણ લોકડાઉન લંબાવવામાં આવ્યું હતું. જ્યારે અન્ય રાજ્યોએ લોકડાઉન ધીરે ધીરે ખૂલી રહ્યું છે. **જેને કેન્દ્રએ અનલોક નામ આપ્યું છે.**

- **અનલોક-૨ ની શરૂઆત**
  **હવે રાત્રે ૧૦ થી પરોઢે પાંચ વાગ્યા સુધી કર્ફ્યુ**

  ભારતમાં અનલોકનો બીજો તબક્કો તા. ૨૯-૦૬-૨૦૨૦થી શરૂ થઈ ગયો હતો. સરકારે આ માટે વિશેષ ગાઈડલાઈનપણ જારી કરી હતી. નવી ગાઈડલાઈન મુજબ સ્કૂલ - કોલેજો ૩૧મી જુલાઈ સુધી બંધ રાખવામાં આવશે. તે ઉપરાંત ગાઈડ લાઈનની અન્ય વિગતો પણ આપવામાં આવી હતી.

- **રાજ્યો કોરોનાના દર્દીઓની સારવાર માટે પ્લાઝમા થેરાપી તરફ વળ્યા**

  કોરોનાની અસરકારક સારવાર માટે રાજ્યો હવે પ્લાઝમા થેરાપી તરફ વળ્યા હતા. દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણામાં પ્લાઝમા થેરાપીનું પ્રમાણ વધ્યું હતું.

- **મહારાષ્ટ્રમાં વિશ્વના સૌથી મોટા પ્લાઝમા થેરાપી ટ્રાયલ સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું**

  મહારાષ્ટ્રમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે પ્લાઝમા થેરાપીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેથી દર્દીઓ તેનો લાભ લઈ રહ્યા હતા. આ ઉપચારનો વ્યાપક ઉપયોગ થાય તે માટે વિશ્વની સૌથી મોટી પ્લાઝમા થેરાપી ટ્રાયલ મહારાષ્ટ્રમાં કરવામાં આવી રહી હતી. તેથી જે દર્દીઓ કોરોનાથી સ્વસ્થ થયા છે, તેઓએ અન્ય દર્દીઓની સારવાર માટે પ્લાઝમા દાન કરવાનો પ્રયાસ કરવો જોઈએ, એવી અપીલ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનશ્રીએ કરી હતી.

**તા. ૦૨-૦૭-૨૦૨૦**

- **૬૫ વર્ષથી મોટા લોકો અને કોરોનાના દર્દીઓ પોસ્ટલ બેલેટથી મત આપી શકશે**

  કન્ડક્ટ ઓફ ઈલેક્શન રૂલ્સ, ૧૯૬૧માં ફેરફાર કર્યા પછી સરકારે નિર્ણય કર્યો છે કે ૬૫ વર્ષથી મોટી ઉંમરના લોકો અને કોરોના વાયરસના દર્દીઓની સુવિધા માટે પોસ્ટલ બેલેટથી મત આપી શકશે. અગાઉ ફક્ત આર્મ્ડ ફોર્સ અને ચૂંટણી

પ્રક્રિયામાં તૈનાત કર્મચારીઓ જ પોસ્ટલ બેલેટથી મત આપી શકતા હતા. જે લોકોને કોરોનાના સામાન્ય લક્ષણો છે અને જેઓ હોસ્પિટલમાં દાખલ નથી થયા અને હોમ ક્વોરન્ટાઈન છે તેઓ પણ પોસ્ટલ બેલેટથી મત આપી શકશે.

**તા. ૦૩-૦૭-૨૦૨૦**

- **કોરોનાને કારણે NEET અને JEE પરીક્ષા હવે સપ્ટેમ્બર માસમાં યોજાશે**
  કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને મેડિકલ અને એન્જિનિયરિંગ માટેની મહત્ત્વપૂર્ણ પ્રવેશ પરીક્ષા નીટ અને જે.ઈ.ઇ.ની તારીખો લંબાવવામાં આવી છે. નીટ ૧૩મી સપ્ટેમ્બર અને જે.ઈ.ઈ. મેઈન્સ ૧ થી ૬ સપ્ટેમ્બર વચ્ચે યોજાશે એવી સ્પષ્ટતા મંત્રાલયે કરી હતી.

**તા. ૦૪-૦૭-૨૦૨૦**

- **ભારત કોરોનાના ૬.૬૭ લાખથી વધુ કેસ સાથે વિશ્વમાં ચોથા ક્રમે**
  ભારતમાં કોરોના બેકાબૂ બની રહ્યો હતો. તા. ૦૪-૦૭-૨૦૨૦ના રોજ સૌથી વધુ ૨૬,૩૦૧ કેસ સાથે ભારતમાં કુલ કેસની સંખ્યા ૬.૬૭ લાખને પાર થઈ હતી. કોરોના સંદર્ભમાં ભારત ચોથા ક્રમે આવ્યું હતું. તે સાથે ભારતમાં કુલ મૃત્યુ આંક ૧૯,૨૬૮નો થયો હતો. એક દિવસમાં ૧૫,૫૦૮ સાથે કુલ ચાર લાખથી વધુ લોકોએ કોરોનાને હરાવ્યો હતો. બી.એસ.એફ., આઈ.ટી.બી.પી.ના વધુ ૭૯ જવાનોને કોરોના થયો હતો. મહારાષ્ટ્રમાં કોરોનાના કુલ બે લાખ, તામિલનાડુમાં ૧ લાખથી વધુ કેસ જ્યારે દિલ્હીમાં કોવિડ-૧૯ના કેસ ૧ લાખની નજીક પહોંચ્યા હતા.

**તા. ૦૭-૦૭-૨૦૨૦**

- **બેંક મહામારીમાં કામ કરનારા કર્મચારીઓને પગાર વધારો આપશે**
  દેશની બીજા ક્રમની સૌથી મોટી ખાનગી સેક્ટરની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકે મહામારીના સમયમાં પણ કામ કરનારા તેના ૮૦ હજાર જેટલા કર્મચારીઓને ૮ ટકા સુધીનો પગાર વધારો આપવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.
- **સાઈબર ગુનામાં ૨૦૦ ટકાનો વધારો થયો**
  ભારતમાં છેલ્લા બે મહિનામાં સાઈબર ગુનાઓની ઘટનામાં ૨૦૦ ટકાનો વધારો થયો હતો. કોવિડ-૧૯ મહામારીના કારણે ઘરમાંથી જ કામ કરવા માટે સેવા ક્ષેત્રમાં થયેલા ફેરફારોના કારણે પણ આ પ્રકારની ઘટનાઓ વધી હોવાનું મનાય છે, **કારણકે લોકો ઘરેથી કામ કરવા માટે બિનવિશ્વસનીય એપ્લીકેશન ડાઉનલોડ કરે છે,** જેમાં સલામતીના ઉપાયોનો અભાવ હોઈ શકે છે.

**તા. ૦૮-૦૭-૨૦૨૦**

- **દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૫,૭૭૩ નવા કેસ, ૪૮૦ના મૃત્યુ**
  **દેશભરમાં કોરોનાના કેસો વધીને ૭,૬૦,૪૧૮ને પાર**
  દેશભરમાં કોરોનાના કેસોની કુલ સંખ્યા હવે વધીને ૭,૬૦,૪૧૮ પર પહોંચી ગઈ હતી. માત્ર ૨૪ કલાકમાં જ ૨૫,૭૭૩ નવા કેસો સામે આવ્યા હતા. જ્યારે ૪૮૦ લોકો મોતને ભેટ્યા હતા. બીજી તરફ, આ સમયગાળા દરમિયાન ૧૯,૮૫૨ લોકોને સાજા કરી લેવામાં આવ્યા હતા. આ સાથે સાજા થયેલા લોકોનો આંક ૪,૭૪,૦૨૭ થયો હતો અને રિકવરી રેટ વધીને ૬૧.૫ ટકા થયો હતો.

**તા. ૧૦-૦૭-૨૦૨૦**

- **દેશમાં કોરોનાના કેસ આઠ લાખને પાર. કેટલાક રાજ્યોમાં આંશિક લોકડાઉન**
  ભારતમાં કોરોના કેસ બહુ જ ઝડપથી વધીને છેલ્લા ૨૪ કલાકમાં જ કોરોનાના વધુ ૨૭,૪૩૫ કેસો સામે આવ્યા હતા. જે સાથે કુલ કેસોની સંખ્યા આઠ લાખને પાર પહોંચી ગઈ હતી. હાલ દેશમાં કોરોનાના કુલ ૮,૧૪,૮૯૮ મામલા સામે આવ્યા હતા. જ્યારે કુલ ૨૨,૧૦૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ સ્થિતિમાં બિહાર, પૂણે, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ,

આસામ, કેરળમાં શરતો સાથે ફરી આંશિક લોકડાઉન જાહેર થયો હતો.

**તા. ૧૧-૦૭-૨૦૨૦**

- **ધારાવીમાં કોરોના સામેના પગલાંની WHOએ પ્રશંસા કરી**
  દુનિયામાં છેલ્લા કેટલાક સપ્તાહમાં કોરોનાના કેસમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો હોવા છતાં તેના પર નિયંત્રણ મેળવી શકાય છે તેમ જણાવતા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના પ્રમુખ ટેડ રોસે મુંબઈમાં વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી ધારાવીમાં કોરોના સામેના પગલાંઓની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મુંબઈની ધારાવી ખૂબ જ વસતીવાળો વિસ્તાર છે. ત્યાં ટેસ્ટિંગ, ટ્રેસિંગ, આઈસોલેશન અને સારવાર મારફત કોરોના વાયરસનું ચક્ર તોડવામાં સફળતા મળી છે.

**તા. ૧૩-૦૭-૨૦૨૦**

- **કોરોનાના કુલ દર્દીઓના ૧૦ ટકાને ઓક્સિજન સપોર્ટની જરૂર પડે છે**
  દેશમાં હાલ કોરોનાના કુલ દર્દીઓના ૧૦ ટકાને ઓક્સિજન સપોર્ટની જરૂર પડે છે. આવા સંજોગોમાં ઓક્સિજન સપ્લાયરોએ દેશમાં જ વિશાળ બજાર હોતાં, તેની નિકાસ કરવાનું જ બંધ કરી દીધું છે. હાલ દેશમાં કોરોનાના દર્દીઓ સહિત પાંચ લાખ મેડિકલ ઓક્સિજન સિલિન્ડર ઉપયોગમાં લેવાય છે. ગત ડિસેમ્બર માસમાં મેડિકલ ઓક્સિજનની માંગ ૯૦૦ ટન હતી, તે હવે ૧૩૦૦ ટન પર પહોંચી ગઈ હતી, તેમ ઉદ્યોગ અને વેપારના પ્રમોશન વિભાગના સેક્રેટરી ગુરુપ્રસાદ મહાપાત્રાએ જણાવ્યું હતું. કોરોનાના દર્દીઓ જે ચોંકાવનારી હદે વધી રહ્યા છે તે જોઈને કેન્દ્ર સરકારે એક લાખ ઓક્સિજન સિલિન્ડર ખરીદ્યા છે. હવે પરિસ્થિતિ વધુ કથળી રહી છે તે જોતાં કેન્દ્ર સરકારે ઔદ્યોગિક હેતુ માટે વપરાતા પાંચ લાખ ઓક્સિજનના સિલિન્ડરો મેડિકલ હેતુ માટે રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે.

**તા. ૧૬-૦૭-૨૦૨૦**

- **દેશમાં વિકરાળ બનતો કોરોના – ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૬,૪૨૯ કેસ. ૬૯૦ના મૃત્યુ. કોરોનાના કુલ કેસ ૧૦ લાખને પાર**
  દેશમાં છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના દૈનિક ૩૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા હતા. તા. ૧૬-૦૭-૨૦૨૦ના રોજ ૨૪ કલાકમાં કોરોનાના ૩૬,૪૨૯ કેસ નોંધાયા હતા. જ્યારે ૬૯૦ના મૃત્યુ નિપજ્યા હતા. ભારતમાં કુલ કેસના ૮૪.૬૨ ટકા કેસ ૧૦ રાજ્યોમાં નોંધાયા હતા. તેની સામે એક્ટિવ કેસનો આંક ૩.૩૧ લાખ હતો.

**તા. ૧૭-૦૭-૨૦૨૦**

- **કેડિલા બાદ ભારત બાયોટેકને કોરોનાની દવાની ટ્રાયલ લેવા લીલી ઝંડી**
  ભારત સહિતના દેશો કોરોનાની દવાઓ શોધવા માટે મથી રહ્યા છે. જેના ભાગરૂપે જ ભારતમાં દવાઓની ટ્રાયલ પણ કરવામાં આવી રહી છે. હરિયાણાના રોહતકમાં આવેલા પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સમાં ભારત બાયોટેકની એન્ટી કોરોના દવા કોવેક્સિનનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ હ્યુમન ટ્રાયલ તા. ૧૭-૦૭-૨૦૨૦થી શરૂ કરવામાં આવી હતી, તેમ હરિયાણાના સ્વાસ્થ્ય મંત્રી અનિલ વિજે માહિતી આપી હતી.

**તા. ૨૧-૦૭-૨૦૨૦**

- **કોરાનાનો પ્રકોપ વધતાં અમરનાથ યાત્રા રદ**
  જમ્મુ સહિત દેશમાં કોરોનાનો પ્રકોપ યથાવત છે ત્યારે વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઇને આ વર્ષની દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૦ મીટરની ઊંચાઈ પર વિશ્વપ્રસિધ્ધ અમરનાથ યાત્રા રદ કરવામાં આવી હતી. જો કે, સવારે અને સાંજે બાબા બર્ફાનીની આરતીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. ગયા વર્ષે જમ્મુ - કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ઉઠાવી લીધા પછી અમરનાથ યાત્રા અધવચ્ચેથી અટકાવવાની ફરજ ઊભી થઈ હતી. આમ, સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા યોજાશે નહીં.

**તા. ૨૩-૦૭-૨૦૨૦**

- **દેશમાં કયા સ્થળે (જિલ્લામાં) વધારે કેસ?**

| *જિલ્લો* | *રાજ્ય* | *કેસ* | *જિલ્લો* | *રાજ્ય* | *કેસ* |
|---|---|---|---|---|---|
| મુંબઈ | મહારાષ્ટ્ર | ૧,૦૫,૯૨૩ | બેંગાલુરુ | કર્ણાટક | ૩૯,૨૦૦ |
| ચેન્નાઇ | તામિલનાડુ | ૯૦,૯૦૦ | અમદાવાદ | ગુજરાત | ૨૫,૧૭૩ |
| થાણે | મહારાષ્ટ્ર | ૮૧,૭૦૮ | કોલકાતા | પશ્ચિમ બંગાળ | ૧૫,૩૩૨ |
| પૂણે | મહારાષ્ટ્ર | ૬૬,૫૩૮ | | | |

## ગુજરાત

**તા. ૨૫-૦૬-૨૦૨૦**

- **કોરાનાનો ટેસ્ટ હવે રૂા. ૨૫૦૦માં થશે**
ગુજરાતની ખાનગી પેથોલોજિકલ લેબોરેટરીઓ દ્વારા કોરોનાનો ટેસ્ટ કરવા માટે હવે રૂા. ૨૫૦૦થી વધુ લઈ શકાશે નહીં. અગર દર્દીઓ ઘરે બોલાવીને કે હોસ્પિટલમાં બોલાવીને ટેસ્ટ માટે સેમ્પલ આપશે તો રૂા. ૩૦૦૦ ચૂકવવાના રહેશે. ગુજરાત સરકારે જાહેર કરેલી ટેસ્ટિંગ માટેના નવા ભાવનો આ તારીખથી જ અમલ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

**તા. ૨૬-૦૬-૨૦૨૦**

- **કેન્દ્રના આરોગ્ય સચિવે ડેશ બોર્ડથી હોસ્પિટલના વોર્ડનું નિરીક્ષણ કર્યું**
કોરોનાની મહામારીનો અમદાવાદ, સુરત સહિત ગુજરાતની સ્થિતિનું સર્વેક્ષણ કરવા માટે આવેલા કેન્દ્રના આરોગ્ય સચિવ લવકુમાર અગ્રવાલે મુખ્યમંત્રીના ડેશ બોર્ડની વીડિયો વોલ માધ્યમથી અમદાવાદ કોવિડ-૧૯ હોસ્પિટલના કોરોના વોર્ડનું નિરીક્ષણ કર્યું હતું.

- **ડિસ્ચાર્જ પહેલાં કોરોના દર્દીનો ટેસ્ટ શા માટે નહીં?**
રાજ્ય સરકારની ડિસ્ચાર્જ પોલિસીને પડકારતી એક રિટ પણ સુઓમોટોમાં હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે સરકારની નવી ડિસ્ચાર્જ પોલિસી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની માર્ગદર્શિકાથી તદ્દન વિપરીત છે. હવે કોરોના દર્દીઓને ડિસ્ચાર્જ કરતા પહેલાં તેમનો ટેસ્ટ કરવામાં આવતો નથી. અન્ય લોકોને ચેપ લગાડે અને પરિસ્થિતિને વધુ જોખમી બનાવે તેવી શક્યતા છે. જેથી હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે ટેસ્ટ કર્યા વગર દર્દીઓને ડિસ્ચાર્જ કરવાનો નિર્ણય બહોળા હિતમાં છે કે નહીં તે અંગે રાજ્ય સરકાર સમજૂતી અને સ્પષ્ટતા આપે.

**તા. ૨૭-૦૬-૨૦૨૦**

- **ભુજમાં વતનથી પરત થયેલા જવાનો કોરોના પોઝિટિવ**
છેલ્લા કેટલાક દિવસોથી કચ્છમાં બી.એસ.એફ. અને આર્મીના જવાનો કોરોનાનો ભોગ બની રહ્યા છે ત્યારે તા. ૨૭-૦૬-૨૦૨૦ના રોજ એક સાથે ભુજમાં લશ્કરી મથકના ૧૧ જવાનોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. વતનથી ડ્યુટી જોઈન્ટ કરવા પરત ભુજમાં ફરેલા આર્મીના જવાનોને ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હતા. કચ્છમાં અત્યાર સુધીમાં ૩૧ સુરક્ષા જવાનો કોરોનાની ઝપટમાં આવ્યા છે.

**તા. ૨૮-૦૬-૨૦૨૦**

- **સૌથી વધુ કોરોનાના કેસ ધરાવતા ટોચના ૭ રાજ્યોમાં ગુજરાતમાં સૌથી ઓછા ટેસ્ટ**
ગુજરાતમાં કોરોનાના કેસનો ગ્રાફ સતત ઊંચે જઇ રહ્યો હોવા છતાં, કોરોના ટેસ્ટનો ગ્રાફ હજુ પણ નીચે રહ્યો હતો.

ગુજરાતમાં અત્યાર સુધી ૩,૬૩,૧૯૮ કોરોના ટેસ્ટ થયા હતા, જે કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા ટોચના ૭ રાજ્યોમાં સૌથી ઓછા છે.

- **સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં કરાયેલા ટેસ્ટ**

| *રાજ્ય* | *કેસ* | *ટેસ્ટ* | *પ્રતિ ૧૦ લાખની વસતીએ ટેસ્ટ* |
|---|---|---|---|
| મહારાષ્ટ્ર | ૧,૬૪,૬૨૬ | ૯,૨૬,૯૩૪ | ૭,૫૮૮ |
| દિલ્હી | ૮૩,૦૭૭ | ૪,૯૮,૪૧૬ | ૨૫,૧૫૫ |
| તામિલનાડુ | ૮૨,૨૭૫ | ૧૦,૭૭,૪૫૪ | ૧૪,૨૩૪ |
| ગુજરાત | ૩૧,૩૯૭ | ૩,૬૩,૧૯૮ | ૫,૩૪૮ |
| ઉત્તર પ્રદેશ | ૨૨,૧૪૭ | ૬,૬૩,૦૯૬ | ૨,૯૪૭ |
| પશ્ચિમ બંગાળ | ૧૭,૨૮૩ | ૪,૬૮,૯૦૬ | ૪,૮૩૯ |
| રાજસ્થાન | ૧૭,૨૭૧ | ૭,૮૪,૮૦૩ | ૧૦,૧૫૭ |
| તેલંગાણા | ૧૪,૪૧૯ | ૭૯,૨૩૧ | ૨,૧૨૯ |
| હરિયાણા | ૧૩,૮૨૯ | ૨,૫૨,૩૫૬ | ૮,૮૦૧ |
| કર્ણાટક | ૧૩,૧૯૦ | ૫,૯૫,૪૭૦ | ૯,૦૫૦ |

**ગુજરાતમાં કયા જિલ્લામાં સૌથી વધુ ટેસ્ટ?**

| *જિલ્લો* | *ટેસ્ટ* |
|---|---|
| અમદાવાદ | ૧,૩૧,૬૨૦ |
| સુરત | ૪૫,૫૭૧ |
| વડોદરા | ૧૮,૧૯૨ |
| જુનાગઢ | ૧૪,૧૭૫ |
| ભાવનગર | ૯,૫૪૬ |
| રાજકોટ | ૮,૯૮૫ |
| જામનગર | ૮,૬૯૩ |
| ગાંધીનગર | ૮,૧૧૪ |
| બનાસકાંઠા | ૮,૦૨૮ |
| કચ્છ | ૬,૧૪૬ |
| સુરેન્દ્રનગર | ૬,૩૧૧ |
| દાહોદ | ૬,૧૩૨ |

### તા. ૨૯-૦૬-૨૦૨૦

- **ગુજરાતમાં કોરોનાનો ફૂંફાડો, એક જ દિવસમાં ૬૨૬ કેસ. સતત ત્રીજા દિવસે કોરોનાના ૬૦૦થી વધુ કેસ**
ગુજરાતમાં કોરોના વાયરસના કેસ સતત નવી ટોચે પહોંચી રહ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં વધુ નવા ૬૨૬ કેસ નોંધાયા હતા. છેલ્લા ૩ દિવસમાં જ ગુજરાતમાં કોરોનાના ૧૮૭૦ કેસ નોંધાયા હતા. આ સાથે જ ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક હવે ૩૨,૦૨૩ થઈ ગયો હતો.

- **વિદેશથી આવનાર હવે વતનના જિલ્લામાં ક્વોરન્ટાઇન થઈ શકશે**
'વંદે ભારત' મિશન હેઠળ વિદેશથી ફ્લાઇટમાં આવનારા ગુજરાતીઓ માટે ગુજરાત સરકારે નિશ્ચિત કરેલા જિલ્લામાં ક્વોરન્ટાઈન રહેવું પડતું હતું. હવે નવી માર્ગદર્શિકા પ્રમાણે તેઓને હવે વતનના જિલ્લાઓમાં પણ સાત દિવસ સંસ્થાકીય ક્વોરન્ટાઈન થવાની પરવાનગી અપાશે. ત્યારબાદ ૭ દિવસ હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાનું નિયત કરવામાં આવ્યું હતું.

### તા. ૩૦-૦૬-૨૦૨૦

- **ગુજરાત સરકારે જાહેર કરેલા અનલોક-૨ માટેના નિયમો હેઠળ....**
  - ✤ અનલોક-૨ : રાતના ૧૦થી સવારે ૫ સુધી કર્ફ્યુ.
  - ✤ ગુજરાતમાં દુકાનો રાત્રે ૮ અને રેસ્ટોરન્ટ ૯ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે.
  - ✤ સિનેમા હોલ, જિમ્નેશિયમ, સ્વિમિંગ પુલ, થિયેટર, મનોરંજન પાર્ક, બાર, ઓડિટોરિયમ ચાલુ નહીં કરવા દેવાય.
  - ✤ લગ્ન સમારોહમાં ૫૦થી વધુ વ્યક્તિઓને હાજર રાખી શકાશે નહીં.
  - ✤ એસ.ટી.ની બસ સેવા સમગ્ર રાજ્યમાં ચાલુ કરાશે.
  - ✤ કન્ટેઈનમેન્ટ, માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેલા દુકાન માલિકો કે કામદારોને તેમના વિસ્તારની બહાર નહીં જવા દેવાય.
  - ✤ વિવિધ પ્રકારના વાહનોમાં પેસેન્જર અથવા અન્ય વ્યક્તિને બેસાડવા સંબંધી નિયમો લાગુ.
  - ✤ ખાનગી ઓફિસો ચાલુ કરવાની છૂટ.
  - ✤ બેંકો અને સરકારી કચેરીઓ ચાલુ કરી દેવાની સંપૂર્ણ છૂટ.

- ✤ તમામ શૈક્ષણિક, તાલીમ, સંશોધન, કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ ચાલુ કરવાની છૂટ આપવામાં આવી નથી.
- ✤ કોઈનું મૃત્યુ થાય તેવા સંજોગોમાં વધુમાં વધુ ૨૦ જણને એકત્રિત થવાની છૂટ આપવામાં આવશે.
- ✤ ઘરમાં રહેવું હિતાવહ : સિનિયર સિટીઝન, સગર્ભા સ્ત્રી અને નાના બાળકોને ઘરમાં જ રહેવાનું જણાવાયું હતું.
- ✤ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરવાની શરતે તમામ ધાર્મિક સ્થાનકો ચાલુ કરવાની છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ધર્મસ્થાનકોમાં કોઈ જ મોટા સમારોહ કરવાની છૂટ મળશે નહીં. મોટી માનવ મેદની એકત્રિત કરી શકાશે નહીં.

- **કોરોનાના કેસ બાબતે સુરતે પ્રથમવાર અમદાવાદને ઓવરટેક કર્યું!**
કોરોના વાયરસના કેસમાં સુરતમાં હવે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ હતી. ગુજરાતમાં ૧૯ માર્ચે કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો ત્યારથી લઈને અત્યાર સુધીમાં પ્રથમ વાર સુરતમાં એક દિવસમાં સૌથી વધુ એટલે કે ૧૯૯ કેસ નોંધાયા હતા. જ્યારે અમદાવાદમાં ૧૯૭ કેસ નોંધાયા હતા.

**તા. ૦૪-૦૭-૨૦૨૦**

- **ગુજરાતમાં કોરોનાના પ્રથમવાર ૭૦૦થી વધુ કેસ**
ગુજરાતમાં કોરોના વાયરસ હવે બેકાબૂ બનીને સતત નવી ટોચે પહોંચી રહ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૧૨ નવા કેસ નોંધાયા હતા.

**તા. ૦૯-૦૭-૨૦૨૦**

- **ટોસિલિઝુમેબ ઇન્જેક્શનની અછત**
જીવન મરણ વચ્ચે ઝોલા ખાતાં કોરોના પીડિત ટોસિલિઝુમેબ અને રેમડેસિવિર ઇન્જેક્શનની ભારે અછત વર્તાતી હતી. રાજ્ય આરોગ્ય વિભાગે સ્વિટ્ઝરલેન્ડની રોશ ફાર્મા કંપની પાસે પાંચ હજાર ટોસિલિઝુમેબ ઇન્જેક્શન માંગ્યા હતા પણ માત્ર ૨૫૩૭ ઇન્જેક્શન જ મળ્યા હતા.
- **ગુજરાતમાં પ્રથમવાર ૮૬૧ કેસ અને કુલ મૃત્યુ આંક બે હજારને પાર**
ગુજરાતમાં પ્રથમવાર ૮૬૧ કોરોનાના કેસ નોંધાયા હતા. તે સાથે ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૩૯,૨૮૦ થઈ ગયો હતો. આ ઉપરાંત વધુ ૧૫ સાથે ગુજરાતમાં કોરોનાથી કુલ મરણાંક ૨ હજારને પાર થઈ ગયો હતો. કોરોનાથી ૨ હજારથી વધુ મૃત્યુ થયા હોય તેવું મહારાષ્ટ્ર, દિલ્હી, તામિલનાડુ બાદ ગુજરાત ચોથું રાજ્ય હતું.
- **ગુજરાતમાં કયા મહિનામાં કેટલા કેસ – કેટલા મૃત્યુ?**

| *મહિનો* | *કેસ* | *મૃત્યુ* |
|---|---|---|
| માર્ચ-૨૦૨૦ | ૭૪ | ૦૬ |
| એપ્રિલ | ૪,૩૨૧ | ૨૦૮ |
| મે | ૧૨,૩૯૯ | ૮૨૪ |
| જૂન | ૧૫,૮૪૯ | ૮૧૦ |
| ૯ જુલાઈ સુધી | ૬,૬૩૭ | ૧૬૨ |

- **ગુજરાતમાં કુલ કેસના માત્ર ૩૭.૪૯% કેસ અમદાવાદમાં**
'અનલોક' બાદ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં કોરોના સંક્રમણના કેસ વધવા લાગ્યા છે. એક સમયે ગુજરાતમાં કુલ કેસના ૭૦% માત્ર અમદાવાદમાં હતા. હવે ૯ જુલાઈના આ પ્રમાણ ઘટીને ૩૭.૪૯% થયું હતું. આ તબક્કે ગુજરાતના ૨૫.૬૯% કેસ સુરતમાં અને ૩.૫૧% કેસ રાજકોટમાં નોંધાયા હતા.
- **ગુજરાતમાં કોરોનાથી ક્યારે કેટલા મૃત્યુ?**

| *તારીખ* | *મૃત્યુ* |
|---|---|
| ૨૨ એપ્રિલ | ૧૦૦ |

| | |
|---|---|
| ૧૧ મે | ૫૦૦ |
| ૩૦ મે | ૧,૦૦૦ |
| ૦૬ જૂન | ૧,૨૦૦ |
| ૧૨ જૂન | ૧,૪૦૦ |
| ૧૯ જૂન | ૧,૬૦૦ |
| ૨૮ જૂન | ૧,૮૦૦ |
| ૦૯ જુલાઈ | ૨,૦૦૦ |

- **૯ જુલાઈ, ૨૦૨૦ સુધી કોરોનાની પરિસ્થિતિ (ગુજરાત)**

| *જિલ્લો* | *કુલ કેસ* | *કુલ મૃત્યુ* |
|---|---|---|
| અમદાવાદ | ૨૨,૫૮૦ | ૧,૫૦૬ |
| વડોદરા | ૨,૮૩૬ | ૫૧ |
| સુરત | ૭,૦૩૮ | ૨૦૨ |
| ગાંધીનગર | ૮૦૫ | ૩૩ |
| ભાવનગર | ૪૩૬ | ૧૩ |
| આણંદ | ૨૭૨ | ૧૩ |
| બનાસકાંઠા | ૨૯૫ | ૧૪ |
| રાજકોટ | ૫૨૯ | ૧૬ |
| પંચમહાલ | ૨૨૪ | ૧૬ |
| બોટાદ | ૧૧૨ | ૩ |
| અરવલ્લી | ૨૪૦ | ૨૩ |
| મહીસાગર | ૧૬૭ | ૨ |
| મહેસાણા | ૩૭૬ | ૧૪ |
| ભરૂચ | ૩૬૪ | ૧૧ |
| પાટણ | ૨૬૩ | ૧૮ |
| ખેડા | ૨૬૭ | ૧૩ |
| દાહોદ | ૧૧૬ | ૧ |
| છોટા ઉદેપુર | ૭૧ | ૨ |
| નર્મદા | ૧૦૧ | ૦ |
| સાબરકાંઠા | ૨૩૦ | ૮ |
| જામનગર | ૩૦૯ | ૮ |
| નવસારી | ૧૯૬ | ૨ |
| કચ્છ | ૨૧૩ | ૬ |
| વલસાડ | ૩૦૫ | ૫ |
| દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૩ |
| પોરબંદર | ૨૨ | ૨ |
| ડાંગ | ૭ | ૦ |
| જૂનાગઢ | ૨૨૮ | ૪ |
| તાપી | ૩૭ | ૦ |
| મોરબી | ૫૫ | ૩ |
| સુરેન્દ્રનગર | ૨૩૭ | ૮ |
| અમરેલી | ૧૨૬ | ૮ |
| ગીર સોમનાથ | ૧૦૭ | ૧ |
| અન્ય રાજ્ય | ૮૮ | ૧ |
| *કુલ* | *૩૯,૨૮૦* | *૨,૦૧૦* |

**તા. ૧૦-૦૭-૨૦૨૦**

- **ગુજરાતમાં ક્યારે કેટલા કેસ?**

| *કેસ* | *તારીખ* | *સમયગાળો* |
|---|---|---|
| ૦૧ | ૧૯ માર્ચ, ૨૦૨૦ | – |
| ૧,૦૦૦ | ૧૭ એપ્રિલ | ૨૯ દિવસ |
| ૫,૦૦૦ | ૨ મે | ૧૫ દિવસ |
| ૧૦,૦૦૦ | ૧૬ મે | ૧૪ દિવસ |
| ૧૫,૦૦૦ | ૨૭ મે | ૧૧ દિવસ |
| ૨૦,૦૦૦ | ૦૭ જૂન | ૧૪ દિવસ |
| ૨૫,૦૦૦ | ૧૮ જૂન | ૧૧ દિવસ |
| ૩૦,૦૦૦ | ૨૬ જૂન | ૦૮ દિવસ |
| ૩૫,૦૦૦ | ૦૪ જુલાઈ | ૦૮ દિવસ |
| ૪૦,૦૦૦ | ૧૦ જુલાઈ | ૦૬ દિવસ |

**તા. ૧૨-૦૭-૨૦૨૦**

- **આઈ.ટી. કંપનીઓમાં ડિસેમ્બર ૨૦૨૦ સુધી 'વર્ક ફ્રોમ હોમ'**

કોરોના વાયરસના પગલે લોકડાઉનની શરૂઆતના થોડા દિવસો પહેલાથી જ આઈ.ટી. કંપનીઓમાં 'વર્ક ફ્રોમ હોમ' દ્વારા કામગીરીની શરૂઆત થઈ ગઈ હતી. હવે ચાર મહિના બાદ પણ અનિર્ણાયક અને અનિશ્ચિતતાઓભરી પરિસ્થિતિ હોતાં, અમદાવાદ અને ગાંધીનગરની મોટાભાગની આઈ.ટી. કંપનીઓએ ડિસેમ્બર-૨૦૨૦ સુધી 'વર્ક ફ્રોમ હોમ' દ્વારા જ કામગીરીનો

વિકલ્પ અપનાવ્યો છે. જે કંપનીઓ ડેટા સિક્યોરિટીનું પાલન કરે છે તે કંપનીઓએ કર્મચારીઓના ઘરે કમ્પ્યુટર સિસ્ટમ મોકલાવી હતી.

### તા. ૧૩-૦૭-૨૦૨૦

- **જાહેરમાં માસ્ક ન પહેરનાર, ગમે ત્યાં થૂંકનારને હવે રૂા. ૫૦૦/-નો દંડ**
  અમદાવાદમાં કોરોનાનો કેર યથાવત હોવા છતાં કેટલાક લોકો તે પરત્વે બેદરકાર થવા માંડ્યા છે. આ સ્થિતિનો અંત લાવવા મ્યુનિ. તંત્રએ જાહેરમાં માસ્ક ન પહેરનાર તથા થૂંકનારને રૂા. ૨૦૦નો દંડ લેવાતો હતો, તે વધારીને રૂા. ૫૦૦ કરવામાં આવ્યો છે. તેમજ પાનના ગલ્લા નજીક જ કોઈ ગ્રાહક થૂંકશે તો ગલ્લાવાળાને રૂા. ૧૦,૦૦૦નો દંડ કરવામાં આવશે, તેવું નક્કી કર્યું હતું.

### તા. ૧૫-૦૭-૨૦૨૦

- **કોરોના ટેસ્ટ અંગે સરકારે બહાર પાડેલ નવી ગાઇડલાઇન : ગંભીર દર્દીને કોરોનાના રિપોર્ટની રાહ જોયા વગર તુરત સારવાર અપાશે**
  રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ કોરોનાની લેબોરેટરી ચકાસણી અંગે એક વધુ ગાઈડલાઈન બહાર પાડવામાં આવી હતી. જે અનુસાર કોરોનાના લક્ષણો ધરાવતા કે તે અંગે શંકા ધરાવતા દર્દીને કોરોના ટેસ્ટ માટે સરકારી કે ખાનગી ફિઝિશિયન, એમ.ડી. અથવા એમ.બી.બી.એસ. ડૉક્ટરો પણ લખીને આપી શકશે. જેના આધારે નાગરિકનો ટેસ્ટ થઈ શકશે. ગંભીર દર્દીઓને કોવિડના રિપોર્ટની રાહ જોયા વગર તુરત જ સારવાર આપવાની રહેશે.

### તા. ૨૩-૦૭-૨૦૨૦

- **અમદાવાદ પર કોરોનાનો ખતરો વધ્યો, કમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ**
  અમદાવાદ શહેરમાં કોરોના અંકુશમાં આવ્યો છે. હવે સુરતમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે, તેવું અમદાવાદીઓ માની રહ્યા હતા પણ તેવું ન હતું. વાસ્તવમાં શહેરમાં ધાર્યા કરતા ગંભીર પરિસ્થિતિ બની રહી હતી. હવે શહેરમાં પૂર્વ વિસ્તારની સરખામણીમાં પશ્ચિમ વિસ્તારમાં કેસોનું પ્રમાણ વધી રહ્યું હતું. અમદાવાદ મેડિકલ એસોસિએશનનો દાવો હતો કે, અમદાવાદમાં કમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ચૂક્યું છે. **નિષ્ણાતોનું માનવું હતું કે, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ પ્રત્યેની બેદરકારી અમદાવાદના લોકોને ભારે પડશે.**
- **કોરોના બ્લાસ્ટ : કચ્છમાં ૨૪, નર્મદામાં ૪૦ નવા કેસ**
  કચ્છ અને નર્મદા જિલ્લામાં એક દિવસમાં સૌથી વધુ કેસનો નવો રેકોર્ડ નોંધાયો હતો. કચ્છ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૪ કેસ સાથે કુલ કેસનો આંક ૩૯૮ થયો હતો. બીજી તરફ, નર્મદા જિલ્લામાં ૪૦ કેસ નોંધાયા હતા. આ સાથે નર્મદામાં કુલ કેસનો આંક ૨૦૧ થયો હતો.
- **ગુજરાતમાં છેલ્લા સાત દિવસમાં (તા. ૨૩-૦૭-૨૦૨૦ સુધી) કોરોના કેસ – ટેસ્ટ**

| *તારીખ* | *કેસ* | *ટેસ્ટ* |
|---|---:|---:|
| ૧૭ જુલાઈ | ૯૪૯ | ૧૨,૮૩૦ |
| ૧૮ જુલાઈ | ૯૬૦ | ૧૨,૨૯૭ |
| ૧૯ જુલાઈ | ૯૬૫ | ૧૧,૮૨૫ |
| ૨૦ જુલાઈ | ૯૯૮ | ૧૨,૮૬૭ |
| ૨૧ જુલાઈ | ૧,૦૨૬ | ૧૩,૬૯૩ |
| ૨૨ જુલાઈ | ૧,૦૨૦ | ૧૪,૦૨૪ |
| ૨૩ જુલાઈ | ૧,૦૭૮ | ૧૫,૪૧૭ |
| *કુલ* | *૬,૯૯૬* | *૯૨,૯૫૩* |

# અમદાવાદ

**તા. ૨૪-૦૬-૨૦૨૦**

- **અમદાવાદમાં કોરોનાના કેસ ઘટીને ૨૦૫ અને મૃત્યુ આંક ૧૫નો થયો**

  અમદાવાદ મ્યુનિ. વિસ્તારમાં ૨૪ કલાકમાં ૨૦૫ અને જિલ્લામાં ૧૦ કોરોનાના નવા દર્દીઓ નોંધાયા હતા. જ્યારે મૃત્યુ આંક ૧૫નો રહ્યો હતો. આ સાથે જિલ્લા સમેત કુલ દર્દીઓની સંખ્યા ૧૯,૬૦૧ની થઈ ગઈ હતી. તેમજ કુલ મૃત્યુ આંક ૩,૪૭૮ના આંકને આંબી ગયો હતો. ઉપરાંત એક્ટિવ કેસોની સંખ્યા ઘટીને ૩,૧૧૩ની થઈ ગઈ હતી.

**તા. ૨૬-૦૬-૨૦૨૦**

- **અમદાવાદમાં કોરોનાના કહેરને રોકવામાં સત્તાવાળાઓ નિષ્ફળ : વિપક્ષનો આક્ષેપ**

  અમદાવાદમાં પ્રારંભિક તબક્કે મ્યુનિ. કોર્પોરેશન કોરોનાના સંક્રમણને રોકવામાં નિષ્ફળ રહ્યું હોવાનો આક્ષેપ કરી વિરોધપક્ષ કોંગ્રેસે આ અંગે પારદર્શક રીતે ચર્ચા કરવા બોર્ડની ખાસ રેક્વિઝિશન સભા બોલાવવાની માંગણી કરી હતી. ૧૯મી માર્ચે પહેલો કેસ નોંધાયા બાદ સત્તાવાળાઓની બેદરકારીના કારણે અમદાવાદ હોટસ્પોટ બની ગયું હતું. દેશમાં સંક્રમણ શરૂ થયા બાદ અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પનો કાર્યક્રમ યોજાયો હતો. બાદમાં લૉ ગાર્ડન હેપ્પી સ્ટ્રીટનું ઉદ્‌ઘાટન વગેરે કાર્યક્રમોમાં ભીડ ભેગી કરાઈ હતી. શરૂઆતમાં અમદાવાદ ઍરપોર્ટ, રેલવે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડ વગેરે સ્થળે સ્ક્રિનિંગ કરાતું ન હતું. કેટલાક વિદેશીઓ દિલ્હી કે મુંબઈ ઉતરીને ટ્રેન કે ડોમેસ્ટિક વિમાની સેવા દ્વારા અમદાવાદમાં આવી ગયા હતા અને કોઈને ક્વોરન્ટાઇન કર્યા ન હતા. એપ્રિલ - મે માં કોરોના કેસની સંખ્યામાં ઉછાળો આવતાં જ ટેસ્ટિંગ કરવાનું ઘટાડી દેવાયું હતું, વગેરે મુદ્દાઓ જણાવવામાં આવ્યા હતા.

**તા. ૨૭-૦૬-૨૦૨૦**

- **અમદાવાદમાં માસ્ક વગર ફરતા ૭૦ હજાર લોકો ઝડપાયા. કુલ ૬૦ લાખનો દંડ**

  **માસ્ક વગર વાહન ચલાવતા ૮૨૦ને ઇ-મેમો ● મોલ, દુકાનો, પાનના ગલ્લા વગેરે સ્થળે ચેકિંગ**

  મ્યુનિ. સોલિડ વેસ્ટ ખાતાની ૧૫૧ ટીમોએ જુદા જુદા વિસ્તારોમાં ફરીને ૭૦,૪૮૬ લોકોને માસ્ક પહેર્યા વગર ઝડપી લઈને ૬૦,૨૯,૩૦૦નો દંડ ફટકાર્યો હતો. ઉપરાંત ચાર રસ્તા પર લગાવેલા સી.સી.ટી.વી. કેમેરામાં માસ્ક વગર ઝડપાયેલા ૮૨૦ જેટલા વાહન ચાલકોને પણ ઈ-મેમો ઇસ્યુ કરવામાં આવ્યા હતા. તે સિવાય, જાહેર સ્થળોએ, દુકાનોમાં, મોલોમાં, પાન-મસાલાના ગલ્લા પર માસ્ક પહેર્યા વગરના લોકોને ઝડપી લઈ દંડ કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં ટ્રાફિક વિભાગ દ્વારા ૧૪ ટ્રાફિક પોલિસ સ્ટેશનોને દંડ વસુલવા આદેશ કરવામાં આવ્યો હતો.

**તા. ૨૮-૦૬-૨૦૨૦**

- **મેટ્રો રેલવેના કામ માટે ફ્લાઇટથી ૧૦૦ શ્રમજીવીઓને અમદાવાદ લવાયા**

  ‘અનલોક ૧.૦’ અંતર્ગત અમદાવાદમાં હવે મેટ્રો રેલની કામગીરી શરૂ કરવામાં આવશે. જેના ભાગરૂપે ઓડિસાથી ૧૦૦ શ્રમજીવીઓને ફ્લાઇટ દ્વારા અમદાવાદ લાવવામાં આવ્યા હતા. આ શ્રમજીવીઓ મેટ્રો રેલની અંડરગ્રાઉન્ડ ટનલ બનાવવામાં નિષ્ણાત હોતાં તેમને લાવવામાં આવ્યા છે. તેમને સૌપ્રથમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અન્ય પાંચ રાજ્યોમાંથી ૩૦૦થી વધુ શ્રમિકોને મેટ્રો રેલની કામગીરી માટે ટ્રેન - બસ દ્વારા અમદાવાદ લાવવામાં આવશે.

**તા. ૨૯-૦૬-૨૦૨૦**

- **અમદાવાદમાં કોરોનાના એક જ દિવસમાં નવા ૨૨૨ કેસ**

  અમદાવાદમાં કોરોનાના નવા એક જ દિવસમાં નોંધાયેલા દર્દીઓનો આંક છેલ્લા ૨-૩ દિવસ ૨૦૦ની અંદર રહ્યા બાદ

આ દિવસે વધીને ૨૨૨ રહ્યો હતો.

**તા. ૩૦-૦૬-૨૦૨૦**

- **અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દેશની સૌપ્રથમ પ્લાઝમા બેંક**
  અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં દેશની સૌપ્રથમ પ્લાઝમા બેંકની શરૂઆત કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના ડિપાર્ટમેન્ટ ઑફ ઈમ્યુનોહિમેટોલોજી અને બ્લડ ટ્રાન્સફયુઝન દ્વારા સંચાલિત આ વ્યવસ્થામાં કોરોનામાંથી સાજા થયેલા દર્દીઓના એન્ટિબોડી ધરાવતું પ્લાઝમા લઇ કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાશે. **લોહીમાં રક્તકણો અને તેના પ્રવાહીને પ્લાઝમા કહેવામાં આવે છે.** પ્લાઝમા બેંકમાં વ્યક્તિના રક્તમાંથી ૫૦૦ મિલી પ્લાઝમા છૂટું પાડવામાં આવે છે. જેમાંથી ૨૦૦ મિલીના બે ડૉઝ કોરોના દર્દીને ચડાવવામાં આવે છે અને ૧૦૦ મિલી સંશોધન માટે અલાયદું રાખવામાં આવે છે.

**તા. ૦૩-૦૭-૨૦૨૦**

- **લોકડાઉન અને અનલોક વચ્ચેના ૧૦૦ દિવસથી અનેક ડૉક્ટર ઘરે ગયા વિના કોવિડ વોર્ડમાં સેવા આપી રહ્યા છે**
  ૨૫ માર્ચથી લોકડાઉન શરૂ થયું ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે ભારતમાં જ ૬ લાખ કોરોના પોઝિટિવ કેસ આવનાર થોડા મહિનાઓમાં સામે આવી જશે. નોવેલ કોરોના વાયરસ મહામારીમાં દુનિયાભરના ડૉક્ટર અને અન્ય મેડિકલ સ્ટાફની કામગીરીને સૌ કોઈએ બિરદાવી છે. લોકડાઉનને ૨જી જુલાઈએ ૧૦૦ દિવસ પૂરા થઈ ગયા ત્યારે અનલોકનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. ઘણાં દર્દીઓ સાજા થઈને રાબેતા મુજબ કામે વળગી ગયા અને ઘણાં લોકોના દુઃખદ અવસાન થયા. આ બધાની વચ્ચે ડૉક્ટર અને મેડિકલ સ્ટાફની ભૂમિકા સરાહનીય બની રહી છે. કોવિડ વોર્ડમાં પીપીઈ કીટ પહેરીને કામ કરતાં, દર્દીઓને સતત પ્રોત્સાહિત કરતાં ડૉક્ટર્સની સ્થિતિ કેવી થતી હશે તેની કલ્પના જ કરવી અશક્ય છે. અમદાવાદમાં એસ.વી.પી., સિવિલ, શારદાબેન અને એલ.જી. **હોસ્પિટલમાં કોવિડ માટે ૧૫૦૦થી ૧૮૦૦ ડોક્ટર્સ સતત કામે લાગેલા છે, જેમાંથી અનેક ડોક્ટર્સ તો છેલ્લા ૧૦૦ દિવસથી પોતાના ઘરે પણ નથી ગયા અને કોવિડમાં પોતાના જીવની પણ ચિંતા કર્યા વિના અખંડ સેવા આપી રહ્યા છે.**

**તા. ૦૭-૦૭-૨૦૨૦**

- **કોરોનાથી સમાજ વ્યવસ્થામાં ભંગાણ : વૃદ્ધાશ્રમોમાં ઇન્કવાયરીમાં વધારો થયો**
  એક જૂની ઉક્તિ છે કે, **'માતા-પિતાના નાનકડા ઘરમાં પણ એકસાથે ઘણા સંતાનો રહી શકે છે પણ એક સંતાનનો બંગલો હોવા છતાં તેમાં ઘરડા માતા-પિતાને સ્થાન મળતું નથી...'** કોરોના વાયરસને લીધે આર્થિક વ્યવસ્થાની જે કમર તૂટી છે તેની અસર આપણી સમાજ વ્યવસ્થા ઉપર પણ જોવા મળી હતી. કોરોના વાયરસના સમય દરમિયાન વૃદ્ધાશ્રમમાં માતા-પિતાને મૂકવા માટેની ઈન્ક્વાયરીમાં ખાસ્સો વધારો નોંધાયો હતો. પરિસ્થિતિ તો એવી સર્જાઈ હતી કે અમદાવાદના કેટલાક વૃદ્ધાશ્રમમાં તો લાંબુ 'વેઈટિંગ' પણ જોવા મળ્યું હતું. અનેક કિસ્સાઓમાં કોરોના બાદ આર્થિક સ્થિતિ નબળી પડી હોવાથી સંતાનો તેમના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં દાખલ કરી રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

**તા. ૧૫-૦૭-૨૦૨૦**

- **કોરોના મહામારીના માહોલ વચ્ચે માનસિક ચિંતાથી પીડાતા નાગરિકોને માર્ગદર્શન માટે 'હેલ્પલાઇન' શરૂ કરાઈ**
  અમદાવાદમાં ચાર મહિનાથી કોરોનાની મહામારીએ ભરડો લીધો છે. ચારે તરફ કોરોનાની જ વાતો ચાલતી હોય છે. તેવા માહોલમાં કેટલાક લોકો માનસિક તણાવ અનુભવતા જોવા મળ્યા હતા. કેટલાક કાલ્પનિક ભયથી પીડાતા હોય છે. આ પ્રકારની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓના નિરાકરણ માટે મ્યુનિ. દ્વારા **'કોરોના સાંત્વના' નામની નવી ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે.** સવારના ૯ થી રાતના ૯ દરમિયાન મનોચિકિત્સકો ફોન કરનાર વ્યક્તિને માર્ગદર્શન આપશે, જેમાં મહિલા તબીબ પણ હાજર હશે.

# કોરોના – કોવિડ-૧૯ : આંકડાકીય માહિતી – (૨)

*'મંગલ મંદિર'ના માસ એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦ના વિશેષાંકમાં આ પ્રકારની જે માહિતી (દૈનિક સ્વરૂપે) આપવામાં આવી હતી, તેના અનુસંધાનમાં અત્રે તેના પછીની વિગત (સાપ્તાહિક સ્વરૂપે) પ્રસ્તુત છે.*

| તારીખ (સુધીમાં) | વિગત | વિશ્વ | ભારત | ગુજરાત | અમદાવાદ |
|---|---|---|---|---|---|
| ૨૫-૦૬-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૯૪,૨૨,૮૪૭ | ૪,૭૧,૮૪૧ | ૨૯,૦૦૧ | ૧૯,૬૦૧ |
| | ટોટલ મૃત્યુ | ૪,૮૧૪૪૨ | ૧૪,૮૯૪ | ૧,૭૩૬ | ૧,૩૭૮ |
| | ટોટલ સાજા થયા | ૫૦,૯૨,૬૯૩ | ૨,૭૦,૫૯૮ | ૨૧,૦૯૬ | ૧૪,૭૯૫ |
| ૦૧-૦૭-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૦૬,૮૦,૬૫૧ | ૬,૦૩,૦૫૧ | ૩૩,૩૧૮ | ૨૧,૧૨૮ |
| | ટોટલ મૃત્યુ | ૫,૧૬,૨૬૮ | ૧૭,૭૯૩ | ૧,૮૬૯ | ૧,૪૪૯ |
| | ટોટલ સાજા થયા | ૫૮,૪૯,૯૫૧ | ૩,૫૮,૪૫૩ | ૨૪,૦૩૮ | ૧૬,૦૯૩ |
| ૦૮-૦૭-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૨૦,૩૮,૫૦૩ | ૭,૬૬,૨૭૩ | ૩૮,૪૧૯ | ૨૨,૪૧૮ |
| | ટોટલ મૃત્યુ | ૫,૪૮,૪૯૮ | ૨૧,૧૩૩ | ૧,૯૯૫ | ૧,૫૦૧ |
| | ટોટલ સાજા થયા | ૬૯,૬૪,૧૯૧ | ૪,૭૫,૪૮૦ | ૨૭,૩૧૩ | ૧૭,૩૬૩ |
| ૧૫-૦૭-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૩૫,૫૮,૭૮૩ | ૯,૬૫,૮૫૮ | ૪૪,૬૪૮ | ૨૩,૫૯૯ |
| | ટોટલ મૃત્યુ | ૫,૮૩,૫૧૧ | ૨૪,૯૦૧ | ૨,૦૮૧ | ૧,૫૨૭ |
| | ટોટલ સાજા થયા | ૭૯,૧૩,૬૦૪ | ૬,૧૧,૨૮૬ | ૩૨,૩૪૬ | ૧૭,૯૩૭ |
| ૨૨-૦૭-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૫૧,૯૦,૫૩૦ | ૧૨,૨૦,૪૩૩ | ૫૧,૪૮૫ | ૨૪,૯૬૩ |
| | ટોટલ મૃત્યુ | ૬,૨૧,૯૯૮ | ૨૯,૫૩૧ | ૨,૨૨૯ | ૧,૫૬૧ |
| | ટોટલ સાજા થયા | ૯૧,૭૫,૮૫૧ | ૭,૭૨,૪૮૮ | ૩૭,૨૪૦ | ૧૯,૭૪૫ |
| ૨૯-૦૭-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૭૦,૨૫,૬૧૨ | ૧૫,૮૨,૫૮૧ | ૫૯,૧૨૬ | ૨૬,૧૭૩ |
| | ટોટલ મૃત્યુ | ૬,૬૫,૯૪૭ | ૩૪,૯૯૫ | ૨,૩૯૬ | ૧,૫૮૮ |
| | ટોટલ સાજા થયા | ૧,૦૫,૩૭,૨૩૩ | ૧૦,૨૦,૨૪૬ | ૪૩,૧૯૫ | ૨૧,૨૩૭ |
| ૦૫-૦૮-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૧,૮૮,૦૬,૨૩૦ | ૧૯,૫૮,૫૯૨ | ૬૬,૭૭૭ | ૨૭,૨૮૩ |
| | ટોટલ મૃત્યુ | ૭,૦૬,૪૫૭ | ૪૦,૭૨૨ | ૨,૫૫૭ | ૧,૬૧૭ |
| | ટોટલ સાજા થયા | ૧,૧૯,૭૭,૩૯૪ | ૧૨,૯૮,૫૨૮ | ૪૯,૪૦૫ | ૨૨,૦૩૫ |
| ૧૩-૦૮-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૨,૦૮,૮૨,૧૦૯ | ૨૪,૩૧,૫૫૮ | ૭૫,૪૮૨ | ૨૮,૫૧૭ |
| | ટોટલ મૃત્યુ | ૭,૪૮,૫૨૨ | ૪૫,૫૨૭ | ૨,૭૩૩ | ૧,૬૪૮ |
| | ટોટલ સાજા થયા | ૧,૩૭,૭૧,૫૬૬ | ૧૭,૨૫,૮૩૪ | ૫૮,૪૩૯ | ૨૨,૩૪૫ |
| ૧૯-૦૮-૨૦૨૦ | ટોટલ પોઝિટિવ કેસ | ૨,૨૩,૯૭,૮૮૧ | ૨૮,૧૪,૧૫૭ | ૮૨,૦૮૭ | ૨૯,૪૯૦ |
| | ટોટલ મૃત્યુ | ૭,૮૬,૨૬૯ | ૫૩,૭૦૧ | ૨,૮૩૯ | ૧,૬૭૦ |
| | ટોટલ સાજા થયા | ૧,૫૧,૨૨,૩૮૧ | ૨૦,૭૫,૮૩૬ | ૬૪,૮૩૦ | ૨૪,૪૨૨ |

*(સંકલિત માહિતી)*

*રજૂઆત : દિનેશ આર. મહેતા*

## કોરોના મહામારીના આ સમયમાં વિશ્વમાં અનેક દેશોમાં ક્યુબાના મેડિકલ સ્ટાફે પોતાની નિઃસ્વાર્થ સેવા આપી છે....

અમેરિકા બાદ લેટિન અમેરિકા કોવિડનું નવું એપી સેન્ટર બનવા જઈ રહ્યું છે. ત્યારે ક્યુબા તેમાંથી પણ બચી જઈને અલગ ઉભરી આવ્યું છે. **આ બાબત સાબિત કરે છે કે ક્યુબાએ મંદિર કરતાં પ્રયોગશાળાઓ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જાહેર આરોગ્યની બાબતે તે ખૂબ ગંભીર છે.** બ્રાઝિલની તુલનાએ ક્યુબામાં કોરોના થવાની સંભાવના ૭૦ ગણી ઓછી છે. ક્યુબાની તબીબી ટીમ દુનિયામાં જ્યાં પણ જરૂર હોય ત્યાં પહોંચી છે અને કોવિડ-૧૯ના દર્દીઓની નિઃસ્વાર્થ સતત સેવા કરી છે. ક્યુબા મહામારીના આ સમયમાં મસીહા તરીકે રહ્યું છે. **વિશ્વના અનેક દેશોમાં ક્યુબાના મેડિકલ સ્ટાફે પોતાની સેવાઓ આપી છે. કોવિડ સામેની લડાઈમાં ક્યુબાનું નામ સૌથી ઉપર હશે.**

'ધ ગાર્ડિયન'ના અહેવાલ પ્રમાણે ક્યુબાના હજારો ફેમિલી ડૉક્ટર્સ, નર્સ તથા તબીબી વિદ્યાર્થીઓ ઘરે-ઘરે જઈને લોકોના આરોગ્યની તપાસ કરી રહ્યા છે. એક પણ ઘર મિસ થઈ રહ્યું નથી. એટલે ત્યાં અત્યાર સુધીમાં કોરોનાના માત્ર ૨,૧૧૩ કેસ નોંધાયા છે અને ફક્ત ૮૩નાં મોત થયા છે. **કોવિડનો ચેપ રોકવા માટે કહેવાય છે કે સંભવિત દર્દીઓની તાત્કાલિક ઓળખ કરો અને તેમને બીજા લોકોથી અલગ કરો, જેથી તેની ચેઈન તોડી શકાય.** આ વિશે જાગૃતિ લાવવા કેરળ સરકારે બ્રેક ધ ચેઈન આંદોલન પણ ચલાવ્યું હતું. ક્યુબન સરકાર કોવિડની ચેઈન બ્રેક કરવામાં સફળ રહી છે.

વર્ષોથી એવું કહેવાતું આવ્યું છે કે આટલા હજારની વસ્તી દીઠ આટલા ડૉક્ટર હોવા જ જોઈએ. અત્યાર સુધી આપણને તે અર્થહીન લાગતું હતું. કોરોનાએ આપણને તેની પાછળનું ગૂઢ રહસ્ય સમજાવી દીધું છે. ક્યુબામાં વસ્તીની તુલનાએ ડૉક્ટરનો રેશિયો સૌથી ઊંચો છે. એ રેશિયોમાં વિદેશમાં સેવા આપી રહેલા ૧૦,૦૦૦ ડૉક્ટર્સને ગણવામાં આવ્યા નથી એ પણ નોંધવું જોઈએ. જી.ડી.પી.ની તુલનાએ હેલ્થકેર પર તે સર્વાધિક ખર્ચ કરી રહ્યું છે.

લેટિન અમેરિકન અને કેરેબિયન દેશોમાં ૩૦ ટકા જનતા આરોગ્ય સેવાથી વંચિત છે ત્યારે **ક્યુબામાં એકપણ એવો દર્દી નથી જેને ગુણવત્તાપ્રદ સ્વાસ્થ્ય સેવા ઉપલબ્ધ ન હોય.** અમેરિકાએ ૫૦ વર્ષ સુધી લાદેલા આર્થિક પ્રતિબંધ વચ્ચે પણ ક્યુબાએ આ સફળતા પ્રાપ્ત કરી છે, આટલો વિકાસ કર્યો છે. **ભાવનાના પૂરમાં તણાવાને બદલે પ્રેક્ટિકલ રહેવાને કારણે તે આ કરી શક્યું છે. તાયફા અને તમાશા કરવાને બદલે સાચા રસ્તે પૈસા ખર્ચવાને કારણે તે આ કરી શક્યું છે.** અમેરિકાના પ્રતિબંધને કારણે તેના અર્થતંત્રને ૭૫૦ અબજ ડોલરનું નુકસાન ગયું, તો તે પણ પચાવી જઈને તે આ કરી શક્યું છે.

ક્યુબન નાગરિકોની સરેરાશ ઉંમર ૭૮ વર્ષ છે, જે અમેરિકન નાગરિકોની સમકક્ષ છે. અમેરિકાની તુલનાએ હેલ્થકેર પાછળ માત્ર ૪ ટકા ખર્ચ કરીને તે જગતની સૌથી ઉત્તમ સ્વાસ્થ્ય સેવા પૂરી પાડી રહ્યું છે. અમેરિકાની આરોગ્ય સેવાઓ બીમારી કેન્દ્રિત છે, ક્યુબાની નિવારણ કેન્દ્રિત. અમેરિકામાં દર્દી, હોસ્પિટલો અને વીમા કંપનીઓ માટે પૈસા કમાવાનું સાધન છે; ક્યુબામાં તેનાથી ઊલટું છે. **એટલે જ પશ્ચિમ જગતના વિદ્વાનો ક્યુબાના જાહેર આરોગ્ય પર ઓળઘોળ છે.** તેના પર અનેક પુસ્તકો લખ્યા છે, અનેક ડોક્યુમેન્ટરી બનાવી છે.

ક્યુબા ખરેખર ક્યુબા છે.

## *Did you notice that alphabet 'C' has shot to prominence in this Covid-19 era?*

See the sea of change that the alphabet 'C' has brought!! No one expected that the alphabet 'C' would play a completely overwhelming role compared with any of the other alphabets...

Cough (C), Cold (C), Corona Virus (C), Covid-19 (C), Case (C), Confirmed (C), Confinement (C), Contamination (C), Containment (C), Curfew (C), Two most serious 'C's are Cemetery (C), Cremation (C), the possible remedial drug is Chloroquine (C), and on top of this it started from China (C)... but at the same time, God smiled and said....

Cleanliness (is the remedy...) Courage (is the need of the hour...)

Compliance to the expert advice...

Contention to overcome the crisis...

Clarity of thought...

Cooperation with the fellow beings...

Caring for the needy...

and finally...

"Clearance" is awaited and in a short while... "Cure" is definitely going to "Come"....

Till then take Vitamin 'C'...

Stay Safe & Healthy....

## જૈન શાસનની સંસ્થાઓના ટ્રસ્ટી કેવા હોવા જોઈએ?

સમગ્ર ભારતમાં જૈન સમાજનું ટ્રસ્ટીપણું અને મહાજનપણું વખણાય છે, પરંતુ આજે એવું જોવા મળે છે કે આપણે કરોડોના દાન કરી ઊભી કરેલી સંસ્થાઓના વહીવટ ક્યાંક સંતોષજનક જોવા મળતા નથી, તેની સુધારણામાં નવા ટ્રસ્ટીશ્રીઓની નિમણૂંક કરતા પહેલા હાલના ટ્રસ્ટીશ્રીઓએ નીચેની બાબતોએ આત્મમંથન કરવું જોઈએ.

- જૈન સંસ્થાના ટ્રસ્ટીને દેવગુરુ અને ધર્મ પર અતુટ શ્રદ્ધા હોવી જોઈએ.
- વજસેન વિજયજીએ ટ્રસ્ટીના પાંચ લક્ષણ કહ્યા છે : (૧) ધાર્મિક અને વ્યવહારિક બાબતોથી વિનમ્ર જ્ઞાની અને શ્રદ્ધાળુ (અંધશ્રદ્ધાળુ નહીં). (૨) આર્થિક રીતે સંપન્ન. (૩) રાજદોષ અને સમાજદોષથી મુક્ત. (૪) ચારિત્ર્યની દૃષ્ટિએ શંકાથી પર, (૫) શારીરિક રીતે તંદુરસ્ત.
- તમે જો સંસ્થાને પૂરો સમય આપી શકો તો જ હોદ્દેદાર બનશો. "મને સમય નથી. આ તો બધાનો આગ્રહ હતો એટલે ટ્રસ્ટી બન્યો." આ વાક્ય તમારે બોલવા કરતા રાજીનામું આપી દેશો કારણકે આ દુનિયા મોટા મહાપુરુષો વગર પણ ચાલે છે, તો સંસ્થા તમારા વગર ચાલશે જ. ખોટા ભ્રમમાંથી બહાર આવી જશો.
- જે સંસ્થાના ટ્રસ્ટી હો તે સંસ્થામાં તમારા સગાસંબંધીને નોકરીએ રખાવશો નહીં અને ત્યાંના કોઈ બાંધકામ - સપ્લાય વગેરેના કોન્ટ્રાક્ટ લેવા જ નહીં. તે અપકીર્તિ અપજશનું મૂળ છે. તેમાં તમારા બધા સારા કાર્યો પાણીમાં જશે.
- સંસ્થાના કર્મચારી પાસે અંગત કામ કરાવવા નહીં અને અંગત સવલત માંગવી નહીં (અમુક ભોજનશાળાના ટ્રસ્ટીશ્રીઓ પોતે જુદા જમવા બેસે તથા પહેલેથી વિશેષ સૂચના આપે તે યોગ્ય નથી. અચાનક આવી, મુખ્ય પંગતમાં જ જમવા બેસો.)
- બને ત્યાં સુધી ફોન કે જાણ કર્યા વગર જ સંસ્થાની મુલાકાત લેવી, જેનાથી સાચી પરિસ્થિતિની ખબર પડે. (શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈ ૧૯ તીર્થના ટ્રસ્ટી હતા પણ પોતાની ગાડી અડધો કિ.મી. દૂર પાર્ક કરી, સંસ્થામાં ચાલીને જતા. જેથી ગાડીના અવાજથી આળસુ કર્મચારી સતર્ક ના થાય.)
- જીહજુરી કરનાર કર્મચારીથી સતર્ક રહો. "નમન નમનમેં ફેર હૈ બહુત, નમે નાદાન" — તેમ કેટલાક હોંશિયાર કર્મચારીઓ સંઘને નહીં પણ મુખ્ય ૨-૫ લોકોને જ સાચવતા હોય છે અને અમુક કિસ્સામાં તો ખરું - ખોટું બોલી, ટ્રસ્ટીઓ વચ્ચે વિખવાદ પણ ઉભો કરતા હોય છે. તેવા લોકોથી ચેતો.
- કર્મચારી જ સંસ્થાનું સાચું સ્વરૂપ બહાર બતાવે છે. માટે કર્મચારી સાથે નમ્રતાથી વર્તો. **પણ સંસ્થા હિતમાં કડક થતા અને કડક નિર્ણય લેતા પણ અટકાવ નહીં. સંસ્થાનું હિત સર્વોપરી છે.**
- **મોટાભાગે જૈન સંસ્થામાં કર્મચારીના પગાર ધોરણ નીચા હોય છે. માટે યોગ્ય કર્મચારી મળવા મુશ્કેલ બને છે. આપણે અન્ય કાર્યમાં કરોડો ખર્ચ કરીએ પણ આ દિશામાં વિચારતા નથી. બની શકે તો તેમના બાળકોના એજ્યુકેશન વગેરેની જવાબદારી પણ સ્વીકારો.**
- તમે સાધન સંપન્ન છો માટે જ ટ્રસ્ટીપદે છો. માટે સંસ્થાની મુલાકાત વગેરે પ્રવાસ ખર્ચ સંસ્થામાં ના લખો.
- **યોગ્ય સમયે પદ છોડી, નવા યોગ્ય લોકોને તક આપો.** તમારી ટીમમાં સગાવહાલા - મિત્રોને નહીં પણ યોગ્ય લોકોને પસંદ કરો. ઘણી સંસ્થાઓ તો જાણે મિત્રો, વેવાઈઓને સાચવવાનું માધ્યમ બની ગઈ છે.
- પદભાર સંભાળ્યા પછી એવા કોઈ સંજોગો ઊભા થાય કે તમે સંસ્થાને સમય - શક્તિ ના આપી શકો તો આભાર સાથે રાજીનામું આપો.
- તમે સંસ્થાના જીવંત ટ્રસ્ટી છો કે પહેલી અને છેલ્લી મીટિંગમાં હાજર રહેનારા અને બાકીના સમયમાં બોર્ડ પર નામ સાથે જ હાજર રહેનાર? તે વિચારજો અને **નવી પેઢીને તમે કોણ છો તેમાં કોઈ જ રસ નથી. તમે શું અને કેવા હકારાત્મક કામ કરો છો તેમાં જ રસ છે.** માટે ક્યાંક પડદા પાછળ તમે ટીકાપાત્ર તો નથી બનતા ને?
- સંસ્થાના વિજાતીય કર્મચારીઓ સાથે અંગતમાં ના મળો કે કામના સમય સિવાય ટેલિફોનિક સંપર્કમાં ના રહો. યોગ્ય સમયે ફોન કરો. તમારું ચારિત્ર્ય, એ તમારી મૂડી છે. તે શંકાથી મુક્ત જ હોવું જોઈએ.
- કર્મચારી સાથે માનવસહજ સરળ વ્યવહાર રાખો પણ અતિ નીકટતા પણ વ્યાજબી નથી. જેનાથી તમે પ્રભાવહીન થઈ શકો છો.
- કર્મચારીને રાખવા સમયે અને છૂટા કરવા સમયે ગમે તેટલા સારા હોય તો પણ કાગળ પર યોગ્ય લખાણ કરીને જ છૂટા કરવા કે રાખવા. ક્યારેક કોઈની ઉશ્કેરણીથી, તે સંસ્થા કે ટ્રસ્ટીઓને હેરાન કરવાનો પ્રયાસ કરી શકે છે.
- કર્મચારીના દુ:ખ કે ગંભીર બીમારીના સમયમાં અંગત

સ્વજનની જેમ તમે તેમની સાથે ઉભા રહો.

- જો તમે દાતા સાથે ટ્રસ્ટી હો તો એ પણ વિચારો કે તમારી પેઢીના કર્મચારીને તમે પૂરતો પગાર આપો છો. જો ત્યાં શોષણ થતું હોય તો તમારું દાન અને ધર્મ બંને ટીકાપાત્ર બનશે. તમારી પેઢીના કર્મચારીઓને પણ જૈન ધર્મ પ્રત્યે માન જાગે તેવો વર્તાવ કરો.
- **સંસ્થાનો આર્થિક વ્યવહાર શુધ્ધ અને ચોખ્ખો રાખવો. ક્યારેય સંસ્થાની સ્થાવર મિલ્કત વેચવી જ નહીં. તે ભવિષ્યમાં ગમે ત્યારે ઉપયોગી થઈ શકે તેમ હોય જ છે.**
- સમાજ ગમે ત્યારે સમર્થ છે. આવતું દાન યોગ્ય પ્રકલ્પમાં વાપરતું જ રહેવું.
- કોઈ પણ પ્રકારની ખરીદી, આર્થિક નિર્ણય એકલા ના કરશો. સહુને વિશ્વાસમાં રાખી સાથે જ નિર્ણય લેવા.
- કેટલીક સંસ્થામાં અન્ય ગ્રુપના દાતાના નામ દૂર થયાના દાખલા છે. આ ના થવું જોઈએ. આ વિશ્વાસઘાત અને દાતાદ્રોહ છે.
- હમણાં હમણાંથી જૈન સમાજની કેટલીક ભોજનશાળા પ્રાઈવેટ રસોયાને કોન્ટ્રાક્ટ બેઝ પર ચલાવવા આપી દેવાય છે. તો ભોજનશાળા અને હોટલમાં ફરક શું રહેશે? શું સાધર્મિક અને સાધુ-સાધ્વી યોગ્ય થશે? આ પ્રથા શરૂથી ડામવા જેવી છે. આપણી ભોજનશાળાનો હેતુ કમાવવાનો નહીં પણ યોગ્ય, શુધ્ધ, સાત્ત્વિક જૈનાચાર મુજબનો આહાર હોવો જોઈએ. તેમાં જો તોટો આવે તો પણ ઇચ્છનીય છે. જૈન શાસન સમર્થ છે.
- **તમારી સંસ્થામાં નવા લોકો અને નવા વિચારોને સ્થાન આપો. સાથે સાથે જેમની અગાઉની પેઢીએ સંસ્થામાં ભોગ આપેલો, તેમને પણ સાથે રાખો. તેની ઉપેક્ષા ના કરો. તેમની અનન્ય લાગણી સંસ્થા સાથે જોડાયેલ હોય છે.**
- તમે ટ્રસ્ટી હો અને બહારગામ રહેતો હો ત્યારે ત્યાંના સ્થાનિક સંઘ સમિતિ સાથે સંકલન રાખો કારણકે તે ૨૪ કલાક ત્યાં જ હોય છે. તેમને પૂરતું માન અને સન્માન આપી તેમની વાત સાંભળો.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## પ્રેમતણી

ડૉક્ટરે તેને ધીમે ધીમે આંખો ખોલવા કહ્યું. આંખો ખોલીને જોતાં તેને પપ્પા, ડૉક્ટર અને નર્સ દેખાયા. પપ્પાને તેણે તેના પગ પાસે બેઠેલા જોયા. આનંદ થયો. પણ આનંદ ક્ષણભરનો જ! પપ્પાની બાજુમાં શોધતી એની દૃષ્ટિ નિષ્ફળ પ્રયાસ સાથે પરત ફરી. પપ્પા ગંભીર હતા. જાણે કશુંક અઘટિત બન્યું ના હોય?

એ વિહવળ બની પૂછી પેઠો : 'પપ્પા, મમ્મી ક્યાં?' પણ પપ્પા તો નિઃશબ્દ! પપ્પાના આંખના ખૂણામાંનું એક ટીપું એના પગ ઉપર આવીને પડ્યું. એણે ફરી આંખો મિંચી દીધી. આંખો બંધ કરીને જુએ છે ત્યાં તો એક કાળમુખી ટ્રક આવીને પસાર થઈ ગઈ. એ ટ્રકે એને, મમ્મીને અને પપ્પાને દૂર ફંગોળી દીધા હતા. મમ્મીને ઘણું વાગ્યું હતું. બંધ આંખે એણે મમ્મીને જોવા ઘણા પ્રયત્નો કર્યા, પણ બધું જ વ્યર્થ! એકાએક ઓટ!

ક્યાંકથી કોઈ ગીત રેડિયો પર વાગવા માંડ્યું. એના હૃદયના તાર ઝણઝણી ઉઠ્યા. મમ્મી, મમ્મી, બોલતો તે એકાએક ઉભો થઈને પૂરી ત્વરાથી હોસ્પિટલની બારી સુધી પહોંચ્યો. બારીની બહાર આમતેમ ડોકિયું કર્યું પણ કોઈ જોવા મળ્યું નહીં. પપ્પા ખુલ્લી બારી સુધી દોડી આવ્યા અને એનો હાથ પકડી બોલ્યા : 'બેટા!' હજી ગીત વાગ્યે જતું હતું. તેણે પોતાના કાન સરવા કર્યા. માત્ર ગીત જ સંભળાયું.

*પ્રભુના પ્રેમતણી પૂતળી રે લોલ...*
*જનનીની જોડ સખી....*

## ઓર્ડર

એણે ઘરની બારી ખોલી. કોમ્પ્યુટર ઓન કર્યું. વિન્ડોઝે પણ તેને વેલકમ કર્યું. કી બોર્ડ પર તેની આંગળીઓ ફરવા માંડી. એન્ટર મારતા જ તે ભૂતકાળના સંસ્મરણોમાં સરી પડ્યો. ઈ-મેઈલને બારીકાઈથી ચેક કર્યો. ઓનલાઇન ઓર્ડર આવીને પડ્યો હતો જેમાં લખેલ હતું : "દિવસ ત્રણમાં અમારો સંપર્ક કરવો, અન્યથા આ ઓર્ડર....." ઓર્ડર વાંચતાની સાથે જ આંખનું અશ્રુ કી-બોર્ડ પર પટકાયું.

મહામુશ્કેલીથી તેને આ ઓર્ડર હાથ લાગ્યો હતો. પણ શું નસીબ આડે પાંદડું! ઓર્ડરની અવધિ જ પૂર્ણ થઈ ગઈ હતી. ચૌદ દિવસ પહેલા તે બહાર ગયો હતો અને તબિયત લથડતા હોસ્પિટલમાં ભરતી થયો હતો. સતત બે રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ત્રીજો નેગેટિવ આવ્યો હતો. આજે તે ઘરે તો પહોંચ્યો પણ તેના સપના ચકનાચૂર થતા લાગ્યા.

માઉસ ક્લિક દ્વારા તેણે ઓર્ડર ફરીથી વાંચ્યો. સ્વગત બોલ્યો... શું બધી જ ઇચ્છાઓ પર પાણી ફરી વળ્યું! એ ઈ-મેઈલને ડિલીટ કરવા જતો જ હતો ત્યાં એક નવો ઓર્ડર ઝબુક્યો. આવેલ ઈ-મેઈલ, પહેલા આવેલ ઈ-મેઈલને સંલગ્ન હતો. ચહેરા પરના હાવભાવ બદલાયા. આછેરા સ્મિત સાથે ખુશીની લહેર વહેંચવા તે નીકળી પડ્યો.

***રસેશ રાવલ***
***૧૦, મૈત્રીધામ, બાડા, કચ્છ-૩૭૦ ૪૭૫.***

# પિતૃ ઋણ ઉતારવાનો ઉત્તમ પ્રયાસ

## (એક સમીક્ષા)

*– હરેશ ધોળકિયા*

ભારતીય સંસ્કૃતિમાં જે પાંચ ઋણ ઉતારવાનો માનવી પર આગ્રહ છે, તેમાં એક પિતૃઋણ છે. પિતાએ જન્મ આપ્યો છે, પાળ્યા-પોષ્યા છે. તેથી તેમના ગયા પછી તેમનું ઋણ ઉતારવું એવી આજ્ઞા છે. મોટાભાગે પળાય પણ છે, પણ જ્યારે પિતા માત્ર પાળે પોષે જ નહીં, પણ સંતાનને સર્જનાત્મક બનાવે, સંતાનને દૃષ્ટિ આપે, ત્યારે તો પિતૃઋણ ઉતારવું અનિવાર્ય બની જાય છે. **અલબત્ત, આ ઋણ તો ક્યારે ઉતરતું પણ નથી.** તે ઉતારવાનો પ્રયાસ કરવો એટલે પિતાએ જે સર્જકતા આપી, તેને વધારેમાં વધારે પ્રગટ કરવી તે જ સાચું ઋણ છે.

ભાઈ સંજય ઠાકર કચ્છના એક સર્જનાત્મક વ્યક્તિ છે. તે શિક્ષણ અને સાહિત્યમાં મહત્ત્વનું કામ કરી રહેલ છે. દસ્તાવેજીકરણમાં તેનું કામ નોંધનીય છે. સાથે તેના મોટાભાઈ ભરત ઠાકર પણ સર્જક છે. તે પણ સાતત્યપૂર્ણ લખી, લોકોને માહિતી પૂરી પાડી રહ્યા છે. આ બંને ભાઈઓ છેલ્લા લાંબા સમયથી સાહિત્ય જગતમાં મહત્ત્વનું પ્રદાન કરી રહ્યા છે.

પણ આ બંને ભાઈઓ આ જે ઉત્તમ કાર્ય કરે છે, તેના મૂળમાં તેમના પિતાશ્રી પ્રાણલાલ ઠાકરનો મહત્ત્વનો ફાળો છે એમ કહી શકાય. શ્રી પ્રાણલાલભાઈ ઠાકર પોતે જ એક ઉત્તમ સર્જનાત્મક વ્યક્તિ હતા. તેમના સમયમાં તેમણે પણ શિક્ષણ, સાહિત્ય, ધર્મ એમ અનેક ક્ષેત્રોમાં સક્રિય રહી ફાળો આપે. તે સાથે પોતાના સંતાનોને પણ આ વારસો આપ્યો હતો. બંને પુત્રોએ તેમનો આ વારસો પૂરેપૂરો સ્વીકાર્યો હતો અને તેને વધારે વ્યાપક ક્ષેત્રમાં લઈ ગયા હતા અને આજે પણ લઈ જઈ રહ્યા છે.

૨૦૧૯માં શ્રી પ્રાણલાલભાઈએ વિદાય લીધી. એક યુગ પૂરો થયો. તે પણ તેમના વારસાને સુંદર રીતે વ્યક્ત થતો જોઈ સંતોષથી ગયા. તેમના ગયા પછી પુત્ર સંજયને થયું કે પિતાનું ઋણ કેમ ઉતારવું? ખૂબ વિચાર કર્યા પછી તેને લાગ્યું કે પિતાએ જે સર્જનાત્મકતા પ્રગટ કરી હતી, તે આજ સુધી અપ્રગટ રહી હતી. તેમના સમયના વિદ્યાર્થીઓને કદાચ તેનો લાભ મળ્યો હતો, પણ વ્યાપક જનતા માટે તે આજ સુધી અદૃશ્ય રહ્યો હતો. એટલે તેણે—સંજયે—પિતાએ જે પણ સાહિત્ય સર્જન કર્યું હતું, તે મહેનતપૂર્વક એકઠું કરી તેને સંપાદિત કર્યું. સાથે પિતા એક લોકપ્રિય શિક્ષક હતા. તત્કાલીન વિદ્યાર્થીઓનો અઢળક પ્રેમ મેળવ્યો હતો. આજે પ્રૌઢ થઈ ગયેલા એ વિદ્યાર્થીઓને તે મળ્યો અને પિતાનાં સંસ્મરણો લખવાની વિનંતી કરી. આ સાંભળતા જ પ્રૌઢ વિદ્યાર્થીઓ ફરી ભૂતકાળમાં પહોંચી ગયા અને તેમનાં શરીર પુનઃ જૂનો થનગનાટ અનુભવવા લાગ્યા. તેમણે હર્ષપૂર્વક સંસ્મરણો લખી આપ્યા. આ બધાને એકત્રિત કરી સંજયે "પ્રેરણાપુષ્પ" નામે એક નાનકડો ગ્રંથ તૈયાર કર્યો અને પિતાને તેમની પ્રથમ પુણ્યતિથિ પર અંજલિ આપી, ઋણ ચૂકવવાનો પ્રયાસ કર્યો.

આ ગ્રંથ પર નજર કરીએ છીએ ત્યારે તેમાં શ્રી પ્રાણલાલભાઈએ પોતે આકાશવાણીમાં આપેલ અને પછી તેને કચ્છનાં સ્થાનિક દૈનિક "જય કચ્છ"માં પ્રકાશિત કરેલ ૧૯ લેખો, તેમના વિદ્યાર્થીઓએ લખેલ ૧૯ લેખો અને કુટુંબીજનોએ લખેલા ચાર સ્મરણ લેખો જોવા મળે છે. બીજી બે માહિતી અને ફોટા સહિત કુલ ૪૪ માહિતી મળે છે.

પહેલાં તેમણે લખેલ લેખો તપાસીએ.

તેમના લેખોના મુદ્દા તપાસીએ તો મુખ્યત્વે ત્રણ મુદ્દા જોવા મળે છે.

★ **અધ્યાત્મ :** આ શીર્ષક હેઠળ તેમણે 'સત્સંગ', 'પ્રભુ સમર્પણ' અને 'ઈસુ સંદેશ' એમ ત્રણ લેખો લખ્યા છે.

★ **ગુણચિંતન :** આ શીર્ષક હેઠળ તેમણે 'નિર્મળતા', 'સરળતા', 'ગુણગ્રાહિતા', 'આવકાર', 'સદ્ભાવના', 'ચારિત્ર્યશુધ્ધિ', 'જીવદયા', 'કૃતજ્ઞતા', 'સંતોષ' અને 'સર્વમંગલ કામના' લેખ લખ્યા છે.

★ **અન્ય :** અન્ય મુદ્દાઓમાં તેમણે 'પરિવર્તન', 'સંઘબળ', 'અવસર-અપેક્ષા', 'સુખ-દુઃખનું ગણિત' અને 'હોળી' પર લખાણ કરેલ છે.

આ લેખો પર નજર કરીએ ત્યારે એક બાબત સ્પષ્ટ તરી આવે છે કે તેમનું વાંચન વિશાળ અને વ્યાપક વિષયોનું હતું. તેમના લેખોમાં કબીર, ગાંધીજી, શંકરાચાર્ય, મનુસ્મૃતિ, ઐતરેય બ્રાહ્મણ, સ્વામી શિવાનંદ, ગીતા, યોગવશિષ્ઠ, રામકૃષ્ણ - વિવેકાનંદ, બાઈબલ, ભવિષ્ય પુરાણ, દયાનંદ સરસ્વતી, ઈમર્સન, વાસવાણી, ઈસુ, ટાગોર, ભાગવતના પુષ્કળ ઉલ્લેખ જોવા મળે છે. સંસાર અને વ્યવસાયિક કામમાં વ્યસ્ત રહી આટલું વિશાળ વાંચન કરવું તે વાંચનનો ઊંડો શોખ બતાવે છે. તેમને ન ઓળખનાર પણ આ જોઈ તેમના પ્રત્યે આદર અનુભવ્યા વિના નથી રહેતા.

તો તેમના વિદ્યાર્થીઓના સ્મરણો વાંચીએ છીએ ત્યારે તેમના વ્યક્તિત્વનો પરિચય થાય છે. બધાએ એક અભિપ્રાય કોમન આપેલ છે : 'કાળી ટોપીવાળા માસ્તર'ની કડપ અને શિસ્ત, મરોડદાર અક્ષરો, ભણાવવાની રીત, સંગ્રહ શોખ અને કરકસરીયો સ્વભાવ વિદ્યાર્થીઓમાં જાણીતો હતો.

આ ઉપરાંત લેખોમાંની તેમની ગુણગ્રાહક વૃત્તિ, કરુણાપ્રેમ, સંતોષ, સર્વજનપ્રેમી, સર્વધર્મપ્રેમી, વિશાળ વાંચન, ઉત્તમ લેખોના સંગ્રાહક જેવા અનેક ગુણો પ્રદર્શિત થતા રહે છે. આ

જ સાચા શિક્ષકનાં લક્ષણો છે, જે તેમણે બરાબર કેળવ્યા હતા. છેલ્લા બે ગુણો તેમના બંને પુત્રોએ બરાબર સ્વીકાર્યા છે અને પચાવ્યા છે. તેમનો એ વારસો તેમણે જાળવ્યો છે.

વિદ્યાર્થીઓના લેખો એ પણ કહે છે કે જે જે શાળાઓમાં તે રહ્યા હતા, તે શળાઓને અનેક પ્રવૃત્તિઓથી જીવંત રાખી હતી. પ્રવૃત્તિઓની યાદી જોઈએ છીએ ત્યારે ચકિત થઈ જવાય છે કે તદન નાના ગામડાંઓમાં રહ્યા છતાં અને મર્યાદિત સંસાધનો વચ્ચે તેમણે કઈ રીતે આ બધી પ્રવૃત્તિઓ કરી હશે. આ પ્રવૃત્તિઓએ તત્કાલીન વિદ્યાર્થીઓનાં બાળ જીવનમાં કેટલી મસ્તી વધારી દીધી હશે. આ લેખો, એ મસ્તી આજે પણ રજૂ કરે છે. વિદ્યાર્થીઓએ જાણે આજે પોતે આ મસ્તી માણતા હોય તેમ લખેલ છે. તેમની ભાવભરી અંજલિઓ જ તેમનું સફળ શિક્ષકત્વ રજૂ કરે છે. આ કારણે જ તેઓ તે ગામોના મહાજન પણ રહ્યા હતા એ પણ વ્યક્ત કરે છે. વિદ્યાર્થીઓના લેખો ઉત્તમ છે.

કુટુંબીજનોના લેખો દરેક વ્યક્તિનો ઊંડો પ્રેમ વ્યક્ત કરે છે. તો ફોટોગ્રાફ્સ તેમના વ્યક્તિત્વને અલગ રીતે વ્યક્ત કરે છે. તેમના જીવનની સમયરેખા પણ ચોક્કસ આપી છે.

આમ સમગ્ર ગ્રંથ પર નજર કરીએ છીએ તો એક સદ્‌ગૃહસ્થ, ઉત્તમ વાચક, સંગ્રાહક, ઉત્તમ શિક્ષક, તાલીમ આપતા પ્રેમાળ પિતા, વિદ્યાર્થી પ્રેમી, ગામના મહાજન, વિચારક, પ્રચારક એવાં વિવિધ રૂપો ધરાવનાર વ્યક્તિત્વ આપણી સામે ખડું થાય છે. **આવું વ્યક્તિત્વ કાળના પ્રવાહમાં ભૂલાઈ જાય તે યોગ્ય નથી.** એટલે આ ગ્રંથ તે સાચવી લે છે અને એટલા માટે જ આ ગ્રંથ સર્જનાર સંપાદક પણ ધન્યવાદને પાત્ર બને છે. સમાજ તેમનો ઋણી રહેશે.

*("પ્રેરણાપુષ્પ" : સંપાદક – સંજય ઠાકર)*

*પેરિસ બેકરી સામે, ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## હૃદયનાં આંસુથી કરીએ ક્ષમાપના

### ક્રોધ અને ક્ષમા

*ક્રોધ દ્વેષ છે, ક્ષમા મૈત્રી છે.*
*ક્રોધ મારક છે, ક્ષમા તારક છે.*
*ક્રોધ વિભાવ છે, ક્ષમા સ્વભાવ છે.*
*વેરમાં વિગ્રહ છે, અવેરમાં નિગ્રહ છે.*
*વેરમાં વિનાશ છે, જ્યારે અવેરમાં વિકાસ છે.*
*વેરમાં વાંધો છે, તો અવેરમાં સાંધો છે.*
*વેરમાં વિષમતા છે, તો અવેરમાં સમતા છે.*
*વેરમાં વકીલાત છે, જ્યારે અવેરમાં કબૂલાત છે.*
*વેર વિકૃતિ છે, તો અવેર સંસ્કૃતિ છે.*
*વેર વમળ છે, જ્યારે અવેર કમળ છે.*

જો ક્રોધને વધુ જમાવી રાખવામાં આવે તો તે વેરનું રૂપ લે છે અને એ વેર એ તો ભવોભવ સુધી માનવીને ક્રોધમાં રાખે છે. **આ ક્ષમાના અમૃતથી આત્માનો અભિષેક કરવાથી વિગ્રહ, વિદ્વેષ, દ્રોહ આદિ આઘાત ઓગળી જાય છે અને આ વેરના વિષ ઉતારવાનો અમર મંત્ર તે ક્ષમાપના છે.**

પર્યુષણ મહાપર્વના દિવસો એ આંતરખોજના દિવસો છે.

**ક્ષમા એ જીવનનો આનંદ અને તપની વસંત છે.** વસંતનું આગમન થતાં કુદરત જેમ સોળે કળાએ ખીલી ઊઠે છે એ જ રીતે જે માનવી પોતાના જીવનમાં ક્ષમાને સ્થાન આપે છે તેના જીવનમાં આત્માના ગુણોની વસંત ખીલી ઊઠે છે. આજે ક્ષમા એ ક્યાંક ફોર્માલિટી બની ગઈ છે. હાલતા ને ચાલતા માણસ આદતના જોરે 'એક્સક્યુઝ મી' કહેતો હોય છે, પણ આ તો કેવળ શિષ્ટાચાર છે, માત્ર આદત છે. જેમ કેટલાકને વારે ઘડીએ 'થેન્ક યુ' કહેવાની ટેવ પડી હોય છે. પાણીનો નળ ચાલુ કરે અને પાણી આવે એટલે તરત 'થેન્ક યુ' બોલે. પણ આ તો ક્ષમાનું એક સામાન્ય સ્વરૂપ છે.

**ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માંગવી અને આપવી એમ બંને ભાવો સમાયેલા છે.** કોઈની ક્ષમા માંગતા પહેલા માણસને અહંકારના શિખર પરથી નીચે ઊતરવું પડે છે. જે માગતાં મોટાઈ કે નાનાઈ નડે નહીં એનું નામ **મિચ્છામિ દુક્કડમ્.**

પર્યુષણમાં આપણે જે ક્ષમાની વાત કરીએ છીએ તે તો હૃદયની વ્યાપકતામાંથી, ગુણોની સમૃદ્ધિમાંથી અને ચિત્તની ઉપાશાંતતામાંથી પ્રગટેલી હોય છે. સંસ્કૃતમાં 'ક્ષમા'નો એક અર્થ 'પૃથ્વી' છે. આ પૃથ્વી પર રહેતો માનવી, એ પૃથ્વીને ખોદે છે, ખૂબ ઊંડે જઇને ખાણ રચે છે. આ બધું હોવા છતાં પૃથ્વી સહન કરે છે. સહનશીલતાનું પ્રતીક પૃથ્વી ગણાય છે. સાચો ક્ષમાવીર પૃથ્વી જેવો સહનશીલ હોય.

જૈન ધર્મમાં તો ક્ષમા વિશે ઘણી ઊંડી ચર્ચા થઈ છે. ક્ષમાને બધા ગુણોની કૂખ કહેવામાં આવી છે. એનાથી ઘણા બધા ગુણો આપણામાં આવે છે. ક્ષમા આવે તો લોભ મટે, ક્ષમા આવે તો ત્યાગ આવે, સરળતા આવે, વિનય આવે અને સંતોષ આવે. મન અને ઇન્દ્રિય પર કાબૂ આવે. બીજી રીતે જોઈએ તો આ બધા ગુણો હોય તો જ ક્ષમાની સાધના થઈ શકે.

*– ડૉ. કુમારપાળ દેસાઇ*

**ક્ષમાપના એ જૈન દર્શનનું સર્વોચ્ચ શિખર છે.**

*સંકલન : ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર - અમદાવાદ*

# સમાચાર

***સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ***

## નવતર : ભાલપ્રદેશ જેવો બદલાવ કચ્છના રણ પ્રદેશમાં મળશે

એક એવા ખબર છે કે ભૂકંપ બાદ કચ્છના રણની ૧૬૦૦ ચો.કિ.મી. ભૂમિ હરિયાળી બની છે. કચ્છમાં નાના મોટા રણમાં છેલ્લા ચાલીસ વર્ષથી અભ્યાસ કરતા પી.સી. ઠક્કરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના જાન્યુઆરી મહિનામાં આવેલ ભૂકંપ બાદ રણની સપાટી ઉપર આવી છે. તેમણે જણાવ્યું હતું કે કચ્છ સરહદ નજીકનો વિસ્તાર બેટ ઝોન તરીકે ઓળખાય છે. ત્યાં હાલ અનેક પ્રકારના ઘાસ ઉગી ગયા છે, તો કેટલાય વૃક્ષ રણને હરિયાળું બનાવી રહ્યા છે. શક્તિ બેટ, વિઘાકોટ, બેડિયા બેટ, કંજર કોટ, ધર્મશાળાથી લઈને ઝીરો પોઈન્ટ અને હરામીનાળા સુધીમાં ઘાસ અને વૃક્ષોની હાજરી રણમાં નોંધાઈ છે.

તદુપરાંત અહીં બોર્ડર રોડ નવા બની જતાં આ વિસ્તારમાં પાકિસ્તાનમાં પડતા વરસાદ બાદ આવતો કાંપ રોકાઈ જાય છે. જે અહીંના ઘાસ, છોડ, વૃક્ષ માટે ચેક ડેમનું કામ કરે છે. ઉપરાંત રેતી કાઢવા માટે જે ખાડા બનાવ્યા છે, તેમાં વરસાદી પાણીનો સંગ્રહ થતાં ઘાસ ઉગી નીકળે છે. ત્યાં આવતા સંશોધકોની, તેમની ફિલ્ડ વિઝિટ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે, કચ્છના મોટા રણમાં અરબસ્તાનની બે જાતની ઘાસની પ્રજાતિ પણ ઉગે છે. આ ઘાસ થકી ત્યાં વન્યજીવન તથા પક્ષી અભયારણ્યની સંપદા પણ ખીલી ઊઠી છે. ત્યાં નીલગાય, ચિંકારા, ઝરખ અને પક્ષીઓમાં વ્હાઈટ સ્ટોર્ક, મેલાર્ડ સાથે શિકારી પક્ષીઓ પણ જોવા મળે છે.

## મુંદ્રા તાલુકાની બે પંચાયતને પાલિકાનો દરજ્જો

કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાની બે ગ્રામ પંચાયતો, મુંદ્રા ગ્રામ પંચાયત અને બારોઇ જુથ ગ્રામ પંચાયત મળીને એક સંયુક્ત નગરપાલિકા રચવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાજેતરમાં મંજૂરી આપી છે. કચ્છના મુંદ્રા તાલુકાની ગ્રામ પંચાયતના આશરે ૩૫ હજાર નાગરિકો અને બારોઇ જુથ ગ્રામ પંચાયતના ૨૫ હજાર મળીને કુલ ૬૦ હજાર ગ્રામીણ નાગરિકોને રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, લાઈટ સહિતની સુવિધાઓ મળતી થશે.

## કચ્છમાં મેઘાની 'મહેર' કે 'કહેર?'

કચ્છના સૂકા પ્રદેશમાં વરસાદે વહાલ વરસાવ્યું છે. વરસાદની રાહ જોતાં ખેડૂતોના દિલમાં આનંદની છોળ ઉછળી છે. તા. ૧૮-૦૮-૨૦૨૦ સુધીમાં કચ્છમાં ૧૪૩% જેટલો વરસાદ પડી ગયેલ છે. કચ્છમાં આવેલ ડેમો નવા નીરથી છલકાઈ રહ્યા છે. આ કારણે ચેક ડેમનો નજારો ખૂબસુરત બની ગયો છે તથા કૂવાઓમાં પાણી ઉપર આવી ગયા છે. પ્રકૃતિ પોતાની નૈસર્ગિક સુંદરતામાં વધારો કરી રહી છે. મન મૂકીને વરસતા વરસાદ વચ્ચે પ્રવાસીઓ કચ્છના આલ્હાદક વાતાવરણની મનભરીને મજા માણી રહ્યા છે.

## નવી શિક્ષણ નીતિ

જેની ઘણા સમયથી રાહ જોવાતી હતી અને ચર્ચા થતી હતી તે નવી નેશનલ એજ્યુકેશન સિસ્ટમ - નીતિને ભારત સરકારે તા. ૨૮-૦૭-૨૦૨૦ના રોજ મંજૂરીની મહોર મારી દીધેલ છે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનના ભૂતપૂર્વ ચેરમેન કે. રંગરાજનની આગેવાનીમાં એક સમિતિની રચના કરીને નવી શિક્ષણ નીતિ અંગે લોકો, કેળવણીકારો અને એજ્યુકેશનલ એક્સપર્ટ્સ પાસેથી બે લાખથી વધુ સૂચનો મેળવવામાં આવ્યા હતા. જેના આધારે નવી શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ નવી નીતિના અમલ સાથે એચ.આર.ડી. મંત્રાલયનું નામ પણ બદલીને એજ્યુકેશન મિનિસ્ટ્રી કરવામાં આવ્યું છે. છેલ્લા ૩૪ (૧૯૮૬) વર્ષથી ચાલી આવતા શિક્ષણ માળખામાં ધરખમ ફેરફારો કર્યા છે. જેમાં ૧૦ + ૨ બોર્ડને વિખેરી નાંખી નવી પેટર્ન ૫ + ૩ + ૩ + ૪નું માળખું રચવામાં આવ્યું છે.

નાનપણથી બાળકને પોતાની માતૃભાષામાં કે રાજ્યની પ્રાદેશિક ભાષામાં શિક્ષણ મળે તેવું માળખું તૈયાર કરવામાં આવશે. બાળક પોતાની ભાષામાં લખતા વાંચતા શીખે, તેની સાક્ષરતા સુધરે, તેને ન્યુમરિકલમાં (અંકોમાં) સમજણ પડે તેવી નવી નીતિની પેટર્ન ૫ + ૩ + ૩ + ૪ની જાહેરાત થઈ છે. આ કારણે બાળકોમાં પરીક્ષાનો હાઉ પણ નહીં રહે. માતૃભાષાના શિક્ષણથી બાળકમાં પોતાની પ્રતિભા ઉજાગર થશે. આ નીતિમાં ધોરણ-૧૨ સુધી આર્ટસ, સાયન્સ, કોમર્સમાં કોઈ તફાવત નહીં હોય.

શાળાકીય શિક્ષણ ૧૦ + ૨ના બદલે ૫ + ૩ + ૩ + ૪ની સિસ્ટમ મુજબ વિદ્યાર્થીને ૪ વર્ગમાં વહેંચ્યા છે. પ્રથમ વર્ગમાં ૫ થી ૬ વર્ષના બાળકો હશે. તેમને પ્રિ-પ્રાઈમરી કે પ્લે સ્કૂલથી માંડીને ધોરણ-૨ સુધીનું શિક્ષણ અપાશે. ત્યારબાદ ધોરણ-૨ થી ધોરણ-૫ સુધીનો અભ્યાસક્રમ હશે. બાદમાં ધોરણ-૫ થી ધોરણ-૮ સુધી અને ત્યારબાદ ધોરણ-૯થી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. ધોરણ-૬ થી ઈન્ટર્નશિપ સાથે પ્રોફેશનલ શિક્ષણ બાળકના સ્કીલ મુજબ શરૂ થઈ જશે. જેથી બાળક પોતાની કૌશલ્યતા પ્રાપ્ત કરી શકે.

વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં કોઈ પણ વિદ્યાર્થી ૪ વર્ષ કે ૬ સેમેસ્ટર સુધી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા બાદ કોઈપણ કારણસર આગળ ન ભણી શકે તો તેણે કરેલા અભ્યાસનો કોઈ ફાયદો થતો નથી. નવી શિક્ષણ નીતિ પ્રમાણે તેને યોગ્ય સર્ટિફિકેટ સાથે મલ્ટિપલ એન્ટ્રી / એક્ઝિટને મંજૂરી મળશે.

છાત્ર અભ્યાસ અધવચ્ચે છોડશે તો પણ સર્ટિફિકેટ મળશે. એક

વર્ષ બાદ અભ્યાસ છોડવાથી વિદ્યાર્થીને સર્ટિફિકેટ, ૨ વર્ષ બાદ છોડવાથી ડિપ્લોમા, અને ૩-૪ વર્ષ બાદ ડિગ્રી મળી શકશે. આમ, હવે ૧૦ + ૨ની જગ્યાએ ૫ + ૩ + ૩ + ૪ની પેટર્ન સિસ્ટમ અપનાવાશે.

શાળાકીય શિક્ષણમાં કરાયેલ ફેરફાર અંતર્ગત ૬ થી ૯ વર્ષના બાળકો કે જે ધોરણ-૧થી ધોરણ-૩ માં હોય છે, તેમના માટે નેશનલ મિશન (રાષ્ટ્રીય યોજના) શરૂ કરાશે. જે માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં હશે. જેથી બાળકો પાયામાંથી સાક્ષરતા અને ન્યુમરીક જ્ઞાનનું શિક્ષણ મેળવી શકે. તેમને ધોરણ-૬ થી ધોરણ-૮માં વિષયનો પરિચય કરાવાશે. ઉપરાંત ધોરણ-૬ થી કોડિંગ પણ શીખવવામાં આવશે.

૩ થી ૫ વર્ષના બાળકોની ગુણવત્તાસભર સંભાળ તથા શિક્ષણ આંગણવાડીઓ દ્વારા થશે. પથી ૬ વર્ષના બાળકોને ખેલકૂદ આધારિત અભ્યાસક્રમ એન.સી.આઈ.આર.ટી. તૈયાર કરશે. સેકન્ડરી સુધીના શિક્ષણનો વ્યાપ બધા માટે સુનિશ્ચિત હશે. ઉચ્ચ શિક્ષણમાં જી.આર.નો રેશિયો ૨૦૩૫ સુધી ૫૦% જેટલો વધારાશે તથા સાડા ત્રણ જેટલી બેઠકો વધારાશે. રીસર્ચ માટે નેશનલ રીસર્ચ ફાઉન્ડેશન સ્થપાશે. કોલેજોને સ્વાયત્તતા આપવાની સાથોસાથ ૧૫ વર્ષમાં માન્યતા આપવાની સિસ્ટમ - અવધિ ખતમ કરી દેવાશે. આ નવી નીતિથી બાળકો લખતા - વાંચતા શીખી શકે અને ભવિષ્યમાં તેમને આંતરરાષ્ટ્રીય કક્ષાનું એજ્યુકેશન મળી રહેશે.

અજ્ઞાનતા અને વિચારહીનતા માનવતાના વિનાશના બે મોટા કારણો છે.

## અંજારમાં રહેતા કચ્છના હાલના એકમાત્ર સ્વતંત્ર સેનાનીને સન્માનિત કરાયા

### *કોરોનાના કારણે દિલ્હીની જગ્યાએ નિવાસ સ્થાને જ રાષ્ટ્રપતિની કીટ દ્વારા સન્માનિત કરાયા*

નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે દર વર્ષે ૯મી ઓગસ્ટના રોજ ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ નિમિત્તે 'એટ હોમ' કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં નોમિનેટ થયેલા સ્વતંત્ર સેનાનીઓને રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે જે તે વિસ્તારના સ્વતંત્ર સેનાનીઓનું કલેક્ટર - નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓ દ્વારા તેમના નિવાસ સ્થાને જઈ રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલી કીટ દ્વારા સન્માન કરવાની સૂચના મળી હોવાથી અંજારમાં રહેતા અને હાલમાં કચ્છના એકમાત્ર સ્વતંત્ર સેનાની તુલસીદાસ ધનજી જોબનપુત્રાનું તેમના નિવાસ સ્થાને જ અંજારના નાયબ કલેક્ટર, મામલતદાર તેમજ મહેસૂલ વિભાગની ટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વતંત્ર સેનાની એવા ૯૬ વર્ષીય તુલસીદાસ ધનજી જોબનપુત્રા જે-તે વખતે વિદ્યાર્થી યુનિયનના લીડર હતા અને અંગ્રેજો વિરોધી અવાજ ઉપાડતા. તેમને નાશિકની જેલમાં ૧૨ મહિના જેટલો જેલવાસ ભોગવવો પડ્યો હતો અને ત્યારબાદ પુણેની જેલમાં પણ તે જેલવાસ ભોગવી ચૂક્યા છે. તેમનું જીવન તેમણે શિક્ષક તેમજ મુખ્ય શિક્ષક તરીકે અંજાર ઉપરાંત ભુજ, રાપર અને પાલનપુરમાં સેવા આપી વિતાવ્યું છે. તેઓ અંજારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પ્રથમ શાસનાધિકારી હતા. **વર્ષ ૧૯૭૨માં સ્વતંત્ર સેનાનીઓના સંમેલન દરમિયાન ઇંદિરા ગાંધી દ્વારા તેમને સન્માનિત કરવા બોલાવવામાં આવ્યા હતા** પરંતુ જાહેરમાં સન્માન સ્વીકાર્ય ન હોવાથી તે કાર્યક્રમમાં ગયા હતા. જેથી પોસ્ટ મારફતે ઈંદિરા ગાંધી દ્વારા સન્માન રૂપે તામ્રપત્ર મોકલવામાં આવ્યું હતું. સન્માન કરતી વેળાએ અંજારના નાયબ કલેક્ટર ડૉ. વી.કે. જોશીએ જણાવ્યું હતું કે સ્વતંત્ર સેનાનીનું સન્માન કરતા ગર્વ અનુભવી રહ્યો છું. તેમના અને તેમના જેવા શૂરવીરો થકી જ આજે આપણને આઝાદી મળી છે, જેથી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

# અન્ય સંસ્થાના સમાચાર

## અમર શહીદને શ્રદ્ધાંજલિ અને અન્ય સામાજિક પ્રવૃત્તિ...

ગૌરક્ષક ગીતાબેન રાંભિયા ભારત દેશના પ્રથમ મહિલા છે, જેમણે પોતાના જીવનકાળ દરમિયાન દોઢ લાખથી વધુ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવ્યું હતું.

તા. ૨૭-૦૮-૨૦૨૦ના રોજ અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તે સાધુ-સંતો, જીવદયા પ્રેમીઓ તેમજ ઘણા મહાનુભાવોએ તેમના સ્મારકના સ્થળે પધારીને અમર શહીદ ગૌરક્ષકને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

તેમની સંસ્થા દ્વારા કચ્છ તથા અન્યત્રથી અમદાવાદ ખાતે આવતા દર્દીઓને તબીબી સારવાર માટે યોગ્ય મદદ અને સહાય પૂરી પાડવામાં આવે છે. તાજેતરમાં કોરોના સંક્રમણના સમયે પણ સંસ્થાએ પોતાની સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખીને ૩ કોરોનાગ્રસ્ત દર્દીઓને તેમની તબીબી સારવારમાં જરૂરી મદદ કરી હતી. તે ઉપરાંત, કોરોનાના પગલે જાહેર થયેલા લોકડાઉનના સમય દરમિયાન સંસ્થા દ્વારા ૫૦૦થી વધુ અબોલ જીવોને કતલખાને લઈ જતા બચાવીને અભયદાન અપાવવાની કામગીરી કરી હતી, એમ તેમના ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

# આંજો કાગર

## સ્વ. આણંદજીભાઈ વીરાની સ્મૃતિ....

શ્રી આણંદજીભાઈ વેલજી વીરાનું તા. ૧૧-૮-૨૦૨૦ના રોજ અમદાવાદ મધ્યે દુઃખદ નિધન થયું છે. સ્વાભાવિક રીતે તેમના પરિવારજનોએ એક છત્રછાયા ગુમાવી છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એક કર્તવ્યનિષ્ઠ સંનિષ્ઠ કાર્યકરને ગુમાવેલ છે. તેમની વિદાયથી મારા જેવાએ એક સ્નેહી અને પરમ મિત્ર ગુમાવેલ છે. જે ખૂબ જ દુઃખદ અને અસહ્ય બાબત છે.

મને યાદ છે... સમાજની બેઠકોમાં તેઓશ્રી કોઈપણ મુદ્દા પરત્વે સચોટ અને સ્પષ્ટ રજૂઆત કરતા હતા. ખાસ કરીને, સમાજના બંધારણ હેઠળની જોગવાઈઓ વિશે તેઓ વિશાળ જ્ઞાન ધરાવતા હતા અને અન્યને જરૂરી માર્ગદર્શન આપતા હતા. સામાજિક સેવાની ધગશને કારણે તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે જોડાઈને શરૂઆતમાં કેટલીક સમિતિઓની કામગીરીમાં કાર્યરત હતા. ત્યારબાદ છેલ્લે પણ સાધર્મિક, બંધારણ તથા સિનિયર સિટીઝન સમિતિઓમાં રહીને ઉત્કૃષ્ટ કામગીરી નિભાવી રહ્યા હતા. સમાજની વાર્ષિક સામાન્ય સભા અને તે વખતે ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી / વરણી અંગેની તેમની કાર્યપદ્ધતિ ખૂબ જ વ્યવસ્થિત અને યોજનાબધ્ધ રહેતી હતી. આ રીતે સમાજની વિકાસયાત્રામાં તેમનો હિસ્સો નોંધનીય છે.

હું અને મારા સાથીદારો — તેમની સાથે છેલ્લા ૧૮ વર્ષથી સમાજની વિવિધ સમિતિઓમાં એકજૂટ રીતે કામગીરી કરતા હતા. આ રીતે, અમે તેમની સાથે ખૂબ નજીકથી સંકળાયેલા હતા. એટલે તેમની યાદ સ્વાભાવિક રીતે હંમેશાં આવતી રહેશે.

ધાર્મિક કોઈ બાબતે ચર્ચા - વિચારણાના તથા પર્યુષણ પર્વ નિમિત્તે પ્રતિક્રમણના સમયે અમે સાથે જ રહેતા. તે અવસરે 'ગુજરાત યુવા સંઘ' દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળા સાંભળવા પણ સાથે જ રહેતા. સ્નેહ, સમજણ, સાદગી, સંતોષ, સમર્પણ તથા પ્રમાણિકતા જેવા ઉચ્ચ મૂલ્યોને તેઓ હંમેશાં ઉજાગર કરતા હતા.

કોરોના સંક્રમણમાં તેઓ હોસ્પિટલમાં દાખલ થયા, તેના આગલા દિવસે જ હું તેમને તેમની દુકાને સહજભાવે મળવા ગયો હતો. ત્યારે ખબર ન હતી કે... આ અમારી અંતિમ મુલાકાત હશે! કુદરત - સૃષ્ટિથી ઉપર કોઈ નથી, બસ એટલું જ.

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ આંગણે આવી ગયેલ - તેવા સમયે, સર્વેને ભાવ અને વિનયપૂર્વક "મિચ્છામિ દુક્કડમ્"નો સંદેશો પાઠવીને... સૌની વચ્ચેથી આ રીતે અચાનક જ પ્રભુના દ્વારે પહોંચી જશે તે માનવું અસહ્ય છે.**

*"સર્વથા સહુ સુખી થાઓ, સમતા સહુ-સમાચારો,*
*સર્વતા-દિવ્યતા વ્યાપો, શાંતિ સર્વત્ર વિસ્તરો."*

આ અમર ભાવાર્થ આપીને તેમણે વિદાય લીધી છે, એમ જ માનવું રહ્યું...

પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***
***તથા અન્ય મિત્રગણ***

★

## શ્રધ્ધાંજલિ

ભાઈશ્રી આણંદજીભાઈના અવસાનના સમાચાર મારા માટે તો સાવ જ અણધાર્યા અને અત્યંત આઘાતજનક હતા. વર્ષો જૂના સહકાર્યકરની અચાનક વિદાયથી સમાજને પડેલ ખોટ ઉપરાંત અંગત ખોટ પડવાની લાગણી અનુભવું છું.

વરસો વરસ થતી ચૂંટણીઓ યાદ આવે છે. ઉમેદવાર ન હોઈએ તો ચૂંટણી પંચમાં સાથે જ હોઈએ. કામ પણ તેમનું અત્યંત ચોક્સાઈભર્યું હોય. છેલ્લા કેટલાક વરસથી તો મારું નામ રહેતું, પણ મોટાભાગનો બોજ તેઓ જ ઉઠાવતા.

**બંધારણ સમિતિ :** સમાજમાં ગણ્યા ગાંઠ્યા બંધારણના નિષ્ણાતોમાં તેમની ગણતરી થતી. આ સમિતિમાં પણ તેમની ખોટ વિશેષપણે જણાશે.

**સાધર્મિક સહાય સમિતિ :** આ સમિતિના કાર્યની કોઈ જાહેરાત નથી થતી, એટલે બહાર દેખાતું નથી, પણ જૈન ધર્મમાં અત્યંત અગત્યનું ગણાયેલ આ કામ તેમની રાહબરી હેઠળ ખૂબ જ ચોક્સાઈપૂર્વક ચાલી રહ્યું હતું. સમાજ અને સમિતિને પણ તેમની ખોટ પડશે.

સમાજ તો ચાલશે, પણ સમાજનું હિત હંમેશાં હૈયે રાખનાર આવા કાર્યકરો મળવા મુશ્કેલ થશે.

અંતમાં બહેન લક્ષ્મીબેન, ચિ. ભાઈ મનીષ, પુત્રી સ્મિતા તથા સર્વે કુટુંબીઓને પ્રભુ આ આઘાત સહન કરવાની શક્તિ આપે અને સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે એ પ્રાર્થના સાથે...

***મગનલાલ સંઘવી તથા પરિવાર - અમદાવાદ***

★

## 'મંગલ મંદિર' વિશેષાંક માટે પ્રતિભાવ

સમાજ દ્વારા 'મંગલ મંદિર'નું કોરોનાને લગતો વિશેષાંક ખૂબ જ ઉપયોગી અને સરસ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં

કોરોના વિશેની તમામ (કદાચ સરકાર પાસે પણ માહિતી અધૂરી હશે) આંકડાકીય તેમજ વિશિષ્ટ માહિતી એક સુંદર સ્વરૂપમાં રજૂ કરીને તેનું સુંદર સંકલન કર્યું છે. તેની સાથે સાથે કોરોના વિશે હાસ્યની છોળો ઉછળે તેવા જોક્સ તથા તેને અનુરૂપ કવિતાસભર વિશેષાંક મને ખૂબ ગમ્યો. આ અંક પુસ્તક તરીકે સાચવી રાખવા જેવો છે જેથી ગમે ત્યારે કંઈક અંશે તેની માહિતી ઉપયોગી સાબિત થશે.

કોરોનાના આવા સમયમાં આ પ્રકારની વિવિધ માહિતી એકત્ર કરી, તેનું સંકલન કરનાર અને તેને વિશેષ ઢાંચામાં ઢાળીને સુંદર આવૃત્તિ સ્વરૂપે અંકમાં પ્રકાશિત કરનારને મારા ખૂબ ધન્યવાદ અને અભિનંદન.

**સમાજે આ વિષય પર નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા જેવી સ્પર્ધાઓ યોજવી જોઈએ.**

*નીતિન સંઘવી - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

★

## 'મંગલ મંદિર' વિશેષાંક... એટલે ચુનંદા પુષ્પોનો એક પુષ્પગુચ્છ

છેલ્લા છ મહિનાથી એક શબ્દ 'Covid-19' – 'Corona'એ આપણી જિંદગીની ડિક્ષનરીમાં અમૂલ્ય અને અતુલ્ય સ્થાન મેળવી લીધું છે. તેની સાથેના પરોક્ષ શબ્દો જેવા કે Social distancing, Sanitizer, Mask – આવા તો કેટલાય શબ્દોએ આપણા શબ્દભંડોળને વધાર્યા છે જ, પણ સાથે સાથે આપણા હૃદયના ધબકારાઓને પણ વધારી દીધા છે.

'મંગલ મંદિર' એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦ અંતર્ગત સર્વપ્રથમ આવા વિશેષાંક આપવા બદલ તંત્રીશ્રીઓને ખાસ ખાસ અભિનંદન. **આ અંકના મુખપૃષ્ઠને જોતાં લાગ્યું કે જેને દુનિયાને માસ્ક લગાડવાની એક ઇમેજીનેશન કરી છે, એ એક અજોડ અને કંઈક અલગ દૃષ્ટિકોણ આપી જાય છે.** આ કોરોના સંક્રમણ કોવિડ-૧૯ અંતર્ગત સંપૂટ-૧ ની દરેક કૃતિઓમાં પણ અલગ અલગ અભિગમ જોવા મળ્યો છે. જેના ફ્રન્ટ પેજ જોતાં જ તેની અંદર રહેલ લખાણોના 'દમ'નો અનુમાન કરી શકાય છે. આ સંપૂટ-૧ ની શરૂઆત દિનેશ આર. મહેતાના લેખ દ્વારા થઇ અને પુર્ણાહૂતિ સંકલિત લેખથી થઈ. **બધી જ કૃતિઓનું ખૂબ જ સુંદર રીતે આલેખન કરવામાં આવ્યું છે.** પોતાના અનુભવોનો નિચોડ સાદી - સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યો છે. ખાસ વાંચનની સાથે હસવાનો અનેરો આનંદ લીધો – 'ભૂલી હુઇ યાદોં મુઝે ઇતના ન સતાઓ' દ્વારા. ખરેખર વાંચીને ખૂબ જ અલૌકિક લાગણીનો અનુભવ થયો. **આ વખતનો વિશેષાંક એટલે પુષ્પગુચ્છ** – જેને ચુનંદા પુષ્પોથી સુશોભિત કરવામાં આવ્યું છે. જે ફૂલની મહેક માણવી હોય તે ફૂલ ચૂંટીને તેની મહેક માણતા રહો અને મજા લૂંટતા રહો...

*ડૉ. મેહા વી. સંઘવી - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

★

## 'મંગલ મંદિર' કોવિડ-૧૯ વિશેષાંક

કોઈ પણ મુખપત્ર જેમ સમાજને પ્રતિબિમ્બિત કરે છે તેમ તે સમાજનો સધિયારો, હમસફર અને પથદર્શક પણ બને છે. મારે આજે વાત કરવી છે, મુખપત્ર 'મંગલ મંદિર'ના કોવિડ-૧૯ વિશેષાંકની.

'મંગલ મંદિર' છેલ્લા ૪૫ વર્ષથી અવિરતપણે પ્રકાશિત થતું રહ્યું છે અને સમાજની ખુશી, સમાજની મુશ્કેલી, સમાજની ઉજવણી બધામાં એક પરિજન બનીને રહ્યું છે. આજે જ્યારે આખું વિશ્વ કોવિડ-૧૯ સામે ઝઝુમી રહ્યું છે ત્યારે આ વૈશ્વિક આફત વખતે પણ એ પોતાની ફરજ એ જ પરિધાન ધારણ કરી ૪ મહિનાની સામગ્રી સાથે લઈ ઉપસ્થિત થયું છે.

કોવિડની પરિસ્થિતિમાંથી આપણે સહુ પસાર થઈ જ રહ્યા છીએ. એવા સમયમાં સોશિયલ મીડિયા, અફવાઓ અને છાપાના સમાચારોએ, મનમાં એક પ્રકારનો ડર પેદા કરી દીધો છે. જેના કારણે ઘણીવાર બિનજરૂરી અથવા વધુ પડતો ડર પેદા થાય છે. પરંતુ કોવિડ-૧૯ વિશેષાંક વાંચતા ડર ન લાગ્યો. જેમ જેમ નજર ફરતી ગઈ તેમ તેમ તેના વિષયક સચોટ જાણકારી પ્રાપ્ત થતી ગઈ. કોઈ અતિશયોક્તિ નહીં, કોઈ ખોટી માન્યતા નહીં. તવારીખમાં એકદમ વ્યવસ્થિત, રોજેરોજની આંકડાકીય માહિતી અને માત્ર કોરોના ફેલાયાની જ વાત નહીં, પણ સાજા થયેલાની પણ સંખ્યા, જે સધિયારો પૂરો પાડે છે.

ભારી ભરખમ વાતાવરણને હળવું બનાવવા રમૂજી ટુચકાઓ, રંગોલીનો એક રંગ બની રહ્યા. તેમ છતાં પણ કદાચ મન ભારી થઈ જાય, એકના એક વાતાવરણથી કંટાળી જવાય એવું લાગે તો સંપૂટ-૨ માં વિવિધ વાંચન સામગ્રી મનને - વિચારોને અન્ય દિશામાં વાળવા મદદરૂપ બને છે. જેમાં વિષય વૈવિધ્ય ધરાવતા લેખો, કવિતાઓ, સંસ્થા સમાચાર, શબ્દ રમત, સુડોકુ જેવી સામગ્રી છે.

અમદાવાદમાં કચ્છને જીવંત રાખતું આ મુખપત્ર ચિરંજીવી બને અને હંમેશ માટે સમાજનું પરિજન બની રહે તેવી મંગલ કામના.

*ડૉ. પલ્લવી શાહ,*
*આચાર્ય, મા આશાપુરા કૉલેજ ઓફ એજ્યુકેશન, ભુજ-કચ્છ*

★

## 'મંગલ મંદિર' : એપ્રિલથી જુલાઈ-૨૦૨૦ના વિશેષાંકનો પ્રતિભાવ

'મંગલ મંદિર' એપ્રિલથી જુલાઈ ૨૦૨૦નો 'કોરોના

સંક્રમણ : કોવિડ-૧૯' વિશેષાંક એ એક અદ્દભુત તથા કોરોના વિશેની પ્રચૂર માહિતીથી ભરેલ વિશેષાંક છે. તંત્રીલેખ અને અન્ય વિભાગોના વિવિધ વિષયોના લેખ વગેરે કોરોના કાળની ચિંતા તથા કંટાળાના વાતાવરણમાં મનને શાતા અને મોકળાશ અપાવે છે. સવિશેષ શ્રી દિનેશભાઈ આર. મહેતાએ કોરોના, કોવિડ-૧૯, વિશ્વ - દેશ - રાજ્ય તથા શહેર વગેરેનું સંકલન કરીને તારીખવાર એક એક વિગત, સ્થળ, સમય, સંખ્યા વગેરેના સંદર્ભમાં આપેલ માહિતી એક અમૂલ્ય ખજાનો છે. ઘરમાં જ રહીને આવા નીરસ વાતાવરણમાં તેમની મહેનત અને પ્રતિબધ્ધતા ખૂબ જ સરાહનીય છે. સાથે સાથે તેમણે સંકલન કરેલ વિશ્વની ૧૯મી, ૨૦મી તથા ૨૧મી સદીના જુદા જુદા સમયે, સ્થળે, માનવજાતે ભોગવેલ અન્ય ભયંકર મહામારીઓની વિગતો મારા જેવા ઘણા સમકાલીન વ્યક્તિઓને પણ ખૂબ ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

**આ અંકને આટલો માહિતીપ્રદ, વિવિધતાથી છલકતો તથા અસામાન્ય બનાવવા માટે તંત્રીશ્રી, સહતંત્રીશ્રી અને યોગદાન આપનાર સર્વે લેખકો - સંકલનકાર વગેરે સૌ અભિનંદનને પાત્ર છે.**

આ અંક દ્વારા એ પણ જાણવા મળેલ છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અને મંગલ મંદિરના તંત્રીશ્રી પ્રતાપભાઈ નારાણજીભાઈ દંડને આપણા સમાજે 'મંગલ મંદિર'નો ૫૦૦મો દળદાર અંક પ્રસિધ્ધ કરેલ, તે બદલ મુંબઈ સ્થિત શ્રી હેમરાજભાઈ છેડાની સંસ્થાએ આ વર્ષે તેમને 'કચ્છ શક્તિ' ઍવોર્ડથી નવાજેલ છે, જે આપણા સૌ માટે માન તથા ગૌરવની બાબત છે. 'મંગલ મંદિર'ની યાત્રાના સહભાગીઓ — તંત્રીશ્રી, તંત્રી મંડળ, સર્વે લેખકો તથા સંકલનકારો તથા સવિશેષ તો મંગલ મંદિરનો વિશાળ અને સુજ્ઞ વાચકવર્ગ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

ભવિષ્યમાં પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા 'મંગલ મંદિર' ઉત્તરોત્તર પ્રગતિ સાથે સમાજ લોકસેવાના આવા જ ઉચ્ચ સોપાનો સર કરતા રહે તેવી હાર્દિક શુભેચ્છા!

*મહેન્દ્ર એમ. વસા - અમદાવાદ*
*મો. ૯૮૯૮૦ ૧૩૩૭૧*

★

## 'કચ્છની અસ્મિતા' શ્રેણીની રજૂઆત

'કચ્છની અસ્મિતા'નો પરિચય કરાવતી શ્રેણીનો આરંભ થેંક-યુ ગુજરાતી / કચ્છ (Thank U Gujarati / Kutch) દ્વારા ફેસબુક પર થયેલ છે. જેનો પ્રથમ એપિસોડ તા. ૨-૮-૨૦૨૦ના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો. તે અવસરે પ્રાધ્યાપક શ્રી સંજય ઠાકરને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શ્રી ઠાકરે 'કચ્છની અસ્મિતા'ની રસપ્રદ ઝાંખી કરાવી હતી. આ શ્રેણીનું એન્કર શ્રીમતી સુષ્માબેન શુક્લાએ ખૂબ જ સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

'કચ્છની અસ્મિતા'ને ઉજાગર કરાવતી શ્રેણીમાં ઇતિહાસકાર, જિઓગ્રાફિકલ કે પુરાતત્ત્વકારની વેધક નજરે કચ્છની અસ્મિતાની માહિતી આત્મસાત્ થઈ છે. જનસમાજની વાચાયિક - લોકબોલીમાં સહજ અને પ્રાસંગિતાના સાત્યત્વ સાથે સમયની મુઠ્ઠીમાં બાંધીને તેની સફળ રજૂઆત થઈ છે. મૂંગા પાળિયાને પણ બોલતા કરાવનાર પ્રાધ્યાપક શ્રી સંજય ઠાકરને કચ્છની અસ્મિતાનું જીવન પ્રત્યક્ષીકરણ કરાવવા માટે સલામ! તેમનો આ પ્રયત્ન તદ્દન સફળ થયો છે.

'થેંક-યુ ગુજરાતી' દ્વારા આયોજિત એક વાર્તાલાપની શ્રેણીમાં શ્રી ઠાકરે કચ્છની અસ્મિતાનો પરિચય કરાવવા લાયકને પણ ઉજાગર કર્યા છે. જેનું હોમવર્ક 'થેંક-યુ ગુજરાતી'ને સોંપી દેવામાં આવ્યું છે. આ શ્રેણીની શરૂઆત ઉત્તમ અને પ્રેરક બનાવનાર તથા કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના વાર્તાલાપ કરનારને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષનાર એન્કર શ્રીમતી શુક્લાની ઉત્કૃષ્ટ કામગીરી પ્રશંસાપાત્ર છે.

*મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ*
*મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*

★

## ખેડૂત વર્ગ અને મુંબઈથી કચ્છ આવનાર માટે પ્રોત્સાહનકર્તા સમાચાર

'મંગલ મંદિર'ના ઓગસ્ટ માસના અંકમાં પાના નં.-૮ ઉપરના સમાચાર વાંચીને આ મારો પ્રતિભાવ જણાવું છું. વાસ્તવમાં આ સમાચાર કચ્છના ખેડૂતો માટે તથા મુંબઈથી કચ્છ જતા કચ્છી લોકો માટે ખૂબ જ અગત્યના અને પ્રોત્સાહનકર્તા છે. મુંબઈથી કચ્છ આવવા માંગતા લોકોને ખેતી તરફ વાળીને સારી આવક ઊભી કરવાના ઉદ્દેશ માટે હું કે.આર.આઈ.ડી.એ. (KRIDA)ના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારોને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવું છું. આ એક ખૂબ જ ઉમદા પ્રકારનું કામ છે. મને આશા છે કે આ પ્રોજેક્ટ સફળ થશે જ. **આના પરિણામે આપણું કચ્છ આવનાર વર્ષોમાં ખેતી ક્ષેત્રે પંજાબ અને હરિયાણા રાજ્યની હરોળમાં ઊભું રહી શકશે.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, મુંબઈની સંસ્થા સાથે સમન્વય કરીને ખૂબ જ મહત્ત્વની કામગીરી કરી રહી છે, જે જાણીને આનંદ થાય છે. 'મંગલ મંદિર' મેગેઝિનના એક લેખક તરીકે તથા કચ્છના એક ખેડૂત તરીકે આ બાબતમાં જરૂર હોય તો મારી શારીરિક અનુકૂળતાને આધીન યોગ્ય સહકાર આપવા મારી ઇચ્છા વ્યક્ત કરું છું. આભાર સાથે, જય કચ્છ....

*બલવીરસિંહ જાડેજા - અમદાવાદ*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

સામાન્ય જ્ઞાન

# વિશેષ માહિતી

## ગૂગલ વિશે જાણકારી

- ગૂગલ ભારતમાં ૨૦૦૪થી સક્રિય છે. જ્યારે હૈદ્રાબાદ અને બેંગાલુરુમાં પ્રથમવાર ઑફિસ ખોલી હતી.
- અત્યારે ગૂગલ મેપ પર ભારતના ૨.૬ કરોડ સ્મોલ - મીડિયમ બિઝનેસ સર્ચ કરી શકાય છે.
- મહિલા સશક્તિકરણ અને સ્કીલ ડેવલપમેન્ટ માટેના ગૂગલના પ્રોગ્રામ ઈન્ટરનેટ સાથીમાં ૩ કરોડ ભારતીય મહિલાઓ જોડાયેલી છે.
- ભારતમાં ગૂગલના અત્યારે ૫૦ કરોડ સક્રિય વપરાશકારો છે.

## ડ્રોન વિમાન કેવું હોય?

યુધ્ધ વિષયક સમાચારોમાં ડ્રોન વિમાન દ્વારા હુમલાનો ઉલ્લેખ તમે સાંભળ્યો હશે. **યુધ્ધમાં વપરાતા ડ્રોન વિમાન એવા હેલિકોપ્ટર છે કે જેમાં પાઇલટની જરૂર નથી. જમીન ઉપરથી રિમોટ દ્વારા સંચાલિત થાય છે.** આ વિમાનમાં શસ્ત્રો કે દારૂગોળો ભરી નિશ્ચિત સ્થળે હુમલા કરાય છે. ડ્રોન વિમાન ૧૨થી ૧૩ ફૂટ લંબાઇના હોય છે. તેનો પંખો ૨૦ ફૂટ વ્યાસનો હોય છે. ૯ ફૂટ ઊંચું આ વિમાન ૧૫૦ કિ.મી.ની ઝડપે ઊડે છે અને **આસપાસના ૨૦૦ કિ.મી.ના વિસ્તારમાં હુમલા કરી શકે છે.** નાના કદના ડ્રોન વિમાનના અન્ય ઉપયોગો પણ જાણીતા બન્યા છે. એરિયલ ફોટોગ્રાફી માટે પણ કેમેરા સાથેના નાના કદના ડ્રોન બને છે.

## શરીરમાં લોહી પહોંચાડતી રક્તવાહિનીની અદ્‌ભુત રચના

હૃદય સતત ધબકતું રહીને આખા શરીરમાં લોહી મોકલે છે અને શરીરમાંથી અશુધ્ધ થયેલું લોહી પાછું હૃદયમાં આવે છે. લોહીને શરીરમાં ફેરવવા માટે રક્તવાહિનીઓનું સુઆયોજીત તંત્ર છે. લોહી વહન કરનારી જાડી પાતળી, નાની-મોટી આ નળીઓની રચના અને કામ પણ ગજબના છે. હાથના કાંડા ઉપર આંગળી મૂકી જુઓ. ચામડી નીચે કાંઈક ધબકતું હોય તેમ લાગશે. આ ધબકતી લોહીની નસ કે નાડી છે. હૃદયના ધબકવાથી લોહીને ધક્કો લાગે છે અને લોહી આગળ વધે છે. **નસોમાં એક જ તરફ લોહી વહે તે માટે વાલ્વ હોય છે.**

**હૃદયમાંથી શુધ્ધ લોહી લઈ જનારી નળીને ધમની અને અશુધ્ધ લોહી હૃદય તરફ લઇ જનારી નળીને શિરા કહે છે. ચામડી નીચે દેખાતી લીલી નસ શિરા છે. ધમનીઓ જાડી હોય છે.** તેમાં ફાંટા પડી પાતળી રક્તવાહિની બને છે. તેના છેડે શરીરના કોશો સાથે લોહીમાંથી પોષક દ્રવ્યો અને ઓક્સિજનની લેવડ દેવડ થાય છે.

## પર્યાવરણને ઉપયોગી : વાંસ

વનસ્પતિ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને ઓક્સિજન ભેળવે છે અને પર્યાવરણને ઉપયોગી થાય છે. તેમાં સૌથી વધુ ઓક્સિજન ભેળવવામાં વાંસનો ફાળો છે. **વાંસ અન્ય વનસ્પતિ કરતાં ૩૦ ટકા વધુ ઓક્સિજન મુક્ત કરે છે.** આ ઉપરાંત પણ વાંસ પર્યાવરણ જ નહીં પણ માનવજાત માટે ઉપયોગી વનસ્પતિ છે.

**વાંસ સૌથી વધુ ઝડપે વિકાસ પામતી વનસ્પતિ છે.** એટલે તેની ઉપજ માટે વધુ મહેનત કરવી પડતી નથી. વાંસના જંગલો થોડા સમયમાં જ વિસ્તાર પામતા હોય છે. વાંસ એકથી પાંચ વર્ષના ગાળામાં પુખ્ત બની જાય છે. સખત લાકડાના બીજા વૃક્ષો ૨૦થી ૨૫ વર્ષે પુખ્ત બને છે.

વાંસનું મૂળતંત્ર અજાયબ છે. **વાંસને કાપી લીધા પછી તેના ઠૂંઠા મૂળમાંથી ફરી ઉગી નીકળે છે. વાંસને ખાતર કે અન્ય રસાયણની જરૂર પડતી નથી.** વાંસના પાન ખરીને જમીન પર પડે તેના ખાતરથી જ તે વિકસે છે.

વાંસના દરેક અવયવ માણસજાતને વિવિધ રીતે ઉપયોગી થાય છે.

**વાંસનું જંગલ જમીનનું ધોવાણ અટકાવે છે. વાંસ બધી જ ઋતુ અને હવામાનમાં વિકાસ પામે છે.** વાંસ વચ્ચેથી પોલા હોય છે. તે સ્ટીલ કરતાં પણ વધુ મજબૂત હોય છે. વાંસને ઉધઈ કે અન્ય જીવાત લાગતી નથી એટલે સડતા નથી. વાંસમાં બાંબુકૂન નામનું દ્રવ્ય હોય છે. વાંસમાંથી બનેલા કોલસા પાણી ગાળવાનું ઉત્તમ માધ્યમ છે. તે વાતાવરણમાંથી દુર્ગંધ દૂર કરે છે. ચીન અને જાપાનમાં બેગમાંથી ગંધ દૂર કરવા ડામરની ગોળી નહીં પણ વાંસના કોલસાનો ટુકડો મૂકાય છે. વાંસના રેસા ભેજશોષક છે. વાંસની દીવાલો ઘરને વધુ ઠંડું રાખે છે. એશિયાના ઘણા દેશોમાં વાંસનો ખોરાક તરીકે પણ ઉપયોગ થાય છે. કૂમળા વાંસની વાનગીઓ બને છે.

## ભૂકંપ વિશે આ જાણો છો?

૧. પૃથ્વી પર સૌથી પ્રચંડ ભૂકંપ ઈ.સ. ૧૯૬૦માં ચિલીમાં થયો હતો. તેની તીવ્રતા ૯.૫ની હતી.

૨. પૃથ્વી પર વર્ષે વિવિધ સ્થળોએ લાખો ભૂકંપ થાય છે. લગભગ એક લાખ ભૂકંપ અનુભવાય છે અને ૧૦૦ જેટલા ભૂકંપ નુકસાન કરે છે.

૩. ઈ.સ. ૧૯૦૦ના વર્ષ પછી પૃથ્વી પર ૧૮ મોટા ભૂકંપ દર વર્ષે નોંધાયા છે.

૪. ઈ.સ. ૧૮૧૧ના ડિસેમ્બરમાં આવેલા ભૂકંપથી મિસિસિપી નદીનો પ્રવાહ પલટાઈ ગયો હતો.

૫. ચીનમાં ઈ.સ. ૧૩૨માં સિસ્મોગ્રાફની શોધ થઈ હતી. તેમાં ભૂકંપ આવે ત્યારે તાંબાના ઘડામાંથી તાંબાનો ગોળો ડ્રેગનના મુખમાંથી પસાર થઈ દેડકાના મુખમાં પડી જતો.

૬. **પૃથ્વી પર સૌથી વધુ ભૂકંપ જાપાનમાં થાય છે. દર વર્ષે લગભગ ૧૫૦૦.**

૭. ભૂકંપથી સૌથી વધુ જાનહાનિ ઈ.સ. ૧૫૫૬માં ચીનમાં થઈ હતી. જેમાં ૮ લાખ કરતા વધુ લોકોના મોત થયા હતા.

૮. હવાઈ ટાપુ પર ૧૮૬૮માં આવેલ પ્રચંડ ભૂકંપના આફ્ટર શોક હજી પણ અનુભવાય છે.

૯. ભૂકંપને કોઈ ચોક્કસ ઋતુ હોતી નથી. તે ગમે ત્યારે થાય છે.

૧૦. ભૂકંપને બે કેન્દ્ર હોય છે. જમીનના ભૂતળમાં કે જ્યાંથી કંપન શરૂ થાય તે **હાઈપોસેન્ટર** અને તે કેન્દ્રની બરાબર ઉપરની પૃથ્વીની સપાટી પરનું સ્થળ એટલે **એપીસેન્ટર.**

૧૧. હિમાલય પર્વતમાળા ભૂકંપને કારણે બની હતી.

## તું એકલો ક્યારેય નહીં હોય

એક રાતે ઘસઘસાટ ઊંઘી રહેલા એક માણસને સપનું આવ્યું. સપનામાં એણે જોયું કે સમંદરને કિનારે પોતે અને ભગવાન બંને સાથે સાથે ચાલી રહ્યા છે. આ સમયે આકાશમાંથી એક તેજલિસોટો આવે એવી રીતે એના જીવનના પ્રસંગો અને બનેલી ઘટનાઓની દીપમાળા પ્રકટવા માંડી. દરેક દશ્યફલક પર એણે જોયું કે બે જણનાં પગલાંનાં નિશાન રેતી પર અંકિત છે. ત્યાર પછી અનેક દશ્યો માનસપટ પર ચલચિત્રની માફક સરકવા લાગ્યાં.

જ્યારે જિંદગીના અંતિમ પ્રસંગની તસવીર પૂરી થઈ ત્યારે એણે રેતીમાં પડેલાં પગલાં પર નજર નાખી એ વખતે એક તફાવત દેખાયો. પોતાની જિંદગીના કેટલાક ચોક્કસ મુકામે પગલાંનાં નિશાનની હારમાળા એકસરખી ન હતી. ક્યારેક તો એક જ હાર દેખાતી હતી. આ સાથે એણે એ પણ જોયું કે પોતાની જિંદગીના વસમા, વિપરીત, વિમાસણભર્યા, દુઃખદ અને કપરા કાળ વખતે એક જ વ્યક્તિનાં પગલાંનાં નિશાન દેખાતા હતાં. આ જાણીને એ તો દુઃખી દુઃખી થઈ ગયો અને પ્રભુને પડકારીને કહેવા લાગ્યો કે આ બધું શું છે?

'હે ઈશ્વર! તેં મને વચન આપ્યું હતું કે એકલા તને જ અનુસરવાનું નક્કી કરું તો પછી દરેક વખતે તું મારી સાથે જ હોઈશ. પરંતુ આજે મને તારી આ વાતમાં વિશ્વાસ બેસતો નથી. કારણકે મારા જીવનના ખૂબ જ ખરાબ સમયે હું એકલો અને અટૂલો જ હતો. રેતી પરનાં પગલાંનાં નિશાન એની સાબિતી છે. મને સમજાતું નથી કે જે વખતે મને તારી હાજરીની હજારવાર જરૂર હતી ત્યારે તું મને તરછોડીને જતો કેમ રહ્યો?'

ઈશ્વરે પૂર્ણ શાંતિ અને સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'વત્સ, મારા મહામૂલા બાળક, હું તને ચાહું છું એટલે તને ક્યારેય છોડીશ નહીં. તારા તાપના અને તાવણીના સમયમાં તને રેતી પર એક જ વ્યક્તિના પગલાં દેખાય છે કારણકે એ સમયે મેં તને ઊંચકી લીધો હતો. એ વખતે પણ હું તારી સાથે જ હતો.'

***અનુવાદ : રમેશ પુરોહિત***

***સૌજન્ય : "સમજણના સૂર"***

## માફ કરો અને ભૂલી જાવ

જીવનને સરળ અને આનંદમય બનાવવું હોય તો એક મંત્રને અનુસરો – ***માફ કરો અને ભૂલી જાવ!***

ઘણી નાની બીનાઓ દુઃખ અને કડવાશ સર્જે છે. તેનો ડંખ ન રાખીએ તો પળવારમાં ભૂલાઈ જાય છે. પણ સતત યાદ રાખીને ધૂંધવાયા કરીએ તો તે ઘણું મોટું સ્વરૂપ પકડે છે અને આપણા સુખ-શાંતિને હણી લે છે.

***સુખી થવું હોય તો – માફ કરો અને ભૂલી જાવ!***

ગેમ્સ ગેલેરી

# વિવિધ પ્રકારની ક્વિઝ



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## ક્વિઝ – A : જવાબ આપો

૧. ભારતના કયા શહેરનું હવાઈ મથક 'ઇંદિરા ગાંધી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ'ના નામે ઓળખાય છે?
૨. સંગીતની સરગમમાં 'પ' એટલે પંચમ અને 'મ' એટલે શું?
૩. ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિવસ કઈ તારીખે આવે છે?
૪. શકુંતલા અને દુષ્યંતના પુત્રનું નામ શું છે?
૫. એવી કઈ રમત છે જેમાં ડાબા હાથે રમવાનું ઍલાઉડ જ નથી?
૬. વિપ્રો કંપનીના ચેરમેન કોણ છે?
૭. અમેરિકામાં અંગ્રેજી પછી બીજા નંબરે પ્રચલિત ભાષા કઈ?

## B : નીચેનામાંથી ક્યો સ્પેલિંગ સાચો છે તે શોધી કાઢો...

**(1)**
REASONABAL
REASUNABLE
REASONABLE
જવાબ :

**(2)**
VEGETARIAN
VEGETERIAN
VAGETARIUN
જવાબ :

**(3)**
INDIVEDUAL
INDIVIDUAL
INDIVIDAUL
જવાબ :

**(4)**
TELIVISION
TELEVESION
TELEVISION
જવાબ :

**(5)**
PHOSPHORUS
PHOSPHARUS
PHOSFOURUS
જવાબ :

**(6)**
BLACKSMETH
BLAQSMITH
BLACKSMITH
જવાબ :

## C : નીચે આપેલા અક્ષર કોષ્ટકમાંથી યોગ્ય અક્ષરો મૂકી ક્રોસવર્ડ પૂર્ણ કરો

જો મા સ વું મો મ મ્મ મા ર ર
સ હ તા હ હ જી ર મ ખા હ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ■ | | સ | | ત | ■ | | ર |
| ર | | ■ | ■ | | ■ | | દ |
| | મ | | ફ | ર | ■ | ર | ■ |
| ન | ■ | બ | ■ | ■ | | મ | |
| | | | કા | | ■ | ■ | ર |
| | ર | સ | ■ | ર | | ગુ | ણ |
| ન | | ■ | વ | | ર | ■ | હા |
| ■ | ■ | | ર | વો | ■ | કો | |

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## આદર્શની ઇમારત

ભગવાન મહાવીરને 'જિન' અર્થાત્ વિજેતાનું પદ પ્રાપ્ત થયું હતું. એ માટે તેઓએ ન તો કોઈ દેશ જીત્યો હતો કે ન તો કોઈ યુદ્ધ લડ્યા હતા. પરંતુ તેઓએ પોતાની આંતરવૃત્તિઓ સાથે સંગ્રામ ખેલી પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. ભગવાન મહાવીર આપણી સામે એક એવા આદર્શરૂપે છે, જેમણે સંસારના બધા પદાર્થોનો પરિત્યાગ કરી ભૌતિક બંધનોથી છુટકારો મેળવ્યો. આ રીતે, તેઓ આત્મતત્ત્વના ઉત્કર્ષ માટેનો અનુભવ મેળવવામાં વિજયી બન્યા હતા.

**આ દેશ, તેમના ઇતિહાસના પ્રારંભથી આજ સુધી આ આદર્શ પર ખડો છે.**

*– સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન*

ગેમ્સ ગેલેરી

# ફિલ્મી સગપણ – બોલીવુડ ગેમ



ભાવના એ. ઝવેરી

★ આપેલ ૬ ક્લુ પ્રમાણે દરેકના દસ જવાબ આપવાના છે.

★ A, B, C, D, E, F મુજબ જેના સૌથી વધારે સાચા જવાબ હોય તેને અનુક્રમે ત્રણ વિનર જાહેર કરવા.

★ આ ગેમ કિટી પાર્ટીમાં, પિકનિક તથા સિનિયર સિટીઝનની બેઠકમાં રમાડી શકાય.

★ વિજેતાઓને ઇનામથી નવાજો. દરેક રમનારને પ્રોત્સાહન ઇનામ આપીને સન્માનિત કરો.

**A રીઅલ લાઇફમાં ભાઈ-ભાઈ હોય અને બોલીવુડમાં કામ કરતા હોય / કામ કરેલ હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

૧. રાજ કપૂર – શમ્મી કપૂર
૨. રણધીર કપૂર – ઋષિ કપૂર
૩. સન્ની દેઓલ – બોબી દેઓલ
૪. અનિલ કપૂર – સંજય કપૂર
૫. ફિરોઝ ખાન – સંજય ખાન
૬. સલમાન ખાન – અરબાઝ ખાન
૭. અમરીશ પૂરી – મદનપૂરી
૮. પ્રેમનાથ – રાજેન્દ્રનાથ
૯. અશોકકુમાર – કિશોરકુમાર
૧૦. અક્ષય ખન્ના – રાહુલ ખન્ના

**B રીઅલ લાઇફમાં બહેન-બહેન હોય અને બોલીવુડમાં કામ કરતા હોય / કામ કર્યું હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

૧. નૂતન – તનુજા
૨. કાજોલ – તનીષા
૩. ફરહા – તબ્બુ
૪. ડિમ્પલ – સિમ્પલ
૫. સુલક્ષણા પંડિત – વિજયેતા પંડિત
૬. શિલ્પા શિરોડકર – નમ્રતા શિરોડકર
૭. કરીશ્મા કપૂર – કરીના કપૂર
૮. શિલ્પા શેટ્ટી – શમિતા શેટ્ટી
૯. રીયા સેન – રીમા સેન
૧૦. સુપ્રિયા પાઠક – રત્ના પાઠક

**C રીઅલ લાઇફમાં બાપ - દીકરો હોય અને બોલીવુડમાં કામ કરતા હોય / કામ કરેલ હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

૧. પૃથ્વીરાજ કપૂર – શમ્મી કપૂર
૨. રાજ કપૂર – ઋષિ કપૂર
૩. સુનિલ દત્ત – સંજય દત્ત
૪. ધર્મેન્દ્ર – સન્ની દેઓલ
૫. જિતેન્દ્ર – તુષાર કપૂર
૬. રાકેશ રોશન – ઋત્વિક રોશન
૭. સંજય ખાન – ઝાયેદ ખાન
૮. ફિરોઝ ખાન – ફરદીન ખાન
૯. વિનોદ ખન્ના – અક્ષય ખન્ના
૧૦. અમિતાભ બચ્ચન – અભિષેક બચ્ચન

**D રીઅલ લાઇફમાં મા - દીકરી હોય અને બોલીવુડમાં કામ કરતા હોય / કામ કર્યું હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

૧. તનુજા – કાજોલ
૨. ડિમ્પલ – ટ્વિંકલ
૩. માલા સિંહા – પ્રતિભા સિંહા
૪. બબીતા – કરીશ્મા કપૂર
૫. શર્મિલા ટાગોર – સોહા અલી ખાન
૬. શુભા ખોટે – ભાવના બલસાવર
૭. મુનમુન સેન – રીયા સેન
૮. દીના પાઠક – સુપ્રિયા પાઠક

૯. ઉષા કિરણ – તન્વી આઝમી
૧૦. હેમા માલિની – એશા દેઓલ

**E રીઅલ લાઈફમાં પતિ - પત્ની હોય અને બોલીવુડમાં કામ કરતા હોય / કામ કરેલ હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

---

૧. ધર્મેન્દ્ર – હેમા માલિની
૨. દિલીપકુમાર – સાયરાબાનો
૩. સુનીલ દત્ત – નરગીસ
૪. રણધીર કપૂર – બબીતા
૫. ઋષિ કપૂર – નીતુસિંઘ
૬. અક્ષય કુમાર – ટ્વિંકલ ખન્ના
૭. રાજેશ ખન્ના – ડિંપલ
૮. અમિતાભ બચ્ચન – જયા બચ્ચન
૯. રાજ બબ્બર – સ્મિતા પાટીલ
૧૦. કિશોરકુમાર – મધુબાલા

**F એક જ ફેમિલીના ત્રણ ત્રણ મેમ્બરે બોલીવુડમાં કામ કર્યું હોય તેવી ૧૦ જોડીના નામ લખો.**

---

૧. રાજ કપૂર – શમ્મી કપૂર – શશી કપૂર
૨. રણધીર કપૂર – બબીતા – કરીશ્મા કપૂર
૩. સુનીલ દત્ત – નરગીસ – સંજય દત્ત
૪. તનુજા – કાજોલ – તનીષા
૫. સલમાન ખાન – અરબાઝ ખાન – મલાઈકા ખાન
૬. ધર્મેન્દ્ર – સની દેઓલ – બોબી દેઓલ
૭. શર્મિલા ટાગોર – સૈફ અલીખાન – અમૃતાસિંઘ
૮. અમિતાભ બચ્ચન – જયા બચ્ચન – અભિષેક બચ્ચન
૯. રાજેશ ખન્ના – ડિમ્પલ – ટ્વિંકલ ખન્ના
૧૦. અશોકકુમાર – કિશોર કુમાર – મધુબાલા

---

**ખુશ રહો...**

*પ્રેમ એ પોસ્ટકાર્ડ છે*
*જીવન એ વિઝિટિંગ કાર્ડ છે*
*પત્ની મેમરી કાર્ડ છે*
*પતિ એ.ટી.એમ. કાર્ડ છે*
*ગર્લફ્રેન્ડ ડેબિટ કાર્ડ છે*
*માતા-પિતા પૅન કાર્ડ છે*
*સંતાન આઈ કાર્ડ છે*
*પરંતુ દોસ્ત તો આધાર કાર્ડ છે*
*....જે બધે કામ લાગે.*

## મુરલી કી ધૂન

**(મુજે તુમ મિલ ગયે હમદમ)**

મેરે કાન્હા તેરી મુરલી કી ધૂનમેં ખો ગયે હૈં હમ,
ના કોઈ ફિકર, ના અબ કોઈ ગમ, તુમ્હારે હો ગયે હૈં હમ
મેરે કાન્હા તેરી મુરલી કી ધૂનમેં ખો ગયે હૈં હમ.

કભી પનઘટ પે આકે યું, સતાયે ઐસે મોહે તું (મ્યુઝિક)
ગગરિયા ફોડ દી મેરી, ચુનરીયા ભીગોયે મેરી તું
ચુનરીયા ભીગોયે મેરી તું
કાહે યું સતાયે હમેં, તુજસે ખફા હુએ હૈં હમ
ના કોઈ ફિકર, ના અબ કોઈ ગમ....

મેરે ઘર સે કભી આકે માખન ભી ચુરાતા તું (મ્યુઝિક)
કરે સબ કામ તું ઐસે ફીર ભી લાગે પ્યારા તું
ફીર ભી લાગે પ્યારા તું
શિકાયત કૈસે કરું તેરી, દીવાને તેરે હો ગયે હમ
ના કોઈ ફિકર, ના અબ કોઈ ગમ....

નટખટ સાવંરે મેરે તેરી હર બાત પ્યારી હૈ (મ્યુઝિક)
તુ જો હૈ તો સબ કુછ હૈ, નહીં તો દુનિયા ખાલી હૈ.
નહીં તો દુનિયા ખાલી હૈ
કભી અબ સાથ ના છૂટે, બિનતી ઈતની કરતે હમ
ના કોઈ ફિકર, ના અબ કોઈ ગમ....
મેરે કાન્હા તેરી મુરલી કી ધૂનમેં ખો ગયે હમ....
(પૂરા મુખડા)

*સુનિતા એ. શાહ - અમદાવાદ*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## કચ્છી હાઈકુ

ડાયજે લાય
નોં કે બાયોં ઈનીકે
કેર ઠારીંધો?

સલામી ડીંયોં
સીપાઈયેંકે, પાંજા
ઈ રખેવાર.

ભારત મિડે
ધરમમેં જીવેતો,
જય ભારત.

મિણીં જીવેં કે
જીયેજો હક આય,
જીયણ ડ્યો ન.

ગામ જે ચોરે
અલક-મલક જ્યું
ગાલીયું થીયેં

*શ્રીમતી અરુણા અરુણ ઠક્કર 'માધવી'*
*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા, રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

## મરણોત્તર સંવેદના

આમ અચાનક એકદમ આવી રીતે તો છોડી જવાય ના,
અધરસ્તે - અડધી જિંદગીએ આયખું પૂરું કરી જવાય ના;
'ઊઠો' કહું તો ય ઊઠો ના, એવું પહેલી વાર બની રહ્યું,
'ઊઠો-ઊઠો' ફરી-ફરીને કહું 'ઊઠો', એમ રૂઠી જવાય ના.

જીવનભર સાથ નિભાવ્યો ને સુખે-દુઃખે સહવાસ રહ્યો,
કંઈ-કંઇ આગ્રહ - પૂર્વગ્રહને અહં-ગ્રંથિઓને ઠોકતો રહ્યો;
તોય તમે ના 'ઉફ' કર્યું, ના 'ઉંહ' કર્યું, ના વિરોધ,
બસ આજે કરો 'ઉફ-ઉંહ', ધબકાર આમ ચૂકી જવાય ના.

ક્યારેક દુભવ્યા, ક્યારેક દુખવ્યા, પરિતાપ વળી ક્યારેક દીધો,
**સમજણ થોડી આવી રહી, ને બ્રહ્મજ્ઞાન થોડું લાધી રહ્યું;**
**કે ફરી આવું થાય ના, ફરી આવું થવા દેવાય ના,**
પછી એનું આચરણ કરું તે પહેલાં હાથતાળી દેવાય ના.

ધબકતું એ દિલ હતું ત્યારે જ તો ધ્યાન મેં દીધું ના,
**ચેતનવંત એ દેહ હતો ત્યારે જ તો ખ્યાલ મેં કર્યો ના;**
હાલતો, ચાલતો, બોલતો, જોતો, સાંભળતો એક સાથ હતો,
અવગણ્યા પછી ગણના કરું તે પહેલા સદાને સૂઈ જવાય ના.

જિંદગી મધુર હતી કે કડવી - નવે રસથી ભરેલી હતી,
સાથ કૂણો હતો કે કર્કશ - એ સાતે રંગથી ધવલ હતો;
ઉગવું પછી આથમવું ને જીવન પછીનું સત્ય છે મોત,
સમજીને લાવું પરિવર્તન એ પહેલા ઊંઘતા મૂકી જવાય ના.

કંઈ કેટલાય મમત અને તંત મારા નિભાવ્યા હતા તમે,
કંઈ કેટલાય સાચા ખોટા રોષના ભોગ બન્યા હતા તમે;
કંઈ કેટલીય મનિષા - અપેક્ષા દબાવીને જીવતા હતા તમે,
હવે એવું નહીં થાય કહું એ પહેલા આમ પોઢી જવાય ના.

હજુ કાલે જ તો મનોમન મેં એક નિર્ધાર કર્યો હતો,
હજુ હમણા જ તો વર્તાવ-સુધારનો નિર્ણય કર્યો હતો;
એ નિર્ધાર - એ નિર્ણયનો નૈષ્ઠિક અમલ કરું તે પહેલાં,
આમ મારી અંતિમ ખ્વાહિશની હાંસી ઉડાવી જવાય ના.

ચેતન હતું ત્યારે જ તો ન કદર કરી શક્યા અમે,
જીવન હતું ત્યારે જ તો ન ખાતિર કરી શક્યા અમે;
**થઈ મનોકામના કદર - ખાતિરની, ત્યાં ત્યાગી ગયા તમે,**
**આવું શું કરો છો? બોલોને! બોલવામાં તમારું કંઈ જાય ના.**

ના ગિલા-શિકવા, ના તકરાર, ના ફરિયાદ કરીશ હવે,
ના માંગણીઓ ને ઈચ્છાઓ કેરી ભરમાર રચીશ હવે;
બસ, હવે તો સમજી જાઓ, માની જાઓને તમે હવે,
આવું શું કરો છો? જાગોને! આમ તરછોડી જવાય ના.

અશ્રુઓ આંખે આવી અટકે, માથું પછાડવાનું થાય મન,
દિલ વલોપાત કરે કે તુજ વિનાનું જગત હોય ના;
**કંઈ કંઈ કહેવાનું રહી ગયું ને ભૂલોનો એકરાર રહી ગયો,**
**પશ્ચાતાપ - પ્રાયશ્ચિત કરું તે પહેલા ઊડી જવાય ના.**

'ઊઠો' કહું ત્યાં ઊઠી જનાર આજ ઊઠતા કેમ નથી?
'જાગો' કહેતાં જાગનાર, આજ જાગતા વળી શેં નથી?
'ઊઠો-ઊઠોને!' ફરીફરીને વિનવું હું, માનતા નથી,
રૂંવેરૂંવું મારું પોકારે ઊઠોને! આમ તડપાવાય ના.

હવે જ તો ગીત-સંગીતભરી જિન્દગાની કરવી હતી,
હવે જ તો મીઠી મધુર એક મહેફિલ સર્જવી હતી;
હવે જ તો મીઠપની વળી સરવાણી વહેવી હતી,
અધૂરી આ મહેફિલેથી વળી આમ ઊઠી જવાય ના.

*રમેશ ચંદુલાલ શાહ 'આરસી' શાહ*
*બી/૯૧, પરિશ્રમ ટાવર, અંકુર મિરામ્બિકા ક્રોસ રોડ,*
*નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. • ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## પારકી થાપણ

સૂનું રાખી આંગણને લીલી વનરાઈ આપી છે
રાખી દુઃખનો તાપ ને સુખની છાઈ આપી છે
કરી કાળજુ કઠણને ઘરથી જુદાઈ આપી છે
અશ્રુભરી આંખે દીકરીને વિદાઈ આપી છે
રોકી કદમ ટુકડો જીગરનો કરે છે અલવિદા
એને તાતની આંતરડીએ લાખો દુહાઈ આપી છે.

★

તરસી ધરા પાણીના પરબનું પૂછતી હતી
મેં એને વરસાદનું સરનામું આપી દીધું

★

### બદનસીબ

વેંઢાર્યા કર્યા અમેં ગમોના બોજ
અમને શ્રમો સિવાય કંઈ ન મળ્યું
કોઈની ચાહતની વાત દૂર રહી
અમને ગમો સિવાય કંઈ ન મળ્યું
હકીકતમાં કોઈ બિના ફેરવાઈ નહીં
અમને ભ્રમો સિવાય કંઈ ન મળ્યું
**તીરછી નજરોના સદા લાગ્યા કર્યા તીર**
**અમને જખમો સિવાય કંઈ ન મળ્યું**
સદ્‌નસીબ છે જેને મળી છે મહોબ્બત
અમને સીતમો સિવાય કંઈ ન મળ્યું.

*મણિલાલ ડી. રૂદાણી*
*પરેશ નગર, મુ. રાણાવાવ, પોરબંદર-૩૬૦ ૫૫૦.*

## NanoNine® શબ્દ રમત-૧૬૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ | ■ | ૭ | |
| | ■ | ૮ | | ૯ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ |
| ૧૨ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | | ૨૧ | ■ | | ■ |
| | ■ | ૨૨ | | | ૨૩ | | ■ | | ■ | ■ | ૨૪ |
| ■ | ૨૫ | | | ■ | | ■ | ૨૬ | | ૨૭ | | |
| ૨૮ | ■ | | ■ | ૨૯ | | ૩૦ | | ■ | | ■ | ■ |
| ૩૧ | ૩૨ | | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | ૩૫ | ■ |
| ૩૬ | | ■ | ■ | ૩૭ | | ૩૮ | ૩૯ | | | | |
| ■ | ■ | ૪૦ | ૪૧ | ■ | ■ | ૪૨ | ■ | | ■ | ■ | ■ |
| ૪૩ | ■ | ૪૪ | | ૪૫ | | ■ | ૪૬ | | ૪૭ | ૪૮ | ■ |
| ૪૯ | | | ■ | | ■ | ૫૦ | | ■ | ૫૧ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ગુમાસ્તો, કારકુન, મહેતો (૪)
૪. કાયદો ઘડનારી સભા (૪)
૭. વહેમ, શંકા (૨)
૮. રાત્રે સુગંધ આપતો એક ફૂલછોડ (૪)
૯. રાજાની પત્ની (૨)
૧૦. મતદાતા, મત આપવાના અધિકારવાળો (૪)
૧૨. રોવું તે, રૂદન (૩)
૧૪. પવિત્ર સાધુ (૨)
૧૬. ભરકડું, કાંજી, ઘેંસ (૩)
૧૭. ઘરનું પૂજ્ય, મુરબ્બી, સુગ્રીવનો મોટો ભાઈ (૨)
૧૮. પરવા, દરકાર (૨)
૨૦. ભૂલભરેલું, જૂઠું (૩)
૨૨. એક ઠેકાણે ટકીને ન રહેનાર (૫)
૨૩. સીતાના પતિ (૨)
૨૫. જાડી કઠણ રોટલી (૩)
૨૭. આકાશમાં ફરી શકે તેવું વાહન, વ્યોમયાન, દેવ (૩)
૨૯. આગેવાન, નાયક, લીડર (૪)
૩૧. પવિત્રધામ, મંદિર (૪)
૩૩. ચેતવણી (૩)
૩૪. બાપ, તાત, જનક (૨)
૩૬. રોજગાર, ગુજરાન (૨)
૩૭. ગંદુ, મલીન (૨)
૩૮. કાઢી મૂકેલું (નોકરીમાંથી) (૫)
૪૦. લગની, ટેવ, વ્યસન (૨)
૪૨. વેદનો પહેલો અને પવિત્ર ઉચ્ચાર (૧)
૪૪. એક જાતનો તણખો ન ઝરે તેવો પથ્થર, તણખો, તકરાર, કજિયો (૪)
૪૬. પક્ષીઓનો મધુર ધ્વનિ, કલબલ (૪)
૪૭. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૪૯. શૂળ ભોંકાતી હોય એવું દરદ, મનનો તરંગ (૩)
૫૦. હૃદય, દિલ, છાતી (૨)
૫૧. પોચું, દયાળુ (૩)

### ઊભી ચાવીઓ

૧. ચર્ચા, સામસામા સવાલ જવાબ (૫)
૨. એકદમ મારેલી ઝુંટ (૩)
૩. આસક્ત, લીન (૨)
૪. શેકવાથી ફૂટેલા અનાજના દાણા (૨)
૫. સરખી સપાટીવાળું (૪)
૬. રાંધેલા ચોખા (૨)
૭. ફળના રસનું બનાવેલું પીણું (૪)
૯. રાજાની માતા (૪)
૧૧. પત્ની (૨)
૧૨. ચર્ચા, ઝઘડો, મતભેદ (૩)
૧૩. હોઠ રંગવાની લિપસ્ટીક (૨)
૧૪. બે નદીઓનું મિલન (૩)
૧૫. તેલી બી, ચામડી પરનો ડાઘો, તળિયું, તળેટી (૨)
૧૮. આંખે આવતા ચક્કર કે અંધારા (૩)
૧૯. મા, જનની (૨)
૨૦. શોક, દુઃખ, ખામોશી (૨)
૨૧. શરીર, દેહ, કાયા (૨)
૨૨. જ્યાં ત્યાં રખડતું, ભટકતું (૪)
૨૩. ઘરનો સરસામાન (૫)
૨૪. જગા, ઠેકાણું, સ્થળ, બેઠક (૨)
૨૬. યુક્તિ, જાદુ, ચાલાકી (૪)
૨૭. પરિસ્થિતિવશાત્ ઘરબાર છોડ્યા છે (૪)
૨૮. ઓરડો, કક્ષ, ખંડ (૩)
૩૦. ભાવ, કિંમત, મૂલ્ય (૨)
૩૨. હજ પઢીને આવેલો (૨)
૩૫. તંતુ, દોરો, રેસો (૨)
૩૯. એક અંગ્રેજી વજન (૩)
૪૦. લોચો, લચકો, દાળ (૩)
૪૧. અનુકૂળ વખત, લાગ (૨)
૪૩. ખડ,ચાર (૨)
૪૫. માનવકુળના ઉત્પાદક, બ્રહ્માનો એક પુત્ર (૨)
૪૬. વેરો, હાથ (૨)
૪૮. પતિ, વરદાન (૨)

### 'શબ્દ રમત' તથા 'સુડોકુ' બાબત

*કોરોના વાયરસના કારણે હાલે પોસ્ટ ખાતાની કેટલીક કામગીરીને અસર થઈ છે. આ સ્થિતિ અગાઉની જેમ જ્યારે નિયમિત થશે ત્યારે શબ્દરમત તથા સુડોકુ વિભાગના જવાબ મોકલનારના નામો જાહેર કરવા તથા ઈનામ વિતરણ સંબંધી કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.*

## NanoNine® શબ્દ રમત-૧૬૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દે | વ | ર્ષિ | | કા | મ | ચ | લા | ઉ | | | અ |
| શ | ય | | ધ | મ | ણ | | ટી | પ | | ના | વ |
| સ | | ક | | ણ | | સા | | હા | ર | | કા |
| ર | ખો | પિ | યો | | રા | હ | બ | ર | | આ | શ |
| | ખો | લ | | અ | મા | સ | | | આ | | |
| જા | | દે | વા | લ | ય | | | પ | દ | યા | ત્રી |
| પા | લ | વ | | મા | ણ | ભ | ટ્ટ | | મ | ત | |
| ન | ટ | | | રી | | વા | | અ | | ના | ક |
| | કો | શિ | શ | | પા | ડો | શ | ણ | | | લ |
| ન | | રા | ત | રા | ણી | | ક | વ | ચ | | ર |
| ર | સ | મ | | મા | યા | ળુ | | ર | | આ | વ |
| | તા | મ | | | રૂ | | | | ના | મ | |

## DIFFERENT STAMPS OF JAINISM...

*(પાના નં.-૮૧ ઉપર આપેલ* ***'Different Stamps of Jainism'****'ની વિસ્તૃત વિગત નીચે પ્રમાણે છે.)*

1. A Rs. 15 stamp depicting the Shatrunjay Temple of Palitana was issued on 15th August, 1949. It is of a Tirthankar Bhagwan Rishabhnath's Temple built in the year 1618. The temple is famous for its excellent fine carving and architecture.
2. On 6th May, 1935 Indian Govt. issued first stamp on Jainism depicting Shitalnath Jain Temple of Kolkata. The temple was constructed by Rai Badridas Bahadoor Mookim in 1868. The stamp was issued to commemorate the Silver Jubilee of King George V regime.
3. Jain Muni Mishrimalji (1891-1984) born in Pali was an extempore poet & vigorous orator. He composed over 5000 pages of prose & poetry. Govt. issued a stamp on 24 Aug., 1991 depicting the portrait of the Muni and his samadhi "Marudhar Kesari Pavandham" at Jaitaran.
4. Jhaverchand K. Meghani (1896-1947) ***was a noted Jain poet***, writer, social reformer and freedom fighter. He is well-known name in Gujarati folk literature. Mahatma Gandhi gave him the title of "Rashtriya Shaayar". On 14th Sept., 1999 a stamp was issued to honour him.
5. On the occasion of the centenary of the Baroda Museum a se-tenant pair (set of two stamps) was issued on 20th Dec., 1994. This se-tenant stamp bears the picture of the ancient bronze statue of Tirthankara Rishabhdev. The idol is exhibited in the Baroda Museum.
6. On the occasion of the 2500th Nirvana Anniversary of Bhagwan Mahavira, Govt. of India issued a stamp on 13th Nov., 1974. The stamp depicted the Jal Mandir of Pawapuri, Bihar where Bhagwan Mahavira attained Nirvana.
7. The first stamp on Jainism issued from outside India came from East Germany. On 23rd Aug., 1979 their Postal Department issued four stamps on Indian miniature paintings. One of these showed the beautiful painting of Lord Mahavira from the fifteenth century.
8. On the 2600th Janma Kalyanak year of Bhagwan Mahavira, Govt. issued a stamp on 6th April, 2001. The stamp depicts the unique symbol of Jain teachings of Ahinsa Paramodharma adopted with the words Parasparopagraho Jivanam by all Jain groups.
9. A 58 feet high idol of Bhagwan Bahubali called Gommateshwara, son of Tirthankar Rishabhdev was erected by the Chamunaraya in 981 A.D. Govt. of India issued a postage stamp on the occasion of the millennium year celebrations of the idol on 9th Feb., 1981.

*સારી દુનિયા સંસ્કારથી જીતી શકાય છે*
*પરંતુ અહંકારથી તો જીતેલું પણ હારી જવાય છે.*

## પ્રભુ

હું તને ચાહું છું,
તું જે છે તેના માટે નહિં,
તારી હાજરીમાં હું જે બનું છું તેના માટે.

હું તને ચાહું છું
તારા રૂપ કે વ્યક્તિત્વ માટે નહીં,
તેં મારા વ્યક્તિત્વને જે રૂપ આપ્યું છે તેના માટે.

હું તને ચાહું છું, કેમકે
તું મારા હૃદયમાં ઝાંકી,
તેમાંથી દરેક મૂર્ખતા, દરેક અપૂર્ણતાને હળવેથી
દૂર કરે છે.

એ બધો કચરો તું ત્યાં જોઈ જ નથી શકતો.
જે કદી કોઈની નજરે નથી ચઢ્યો તે સદ્‌ગુણોનો
અમૂલ્ય ખજાનો તું દૃષ્ટિગોચર કરે છે.
તું મારા જીવનને કર્કશ કોલાહલને બદલે સૂરીલા
સંગીતનું રૂપ આપે છે.

અદૃશ્ય, અસ્પર્શ્ય અને નિ:શબ્દ રહીને કરે છે
તું આ બધું,
છતાં મને રહે છે સતત તારા અસ્તિત્વનો
અહેસાસ.
હું તને વંદું છું.

---

સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને
એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.

---

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૨૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૨૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | | | 3 | 5 |
| | | 6 | 5 | | 3 | | 2 | |
| 8 | | 3 | | 2 | | | | 4 |
| | 2 | 9 | 4 | | | 8 | | |
| | 6 | | | 8 | | | 4 | |
| | | 8 | | | 6 | 5 | 1 | |
| 7 | | | | 1 | | 2 | | 3 |
| | 9 | | 7 | | 8 | 4 | | |
| 6 | 1 | | | | | | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | | | 5 | 9 | |
| | | | 1 | | 6 | | | |
| 5 | | | | 7 | | | 8 | |
| 6 | | | 2 | | 4 | | | 1 |
| 2 | | 7 | | | | 9 | | 8 |
| 4 | | | 7 | | 5 | | | 3 |
| | 1 | | | 2 | | | | 9 |
| | | | 9 | | 8 | | | |
| | 8 | 2 | | | | | 1 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | 1 | 4 | | 3 | | |
| | | | | | | 9 | 1 | |
| | 5 | 1 | 7 | | | 6 | | |
| | 4 | | | | 1 | | 9 | 8 |
| 8 | | | | 5 | | | | 6 |
| 1 | 2 | | 6 | | | | 3 | |
| | | 4 | | | 9 | 8 | 2 | |
| | 3 | 5 | | | | | | |
| | | 8 | | 3 | 7 | | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 2 | | 7 | 6 | 1 |
| | 4 | | 5 | 7 | | 3 | | |
| 7 | 2 | 1 | | | 9 | | | |
| 5 | 7 | | 3 | | 6 | | | |
| | | 2 | | | | 5 | | |
| | | | 2 | | 5 | | 7 | 8 |
| | | | 8 | | | 2 | 9 | 7 |
| | | 8 | | 6 | 2 | | 3 | |
| 2 | 5 | 7 | | 9 | | | | |

---

**ઉકેલ : ક્રમાંક - ૧૧૨૧**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 5 | 6 | 3 | 2 | 4 | 1 | 9 |
| 6 | 4 | 3 | 1 | 7 | 9 | 2 | 5 | 8 |
| 2 | 9 | 1 | 4 | 5 | 8 | 6 | 3 | 7 |
| 9 | 3 | 7 | 5 | 1 | 6 | 8 | 4 | 2 |
| 4 | 5 | 6 | 8 | 2 | 3 | 9 | 7 | 1 |
| 1 | 2 | 8 | 9 | 4 | 7 | 3 | 6 | 5 |
| 7 | 8 | 2 | 3 | 6 | 1 | 8 | 9 | 4 |
| 5 | 6 | 9 | 7 | 8 | 4 | 1 | 2 | 3 |
| 3 | 1 | 4 | 2 | 9 | 5 | 7 | 8 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 4 | 1 | 2 | 6 | 8 | 9 | 5 |
| 1 | 6 | 5 | 9 | 4 | 8 | 2 | 3 | 7 |
| 9 | 8 | 2 | 3 | 5 | 7 | 1 | 4 | 6 |
| 2 | 3 | 8 | 5 | 7 | 9 | 6 | 1 | 4 |
| 4 | 5 | 9 | 6 | 8 | 1 | 7 | 2 | 3 |
| 6 | 1 | 7 | 4 | 3 | 2 | 6 | 8 | 9 |
| 8 | 2 | 6 | 7 | 9 | 4 | 3 | 5 | 1 |
| 5 | 4 | 1 | 2 | 6 | 3 | 9 | 7 | 8 |
| 7 | 9 | 3 | 8 | 1 | 6 | 4 | 6 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 2 | 3 | 9 | 1 | 5 | 7 | 8 |
| 3 | 1 | 5 | 7 | 2 | 8 | 4 | 6 | 9 |
| 8 | 9 | 7 | 5 | 4 | 6 | 3 | 2 | 1 |
| 2 | 5 | 8 | 1 | 7 | 9 | 6 | 3 | 4 |
| 7 | 4 | 9 | 2 | 6 | 3 | 1 | 8 | 5 |
| 6 | 3 | 1 | 8 | 5 | 4 | 2 | 9 | 7 |
| 5 | 2 | 6 | 4 | 8 | 7 | 9 | 1 | 3 |
| 1 | 8 | 4 | 9 | 3 | 2 | 7 | 5 | 6 |
| 9 | 7 | 3 | 6 | 1 | 5 | 8 | 4 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 6 | 9 | 2 | 7 | 3 | 5 | 8 |
| 7 | 2 | 8 | 5 | 4 | 3 | 9 | 6 | 1 |
| 9 | 5 | 3 | 1 | 8 | 6 | 7 | 4 | 2 |
| 2 | 9 | 1 | 4 | 7 | 5 | 6 | 8 | 3 |
| 3 | 8 | 5 | 6 | 1 | 9 | 2 | 7 | 4 |
| 6 | 4 | 7 | 8 | 3 | 2 | 5 | 1 | 9 |
| 8 | 7 | 9 | 2 | 6 | 1 | 4 | 3 | 5 |
| 5 | 3 | 4 | 7 | 9 | 8 | 1 | 2 | 6 |
| 1 | 6 | 2 | 3 | 5 | 4 | 8 | 9 | 7 |



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેજે ફ્લેટમાં જુકો બાઈ-માડુ રેંતાં સે અનીજી વચમેં અજ ઉગઇતણું ઝઘડો હલેતો સે જરા તપાસ ત કર, અનીંજે વચમેં ઝઘડો કુરેજો થ્યો આય?

બચુડો : (તપાસ કે ને ચેં) અજ મનુજી ઘરવાળી અનકે ચેં, 'મુંજે સામે નેરેને ચ્યો આંઉ કેડી લગાંતી?' મનુ ચેં તું જેડી આંઈયે તેડી જ લગેંતી. પણ ઘરવાળી જીદ કરેને જ વઠીવી ને ચેં, 'આંકે કીંક ત ચોણું જ પોંધો.' અતરે મનુ ચેં, 'ભૂત પિચાશ જબ નામ સુનાવે, મહાવીર જબ નામ સુનાવે.' હી સુણે ને ઝઘડો ચાલુ થ્યો આય ને ગાલ હાણેં છુટેછેડે સુધી પુજે વઇ આય. આંઈ વેને ને બીં કે સમજાયો ને સમાધાન કરાયો.

## ખિલજા મ ભલા

જગુ : મમ્મી, એક વાત પૂછું?

મમ્મી : હા, પૂછને બેટા.

જગુ : મમ્મી, હું એટલો મોટો ક્યારે થઇશ કે હું તને પૂછ્યા વિના બહાર જઈ શકું?

મમ્મી : એટલા મોટા તો તારા પપ્પા પણ નથી થયા. જો... હમણાં જ મને પૂછીને ગયા ને?!!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : (ભગાને ગુસ્સે થઇને એક ઝાપટ મારી અને કહ્યું) ચાલ, ભવિષ્યકાળ બતાવ....

ભગો : સાહેબ, રીસેસમાં તમારી બાઈકમાં હવા નહીં હોય!

☺ ☺ ☺ ☺ ☺

લીલા : તમારામાં જરાય મેનર્સ નથી. હું એક કલાકથી બોલ બોલ કરું છું, તમે તો બોલતા જ નથી અને પાછા બગાસા ખાવ છો...

લાલજી : હું બગાસા નથી ખાતો, બોલવાની કોશિશ કરું છું પણ તું જરાય તક આપતી નથી.

☺ ☺ ☺ ☺ ☺

માનસી : તમે તો મારી એક પણ વાતમાં સહમત જ નથી થતા. શું હું મૂર્ખ છું?

મોહિત : સારું, ચાલ, હું આ બાબતમાં સહમત છું. બસ, હવે રાજી?

☺ ☺ ☺ ☺ ☺

જમના : સાંભળો છો?

જગત : હા, બોલ.

જમના : કાલે હું ડૉક્ટરને બતાવવા ગઈ હતી. ડૉક્ટરે મને આરામ કરવાનું કહ્યું છે અને એ અહીં નહીં લંડન અથવા સ્વિટ્ઝરલેન્ડમાં... આપણે ક્યાં જઈશું? જલ્દી કહો...

જગત : બીજા ડૉક્ટર પાસે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : અરે, સાંભળો છો? કટકટ અવાજ આવે છે. ઉંદરડા કંઈક કાપતા લાગે છે...

પતિ : ઉંદરડા નહીં... પણ ઠંડીથી મારા દાંત કકડે છે. તેં આખી રજાઈ ખેંચી લીધી છે.

☺ ☺ ☺ ☺ ☺

રોશન : મને તમારી દીકરી પસંદ છે. પણ મારે એક સવાલ પૂછવો છે.

રામજી : શું?

રોશન : તમારી દીકરી કરે છે શું?

રામજી : પરેશાન કરે છે. એટલે પરણાવી દેવી છે.

☺ ☺ ☺ ☺ ☺

માસ્તર : શું નામ છે તારું?

ધૂળજી : સાહેબ, મારું નામ ધૂળજી છે.

માસ્તર : તારા માતા પિતા....

ધૂળજી : માતા નહોતા પીતા પણ મારા બાપુજી ક્યારેક ક્યારેક પીતા....

☺ ☺ ☺ ☺ ☺

ચિન્ટુ : તમે ચિઠ્ઠી પ્રમાણે દવા તો બરાબર આપી છે ને?

વેપારી : હા.

ચિન્ટુ : ખાંડ આપો.

વેપારી : અહીં ખાંડ નથી મળતી.

ચિન્ટુ : હું સાવ અભણ નથી... જો આ દવા ઉપર લખ્યું છે 'સુગર ફ્રી.' હવે તમારે ખાંડ આપવી જ પડશે!!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : આમ બંદુક ખભે ભરાવીને ક્યારના દરવાજે કેમ ઊભા છો?

પતિ : વાઘનો શિકાર કરવા જવું છે.

પત્ની : તો જતા કેમ નથી?

પતિ : આ તો ઘરના ઝાંપે જ ડાઘિયો કૂતરો બેઠો છે એટલે!!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **જિતેન્દ્રકુમાર તલકશી મહેતા**
  ૭, શેત્રુંજય એપાર્ટમેન્ટ, ૨જો માળ,
  રેડ ક્રોસ બ્લડ બેંક રોડ, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
  સૌરાષ્ટ્ર સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૮૨૪૪ ૭૨૯૦૧

### શુભ લગ્ન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલતી મેરેજ બ્યુરો સમિતિ દ્વારા નીચે મુજબ એક યુગલનું તા. ૨૫-૬-૨૦૨૦ના રોજ સફળ લગ્ન પ્રસંગ યોજાઈ ગયેલ.

**ચિ. કૌશિક આશાબેન રાજેન્દ્રભાઈ મહેતા (નખત્રાણા - હાલ અમદાવાદ)**
**ચિ. માનસી ઇલાબેન મૃદુલભાઈ સંઘવી (કચ્છ માંડવી)**

*સમિતિ દ્વારા અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.*

### અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **મંગળવાર, તા. ૨૮-૦૭-૨૦૨૦**
  **મીનાબેન મહેશ લખમશી વીરા (ઉં.વ. ૬૦)**
  **(કચ્છ - મોટી રાયણ) અમદાવાદ**
- **બુધવાર, તા. ૨૯-૦૭-૨૦૨૦**
  **જીતેન્દ્ર ઉમરશીભાઈ કુરુવા (એડવોકેટ) (ઉં.વ. ૬૦)**
  **(કચ્છ - ગોધરા) અમદાવાદ**
  (આ સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા તથા 'મંગલ મંદિર'ના પૂર્વતંત્રી પ્રમિલાબેન ઉમરશીભાઈ કુરુવાના સુપુત્ર તેમજ શિક્ષણ, આરોગ્ય અને સાધર્મિક ક્ષેત્રે આર્થિક સહયોગ પ્રદાન કરતા પ્રમિલા કુરુવા ફાઉન્ડેશનના ટ્રસ્ટી)
- **મંગળવાર, તા. ૧૧-૦૮-૨૦૨૦**
  **આણંદજીભાઈ વેલજી વીરા (ઉં.વ. ૮૧) (કચ્છ - મેરાઉ) અમદાવાદ**
  (નાડકો ડ્રેસિસવાળા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી)

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ તા. ૧૫-૮-૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં સંસ્થામાં ૪૦ વર્ષથી પ્યૂન તરીકે કાર્યરત અને સૌથી વયસ્ક સ્ટાફ સભ્ય શ્રી છગનલાલ ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

હાલની કોરોના વાયરસ સંક્રમણની સ્થિતિના પગલે જાહેર થયેલ સરકારી ગાઈડ લાઈન હેઠળની જોગવાઈઓને આધિન રહીને ખૂબ જ મર્યાદિત સંખ્યામાં સભ્યો ઉપસ્થિત હતા. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી સામેલ હતા અને હાજર રહેલા દરેકે રાષ્ટ્રીય ગીતના ગુંજન સાથે ત્રિરંગા ધ્વજને સન્માનપૂર્વક સલામી આપી હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સમાજના સભ્યો જોગ...

હાલમાં ચાલી રહેલી કોરોનાની વૈશ્વિક મહામારી તથા સરકારી ગાઈડ લાઈન્સને ધ્યાનમાં રાખતા સમાજના દર વર્ષે યોજાતા કાર્યક્રમો... જેવા કે વાર્ષિક સ્નેહ મિલન અને સ્વામિવાત્સલ્ય જમણવાર, વિદ્યાર્થી પુરસ્કાર વિતરણ કાર્યક્રમ તથા સમાજની વાર્ષિક સામાન્ય સભા મોકૂફ રાખેલ છે. જેની સમાજના સભ્યોએ નોંધ લેવી.

**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*સંચાલિત*

**NAVNEET નવનીત મેડિકલ સેન્ટર** *તથા*
**કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર**
**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર**

*બીજો અને ત્રીજો માળ, ગાલા હબ એનેક્ષ, ગાલા જીમખાનાની બાજુમાં, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. ફોન : ૯૮૨૪ ૮૮૦ ૩૦૩, ૯૮૨૪ ૮૮૦ ૪૦૪*

### મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ તબીબી સેવાઓ

- **OPD સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશન : રૂા. ૮૦/-**
  **ફોલોઅપ (બીજું) કન્સલ્ટેશન : રૂા. ૫૦/-**
- **OPD સુપર સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશન : રૂા. ૧૬૦/-**
  **ફોલોઅપ (બીજું) કન્સલ્ટેશન : રૂા. ૮૦/-**
- બોડી ચેક-અપની વિવિધ સ્કીમ (રૂા. ૫૫૦/- થી રૂા. ૨૩૦૦/-)
- અદ્યતન પેથોલોજી લેબોરેટરી (સામાન્ય લેબ કરતા આશરે ૫૦% રાહત દરે)
- ડેન્ટલ (દાંતનો વિભાગ) / ફિઝીયોથેરાપી વિભાગ : રાહત દરે
- એક્સ-રે (Digital) : રૂા. ૨૦૦/-
- સોનોગ્રાફી (અદ્યતન Logic P9 મશીન) : રૂા. ૫૦૦/-
- ECG : રૂા. ૧૦૦/-
- TMT / 2D ECHO : રૂા. ૭૦૦/-
- Colour Doppler : રૂા. ૮૦૦/-
- Minor Surgery, Cosmetic Procedure, મોતિયાના ઓપરેશન

*નોંધ: ઉપલબ્ધ તબીબી સેવાઓ અને તેના ચાર્જિસ સંબંધી વધુ માહિતી, સેન્ટરનો સંપર્ક કરવાથી પ્રાપ્ત કરી શકાશે.*

# KRIDA - મુંબઈ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સમન્વય

KRIDA અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સમન્વય થયા પછી એક ખૂબ જ રસપ્રદ કાર્યક્રમની જાહેરાત થઈ. તેના પ્રથમ ચરણની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે.

KRIDA મુંબઈના Grow@home (ઘરે જ ઉગાડો) ઝુંબેશનાં પ્રણેતા શ્રીમતી મીરાબેન મહેન્દ્ર સતરા (ફાઉન્ડર મેમ્બર, ડિરેક્ટર) KRIDA ની આગેવાની હેઠળ આપણે એક Webinar નું આયોજન કરેલ હતું કે જેમાં શ્રી કચ્છી સમાજ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા KRIDA ના નેજા હેઠળ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, શ્રી કચ્છી લોહાણા સમાજ, શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ, શ્રી કચ્છી વડનાગરા નગર મંડળ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ, શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ, ઓ.કે. ગ્રીન તથા શ્રી અરુણભાઈ પટેલ (શાર્પેક્ષ), શ્રી ચિંતનભાઈ વ્યાસ, શ્રી સુમિતભાઈ પંડ્યા, શ્રી વિષ્ણુભાઈ પટેલ વગેરે ઘણા બધા સમાજો અને વ્યક્તિઓનો સહકાર મળેલ હતો. તા. ૦૮-૦૮-૨૦૨૦ના રોજ ૩.૩૦થી ૫.૦૦ વાગ્યા સુધી રાખેલ આ Webinar માં ૮૮૦ જણાએ નામ નોંધાવેલ હતા. યુ.એસ.એ., દુબઈ વગેરે સ્થળોએથી પણ લોકોએ લાભ લીધો હતો અને આખા કાર્યક્રમને લાઈવ જોનારા ૫૦૦ જણા હતા, જ્યારે ૧૫૦૦ જણાએ એક કલાક દરમિયાન જ જોયો. આજે તો તે વીડિયોને ૨૧૦૦ લોકો જોઈ ચૂક્યા છે.

"આપ આપના ઘરે જ ગેલેરી કે લોબીમાં આપને ગમતા શાકભાજી કે મસાલા ઊગાડી શકો છો" — એ મતલબના આ સેમિનારમાં ઘરની જ નકામી કે ન વપરાતી વસ્તુઓનો ઉપયોગ કરીને આપ માઈક્રોગ્રીન પણ ઉગાડી શકો છો. તમારી પાસે મોટું કમ્પાઉન્ડ હોવું જરૂરી નથી કે અગાસીની પણ જરૂર નથી. જો નાનામાં નાની લોબી કે ગેલેરી હોય તો પણ તમે પોતાના ઘરે કોઈપણ શાકભાજી ઉગાડી શકો છો.

પેસ્ટીસાઈડના ઝેરથી બચવા, જેટલી બને તેટલી વસ્તુઓ જો આપણે સાદા છાણ જેવા ખાતરોથી ઉગાડી શકીએ તો આપણી જાતને, કુટુંબને અને આવનારી પેઢીને ગંભીર રોગોથી બચાવી શકીશું.

આ વેબિનારમાં જાહેરાત કર્યા મુજબ ૫ કિલો માટી, ૫ કિલો ખાતર અને અવનવા અસલી શાકભાજીના બીયાને કોકપીટ સાથે રાખીને એક કીટ બનાવી છે. જેમાં તમે પોતાનાં ઘરે વસ્તુ ઉગાડી શકો. આ કીટ માત્ર રૂા. ૨૫૦/-માં દરેકને રીક્ષા ભાડું ઉમેરીને ઘરે-ઘરે પણ પહોંચાડવામાં આવી.

હવે પછી આ વેબિનારના ફળરૂપે સેંકડો લોકોએ પોતાના ઘરે શાકભાજી ઉગાડવાની શરૂઆત કરી દીધી છે અને ધીમે ધીમે નવા નવા વેબિનાર દ્વારા આગળની માહિતી લઈ નિપુણતા મેળવી લેશે. આપ પણ આ ઝુંબેશમાં જોડાઈ શકો છો.

આ કાર્યક્રમને વેગવાન અને સફળ બનાવવામાં યોગદાન આપનાર સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રદીપ મહેતા, સહમંત્રી શ્રી રોહિત સંઘવી અને મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર તથા કારોબારી સભ્ય સુલુબેન શાહ હતા.

***હવે પછીની પ્રવૃત્તિઓ બે લેવલે ચાલશે.***

૧. Grow@Home ના નવા વેબિનારની સિરીઝ ચાલશે અને ઘરે શાકભાજી ઉગાડવામાં મદદ કરી આ ઝુંબેશને વેગ આપી આગળ ચલાવવામાં આવશે. ગાર્ડન, અગાસી વગેરેનો ઉપયોગ પણ આવરી લેવાશે.

૨. કચ્છ, સૌરાષ્ટ્ર અને અન્ય ઠેકાણેથી ૧૦૦% સંપૂર્ણ ઓર્ગેનિક પકવતાં ખેડૂતો પાસેથી તેમણે પકવેલું અનાજ જેમકે ચણા - બાજરી - ઘઉં વગેરેનું No Profit થી અત્રે વેચાણ કરવામાં આવશે. જેથી અમદાવાદની જનતાને કેમિકલ મુક્ત ધાન ખેડૂતના ભાવે મળી રહે.

***હીરેન કે. શાહ - ટ્રસ્ટીશ્રી***


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* પુસ્તક લાઇબ્રેરી

**સતત વાંચન જ્ઞાનને વધુ મજબૂત કરે છે...**

*★ સમાજ સંચાલિત પુસ્તક લાઈબ્રેરીમાં તજજ્ઞ લેખકશ્રીઓના વિવિધ પ્રકારના ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષાના માધ્યમવાળા લગભગ ૩૦૦૦ પુસ્તકો વાચકવર્ગ માટે ઉપલબ્ધ છે. ★ જેમાં બાળકો અને યુવાવર્ગ માટે રસપ્રદ અને ઉપયોગી પુસ્તકો સામેલ છે. ★ પુસ્તકોના લિસ્ટની નકલ વાચકવર્ગને મળી શકશે. ★ લાઈબ્રેરીનો સમય : સવારના ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. ★ વાચકવર્ગને લાઈબ્રેરીના સભ્ય થવા અનુરોધ છે. ★ સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

## NAVNEET નવનીત મેડિકલ સેન્ટર *અને*

**કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર**

૨જો અને ૩જો માળ, ગાલા હબ એનેક્ષ, ગાલા જીમખાના રોડ, બસંત બહાર બંગલોની બાજુમાં બાજુમાં, સાઉથ બોપલ, અમદાવાદ.
ફોન : ૯૮૨૪ ૮૮૦ ૩૦૩, ૯૮૨૪ ૮૮૦ ૪૦૪

**સ્પેશિયાલિસ્ટનાં પ્રથમ કન્સલ્ટેશનના : રૂા. ૮૦/- ● ત્યારબાદ ૩ મહિના સુધી : રૂા. ૫૦/-**
**(ત્રણ મહિના બાદ ફરી ન્યુ કન્સલ્ટેશન ચાર્જના રૂા. ૮૦/- ભરવાના રહેશે.)**
**બીજા ડોક્ટર કે બીજા વિભાગમાં નવો કેસ કઢાવવાનો રહેશે.**

| ઓ.પી.ડી. | માળ / રૂમ નં. | દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|---|---|
| (૧) મેડિસિન | બીજા માળે ૫ | સોમથી શનિ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ | ડૉ. ધીરેન સોલંકી, MD (Medicine) |
| | બીજા માળે ૫ | સોમથી શનિ | સાંજે ૪.૩૦ થી ૬.૦૦ | ડૉ. ધીરેન સોલંકી, MD (Medicine) |
| (૨) આંખનો વિભાગ | બીજા માળે ૧૫ | સોમ–મંગળ–ગુરુ–શનિ | સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ | ડૉ. મિત પટેલ, MS (Opth.) |
| | બીજા માળે ૧૫ | સોમથી શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. મિત પટેલ, MS (Opth.) |
| (૩) જનરલ સર્જન | બીજા માળે ૧૩ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. કમલેશ રામ, MS (Gen. Surgeon.) |
| | બીજા માળે ૧૩ | સોમથી શનિ | સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | ડૉ. અપૂર્વ પટેલ, MS (Gen. Surgeon.) |
| (૪) બાળરોગ વિભાગ | બીજા માળે ૩ | સોમ–બુધ–શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. ધવલ અખાણી, MBBS, DCH |
| (પીડિયાટ્રીશિયન) | બીજા માળે ૩ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. મેહુલ શાહ, MD (Pedia) |
| | બીજા માળે ૩ | સોમથી શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. ફાલ્ગુની મહેતા, MD (Pedia) |
| (૫) સ્ત્રી રોગ વિભાગ | બીજા માળે ૬ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. એશા શાહ, MD (Gyn) |
| | બીજા માળે ૬ | સોમ–બુધ–શુક્ર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. કરીશ્મા પરાશર, MD (Gyn) |
| | બીજા માળે ૬ | મંગળ–ગુરુ–શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. પૂર્વી શાહ, MD, DGO |
| (૬) ઓર્થોપેડિક | બીજા માળે ૧૨ | સોમ–બુધ–શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. દૈવેશ શાહ, MS (Ortho) |
| | બીજા માળે ૧૨ | મંગળ–ગુરુ–શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. ઋષિ શાહ, MS (Ortho) |
| | બીજા માળે ૧૨ | સોમથી શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. નીલ રોહરા, MS (Ortho) |
| (૭) ચામડીના રોગો | બીજા માળે ૪ | મંગળ–ગુરુ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. મયૂરી ચંદાના, DVD (Skin) |
| | બીજા માળે ૪ | શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. ભૂમિ પટેલ, MBBS, DVD |
| | બીજા માળે ૪ | મંગળ–ગુરુ–શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. મયૂરી ચંદાના, DVD (Skin) |
| | બીજા માળે ૪ | બુધ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. ભૂમિ પટેલ, MBBS, DVD |
| (૮) કાન, નાક, | બીજા માળે ૧૪ | સોમ–બુધ–શુક્ર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. નેહા શાહ, MS (ENT) |
| ગળાનો વિભાગ | બીજા માળે ૧૪ | સોમ–બુધ–શનિ | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. સૌરીન શાહ, MS (ENT) |
| | બીજા માળે ૧૪ | મંગળ–ગુરુ–શુક્ર | સાંજે ૫.૦૦ થી ૬.૩૦ | ડૉ. રોમા ગાંધી, MS (ENT) |
| (૯) દાંતનો વિભાગ | ત્રીજા માળે ૨૧ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. અર્ચના શાહ, BDS |
| | ત્રીજા માળે ૨૧ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. શૈલી ઝવેરી, BDS |
| | ત્રીજા માળે ૨૧ | સોમથી શનિ | સાંજે ૪.૦૦ થી ૭.૦૦ | |
| | ત્રીજા માળે ૨૧ | Appointment | | ડૉ. કાજલબા જાડેજા, MDS |

**CONTACT NUMBER FOR 2ND FLOOR : 9824 880 404**

| ઓ.પી.ડી. | માળ / રૂમ નં. | દિવસ | સમય | ડૉક્ટર |
|---|---|---|---|---|
| (૧૦) ફિઝિયોથેરાપી | ત્રીજા માળે ૨૫ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧.૦૦ | ડૉ. દ્દષ્ટિ શેઠ, MPT |
| | ત્રીજા માળે ૨૫ | સોમથી શનિ | સાંજે ૫.૦૦ થી ૭.૦૦ | ડૉ. દ્દષ્ટિ શેઠ, MPT |
| | ત્રીજા માળે ૨૫ | સોમથી શનિ | સવારે ૯.૦૦ થી ૧.૦૦ | ડૉ. ભૂમિ વખારવાલા, BPT |
| | ત્રીજા માળે ૨૫ | સોમથી શનિ | સાંજે ૩.૦૦ થી ૭.૦૦ | ડૉ. ભૂમિ વખારવાલા, BPT |
| | ત્રીજા માળે ૨૫ | સોમથી શનિ | સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. માધવી કાસુંદ્રા, BPT |

**સુપર સ્પેશિયાલિસ્ટનાં પ્રથમ કન્સલ્ટેશનના : રૂા. ૧૬૦/- • ત્યારબાદ 3 મહિના સુધી : રૂા. ૮૦/-**
**(ત્રણ મહિના બાદ ફરી ન્યુ કન્સલ્ટેશન ચાર્જના રૂા. ૧૬૦/- ભરવાના રહેશે.)**
**બીજા ડોક્ટર કે બીજા વિભાગમાં નવો કેસ કઢાવવાનો રહેશે.**

| ઓ.પી.ડી. | માળ / રૂમ નં. | દિવસ | સમય | ડૉક્ટર |
|---|---|---|---|---|
| (૧) કાર્ડિયોલોજી | ત્રીજા માળે | સોમવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. ચિરાયુ વ્યાસ, MDDM (Cardio) |
| | ત્રીજા માળે | શુક્રવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. સુનિલ ગુરુમુખાની, DM (Cardio) |
| (૨) યુરોલોજી | ત્રીજા માળે | સોમવાર | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | ડૉ. વિવેક કોઠારી, MS, DNB (Uro) |
| | ત્રીજા માળે | ગુરુવાર | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | ડૉ. પ્રિયાંક શાહ, MS, DNB |
| (3) ન્યુરોલોજી | ત્રીજા માળે | મંગળવાર | સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ | ડૉ. સૂચિત પાંડે, MDDM (Neuro) |
| (૪) નેફ્રોલોજી | ત્રીજા માળે | મંગળવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. રૂપેન પંચાલ, MD, DNB (Nephro) |
| (૫) ગેસ્ટ્રોલોજી | ત્રીજા માળે | મંગળવાર | બપોરે ૧.૦૦ થી ૨.૦૦ | ડૉ. હાર્દિક પરમાર, MDDM, DNB (Gastro) |
| (૬) સ્પાઇન સ્પેશિ. | ત્રીજા માળે | મંગળવાર | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | ડૉ. સૌમિલ માંડલિયા, DNB, MNAMS (Ortho.) |
| (૭) પલ્મોનોલોજિસ્ટ | ત્રીજા માળે | શુક્રવાર | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ડૉ. વૈશલ શેઠ, DTCD, DNB (Pulmo.) |
| (૮) ઓન્કો સર્જરી | ત્રીજા માળે | ગુરુવાર | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ડૉ. ઋતુલ પટેલ, MS, M.CH. |
| (૯) સાયકિયાટ્રીસ્ટ | ત્રીજા માળે | બુધ – શનિ | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | ડૉ. પ્રશાંત ગોહિલ, MBBS, DPM (Psy.) |
| (૧૦) રેટીના સર્જન | બીજા માળે ૧૫ | બુધવાર | સાંજે ૪.૦૦ થી ૫.૦૦ | ડૉ. ઋતુલ પટેલ, MS (Retina Surgeon) |

**CONTACT NUMBER FOR 3RD FLOOR : 9824 880 303**

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટૉપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*પ્રદીપ મહેતા - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# DIFFERENT STAMPS OF JAINISM

1




2




3




આ સ્ટેમ્પ્સ અંગેનું
વિસ્તૃત લખાણ અંદરના પાને

4




5




6




7




8




9





વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Odisha
Maharashtra
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

# કોરોના અને લોકડાઉનથી કંટાળેલા સાહિત્યપ્રેમીઓ માટે પ્રકાશિત, વર્ષ ૨૦૨૦નાં

# વૈવિધ્ય અને તાજગી-સભર પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| બત્રીસ પૂતળીની વેદના | નવલકથા | ઈલા આરબ મહેતા | 170 |
| વિચારોનો ગુલદસ્તો | પ્રેરક લેખો | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| નારીવાદી વિચારણા | પ્રેરક લેખો | ઈલા આરબ મહેતા | 140 |
| રણ, જણજણનું | નિબંધો | ધીરેન્દ્રમહેતા | 150 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | અધ્યાત્મસાહિત્ય | રોહિત શાહ | 90 |
| વરસે ધરતી, ભીંજે આસમાન | અધ્યાત્મસાહિત્ય | ડૉ. નાથાલાલ ગોહિલ | 200 |
| આપણી બોધકથાઓ | દૃષ્ટાંતકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 225 |
| આવકારો મીઠો આપજે | કાવ્યો | સંપા. અરવિંદ બારોટ | 200 |
| મયણા-શ્રીપાળ | ચરિત્રકથા | આ. રાજશેખરસૂરિ | 80 |
| વજસ્વામી | ચરિત્રકથા | આ. રાજશેખરસૂરિ | 80 |
| વ્યક્તિવિશેષ | ચરિત્રકથા | ઈશ્વર પ્રજાપતિ | 140 |
| વિશ્વાસનું એવરેસ્ટ | આત્મકથા | અરુણિમા સિન્હા, અનુ. સુધા મહેતા | 70 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| અરવલ્લીની અસ્મિતા | પ્રવાસ | ઈશ્વર પ્રજાપતિ | 140 |
| Yoga and Health | યોગ વિષયક | Swami Adhyatmanand | 300 |
| મહાત્મા ગાંધી સાથે સંવાદ | પ્રશ્નોત્તર | સંપા. પ્રભાકર ખમાર | 100 |













### વૈશ્વિક મહામારીના સમયમાં ડૉ. કેશુભાઈ દેસાઈની તદ્દન નવી નવલકથા




₹ 180

વિશ્વભરમાં હાહાકાર મચાવી રહેલી કોરોનાની મહામારી વ્યક્તિગત સંબંધોને પણ કેવી કારમી માનસિક અસર પહોંચાડે છે એની આ નવલકથામાં હૃદયંગમ રજૂઆત છે. લેખક જ્યારે ડૉક્ટર પણ હોય ત્યારે સામાન્ય રીતે એબસ્ટ્રેક અને વિચિત્ર લાગતી ઘટનાઓ પણ વ્યક્તિની ઉંમર, પરિસ્થિતિ અને મનઃસ્થિતિના અભ્યાસને કારણે નિરૂપી શકે છે. વૈશ્વિક મહામારીના સમયમાં એક અનોખા પ્રણયને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કથા મન પર ઘેરી વેદનાનો એક અદૃશ્ય લીસોટો મૂકી જાય છે.

– માધવ રામાનુજ

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત

# નવનીત મેડિકલ સેન્ટર

## કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર અને દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર


બીજો અને ત્રીજો માળ, ગાલા હબ એનેક્ષ, ગાલા જીમખાના રોડ, બસંત બહાર બંગલોની બાજુમાં, **સાઉથ બોપલ,** અમદાવાદ-૩૮૦ ૦૫૮.

ફોન : ૯૮૨૪ ૮૮૦ ૩૦૩, ૯૮૨૪ ૮૮૦ ૪૦૪












*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**